# શ્રી અબજી બાપાશ્રીના

# અમૃત પુષ્પો

સંકલન કર્તા:  નૈષધ કે. માંડલિયા



પ્રકાશક: narayanleela.org

# ભાગ ૧

# સ્વતઃસિદ્ધ અનાદી મહામુક્તરાજ શ્રી અબજી બાપાશ્રીના અમૃત પુષ્પો

# ભાગ ૨

# સદ્ અ.મુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામીની વાતોનો સાર

સંકલન કર્તાઃ  નૈષધ કે. માંડલિયા

પ્રકાશકઃ narayanleela.org

સર્વોપરી આદર્શ તત્ત્વજ્ઞાનરૂપ

વિશિષ્ટાદ્વૈત મતને શ્રીમુખવાણી

વચનામૃત દ્વારા વિશિષ્ટરૂપે સરળ

ભાષામાં સચોટ રીતે પ્રતિપાદિત

કરનાર, શિક્ષાપત્રી રચી

સર્વજીવહિતાવહ આદર્શો આપી

ધર્મશુદ્ધિ, ચારિત્રશુદ્ધિ તથા

વ્યવહારશુદ્ધિ દ્વારા જીવોને સર્વોત્કૃષ્ટ


આત્યંતિક કલ્યાણરૂપ અભ્યુદય

સાધનાર પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ શ્રી

સ્વામિનારાયણ ભગવાનના

શ્રીચરણોમાં શતકોટિ પ્રણિપાત!


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.



પરમ ધ્યેયસ્વરૂપ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

શ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન તેમજ

શ્રીહરિની સર્વોપરી ઉપાસનાના અદ્વિતીય

- અજોડ પ્રણેતા, શ્રીમુખવાણી

વચનામૃતના રહસ્યજ્ઞાન પ્રદાતા એવા

શ્રીજી સંકલ્પસ્વરૂપ પરમ કૃપાળુ અનાદિ

મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રીના

શ્રીચરણોમાં કોટી કોટી વંદન સહ

શ્રદ્ધાસુમન સમર્પિત!


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.



કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

શ્રી સ્વામિનારાયણીય સર્વોપરી
તત્ત્વજ્ઞાનના અમૃતસ્રોતને શ્રીજીસંકલ્પ
અનાદિ મહામુક્તરાજ શ્રી
અબજીબાપાશ્રીએ કરુણા કરી માનવકુળ
ઉપર વહેવડાવ્યો તેને સ્વાતિબિંદુને
ઝીલનાર છીપની જેમ અધ્ધરથી ઝીલી
લઇ વચનામૃત રહસ્યાર્થ તેમજ વાતોરૂપ
વચનમૌક્તિકો પ્રગટ કરી મુમુક્ષુઓને
આંતરિક રીતે સમૃદ્ધ બનાવનાર, દાસત્વ
અંગના પ્રતીક અ. મુ. સ. ગુ. શ્રી
ઇશ્વરચરણદાસજી સ્વામીને સ્નેહસભર
વંદન!


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.



**અ. મુ. સ. ગુ. શ્રી ઇશ્વરચરણદાસજી સ્વામી**

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

અનાદિ મહામુક્તરાજ શ્રી
અબજીબાપાશ્રીનો કૃપાપ્રસાદ પામી
સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનના
વ્યતિરેક દિવ્ય સ્વરૂપનો પોતાના આત્માને
વિષે સાક્ષાત્કાર કરી અનાદિ મુક્તની
સર્વોચ્ચ સ્થિતિએ આરૂઢ થઇ અન્ય પાત્ર
મુમુક્ષુ આત્માઓને એવી દિવ્ય સ્થિતિનો
અનુભવ કરાવનાર મૂર્તિમાન જ્ઞાનસ્વરૂપ
એવા અ. મુ. સ. ગુ. શ્રી વૃંદાવનદાસજી
સ્વામીને હૃદયની ભાવોર્મિ સહ વંદન!


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.




અ. મુ. સ. ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામી

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

‘શિક્ષાપત્રી રહસ્યાર્થ’ નામના ઉત્કૃષ્ટ ગ્રંથ
દ્વારા શ્રીહરિ રચિત શિક્ષાપત્રીના પરોક્ષાર્થ
તેમજ પ્રત્યક્ષાર્થને સુસ્પષ્ટ રીતે પ્રગટ
કરી સત્સંગસમાજ તેમજ સમગ્ર
માનવકુળને ઉપકૃત કરનાર અને અનાદિ
મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી થકી
અનાદિ મુક્તની દિવ્ય સ્થિતિ પ્રાપ્ત
કરનાર, અખંડ શ્રીહરિની મૂર્તિનું જ મનન
કરનાર એવા અ. મુ. સ. ગુ. મુનિસ્વામી
શ્રી કેશવપ્રિયદાસજી સ્વામીના
પદારવિન્દમાં પુનઃ પુનઃ વંદન!


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.




અ. મુ. સ. ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

## અર્પણ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન

તથા કારણ સત્સંગના અદ્વિતીય પ્રણેતા

શ્રીજી સંકલ્પસ્વરૂપ અનાદિ મહામુક્તરાજ

શ્રી અબજીબાપાશ્રીએ પ્રબોધેલા

રહસ્યજ્ઞાનને જેમણે સ્વાનુભવમાં

આત્મસાત્ કરીને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં

પ્રગટાવી અનેકને આધ્યાત્મિક પથદર્શન

કરાવ્યું છે એવા કરુણામૂર્તિ, પરમ

વાત્સલ્યસ્વરૂપ સદ્‌ગુરુવર્ય અનાદિ મુક્ત

પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ઠક્કરના

અજ્ઞાનવિદારક શ્રીચરણોમાં સાદર

સમર્પિત!


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.



અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણભાઈ ઠક્કર

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

**દિવ્ય પ્રેરણા**

સદ્‌ગુરુવર્ય અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ઠક્કર

**પ્રથમ આવૃત્તિ**

પ્રત: ૧000

મૂલ્ય: અમૂલ્ય

**પ્રકાશન તારીખ**

તા. ૪ નવેમ્બર, ૨૦૨૨, શુક્રવાર

વિક્રમ સંવત ૨૦૭૯, કારતક સુદ ૧૧ (પ્રબોધિની એકાદશી)

**પ્રકાશક**

© narayanleela.org

(રજી). નંબર 803671974, Registered in State of Texas)

Contact: info@narayanleela.org

**મુદ્રક**

અ.મુ. શ્રી પુનિતાબેન દવે

**સૌજન્ય**

અ.મુ. શ્રી નૈષધભાઈ કે. માંડલિયા

**પ્રકાશન કાર્યમાં સહાયક**

અ.મુ. શ્રી જોયભાઈ વકીલ

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

## નિવેદન

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી પર અતિશય દયાએ કરીને પધાર્યા અને સાથે અનેક મુક્તોને પણ લાવ્યા. સંપ્રદાયની સ્થાપના કર્યા બાદ અને અનેક મુમુક્ષુઓને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપી આત્યંતિક મોક્ષ કર્યા બાદ શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા. તે સાથે જ શ્રીજીમહારાજ પોતાના સૌથી લાડીલા એવા અનાદિ મુક્તોની અનેક સરવાણીઓ મુમુક્ષુઓ માટે મૂકતા ગયા જેથી કરીને સત્સંગરૂપી મોક્ષનો બગીચો ફૂલ્યો-ફાલ્યો રહે.

તેવી સરવાણીઓમાં મોક્ષગંગારૂપી સરવાણી એટલે **સ્વતઃસિદ્ધ અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી.** તેમણે અનેક મુમુક્ષુઓને શ્રીજીમહારાજનું જ્ઞાન પ્રવર્તાવી આત્યંતિક મોક્ષના અધિકારી બનાવ્યા. તેમના બાદ પણ તેમની જ્ઞાનગંગા સત્સંગરૂપી બગીચાને પોષણ આપતી રહે તે માટે સદ્ગુરૂ સ્વામી શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ શ્રી અબજીબાપાશ્રીની વાતો લખી, સંકલિત કરી 2 ભાગમાં પ્રકાશિત કરી. તે શ્રી અબજીબાપાશ્રીની છતેડી, બળદીયા, ભૂજ, ગુજરાત દ્વારા ઉપલબ્ધ છે.

તે શ્રી અબજીબાપાશ્રીની વાતોના ગૂઢ અધ્યયનકર્તાઓમાંના નૈષધભાઈ કે. માંડલિયા કારણ સત્સંગના અગ્રગણ્ય મુક્તોમાંના એક છે. અમુપપૂ સોમચંદબાપાએ તેમના ઘરે દેહ વિલય કર્યો હતો. તેઓ કુશાગ્ર બુદ્ધિશાળી તેમજ અતિશય નિર્માની છે. ન માત્ર સત્સંગમાં પણ લોકની દૃષ્ટિએ પણ તેઓ વિખ્યાત pulmonologist (ફેફસાના ડૉક્ટર) છે. તેમણે વર્ષોના વર્ષો શ્રી અબજીબાપાશ્રીની વાતોનો અભ્યાસ કરી તેમાં રહેલું અગાધ જ્ઞાન પચાવ્યું. તે અધ્યયન દરમ્યાન, અન્ય મુમુક્ષુઓને ઉપયોગી થાય તેવા શ્રી અબજીબાપાશ્રીના વાણી-પુષ્પો તેઓ નોંધતા રહ્યા. તેમણે અવિરત, માત્ર અન્યને ઉપયોગી થાય અને શ્રીજીમહારાજ અને શ્રી અબજીબાપાશ્રીનો રાજીપો મળે તેવા આશયમાત્રથી જ આ સંકલન કર્યું. તેમના વર્ષોના અભ્યાસનો સાર એટલે શ્રી અબજીબાપાશ્રીના “અમૃત પુષ્પો.” તેવી જ રીતે તેમણે સદ્ગુરુ અમુ વૃંદાવનદાસજી સ્વામીની વાતોનું પણ સંકલન કર્યું.

તેમના આ સંકલનને સત્સંગ સમક્ષ રજુ કરવાનો narayanleela.org ને શુભ અવસર પ્રાપ્ત થયો છે. અમૃત પુષ્પોના એક-એક વાક્યો જીવનદોરીરૂપ છે. આપણે તે આત્મસાત્ કરીએ તો મૂર્તિના સુખના અધિકારી બનીએ અને આ લોકમાં કારણ સત્સંગનું નામ ઉજળું થાય તેવા સત્સંગી બનીએ. ૧૦૪૦ સુવાક્યો શ્રી અબજીબાપાશ્રીની વાતોમાંથી અને ૨૮૬ સુવાક્યો સદ્દગુરુ અમુ વૃંદાવનદાસજી સ્વામીની વાતોમાંથી, તેમ કુલ ૧૩૨૬ વાક્યોનું આ સંકલન મુમુક્ષુઓને ખૂબજ ઉપયોગી થઇ પડશે તેવું અમને દૃઢપણે લાગે છે.

આ પુસ્તકના પ્રકાશનમાં ફાળો આપનાર દરેક સેવાર્થી પર શ્રીજીમહારાજ, શ્રી અબજી બાપાશ્રી, અમુપપૂ નારાયણમામા, અમુપપૂ લીલામાસી તથા અનંત અનાદિ મુક્તોનો ખૂબ રાજીપો તથા કૃપા ઉતરે તે જ પ્રાર્થના ને અભ્યર્થના!

વિક્રમ સંવત ૨૦૭૯, કારતક સુદ ૧૧ (પ્રબોધિની એકાદશી)
તા. ૪ નવેમ્બર, ૨૦૨૨, શુક્રવાર

narayanleela.org પ્રકાશન સમિતિના
જય શ્રી સ્વામિનારાયણ!

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

# <u>ભાગ ૧</u>

## સ્વત:સિધ્ધ અનાદી મહામુક્તરાજ શ્રી અબજી બાપાશ્રીના અમૃત પુષ્પો

જેમ શ્રીજીમહારાજ અનાદિ છે ને સ્વતંત્ર છે, તેમ જ મુક્ત પણ અનાદિ અને સ્વતંત્ર છે. જેટલું શ્રીજીમહારાજનું કર્યું થાય છે તેટલું જ તેમના મુક્તનું કર્યું પણ થાય છે. (૧/૧)

***

અંતર્વૃતિએ જીવ જોડયો ક્યારે કહેવાય? અનાદિમુક્ત સાથે આપણો જીવ મેળવીએ તો મહાપ્રભુજીની મૂર્તિનો સાક્ષાત્કાર મોટાના જેવો થાય. એ અંતર્વૃતિએ જીવ જોડયો કહેવાય. (૧/૧)

***

સિદ્ધદશા ન આવી હોય ત્યાં સુધી કાંઈક નાસ્તિક ભાવ રહે છે. (દા.ત. મૂર્તિ વિષે ચિત્ર-પાષણાદિક ભાવ, મુક્તને વિષે મનુષ્યભાવ, ઘાટ-સંકલ્પ જે ઉપજે તો પુરા થવા દેવા વિગેરે). (૧/૧)

***

આત્માને વિષે મૂર્તિ છે તેનું અખંડ અનુસંધાન રાખવું અને માયિક ઘાટ ઉઠવા દે નહીં તે અંતરમાં મર્યાદા રાખી કહેવાય. તેને મૂર્તિ ન દેખાય તો પણ સાક્ષાત્કાર કહેવાય. (૧/૧)

***

મનન કરવાથી ઘાટની મૂર્તિ બંધાય છે, માટે મનન કરવું નહીં. (૧/૨)

***

શ્રીજીમહારાજને અંતર્યામી જાણે ને યથાર્થ મર્યાદા પાળે તે લક્ષ્યાર્થ જ્ઞાનવાળો કહેવાય. અને તે સત્સંગી કહેવાય. (૧/૨)

***

અંગ ફરે એવો સત્સંગ કરવો. (૧/૨)

***

સર્વે ક્રિયામાં મહારાજ ને મોટાને અંતર્યામી જાણીને બીક રાખવી તો યથાર્થ મહાત્મ્ય જાણ્યું કહેવાય. (૧/૨)

***

જેટલું સુખ ઉત્તમ સ્થિતિવાળા અનાદિમુક્ત મૂર્તિમાંથી લે છે તેથી હજારગણું સુખ એક જીવને ઉધ્ધારવાનું શ્રીજીમહારાજ આપે છે. (૧/૩)

***

કેરા નદીના ધરામાં લીલા કરી તેને જે સાંભરે તેના ઘાટ-સંકલ્પ ટળી જાય. (૧/૩)

***

આજ સત્સંગમાં સત્સંગ ઓળખાણો એટલે શ્રીજીમહારાજ અને મુક્ત ઓળખાણા તે કારણ હાથ આવ્યું. (૧/૪)

***

જેને પુરુષોત્તમનો મહિમા જણાય છે એને સર્વત્ર પુરુષોત્તમ ભાસે છે. (૧/૪)

***

નવા આદરવાળાને પણ મૂર્તિનું અનુસંધાન રાખીને તે ભેળા

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સાધન કરવા તો માયા વહેલી ટળી જાય. (૧/૪)

***

સાધનદશાવાળાને સર્વ પ્રસાદી કરતા ચરણરજની પ્રસાદી ઉત્તમ છે. અને સિદ્ધદશાવાળાને તો સમગ્ર મૂર્તિનું સુખ તે શ્રેષ્ઠ છે. (૧/૫)

***

અવગુણવાળો જીવ હોય તેમાં કાંઈ ગુણ હોય ખરો, તે ગુણ આપણે લેવો. (૧/૫)

***

પોતાના અનન્ય શિષ્ય હોય તેમને એકલાં પકવાન જમાડવા એટલે શ્રીજીમહારાજની મૂર્તિ સંબંધી વાતો કરવી અને સાધારણ જીવ હોય તેને સર્વદેશી જેવી રુચે તેવી વાતો કરવી જેમ માંદાને ભજિયાં-વડાં કરી આપીએ તેમ. (૧/૫)

***

મોટા જેવું જમે છે તેવું પોતાના જોગવાળાને જમાડે છે. માટે જીવને ખપ અને ત્વરા કરવી જોઈએ. (૧/૬)

***

શ્રીજીમહારાજ આ મુક્તમાં રહીને બોલે છે, જમે છે, જુએ છે, સર્વ ક્રિયા મહારાજ પોતે કરે છે. માટે જોગ કરનારે એમ જાણવું જે, "આજ શ્રીજીમહારાજ મુક્ત દ્વારે સત્સંગમાં સુખ આપે છે, ને મુક્ત દ્વારે પોતે ઉપદેશ કરે છે." (૧/૬)

***

આજ મહારાજનું સુખ મુક્ત દ્વારે મળે છે, તે મોટા એક મિનિટમાં આપી દે, જો પૂરો વિશ્વાસ હોય તો! (૧/૬)

***

મુદ્દો હાથ આવ્યો છે તે વંજાવવો (ખોવો) નહિ. (=મોટા મુક્તનો સમાગમ) (૧/૬)

***

જેમ કાચી કેરી હોય તેને કુંવળમાં ઘાલીને બાફીને પકવે છે તેમ કોઈ કાચા હશે તો તેનું અમે પૂરું કરીશું માટે ઉપરથી માગવું નહિ. સાચે ભાવે માગવું. (૧/૬)

***

ભલા ભલાઈ ન મેલે તો ભૂંડા ભૂંડાઈ ન મેલે એવા જીવના સ્વભાવ છે. (૧/૬)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

તર્ક કરશો તો પૂર્વનું હશે તે પણ જતું રહેશે. (૧/૬)

***

જેમ માગીને ઘરેણાં પેહર્યા હોય તે કોઈ દિવસ પોતાના મનાતા નથી તેમ મોટા મોટા ગુણ આપણામાં આવ્યા હોય તે પોતાના ન માનવા. ગુણ સર્વે મહારાજના છે. તેણા ધણી પીરસનારને થવું નહિ. (૧/૬)

***

મોટા પાસે મૂર્તિનું સુખ માગવું તે સકામ ન કહેવાય. માટે માગવું. (૧/૬)

***

દેહની ક્રિયા તો મહારાજની ઈચ્છાથી થાય અને જીવ તો સદા મૂર્તિમાં રહે એવું કરવું. (૧/૬)

***

આ વાતમાં જેને વિશ્વાસ ન આવે તેને નાસ્તિકપણું છે, ને મહારાજનો નિશ્ચય પણ એટલો ઓછો છે. (૧/૬)

***

ધ્યાન કરવાની લટક પણ મોટાના શીખવ્યા વિના આવડતી નથી. (૧/૬)

***

મોટા મુક્તના ભેળો ભાગ રાખે તો મોટાને જે સુખ છે તે જીવોને આપે. (૧/૭)

***

સર્વ મહારાજનું કર્યું થાય છે એમ માને, પણ પોતાનું કર્યું થાય છે એમ ન મનાય તો સત્સંગમાં સુખિયા થવાય. (૧/૭)

***

મોટાનો જોગ એક કલાક કરે તેમાં જેટલો સમાસ થાય તેટલો આખી ઉંમર સત્સંગ કરનારને ન થાય. (૧/૭)

***

શુદ્ધ સત્વગુણી થઈને એટલે બ્રહ્મરૂપ થઈને મોટાની વાત સાંભળે તો તેનું ફળ થાય ને જીવમાં વાત પેસે ત્યારે જીવ વૃદ્ધિ પામે તે અપાર સુખ થાય. (૧/૭)

***

જેમ પૃથ્વીને વિષે બીજ પડયા હોય તે વરસાદના જોગે

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ઊગી નીકળે તેમ તે પૂર્વસંસ્કારવાળો પોતાને સુખ, સામર્થી, પ્રાપ્ત થઇ આવે તેને દબાવીને દાસાનુદાસ થઈને મોટા મુક્તનો જોગ કરે તો વૃદ્ધિને પામીને મહામુક્ત થઇ જાય. (૧/૭)

***

પોતાનો ગોળ પોતે ચોળી ખાવો. એટલે પોતાને જે સુખ મળ્યું હોય તે પોતે ભોગવવું પણ બીજાને જણાવવું નહિ. (૧/૭)

***

મોટા સર્વે કર્તા થકા અકર્તા છે. એમ કહીને પર્વતભાઈનો દાખલો આપ્યો. (૧/૮)

***

ક્ષમા જેવું કોઈ હથિયાર નથી. જે ક્ષમા રાખે તેનું પાપ ક્રોધ કરનારને જાય છે. ક્રોધ કરનારનું પુણ્ય ક્ષમાવાળા ને જાય છે. માટે ભગવાનના ભક્તના દ્રોહથી બીતા રહેવું. (૧/૮)

***

"દાસના દાસ થઈને જે રહે સત્સંગમાં, ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં" એમ મહાપ્રભુજી એ ભક્તચિંતામણીમાં કહ્યું છે. માટે એમ રહેવું. (૧/૮)

***

શ્રીજીમહારાજ પોતાના ભક્તની કામ, ક્રોધાદિક થકી રક્ષા કરે છે, પણ જે પોતાના ભક્તનો દ્રોહ કરે તેની રક્ષા કરતા નથી. (૧/૯)

***

સત્સંગમાં દાસપણું રાખે તેને કોઈનો અવગુણ ન આવે અને તેમાં રૂડા ગુણ આવે છે. (૧/૯)

***

પ્રકૃતિના કાર્યમાં શ્રીજીમહારાજે સાધુનો ક્યાંય ભાગ રાખ્યો નથી. માટે માન-સન્માન સારું ક્યાંય બંધાવું નહિ. (૧/૯)

***

સર્પ તુલ્ય સન્માન અને પૂર્ણ પાપ તુલ્ય માન. (૧/૯)

***

સત્સંગી ન હોય તેના હાથનું ખાવું નહિ. (૧/૧૦)

***

જેમ પીરસનાર વિના ભોજન જમાતું નથી તેમ મુક્ત વિના


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

મહારાજની વાત સમજાતી નથી. (૧/૧૧)

***

મોટા ઓળખાણા તે પણ શ્રીજીમહારાજના રાજીપાથી ઓળખાણા છે. તેમાં જીવનું કાંઈ સાધન નથી. (૧/૧૧)

***

મોટાની અનુવૃત્તિમાં રહીને થોડી સેવા કરે તો પણ રાજી થાય અને અનુવૃત્તિમાં ન રહે ને તે ઘણી સેવા કરે તો પણ રાજી થાય નહિ. (૧/૧૨)

***

મોટાને ગુણ ઘાલવા છે. પણ જીવ ગ્રહણ કરતા નથી. ગુરુ હોય તથા મોટા હોય તેમની પાસે પોતાનું ધાર્યું ન કરાવવું. કેમ જે તેમાં આપણે શું જાણીએ જે કેમ થશે? (૧/૧૨)

***

મોટાને રાત્રી કે દિવસ છે જ નહિં, કેમ જે એ તો સદાય મૂર્તિમાં જ હોય તે નાહ્યા-ધોયા વિના જમે તો પણ એમને બાધ નહિ. (૧/૧૨)

***

જેમ નદી, તળાવ, સમુદ્ર તે પાણીને રહેવાના પાત્ર છે તેમાં સમુદ્ર શ્રેષ્ઠ પાત્ર છે. માટે સમુદ્ર જેવો પાત્ર થાય ત્યારે મહારાજની મૂર્તિ દેખાય આવે. (૧/૧૩)

***

જેમ દીવો પ્રકાશ કરી આપે છે તેમ મુક્ત મહારાજનું સુખ લઈને જીવોને આપે છે. મુક્ત વિના પરબારું મહાપ્રભુજીનું સુખ કોટી સાધને પણ મળતું નથી. તે પણ પાત્ર પ્રમાણે મળે છે. (૧/૧૩)

***

મહારાજની મરજી વિના મહારાજના ગુણ કે જ્ઞાન કે મૂર્તિ કોઈ મુક્તથી આપી શકાય નહિ. એ તો શ્રીજીમહારાજે સંકલ્પ કરીને જે મુક્તને મુક્યા હોય તેને પોતાના સુખની કૂંચી આપી હોય તે મુક્ત શ્રીજીમહારાજના જેટલું કામ કરે. શા માટે જે શ્રીજીમહારાજનો સંકલ્પ છે. (૧/૧૩)

***

પાત્ર ક્યારે થવાય? તો પોતાનું મનગમતું સર્વે મૂકી દઈને જેમ મોટા કહે તેમ સરળપણે વર્તે તો તરત પાત્ર થાય. (૧/૧૩)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved. 

***

જેમ મહારાજનું સુખ કે મૂર્તિ દેખાય તેને તો અતિશય આનંદ પ્રાપ્ત થાય અને અદ્રશ્ય થાય તો પણ રોવરાવે નહિ. જે રોવરાવે તે તો માયા હોય તેમ જાણવું. (૧/૧૪)

***

આલોકમાં સાધનદશાવાળા ભક્ત ઓળખાય પણ સિદ્ધદશાવાળા મુક્તને ઓળખવા તે કઠણ છે. (૧/૧૪)

***

મુક્ત ઓળખવા તે કલમ કઠણ છે. (૧/૧૪)

***

સમાધિ કરતા અખંડ સ્મૃતિ તે શ્રેષ્ઠ છે. અને એથી મૂર્તિનો સાક્ષાત્કાર થાય તે શ્રેષ્ઠ છે. અને તેથી પણ મૂર્તિ માં રસબસ થઇ જવાય તે શ્રેષ્ઠ છે. સમાધિવાળો સકામ છે અને તે અખંડ સ્મૃતિવાળો નિષ્કામ છે. (૧/૧૪)

***

મહિમા સમજાય તો સુખ આવે પણ વેષ કરીને બેસીએ તો વેષમાં સુખ ન આવે. તે વેષ તે શું? તો કંઠી, તિલક કરીને સત્સંગીનો વેષ લીધો ને ભગવા લૂગડાં પહેરીને સાધુનો વેષ લીધો, પણ સાધુના તથા સત્સંગીના લક્ષણ ન આવ્યા હોય ત્યાં સુધી વેષ લીધો કહેવાય. માટે કંઠી ને તિલક એમ બે-ચાર પૈસાનો સત્સંગ ન કરવો. આત્માને વિષે શ્રીજીમહારાજને પધરાવવા તો જ સત્સંગ કર્યો કહેવાય. (૧/૧૫)

***

જયારે શ્રીજીમહારાજના વચન મનાય નહિ તો આપણે શું એમના થાય? (૧/૧૫)

***

વચનામૃતની સાખ બીજે દેવી પણ વચનામૃતમાં બીજી સાખ ન લેવી. (૧/૧૫)

***

સ્વામિનારાયણ કહેવું તે પણ જેવા છે તેવા ઓળખી ને કહેવાય તો ઠીક, અને સાધુ ને પણ ઓળખીને સાધુ કહેવાય તો ઠીક. પણ અઠે દ્વારકે કરીને બેસવું નહિ. (૧/૧૫)

***

અખંડ સ્મૃતિ એ સરવાણી પાણી જેવી છે અને સમાધિ તો એદકમ તળાવ ભરાઈ જાય ને પછી સુકાઈ જાય તેવી છે.


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

(૧/૧૬)

***

સિદ્ધદશાવાળો જંગમ તીર્થનું કામ કરે ત્યારે ઉપશમદશાવાળો સ્થાવર તીર્થનું કામ કરે. (ઉપશમદશાવાળો અખંડ મૂર્તિમાં રહે અને આલોકની પ્રીતિ અને સ્પૃહયા ન રહે તેથી લોકોને આ જ કરવાનું છે એમ થાય). (૧/૧૬)

***

ચમત્કાર ઐશ્વર્ય દેખીને રાજી થવાય પણ કલ્યાણ થાય નહિ. માટે તેને જોવા કે પામવા ઇચ્છવું નહિ. (૧/૧૭)

***

નબળા દેશ-કાળમાં જીવનું બગડે એ જીવનો માર સમજવો. માટે ત્યાંથી આઘું-પાછું ખસી નીકળવું એટલે કુસંગ મૂકીને જ્યાં ભગવાન ભજાય એવું સ્થાન હોય ત્યાં જવું. (૧/૧૮)

***

આપણે શ્રી સ્વામિનારાયણના દીકરા છીએ માટે અક્ષરધામના રાજ્ય ને લાયક થવું. (૧/૧૮)

***

બાવો મોટો ને મઢી નાની, તે મઢીમાં બાવો શી રીતે સમાય? તેમ જીવ નાના અને મહારાજનો મહિમા બહુ જ મોટો. તે જીવને શી રીતે સમજાય? (૧/૧૯)

***

માનસી પૂજામાં ચૈતન્ય ને વિષે મૂર્તિ ધારીને દિવ્ય ભોજન જમાડવા અને વસ્ત્ર-ઘરેણાં પણ મૂર્તિના જેવા જ દિવ્ય તેજોમય ધારવાં પણ ચિત્ર-વિચિત્ર ન ધારવાં. સર્વે ક્રિયા પોતાના ચૈતન્યમાં કરાવવી. પણ જુદા જુદા સ્થાન કલ્પવા નહિ. મૂર્તિ વિના સર્વે વિક્ષેપકર્તા છે. (૧/૨૦)

***

ધ્યાન કરતા અકેકું અંગ દેખાય એ નેત્રની વૃત્તિએ જોવાય છે, એમ જાણવું, જયારે સમગ્ર મૂર્તિ દેખાય ત્યારે જીવની વૃત્તિએ જોવાય છે એમ જાણવું. અને જયારે મૂર્તિમાં સંલગ્ન થવાય ત્યારે વૃત્તિ ન જાણવી પણ જીવસત્તાએ જોવાય છે એમ જાણવું. (૧/૨૦)

***

અખંડ તેલધારા વૃત્તિ મૂર્તિમાં રાખવી એ મૂર્તિ દેખ્યા તુલ્ય છે. (૧/૨૦)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

કારણ જે મહારાજની મૂર્તિ તેને મૂકીને કાર્ય જે સત્સંગની સેવા હોય તો પણ મહારાજની મૂર્તિરૂપી નિશાનને ચૂકવી દે છે. (૧/૨૦)

***

જે ધ્યાન કરે તેને કોઈ વ્યવહારમાં જોડવા નહિ અને ધ્યાન કરનારે પણ કોઈ વ્યવહારમાં જોડાવું નહીં. (૧/૨૦)

***

અનુભવજ્ઞાન થાય એટલે જે સુખની વાતો કરીએ છીએ તે સુખની પ્રાપ્તિ થાય ને તેને ભોગવે ત્યારે જાણ્યામાં આવે ને ઇન્દ્રિયો અંતઃકરણના ભાર ટળી જાય. (૧/૨૦)

***

અનાદિમુક્તમાં સ્વતંત્રપણું છે તે અનુભવીમાં નથી. માટે અનાદિમુક્ત છે તે અનુભવી કરતા શ્રેષ્ઠ છે. (૧/૨૦)

***

ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ કરી હોય તેને પણ મોટા મુક્તનો જોગ રાખવો. (૧/૨૪)

***

મોટા એકદમ મૂર્તિ આપી દે તો જીરવાય નહિ, ઝૂમખરામની પેઠે. (૧/૨૫)

***

ત્યાગ, વૈરાગ્યદિક સાધન કુહાડાને ઠેકાણે છે, સંતનો સમાગમ તે વાંસલાને ઠેકાણે છે અને અંતર્વૃતિ કરાવીને મહારાજના સુખે સુખિયા કરે તો રંધાને ઠેકાણે છે. (૧/૨૫)

***

મોટા મુક્તનો જોગ મળ્યો હોય તો પણ સાધન પડયા મુકવા નહિ. પણ એનો ભાર મૂકી દેવો. (૧/૨૫)

***

પરભાવની વાતોમાં જીવ રાજી થાય, અને આલોકની વાતોમાં ઇન્દ્રિયો રાજી થાય છે. જપ, તપ આદિક સાધનોથી કામાદિક શત્રુ ટળે નહિ અને ટાઢું પણ થાય નહિ. એ તો શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરે તો અંતરમાં ટાઢું થાય અને અંતરશત્રુ વેરાભાઈની પેઠે નાશ થઇ જાય. (૧/૨૬)

***

જેમ ચોખા કાઢી લઇ ને ફોતરા નો ત્યાગ કરીએ છીએ તેમ


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સાધને કરીને મૂર્તિ સિદ્ધ કરવી, પછી સાધન મૂકી દેવા. કેમ જે મૂર્તિ અંગી છે અને સાધન અંગ છે. (૧/૨૬)

***

દ્રવ્ય છે તે વ્યવહારમાં વાપરે તો સગુણ અને બંધનકારી છે અને શ્રીજીમહારાજના ને સંતના ઉપયોગમાં આવે તો નિર્ગુણ અને કલ્યાણકારી છે. (૧/૨૬)

***

મહારાજનો અને મુક્તનો ઉપરથી અને અંતરમાં બે પ્રકારે જોગ કરવો તો દોષ ટળી જાય તો પાછા ઉદય ન થાય. (૧/૨૮)

***

જે મૂર્તિમાં જોડાય ને બીજું કાંઈ ન ઈચ્છે તે નિષ્કામ છે. એને સ્વરૂપસમાધિ કહેવાય ને તેને કોઈ વિઘ્ન પણ ન થાય. (૧/૨૯)

***

જેને પતિવ્રતાપણું હોય તેના ભેળા મહારાજ ભળે છે ને તેના સંકલ્પ સત્ય કરે છે. (૧/૨૯)

***

સાધન માત્રનું ફળ મૂર્તિ છે. (૧/૩૦)

***

આ જ્ઞાનરૂપી અને મૂર્તિરૂપી યજ્ઞ તે શ્રીજીમહારાજનો છે. પીરસનારા અનાદિમુક્ત છે અને જમનારા સાધનદશાવાળા છે. (૧/૩૦)

***

જ્ઞાન વિના મહારાજની તથા મુક્તની ઓળખાણ પડતી નથી. (૧/૩૧)

***

મોટાનો પ્રત્યક્ષ જોગ ન હોય ને બીજા થકી વાત સાંભળી ને મોટાનો મહિમા સમજ્યો હોય ને વિશ્વાસ આવે તો શાંતિ થાય ને મોટા એનું પૂરું કરી દે. (૧/૩૧)

***

મહારાજ અને મોટા અદ્રશ્ય હોય તેમને ખરા ભાવથી સંભારે તો પ્રત્યક્ષ જેવું ફળ આપે. (૧/૩૧)

***

મુક્તને જોગે કરીને મુક્ત થયેલાનો જે જોગ કરે તેનું જેવું

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

અનાદિમુક્તના જોગવાળાનું કલ્યાણ થાય છે તેવું જ કલ્યાણ થાય છે. અને મુક્તને વશ થઈને મહારાજ પોતે તેને સુખ આપે છે. (૧/૩૨)

***

કેરાવાળા સદાબા કેહતા જે, “હું બાજરી ના દાણા માં અનંત મુકતો સહિત મહારાજને દેખું છું”. (૧/૩૩)

***

અનાદિમુક્તનો જોગ મળ્યો તેને મુદ્દો હાથ આવ્યો. તેને જ્ઞાનમાર્ગ ન સમજાય તો પણ કાંઈ બાકી રહેતું નથી. (૧/૩૩)

***

મહારાજ કે મોટાની લખેલી વાર્તા સાંભળીએ ત્યારે તેમનો સમાગમ મળ્યો એમ પ્રત્યક્ષ જાણવા. (૧/૩૪)

***

મોટા મળ્યા પછી શ્રદ્ધા પ્રમાણે સાધન કરવા. અંતે તેને પૂરું કરાવી દેશું. જે આળસુ થઈને બેસી રહે ને કાંઈ ના કરે તેને વાંધો આવે છે. (૧/૩૩)

***

આ સત્સંગમાં જે શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તતા હોય તે બધાને દિવ્ય જાણવા, પણ સમાગમ તો શ્રીહરિજીના પરમ એકાંતિક તથા અનાદિમુક્તનો કરવો. બીજા ને દિવ્ય જાણીને સેવા કરવી. (૧/૩૪)

***

આપણને અવિનાશી મૂર્તિ જે મહાપ્રભુજી મળ્યા ને અવિનાશી મુક્ત મળ્યા છે માટે કામ થઇ ગયું છે. હવે કાંઈ પણ અધૂરાપણાનો સંકલ્પ કરવો નહિ. (૧/૩૪)

***

ખુબ મજબૂત પાયાથી મંદિર ચણીને મૂર્તિ પધરાવી દેવી. (મૂર્તિના તેજરૂપ થઈને તેજમાં મૂર્તિ ધારવી તો કામ, ક્રોધ, લોભાદિક, દોષમાત્ર, નાશ થઇ જાય છે અને પછી મૂર્તિમાં રહેવું એ સિદ્ધાંત છે.) (૧/૩૪)

***

કઠિયારા જેવા નિષ્કામ ભક્ત થાય તો શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત પ્રસન્ન થઈને આવરદા હોય તો પણ પડી મુકાવીને પોતાની મૂર્તિમાં રાખીને સુખ આપે છે ને સદા ભેળા રાખે છે. એવા નિષ્કામ થવું પણ કોઈ પદાર્થની ઈચ્છા


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ન રાખવી. (૧/૩૫)

***

આ સત્સંગમાં શ્રીજીમહારાજ ને મોટા સંત બિરાજે છે, સત્સંગ મૂકીને ગયા નથી. માટે જેમ કહે તેમ કરવું અને રાજી કરવા પણ કચવાવવા નહિ. (૧/૩૬)

***

શ્રીજીમહારાજ આજ પ્રતિમારૂપે પ્રત્યક્ષ છે. તેમના દર્શન ઇન્દ્રિયોએ કરીને કરવા અને પ્રતિમાનો મહિમા મુક્ત થકી અંતઃકરણમાં જાણવો અને એ પ્રતિમાને પોતાના ચૈતન્યને વિષે ધ્યાનમાં જોવી. તે જોતા જોતા જયારે આત્માને વિષે દેખાય ત્યારે મોક્ષ થાય. કદાપિ આત્માને વિષે દર્શન ન થાય તો પણ શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તો મોક્ષ થાય. (૧/૩૭)

***

મુક્ત મળ્યા હોય તેમને જેવા હોય તેવા મુક્ત જાણે તો કલ્યાણ થાય. એટલે મહારાજને મહારાજ જાણવે કરીને અને મુક્તને મુક્ત જાણવે કરીને કલ્યાણ થાય. (૧/૩૭)

***

મુક્તને ઓળખવા એ ઘાંટી જબરી છે. જેને સર્વે સત્સંગે પ્રમાણ કરેલા હોય ને વયે કરીને પણ વૃદ્ધ હોય એવા મુક્તનો સમાગમ કરવો. આડે-અવળે ઘોડા કરવા નહિ. (૧/૩૭)

***

જે મુક્ત ન હોય ને તે કહે જે, “હું મુક્ત છું.” તો તેને અતિ મહાપાપી જાણવો. (૧/૩૭)

***

દેહસ્વભાવ જોઈને અવગુણ લેવો નહિ. પંચવર્તમાનમાં ફેર હોય તો અવગુણ લેવો. (૧/૩૮)

***

સત્સંગનો અવગુણ બહારવૃત્તિવાળાને આવે છે. જો અંતર્વૃતિ થાય તો સર્વ સત્સંગ દિવ્ય જણાય. (૧/૩૮)

***

અંતર્વૃતિ એટલે શું? અંતરમાં મહારાજના સુખે સુખિયા થવાય અને જેમ બાળકની ક્રિયા માવતર કરાવે છે. તેમ દેહની ક્રિયા શ્રીજીમહારાજ અનુસંધાન પ્રમાણે કરાવે પણ તેની ખબર પોતાને રહે નહીં ને જેમ ગોરધનભાઈની ક્રિયા

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

મહારાજ કરાવતા તેમ થાય તે અંતર્વૃતિ કહેવાય. (૧/૩૮)

***

જેના હૃદયમાં મહારાજની મૂર્તિ આવે છે તેને કોઈના દોષ સૂઝતા નથી. (૧/૩૮)

***

જે કારણને એટલે મહારાજ અને મુક્તને ઓળખીને તેમને વળગે તેને દેશ, કાળ, નડી શકે નહિ અને કોઈ વિઘ્ન પણ આવે નહિ.  એને માન, મોહબ્બત, અધિકાર કે ગાદી એ કોઈ વસ્તુ જોઈએ જ નહિ. (૧/૩૮)

***

જેમ નિશાન પાડવા માં એક વૃત્તિ કરવી પડે છે તેમ મહારાજની મૂર્તિમાં એક વૃત્તિ કરવી. (૧/૩૯)

***

જેને મૂર્તિનું સમીપપણું નથી તેને બીજાના દોષ દેખવામાં આવે છે જેને મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે તેને જીવના દોષ દેખાતા નથી. (૧/૩૯)

***

સાધનિકને એ દોષ ટાળવાનો ઉપાય એ છે જે નાના મોટા સર્વે શ્રી પુરુષોત્તમના ઉપાસક છે તે સર્વે મહાપ્રભુજીની સભાના છે. પણ અણુમાત્ર ન્યૂન નથી. કેમ જે બધા મુક્ત થશે. માટે આજથી તેમને આપણે મુક્ત સમજવા તો અવગુણ ન આવે. (૧/૩૯)

***

સાધન બહુ કરતો હોય અને જો મોટાનો અવગુણ લેતો હોય તો તેના કરતા કોઈનો અવગુણ ન લેતો હોય અને તે સાધન ઓછો કરતો હોય તો પણ તે શ્રેષ્ઠ છે. (૧/૩૯)

***

મૂર્તિ ધારવી અને બીજા બધા ઠરાવ પડતા મુકવા. (૧/૪૦)

***

શાસ્ત્રમાં તથા વ્યવહારમાં જાણતો હોય એ તેનું તથા મૂર્તિ દેખતા હોઈએ તે સર્વેનું માન આવવા દેવું નહિ. માન બહુ ઝીણું છે. કદાપિ માન મૂકે તો નિર્માનીપણાનું માન આવે જે, "હું કેવો નિર્માની છું!" માટે જેનું નામ પડયું તે સર્વે કાઢી નાખવું. એક મૂર્તિ રાખવી. (૧/૪૧)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

"મારે વિષે આવા ગુણ આવે છે કે હું બ્રહ્મરૂપ છું." એમ જાણે તો મૂર્તિથી પાછો વળ્યો. (૧/૪૧)

***

આજ સત્સંગમાં શ્રીજીમહારાજ બાપાશ્રી દ્વારે સર્વે કાર્ય કરે છે. એ તો અતિ મોટા છે. પણ એ વાત કોઈને ખમાય નહિ માટે કરવી નહિ. (સદ્ અ.મુ હરિનારાયણસ્વામી --> સદ્ અ.મુ ભગવત્સ્વરૂપદાસજી સ્વામી) (૧/૪૩)

***

મોટા અનાદિમુક્તને સંભારવા તો મૂર્તિમાંથી બહાર નીકળાય નહિ. (૧/૪૪)

***

મહારાજ અને મુક્ત તો સદાય આપણી સાથે જ છે. એ તો બાધિતાનુવૃત્તિ છે માટે જણાતું નથી. (૧/૪૪)

***

મહાપ્રભુજીના અનાદિ મળ્યા એટલે આપણા દારિદ્ર કપાય ગયા. (૧/૪૪)

***

મોટાને આશરે થયા પછી મારુ કલ્યાણ થાશે કે નહિ? એવો અણવિશ્વાસ રાખવો નહિ. મોટાની દ્રષ્ટિ પડે તથા તેમનો વાયરો અડે તેણે કરીને પણ કલ્યાણ થાય. (૧/૪૪)

***

મહારાજનો અને મોટાનો મહિમા બરાબર સમજાય તો પંચવિષય પ્રયાસ વિના જીતી જવાય. (૧/૪૪)

***

છેવટે આ દેહમાંથી જુદું તો પડવું છે, ત્યારે અત્યારથી જ જુદું થવું. (૧/૪૪)

***

અક્ષરધામમાં જવું છે તે શી રીતે સમજવું? સકામવાળાને માટે જવાનું છે ને તેણે ઘણું છેટું છે કેમ જે તેની બાહ્યદ્રષ્ટિ છે. નિષ્કામવાળાને માટે તો જવાનું ને આવવાનું નથી. (૧/૪૫)

***

પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ એ સાક્ષાત સર્વોપરી છે એવી દ્રઢ સમજણ હોય તેને કદાપિ મૂર્તિ આત્માને વિષે ન દેખાય તો પણ અનુભવજ્ઞાન છે. (૧/૪૫)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

બીજું બધું થયા પણ સાધુ થાવું એ ઘણું કઠણ છે. એ તો ધર્મામૃત પ્રમાણે વર્તી ને કામ, ક્રોધ, લોભ, માન, મત્સર આદિ દોષ ટાળીને આત્માને વિષે મૂર્તિ સિદ્ધ કરે ત્યારે સાધુ કહેવાય. પણ ભગવે લુગડે સાધુ ન કહેવાય. (૧/૪૭)

***

શોક તો જયારે મહારાજની આજ્ઞા લોપીને કોઈકનો દેહ પડયો ત્યારે જ કરવો જે, "એણે મહારાજની આજ્ઞા લોપી છે તેથી મહારાજ એ બિચારા ઉપર કુરાજી થયા હશે તો તેની શી ગતિ થશે." એવો શોક કરવો. (૧/૪૭)

***

મહાપ્રભુજી વિના બીજે હેત રહે તે મોટું પાપ છે. જેમ ભરતજીને થયું એમ. (૧/૪૭)

***

આ જીવને મહારાજના અલૌકિક સુખમાં વૃત્તિ ચોંટતી નથી ને માયિક દુઃખમાં વળગી રહે છે. તેણે આત્માનું નુકસાન કર્યું માટે આત્મઘાતી થયો. તે પંચ મહાપાપીથી પણ ઘણો પાપી છે. શા માટે જે ચોરાસીમાં આથડવું પડે. (૧/૪૭)

***

જો મૂર્તિ રાખે તો સુખી થવાય. (૧/૪૭)

***

શ્રીજીમહારાજને વિષે ને તેમના મુક્તને વિષે આત્મબુદ્ધિ ને દ્રઢ પ્રીતિ થાય તો સમાધિ કરતા પણ ઘણી શાંતિ થાય. (૧/૪૮)

***

મોટા તો દેહ ધરતા નથી ને મૂકતા પણ નથી. ક્યાંય જતા આવતા નથી. એ તો સત્સંગ માં છે, છે ને છે જ! કેમકે એ તો સર્વત્ર રહેલા છે. (૧/૪૮)

***

એમની કરેલી વાતો સંભારીને વાંચીએ ત્યારે મોટા પ્રત્યક્ષ બોલે છે એમ જાણવું, હૃદયમાં મહાપ્રભુજી ભેળા ધારવા આનંદમાં રહેવું. મોટા તો જીવના સંબંધી છે તે જીવમાં મોટાનો સાક્ષાત્કાર કરવો. (૧/૪૮)

***

પ્રકૃતિપુરુષના કાર્યમાં મહારાજને કે મુક્તને ઉપમા દેવાય એવું કાંઈ જ છે નહિ. (૧/૪૮)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

અંતરમાં મહારાજને તથા મુક્તને સંભારીએ તો સર્વ ખુલાસા થઇ જાય. બહારવૃત્તિએ પ્રશ્ન-ઉત્તરમાં બધા શાસ્ત્રો ભેળા કરીએ તો પણ યથાર્થ ઉત્તર ન મળે. (૧/૪૮)

***

અંતરમાં મહારાજને ને મુક્તને ધારે તો મહારાજ અને મુક્ત સદા આત્માને વિષે બિરાજમાન છે. તે સર્વદોષ થકી ને વાસના થકી મુક્ત કરી મૂકે. (૧/૪૮)

***

મુક્ત અનાદિ છે પણ ભજીને થયેલા નથી. તે ભજીને થયેલા કહીએ તો કોઈક વખતે શ્રીજીમહારાજ એકલા હોવા જોઈએ. પણ એમ નથી. જેમ મહારાજ અનાદિ છે તેમ મુક્ત પણ અનાદિ છે. (૧/૫૦)

***

જે મુક્ત દ્વારે મહારાજ જીવને ઉપદેશ કરે તે મુક્તના જેવો જીવને કરે છે અને તે મુક્તની જોડે એ જીવને રાખીને મુક્તના જેવું સુખ આપે છે. (૧/૫૦)

***

મહારાજને જીવ ભૂલી જાય છે એટલે કામ, ક્રોધાદિક શત્રુ છે તે જીવને વિઘ્ન કરે છે. (૧/૫૦)

***

મોટાના કરેલા શાસ્ત્રમાં અથવા મોટાની કરેલી વાતોમાં તર્ક થાય તો પાપ લાગે, કેમ જે શ્રીજીમહારાજ એમાં રહીને પોતે બોલે છે. માટે એ શબ્દ અમૂલ્ય છે. (૧/૫૧)

***

પરોક્ષના શાસ્ત્ર ખડને ઠેકાણે છે. ને પ્રત્યક્ષના શાસ્ત્ર કણને ઠેકાણે છે અને વચનામૃત ભોજનના ઠેકાણે છે. (૧/૫૧)

***

સત્સંગનો વ્યવહાર પણ મૂર્તિને ભુલાવનાર છે. (૧/૫૧)

***

મહારાજની કથા-વાર્તા થાતી હોય ત્યાં બીજી પરોક્ષની વાત ન કરવી. (૧/૫૧)

***

મહારાજના સ્વરૂપનું જેને યથાર્થ જ્ઞાન હોય ને તે મૂર્તિને દેખતા ન હોય પણ તેના શબ્દ મહાપ્રભુજીના સબંધના હોય

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

તે જીવને સમાસ બહુ કરે છે. (૧/૫૧)

***

એક ક્ષણવાર પણ મૂર્તિ ભૂલવી નહિ. (૧/૫૨)

***

જગતના જીવ આલોકના સુખે સુખિયા છે અને આપણે તો મહારાજની કથા વાર્તા, ધ્યાન, ભજન, આજ્ઞા, ઉપાસના નિયમ, ધર્મ તેણે કરીને સુખિયા છીએ. (૧/૫૨)

***

બાહ્યદ્રષ્ટિવાળાને અનંત ઐશ્વર્ય, ધામ, લોક, ભોગ એ સર્વે દેખવામાં આવે છે જ્યારે અંતર્દ્રષ્ટિવાળાને મૂર્તિ, ધામ ને મુક્ત સિવાય બીજું કાંઈ જ નથી. (૧/૫૨)

***

મોટાના પારખું થવું. જેને સમાગમે કરીને જગતના ઘાટ બંધ થાય, વિષયના રાગ ટળે, શ્રીજીમહારાજ સિવાય બીજું અસત્ય જણાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિ વૃદ્ધિ પામે ને મૂર્તિના સુખે સુખિયા થવાય ને ધ્યાનમાં વિક્ષેપ ન આવે, તેને મોટા જાણવા. (૧/૫૨)

***

સુખ મહારાજમાં છે ને માગવા બીજે જાય છે. (૧/૫૨)

***

મોટાને વિષે મન-કર્મ-વચને જોડાવું. મોટાનો જોગ કરીને મોટાના જેવા ગુણ ન આવે તો જોગ કર્યો ન કહેવાય. (૧/૫૨)

***

સર્વસ્વ શ્રીજીને અર્પણ કરવું, એટલે ઇન્દ્રિયો, અંતઃકરણ ને જીવ શ્રીજીની મૂર્તિમાં જોડી દેવા તો સર્વસ્વ અર્પણ કર્યું કહેવાય. (૧/૫૩)

***

ગૃહસ્થ તેમને દશાંશ-વિશાંશ કાઢવો તે કનિષ્ઠ ધર્માદો છે, અને બાર મહિનામાં એક-બે મહિના મોટા મુક્તનો સમાગમ કરવો તે મધ્યમ ધર્માદો છે, અને શ્રીજીની મૂર્તિમાં ઇન્દ્રિયો, અંતઃકરણ ને જીવ તે એકાગ્ર કરીને જોડાવું તે ઉત્તમ ધર્માદો છે. (૧/૫૩)

***

પ્રતિમાને જમાડેલી વસ્તુ પણ પોતાના ચૈતન્યને વિષે મહારાજને જમાડી ને જમવી. (૧/૫૪)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

પ્રતિમાને ધામની મૂર્તિ તે એક જ છે. તેને સરખી ન જાણે તેની સમજણ ખોટી છે. અને તે નાસ્તિક છે. અને તેની વાત ન સાંભળવી. (૧/૫૪)

***

કોઈ દિવસ મુક્તનું ધ્યાન તો થાય નહીં. (૧/૫૪)

***

શ્રીજીમહારાજના ચાર સ્વરૂપો ક્યા? ત્યારે શ્રીજીમહારાજે દાદાખાચર ને કહ્યું કે એક તો મૂર્તિરૂપે, (ધ્યાન) બીજું સંતરૂપે (જ્ઞાન), ત્રીજું આચાર્યરૂપે (દીક્ષા, મંત્ર) (ધ્યાન) અને ચોથું શિક્ષાપત્રી વચનામૃત આદિ શાસ્ત્રરૂપે (વર્તવા માટે). એમ વાત કરીને પછી અદ્રશ્ય થઇ ગયા. (૧/૫૪)

***

જો શ્રોતા-વક્તા બેયની આતુરતા હોય તો મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય પણ નપુસંકથી ન થાય. (૧/૬૩)

***

જેને વાતમાં વિશ્વાસ ને શ્રદ્ધા (આસ્તિકપણું) ન હોય અને સંશય થાય તે નપુસંક શ્રોતા જાણવો. તેને સમાગમનું સુખ ન આવે. પણ જેને વિશ્વાસ, શ્રદ્ધા ને સંશય ન થાય તે શ્રોતા ને ઉત્તમ જાણવો. (૧/૬૩)

***

જે વક્તાને મહાપ્રભુજીની મૂર્તિનો સબંધ ન હોય તે વક્તા નપુસંક જાણવો. (૧/૬૩)

***

મહારાજના સબંધ વિનાની જે જે વિદ્યા ભણવી, કથા કરવી, વાર્તા કરવી, સેવા-ભક્તિ કરવી, તે સર્વે નપુસંક છે ને નિર્બીજ છે. (૧/૬૩)

***

જે સત્સંગ કરે છે ને મહારાજને કર્તા ને અંતર્યામી જાણે છે તો પણ મનમાં ખોટા ઘાટ થાય છે તેને ઉપજવા દે છે તેણે મહારાજની અને મુક્તની મર્યાદા ન રાખી માટે તે પણ નપુસંક અને નિર્બીજ છે. (૧/૬૩)

***

સમાગમ કરીને વાત તો સમજાય નહિ ને યાદ પણ રહે નહિ તેને સમાસ થાય કે નહિ? વાતો ન સમજાય તો પણ જીવમાં રહે છે ને અંત વખતે જણાય આવે છે. અને સાંભળનારને

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.



એક ક્ષણવાર પણ

મૂર્તિ ભૂલવી નહિ

દેશકાળ લાગવા દે નહિ. (૧/૬૪)

***

આ અમારા વચન અધ્ધર થી ઝીલવા અને અમારો સમાગમ બાર મહિનામાં એક વાર ન થાય તો કાળ પડયા જેવું જાણવું. (અર્થાત બાપાશ્રીની વાતો વર્ષમાં એકવાર તો વાંચવી જ!) (૧/૬૫)

***

સમાગમનું સુખ જેવું થોડા મનુષ્યોમાં આવે એવું ઝાઝા મનુષ્યોમાં ન આવે. જે એક જ રુચિના હોય તે થોડા જાણવા અને રુચિ ન મળે તે ઝાઝા જાણવા. (૧/૬૫)

***

જે આત્યંતિક કલ્યાણ ઈચ્છે છે તેને મુક્ત જેવું કોઈ સુખદાયી નથી. (૧/૬૫)

***

શ્રીજીમહારાજે જે પ્રમાણે નિયમની બાંધણી બાંધી છે તે પ્રમાણે તો વર્તવું જ! પણ નિયમથી અધિક વર્તવું નહિ. પણ ધ્યાન-ભજન તો સૌથી વધારે કરવું. તેમાં બરોબર ન વર્તવું. (૧/૬૬)

***

જીવને પરચા-ચમત્કારની વાતો સારી લાગે અને મૂર્તિની વાતો ભારે પડે છે. પણ કરવાનું તો એ જ છે. (૧/૬૬)

***

અનંત સાધન કરીને અંતે મૂર્તિ પામવી છે તે જો મૂર્તિ મળે તો સાધન શું કરવા હતા? (૧/૬૬)

***

જેને મોટાનો જોગ છે તેને કદાપિ મૂર્તિ ન દેખાય તો પણ મોટાએ જીવમાં મૂર્તિ પધરાવી મૂકી છે. પણ અંદર પડદે રાખી છે. માટે જીવમાં સાક્ષાત્કાર થઇ ગયો છે એમ જાણવું. (૧/૬૬)

***

જ્યારે મહારાજની મૂર્તિમાં જોડાય ત્યારે કારણ દેહ બળી જાય. (૧/૬૭)

***

એક મહારાજ ને તેમનું સુખ ને તેમના મુક્ત એ સત્ય રાખવા. અને પોતાનું અધૂરું માનવું. બીજા સર્વેનું પૂરું થયું છે એમ જાણવું અને નિત્ય ચઢતો રંગ રાખવો. (૧/૬૭)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

કદાપિ કોઈને માયા આવે તો બ્રહ્મ અગ્નિમાં નહાવું એટલે મહાપ્રભુજીને અને મોટા મુક્તને સંભારવા તો પવિત્ર થવાય. જેમ જળ ને અગ્નિ એ દેહને ચોખ્ખો કરે છે તેમ શ્રીજીમહારાજ તથા મોટા અનાદિમુક્ત છે તે જીવને ચોખ્ખા કરે છે. માટે જેને શ્રી પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામવું હોય તેણે બ્રહ્મઅગ્નિમાં ઝીલવું. (૧/૬૭)

***

ભાગવતીતનુ નો અર્થ શો હશે? ભાગવતીતનુ એટલે ભગવાનની મૂર્તિ જાણવી. (૧/૬૭)

***

કારણ દેહને બ્રહ્મઅગ્નિમાં હોમવો એટલે શું? ઇન્દ્રિયોની વૃત્તિઓ માયિક પદાર્થમાં ફેલાઈ ગઈ હોય ત્યાંથી પાછી વાળીને બ્રહ્મઅગ્નિ જે પોતાનો આત્મા તે આકારે કરવી. એટલે આત્માને તેજોમય જોયા કરવો ને તેમાં મહારાજની મૂર્તિને જોયા રાખવી.  એમ ને એમ ધ્યાન કરતાં કરતાં કારણ દેહ બળી જાય ને માયા નાશ થઇ જાય. (૧/૬૮)

***

શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાળવી અને સર્વોપરી ઉપાસના દ્રઢ કરવી. તે બે વડે શ્રી પુરુષોત્તમરૂપ થવાય છે. (૧/૬૮)

***

અનુભવજ્ઞાન એટલે શું? મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું તેને અનુભવજ્ઞાન કહીએ. અને સુખનો અને મૂર્તિનો પાર ન આવે ને નવા નવા સુખ લીધા કરે તે અનુભવજ્ઞાન છે. (૧/૬૯)

***

ખોટું છે તેને ખોટું કરવું તેમાં તે શું? પણ સાચાને ખોટું કરવું તે ખોટું કર્યું કહેવાય. માટે જ્ઞાન બધું સરખું નથી. (૧/૬૯)

***

પ્રાયશ્ચિત કરવાથી દેહની શુદ્ધિ થાય છે અને ધ્યાને કરીને જીવની શુદ્ધિ થાય છે. (૧/૭૦)

***

જે પ્રાયશ્ચિતનો ઉપવાસ કે વ્રત છે તે તો લેણું કહેવાય તે લેણું તો આપવું જ, તેમાં તો છૂટકો જ નહિ. (૧/૭૦)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

જેટલા પંચવર્તમાને યુક્ત શ્રી સ્વામિનારાયણના ભક્ત હોય તે ગોત્ર જાણવું. (ગોત્ર કોને જાણવું?) (૧/૭૦)

***

જીવમાં મહારાજ પધરાવ્યા ક્યારે કહેવાય? જ્યારે મોટા મળે ને નવો જન્મ આપે ને આશીર્વાદ આપે તેમાં મૂર્તિ પધરાવી દે ને તે મૂર્તિનું ધ્યાન કરે તો મૂર્તિનો સાક્ષાત્કાર થાય અને ધ્યાન ન કરે તો અંત સમયે મોટા મૂર્તિનો મેળાપ કરાવે. (૧/૭૪)

***

એકાંતિક ક્યારે કહેવાય? જે ભક્ત પોતાની સર્વ ઇન્દ્રિયોને વશ કરીને વિષયને માર્ગે તથા ઐશ્વર્ય ને માર્ગે બહેરો, લૂલો ને પાંગળો થાય અને એક મૂર્તિની જ ઈચ્છા રાખે તે એકાંતિક કહેવાય. (૧/૭૫)

***

જેને કારણ ઓળખ્યું તેને એકદેશી જાણવા (૧/૭૫)

***

મુક્તમાં સદા દિવ્યભાવ રહે એવી પાકી દ્રઢતા કરવી. એવું ન સમજાય ને મનુષ્યભાવ આવે એટલું નાસ્તિકપણું છે. મોટાને તો નાત, જાત, વર્ણ, આશ્રમ તે કાંઈ છે જ નહિ. એ તો શ્રીજીમહારાજ રૂપ છે. એમ સમજીને મનુષ્યભાવ આવવા દેવો નહિ. (૧/૭૬)

***

મોટાના જોગે મોટા જેવા થયા હોય, પણ તે સુખ મોટાએ રોકી રાખ્યું હોય, માટે મળ્યું છે એમ જાણવું. બાપનું દ્રવ્ય છે તે દીકરાનું છે જ. તેમ અમારું સુખ છે તે તમે અમારા શિષ્ય છો તો તમારું જ છે. (૧/૭૭)

***

શ્રીજીમહારાજે કે મોટા મુક્તોએ સ્વપ્નમાં દર્શન દીધા હોય તે પ્રત્યક્ષ દર્શન જેવા જ છે. એમાં કાંઈ ફેર નથી. (૧/૭૮)

***

પાકો પાયો કોને કહેવાય? જેને મહાપ્રભુજીની મૂર્તિમાં તાન હોય તેને પાકો પાયો કહેવાય. વળી પ્રસાદીની મૂર્તિ ને આજની છાપેલી મૂર્તિ સરખી સમજે તેનો પાકો પાયો છે અને જે સરખી ન સમજે તેનો પાકો પાયો નથી. (૧/૭૮)

***

જેને દ્રઢ આત્મનિષ્ઠા થઇ હોય ને શ્રીજીમહારાજની મૂર્તિને


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

આકારે દ્રષ્ટિ થઇ હોય તેને પ્રસાદી અને વગર પ્રસાદી બેય સરખું છે. (૧/૭૮)

***

પ્રસાદી તો કાર્ય છે અને મૂર્તિ તો કારણ છે. (૧/૭૮)

***

જેને મૂર્તિ આકારે દ્રષ્ટિ ન થઇ હોય ને નવા આદરવાળા હોય તેને એ પ્રસાદી પવિત્ર કરે છે અને મહારાજની સ્મૃતિ કરાવે છે. (૧/૭૮)

***

ધામ તો શ્રીજીમહારાજનું ને અનાદિમુક્તનું તેજ છે. (૧/૭૯)

***

અમે જીવોના ઉપર દયા કરીને શ્રીજીમહારાજના સંકલ્પથી દર્શન આપીએ છીએ. તે મહિમા ન કરીએ તો જીવના જાણ્યામાં શું આવે? અને શી રીતે જીવ ભગવાનને અને મુક્તને વળગે? માટે જીવના ઉપર દયા કરીને મહિમાની વાતો કરીએ છીએ. પણ અમારી સારપ વધારવા સારું અમારો મહિમા નથી કેહતા. (૧/૮૦)

***

જેના ભેળા મહારાજ હોય તેની વાતમાં શાંતિ, સુખ અને આનંદના ફુવારા આવે છે ને સુખિયા કરી મૂકે છે. (૧/૮૦)

***

ઉપશમવાળો જ્યાં સુધી ઉપશમમાં રહે ત્યાં સુધી મહારાજનું સુખ રહે ને જાગે ત્યારે લોકની ક્રિયા કરે. અને જેને ત્રણ અવસ્થામાં સદાય મૂર્તિ હોય એ સ્વરૂપનિષ્ઠાવાળા અનાદિમુક્ત કહેવાય. (૧/૮૧)

***

ધર્મકુળ તે શું જાણવું? ધર્મકુળ એટલે ધર્મના પુત્ર શ્રીજીમહારાજ જાણવા અથવા જેને ધર્મ ને ભક્તિ બેય અતિશય દ્રઢ હોય ને શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેતા હોય એવા અનાદિમુક્ત જાણવા. (૧/૮૨)

***

જેને મોટાનો જોગ થાય છે તેને “છતી દેહે જ પુરુષોત્તમને પામી રહ્યો છું” એમ રહે છે. પણ મરીને મહારાજ પાસે જવું છે એમ નથી રહેતું તે આંતરદ્રષ્ટિવાળો છે. (૧/૮૨)

***

આજ તો રોકડું કલ્યાણ છે તે દેહ છતાં જ કલ્યાણ. આજ

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ચાર વર્તમાન પાળવામાં કલ્યાણ આતો બગાસું ખાતા સાકરનો ગાંગડો મળ્યો છે. (૧/૮૩)

***

આત્મામાં કારણ મૂર્તિના પધરાવનારા મુક્ત છે. (૧/૮૩)

***

૨૮૭. સંગદોષ મૂર્તિમાંથી બહાર કાઢી નાખે એવો છે. (૧/૮૩)

***

મુક્ત તો એકલા હોતા જ નથી. એકલા મુક્તમાં શ્રીજીમહારાજ તથા અનંત મુક્ત રહ્યા છે. (૧/૮૪)

***

જેમ મૂર્તિ આત્માને વિષે સાક્ષાત દેખાય છે તે પૂરો સાધુ કહેવાય અને જેને અંતર ને વિષે મૂર્તિ દેખાય તે મધ્યમ સાધુ કહેવાય અને જેને અખંડ સ્મૃતિ રહે તે કનિષ્ઠ સાધુ કહેવાય. અને આજ્ઞા તો એ ત્રણેય યથાર્થ પાળતા હોય. અને આજ્ઞા યથાર્થ પાળતા હોય પણ અખંડ સ્મૃતિ ન રહે તો ચાલોચાલ કહેવાય. (૧/૮૬)

***

જે મૂર્તિનો સાક્ષાત્કાર છે તે જ મૂર્તિની સ્મૃતિ છે પણ સ્મૃતિવાળાને સાક્ષાત્કારવાળા જેવું સુખ ન હોય એટલો ફેર છે. (૧/૮૭)

***

આગળ થઇ ગયેલા અવતારોથી આજના મુકતો ઘણા મોટા છે. (૧/૮૭)

***

આ સત્સંગમાં શ્રીજીમહારાજના સંત છે તે ફૂલવાડી છે તેમાંથી સુગંધરૂપી ગુણ લેવા ને પોતાની ખોટ જોવી. (૧/૮૭)

***

જો શ્રીજીમહારાજ ને મોટાને અંતર્યામી જાણે તો એકેય ક્રિયા સત્સંગથી વિરુદ્ધ થાય નહિ ને મહારાજ ને સજાતિ પણ ત્યારે જ થવાય. (૧/૮૮)

***

ક્રિયા એટલે વર્તમાન એકેય પાળવું નહિ અને બેસવું મહારાજના ઘરમાં તે તો બહુ કઠણ છે. (૧/૮૮)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

જો સમાગમ કરવા યોગ્ય અને સેવા કરવા યોગ્ય એવા સંત -હરિજનો ને ઓળખી ને તેમનો સમાગમ કરીને અવતાર-અવતારીનો ભેદ સમજીને, અવતારી એવા જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમનો દ્રઢ આશ્રય કરીને તેમની મૂર્તિમાં જોડાઈ જાય તો સુખિયો થાય. (૧/૮૮)

***

નિયમે કરીને આસક્તિ ટળે છે પણ પોતાની મેળે ત્યાગ કરે તો આસક્તિ ન ટળે. નિયમ લેવા તો પણ મોટાની પાસે દીન થઈને હાથ જોડીને લેવા. તો મોટા સહાયમાં ભળીને પાર પાડે. (૧/૮૯)

***

સ્વરૂપનિષ્ઠાવાળાને તો ધ્યાનમાર્ગમાં એ કોઈ આડું આવતું નથી. એને તો વ્યતિરેક મૂર્તિ એક જ રહે છે. અને જે સમાધિમાર્ગમાં જાય છે તેને પ્રણવ અને નાદ આડા આવે છે. (૧/૯૦)

***

સ્વરૂપનિષ્ઠાવાળાને તો શ્રીજીમહારાજના તથા મુક્તના મુખના વચન યથાર્થ સમજાય તો પ્રણવ અને નાદ છે. અને તે નિષ્કામ છે. (૧/૯૦)

***

આ જીવનું ગજું થોડું ને મહારાજનો મહિમા અપાર છે તે શી રીતે જાણી શકે? (૧/૯૦)

***

સાધન છે તે માગેલા ઘરેણાં છે, તે કોઈક લઇ પણ જાય. માટે સાધનનો ભાર રાખવો નહિ. (૧/૯૦)

***

સત્સંગમાં આત્મબુદ્ધિ હોય તેને ભક્ત જાણવો. (૧/૯૧)

***

પાત્ર થયા વિના મૂર્તિમાં કેમ લઇ જશો? તો જેને અધૂરું હશે તેને દેહને અંતે પાત્ર કરીને પૂરું કરાવશું પણ જન્મ નહિ ધરાવીએ. (૧/૯૨)

***

મહારાજના સુખ આગળ માયાનું સુખ કાકવિષ્ટાતુલ્ય છે. (૧/૯૨)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

શ્રી ગોપાળનંદ સ્વામીની વાતોમાં ચાર પ્રકાર ના મુક્તોના ભેદ: એ ભેદ સાધનદશાવાળા મુક્તની સ્થિતિના છે. અને જ્યાં મૂર્તિ ત્યાં અક્ષરધામ કહ્યું છે. માટે અહીંની અને અક્ષરધામની એકતા કહી છે. (૧/૯૩)

***

ચાર પ્રકારના મુકતો: ૧. જે શ્રીજીમહારાજની મૂર્તિને જ દેખે અને પોતાની પણ સ્મૃતિ ન રહે તે ઉત્તમ ભેદ છે. ૨. જે પોતાની સ્મૃતિ સહિત મૂર્તિ દેખે તે બીજો ભેદ છે. ૩. જે મહારાજ, પોતાને અને અક્ષરધામને દેખે તે ત્રીજો ભેદ છે. ૪. જે મહારાજને, પોતાને ને અક્ષરધામને અને અનંત મુકતોને દેખે તે ચોથો ભેદ. (૧/૯૩)

***

ભગવાનની યોગમાયાનો (મ- ૬૪) શો અર્થ સમજવો? અહિ માયા એટલે સમૃદ્ધિને જાણવી. શ્રીજીમહારાજ સર્વેના સ્વામી છે અને બીજું સર્વે છે તે શ્રીજીમહારાજની માયા એટલે સમૃદ્ધિ છે પણ પ્રકૃતિરૂપ માયા તે આ ઠેકાણે ન જાણવી. એ પ્રકૃતિરૂપ માયા છે તે તો મૂળપુરુષની છે. (૧/૯૪)

***

ઉંચા-નીચાનો અર્થ શ્રેષ્ઠ-કનિષ્ઠ સમજવો. દા.ત. અક્ષરધામ સર્વથી ઊંચું છે અર્થાત અક્ષરધામ સર્વેથી શ્રેષ્ઠ છે. ઊંચું એટલે ઉપર છે અને અહીં નથી એમ ન માનવું કારણકે અક્ષરધામ તો સર્વત્ર છે. (૧/૯૪)

***

ધામ જે તેજ તે પણ શ્રીજીમહારાજની મૂર્તિને આધારે છે. જો ધામને આધારે મહારાજ રહ્યા છે એમ કરીએ તો મહારાજનું કારણ ધામ થાય માટે એમ ન સમજવું. કારણ ને આધાર તો મહારાજ છે. (૧/૯૫)

***

શ્રી પુરુષોત્તમને સજાતિ થાય ત્યારે સ્વામીસેવકપણું કેમ રહે? શ્રી પુરુષોત્તમરૂપ થાય છે તો પણ શ્રી પુરુષોત્તમ સર્વેને પર ને પર ભાસે છે. મહારાજનું સુખ આપેલું ભોગવે છે માટે મહારાજ દાતા છે મુક્ત ભોક્તા છે. એ પ્રતાપ ને સામર્થી જોઈને સ્વામીસેવકપણું અતિશય દ્રઢ થાય છે. (મ- ૬૭ --> જેવા ભગવાનને જાણ્યા એવો મને કર્યો અને મારા જેવા અપાર છે તો પણ શ્રી પુરુષોત્તમ ની સામર્થી ઓછી થતી


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

નથી ને અપાર ને અપાર રહે છે. રાજા અને રચૈત સજાતિ પણ સામર્થી માં ફેર.... એમ સમજવું). (૧/૯૬)

***

જ્યારે જીવને વ્યતિરેક મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે ત્યારે મહારાજને કે જીવને આવવું-જવું પડતું નથી. (૧/૯૭)

***

મહારાજનું સુખ મુક્ત આપે છે પણ જેટલો મહિમા ને જેટલો વિશ્વાસ ને જેટલી શ્રદ્ધા તે પ્રમાણે લેવાય છે. જેમ સાજો જમે તેટલું માંદાથી ન જમાય તેમ. (૧/૯૭)

***

આ સત્સંગમાં ઘાટ ન થાય એવા મુક્ત ઘણા હોય પણ બીજાના ઘાટ ને ટાળી નાખે એવા મુક્તની સાથે દ્રઢ પ્રીતિ ને આત્મબુદ્ધિ કરવી. (૧/૯૭)

***

ઘાટ ઉપજે તેને સમાવે તે સંત કહેવાય અને ન ઉપજે તે ભગવંત એટલે ભગવાન જેવા કહેવાય. જ્યારે-ત્યારે ચોખ્ખું થયા વિના છૂટકો નથી. (૧/૯૮)

***

મહારાજને ભેળા રાખ્યા વિના એકેય કામ પૂરું થાય નહિ. માટે મહારાજને ભેળા રાખવા. (૧/૯૮)

***

ભગવાનના ભક્ત સાથે તો હારીને જ રાજી થવું તો તેની ભક્તિ આપણને મળે. ને જીતીને રાજી થઈએ તો આપણી ભક્તિ તેને જાય માટે જે હાર્યો તે જ ખાટયો. (૧/૯૮)

***

જ્યાં સુધી ઇન્દ્રિયોમાં નિશ્ચય હોય ત્યાં સુધી ઘાટ થાય ને જ્યારે જીવમાં મહારાજનો નિશ્ચય થાય ત્યારે ઘાટ ન થાય. માટે બાળ અવસ્થામાંથી એકદમ વૃદ્ધ થઇ જવું ને મૂર્તિમાં જોડાય જવું. (૧/૯૮)

***

શ્રીજીમહારાજની મૂર્તિને સાક્ષાત્કાર પોતાના આત્માને વિષે દેખતા હોય એવા એકાંતિકને બ્રહ્મવેત્તા ભક્ત જાણવા. (૧/૯૯)

***

શ્રીજીમહારાજ મુક્ત રૂપે દર્શન આપે તે મુક્ત શ્રીજીમહારાજના અવતાર કહેવાય. (સદ્. રામાનંદ સ્વામી)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

તેનું ધ્યાન થાય પણ તે જ્યાં સુધી શ્રીજીમહારાજ પોતે દર્શન ન આપે ત્યાં સુધી થાય. પણ જ્યારે સ્વયંમૂર્તિ શ્રીજીમહારાજ પોતે દર્શન આપે તો તે અવતાર (મુક્ત) નું ધ્યાન ન થાય. (૧/૯૯)

***

શ્રીજીમહારાજના મુક્તના મુખમાંથી વચન નીકળે તેને વેદ સમજવા. એ તો પરભાવના વેદ છે. (૧/૧૦૨)

***

આજ્ઞા પાળવી ને અનુવૃત્તિમાં રહેવું. (૧/૧૦૨)

***

મૂર્તિ તો આ રહી. મૂર્તિનો વાંક નથી. પણ મૂર્તિને લેનારાની ખોટ છે તેથી સમજાતી નથી ને દેખાતી નથી. (૧/૧૦૨)

***

મૂર્તિ દેખાય તેનો ઉપાય શો હશે? મોટાને વિષે ને મહારાજને વિષે આત્મબુદ્ધિ હોય તો સદાય ભેળી રહે. (૧/૧૦૨)

***

આલોકમાં તનના, મનના ને જનના દુઃખ છે પણ મોટા પુરુષનો જોગ કરે ને એમના જેવો નિષકંચન થાય તો સર્વે દુઃખ ટળી જાય છે. (૧/૧૦3)

***

આપણે ધ્યાન, ભજન, કથા, વાર્તા, ભક્તિ ઝાઝી કરતા હોઈએ ને બીજા સંત કે હરિભક્ત સુતા હોય તે મોડા ઉઠે કે ધ્યાન, ભજન, ઓછું કરે કે ન કરે તો આપણે એમ જાણવું જે, “એ પૂર્વે કરીને બેઠા છે ને મારે હજી કરવાનું છે.” એમ પોતાને વિષે ન્યૂનપણું માનવું. (૧/૧૦૪)

***

જો કોઈને વિષે દોષ જેવું જણાય તો એમ વિચાર કરવો જે તેની ખોટ તેને નડશે. શ્રીજીમહારાજ દંડ દેનારા છે એમ સમજવું. (૧/૧૦૪)

***

જો સૂર્યને સામો રાખે તો પડછાયો આગળથી તૂટી જાય, તેમ મહારાજને સન્મુખ રાખે તો સાધનની મહત્તા ટળી જાય. (૧/૧૦૪)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ઠરાવવાળો (સાધનવાળો) દુઃખિયો અને અંત અવસ્થાવાળો (મૂર્તિવાળો) સુખિયો. માટે જાણપણારૂપ દરવાજે ઉભા રહીને મહારાજને સંભારવા. (૧/૧૦૪)

***

જ્યાં સુધી માયાનો ગુણ હોય ત્યાં સુધી દુઃખિયો. જ્યારે માયા છે જ નહિ એવું સમજાય ત્યારે તે સુખિયો. (૧/૧૦૪)

***

લાખ વર્ષ જોગ કરો ને કામ ન થાય તે કામ દર્શન માત્રમાં કરી દે. અને લાખો-કરોડો જન્મના કર્મ તે પણ દર્શન માત્રમાં નાશ કરી નાખે, એવો મોટાનો પ્રતાપ છે. (૧/૧૦૪)

***

જ્યારે પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામેલા મુક્તનો જોગ થાય ત્યારે તે મુક્તને પ્રતાપે કરીને શ્રી પુરુષોત્તમની દ્રઢ ઉપાસના થાય ત્યારે તેને પડદા રહેતા નથી. એ તો છતે દેહે જ શ્રી પુરુષોત્તમ પાસે પહોંચી ચૂક્યો છે. (૧/૧૦૫)

***

પુરુષ, બ્રહ્મ ને અક્ષર એ ત્રણ શબ્દ જુદા કાઢી નાખીએ એટલે તરત શ્રી પુરુષોત્તમની સમીપે પહોંચીએ. (૧/૧૦૫)

***

શ્રી પુરુષોત્તમ આકારે ક્યારે દ્રષ્ટિ થઇ કહેવાય? પોતાને શ્રી પુરુષોત્તમના તેજરૂપ માનીને એ તેજમાં પોતાના આત્માને લીન કરીને એ તેજમાં મૂર્તિ ધારવી અથવા અનાદિમુક્તરૂપ માનીને મૂર્તિમાં રહીને મૂર્તિ જોવી ત્યારે શ્રી પુરુષોત્તમની કૃપાથી એના ઇન્દ્રિયો અંતઃકરણ પુરુષોત્તમરૂપ થઇ જાય છે. ત્યારે શ્રી પુરુષોત્તમ આકારે દ્રષ્ટિ થઇ કહેવાય. આ શ્રી પુરુષોત્તમનું દર્શન ને નિશ્ચય તે શ્રી પુરુષોત્તમ વડે જ થાય છે. ત્યારે પુરુષ તથા બ્રહ્મ તથા અક્ષર તે કોઈનો ભાર કે મહત્તા કે સારપ રહેતી નથી. (અર્થાત બીજું કાંઈ નજરમાં આવતું જ નથી!) માટે પોતાને શ્રી પુરુષોત્તમ રૂપ માનવું અથવા શ્રી પુરુષોત્તમના મુક્ત રૂપ અથવા તેજરૂપ માનવું. (૧/૧૦૫)

***

જેમ ચંદ્રનું દર્શન ચંદ્ર વડે જ થાય છે એમ સૂર્ય વડે સૂર્યનું દર્શન થાય પણ ચંદ્ર વડે સૂર્ય જોવાય નહીં તેમ શ્રી પુરુષોત્તમ વડે જ શ્રી પુરુષોત્તમ નું દર્શન થાય, માટે પોતાનું પુરુષોત્તમરૂપ માનવું. (૧/૧૦૫)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

આત્મા શુદ્ધ થાય ત્યારે મૂર્તિ દેખાય. (૧/૧૦૬)

***

મૂર્તિ વિના બીજું સર્વે વિષ જેવું છે. (૧/૧૦૬)

***

માન મૂકે માન મળે, માન રાખે માન જાય. (૧/૧૦૬)

***

બ્રહ્મરૂપ ક્યારે થવાય? શ્રીજીમહારાજ વિના કોઈને કર્તા જાણે નહિ અને વાચ્યાર્થ ને લક્ષ્યાર્થ જ્ઞાન હોય અને અન્વય-વ્યતિરેકપણું જાણે ત્યારે બ્રહ્મરૂપ થવાય. (૧/૧૦૭)

***

પરિપક્વ ઉપાસના ક્યારે થાય? મૂર્તિના તેજરૂપ થઈને મૂર્તિ ધારે તથા મૂર્તિમાં રહે ત્યારે (૧/૧૦૭)

***

મોટા પાંચ વર્તમાન પાળે તે સર્વે ને દિવ્ય જાણવા. (૧/૧૦૭)

***

અન્વય-વ્યતિરેકપણું શું સમજવું? સત્સંગમાં વ્યતિરેક એટલે મૂર્તિમાન રહ્યા છે, ચાલોચાલ સત્સંગીમા અંદર પડદે રહ્યા છે તો પણ અન્વય ન કહેવાય અને એકાંતિકમાં સાક્ષાત્કાર રહ્યા છે. (૧/૧૦૭)

***

સત્સંગીના ભેદ કઈ રીતે સમજવા? શ્રીજીમહારાજને સર્વોપરી જાણીને બીજે બધેથી લૂખો થઈને અખંડ મૂર્તિની સ્મૃતિ રાખે તે એકાંતિક. શ્રીજીમહારાજને સર્વોપરી જાણીને બધી આજ્ઞા પાળે પણ મૂર્તિની અખંડ સ્મૃતિ ન રાખે તે ચાલોચાલ અને જે સર્વોપરી ન જાણે ને આજ્ઞા બધી પાળે તો એ પ્રકૃતિ ગુણબુદ્ધિવાળા કહેવાય અને તેમાં તો અન્વય અર્થાત તેજ દ્વારા રહ્યા છે. (૧/૧૦૭)

***

ઇન્દ્રિયોમાં જે જ્ઞાન તે વાચ્યાર્થ જ્ઞાન કહેવાય અને જીવ જ્ઞાન તે લક્ષ્યાર્થ જ્ઞાન જાણવું. (૧/૧૦૭)

***

શ્રીજીમહારાજના ભેળા આવેલા મુકતો પોતાનો સિદ્ધાંત પાછો લઇ ગયા કેમ કે જીવો પાત્ર નહિ. તેથી પ્રવર્તાવી શક્યા


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

નહિ. (૧/૧૦૮)

***

શ્રદ્ધા તો મહારાજ અને મોટા આપે પણ વિશ્વાસ નથી. સુખનો ઢગલો પડયો છે, પણ જીવ તપાસ કરતો નથી એટલે અંતરમાં જોતો નથી, જે આ વાતોમાંથી મેં કેટલી ગ્રહણ કરી. (૧/૧૦૮)

***

ગૃહસ્થે પોતાના જીવાત્માનું પરલોક સંબંધી સુખ થવાનું સાધન સુખે થાય એવી રીતે દેહ નિર્વાહ જેટલો જ વ્યવહાર કરવો પણ વ્યવહારરૂપ ન થઇ જવું. (૧/૧૦૮)

***

હું જે જે ક્રિયાઓ તથા સંકલ્પ કરીશ તેને મહારાજ ને મોટા દેખે છે તેથી મહારાજની ને મોટાની મરજી તથા આજ્ઞા વિરુદ્ધ વર્તીશ તો તે કુરાજી થશે ને મારુ બગાડી જશે એવી નિરંતર તપાસ રાખવી. (૧/૧૦૮)

***

કોઈ વાતમાં વાદવિવાદ કરવો નહિ. વાતચીત કરતા તથા પ્રશ્નોત્તર કરતા રજ-તમનો ભાવ લાવવો નહિ. (૧/૧૦૯)

***

ઊનું નહિ, ટાઢું નહિ, મંદમંદપણું, શીતળ ને શાંત એવું મહારાજનું સુખ છે. (૧/૧૦૯)

***

માટે સાધુ થાવું. એટલે મહારાજ તથા એમના મુક્ત જેવું થાવું તો સાધુ થયા જાણવું. (૧/૧૦૯)

***

પુરુષોત્તમનો સબંધ રાખે તો પુરુષોત્તમરૂપ થવાય. (૧/૧૦૯)

***

દ્વારિકાની યાત્રા એટલે શું? મોક્ષનું દ્વાર ઉઘાડે કેહતા મોક્ષ કરે એવા સંત જેવા હોય તેમનો સમાગમ કરવો એ દ્વારિકાની યાત્રા કહેવાય. (૧/૧૧૧)

***

મોટા મુક્તની દ્રષ્ટિ આગળ પામર જીવ દેહે મેલે તો અવિનાશી મહાપ્રભુજીનું સુખ પામે છે, તો જેને મહિમા સમજાણો છે ને હેત છે તે તો જ્યાં દેહ મૂકે ત્યાં મહારાજ ને મોટા સાથે જ છે ને તે તો દેહ છતાં જ સુખ પામેલા છે. માટે

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સંશય કરવો નહિ. (૧/૧૧૩)

***

અનંતકાળના સુકૃત ઉદય થયા હોય, ને છેલ્લી પ્રાપ્તિ થવાની હોય તેને આવા મોટા ઓળખાય છે. (૧/૧૧૪)

***

જે પૃથ્વી ઉપર મોટા ચરણ મૂકે તે પૃથ્વી તીર્થરૂપ થાય છે અને તે પૃથ્વીની રજ જેના ઉપર પડે તેનો પણ મોક્ષ થાય છે. (૧/૧૧૪)

***

મહિમા જાણીને મોટાનું નાહેલું જળ માથે ચઢાવે તો પંચ મહાપાપાદિક સર્વે બળી જાય ને આત્યંતિક મોક્ષ થાય. એમ કરીને માંડવીના લક્ષ્મીરામભાઈની વાત કરી. (૧/૧૧૪)

***

મોટાના ઉપયોગમાં જે આવે તેનો પણ મોક્ષ થાય છે. એમ કહીને સદ્. ગોપાળનંદ સ્વામીએ ખાધેલી કેરીના ગોટલાની વાત કરી. (૧/૧૧૪)

***

પુરુષોત્તમરૂપ થયેલા મુક્તોના જોગે કરીને જીવ પુરુષોત્તમરૂપ થાય છે. મોટા મોટા અનાદિનો જોગ કરવો, પણ આધુનિકનો કરવો નહિ. (૧/૧૧૬)

***

સત્સંગમાં સત્સંગ ઓળખવો. (૧/૧૧૬)

***

મોટાના આશીર્વાદનું ફળ જ્યારે ધામમાં જાય ને દેખે ત્યારે મહિમા સમજાય એમ કહીને કૃષ્ણ-સુદામાની વાત કરી. (૧/૧૧૬)

***

પોતાનું પૂરું થયું કેમ જણાય? શ્રીજીમહારાજની કથા, વાર્તા, ધ્યાન, ભજન, આદિક જે સાધન કરે તે પોતાને અર્થે ને બીજા સર્વેને અર્થે કરે અને શ્રીજીમહારાજ તથા મુક્તને આગળ રાખે ને દાસપણું મૂકે નહિ. એવા લક્ષણ હોય ત્યારે પૂરું થયું જાણવું. (૧/૧૧૭)

***

બીજાને જાળવવા જાય ને પોતાનું તપાસે નહિ તો પૂરું થાય નહિ. (૧/૧૧૭)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

મોટા મુક્તને વિષે જે જીવ મન-કર્મ -વચને જોડાય તેનું મોટા પોષણ કરે છે અને મોટાને વિષે ન જોડાય તેનું મોટા પોષણ કરતા નથી માટે કમળની પેઠે મોટાને વિષે ચોંટી જવું. (૧/૧૧૭)

***

'અંતે યા મતિ સા ગતિ' નો અર્થ શું કરવો? ભગવાન ને ભક્તને સદા અંત અવસ્થા જેવું સમજવું કેમ જે દેહનો નિરધાર નથી. માટે અંત અવસ્થા સદા સમજાય ત્યારે પૂરું કરવાની આતુરતા થાય. (૧/૧૧૮)

***

જેને મોટા મુક્ત મળ્યા હોય અને કેફ રહે જે, "મારુ કામ કરશે જ!" તો એને સર્વ કામ પુરા થઇ જ રહ્યા જાણવા. (૧/૧૧૮)

***

મહારાજનું ને મુક્તનું સુખ કેવી રીતે આવે અને તે સુખ ભિન્ન ભિન્ન કેવી રીતે દેખાય? જ્યારે મુક્તને સજાતિ થાય છે ત્યારે બધું માલમ પડે છે પણ સજાતિ થયા વિના માલમ ન પડે. (૧/૧૧૯)

***

મહિમા સમજવાનો શો ઉપાય છે? જ્યારે અનાદિમુક્તનો જોગ કરીને મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે યથાર્થ મહિમા સમજાય. તે માટે શ્રીજીમહારાજ ને મુક્ત સાક્ષાત બિરાજે છે એવું માનીને શ્રદ્ધાએ સહિત શ્રીજીમહારાજના વચન પાળવા. (૧/૧૨૦)

***

અનાદિમુક્ત આ વાતો કરે છે તે આ એક જ છે કે સત્સંગમાં બીજે ઠેકાણે પણ હશે? બાપાશ્રીએ કહ્યું કે આ એક જ છે તે તમને મળ્યા છે આવા બીજા સત્સંગમાં નથી. (સં ૧૯૬૮ આસો સુદ બીજ) (૧/૧૨૦)

***

મોટા સંગાથે મન બાંધીને આત્મબુદ્ધિ કરીને વળગ્યા તો જેમ ગરુડની પાંખમાં મચ્છરિયું પેઠું તે ઠેઠ પૂગે તેમ તે પણ ઠેઠ શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં પહોંચે. (૧/૧૨૨)

***

સતરૂપ મહારાજ ને સતરૂપ સંત ને તેમણે કહેલો એવો

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સતરૂપ ધર્મ એ ત્રણેનું જેમાં વર્ણન હોય એવું સતરૂપ શાસ્ત્ર એ ચારેનો સંગ કરે તો પૂરો સત્સંગી કહેવાય. (૧/૧૨૨)

***

રાગરૂપી મંદવાડ ટાળ્યા વિના મૂર્તિ આવે નહિ. (વિષયની આસક્તિ = રાગ) (૧/૧૨૩)

***

કારણ મૂર્તિનું ધ્યાન શી રીતે કરવું? મૂર્તિના તેજમાં પોતાના આત્માને લીન કરીને એ તેજરૂપ પોતાને માનીને એ તેજમાં મૂર્તિ ધારવી. તે મૂર્તિ ધારતા-ધારતા દેહને ભૂલી જવાય ને ઉપશમ થઇ જાય તે ખરું ધ્યાન છે. (૧/૧૨૪)

***

પુરુષોત્તમના પ્રકાશરૂપ થઈને એકરસપણાને પામી ગયા પછી જાણપણું રહેતું (મૂર્તિનું જાણપણું) હશે કે નહિ? જ્યારે દિવ્ય દ્રષ્ટિ થાય ત્યારે તો જાણપણું બહુ રહેશે કે જેમ હું મૂર્તિમાં રહ્યો છું અને સુખ લઉ છું તેમજ સર્વે મુક્ત મૂર્તિમાં રહ્યા છે ને સુખ લે છે. વળી જે મુક્ત જેટલું સુખ લે છે તે સર્વેને જાણે છે જે આ મુક્ત આટલું સુખ લે છે અને આ મુક્ત આટલું લે છે એમ સર્વેને જાણે છે. (૧/૧૨૪)

***

ચરણની સેવા એટલે શું સમજવું? ચરણની સેવા એટલે સમગ્ર મૂર્તિની સેવા જાણવી. ચરણની સેવા કહેવી એ નમ્ર વાણી છે. (૧/૧૨૪)

***

આજ ભગવાન ક્યાં હશે? મૂર્તિ સામું જોઈને બાપાશ્રી બોલ્યા, “આ બેઠા મૂર્તિમાન!” (૧/૧૨૫)

***

મૃત્યુ આડી એક ઘડી રહી હોયને જો, “આ પ્રતિમા તે જે સાક્ષાત ભગવાન છે પણ ધાતુ-પાષાણ નથી ને આ સભા દિવ્ય છે (= સર્વે ને દિવ્ય જાણવા)” એવું સમજાય તો શ્રીજીમહારાજ હડેડાટ તેડી જાય. (૧/૧૨૫)

***

એકલા જ સાધને કરીને મોક્ષ ઈચ્છે તે થવો કઠણ છે. (૧/૧૨૫)

***

સેવા પણ સાધુને ઓળખીને કરવી. અને ગુરુ પણ ઓળખીને કરવા. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા શ્રી રઘુવીરજી


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

મહારાજના જેવા લક્ષણે યુક્ત આચાર્ય હોય તો તેમની સેવા કરવી. (૧/૧૨૬)

***

જેમ આપણે પગમાં કાંટો વાગ્યો હોય તેને કાઢવો તે આપણા હાથમાં છે તેમ કુસંગનો ત્યાગ કરવો તે પણ આપણા હાથમાં છે. (૧/૧૨૭)

***

મહારાજને અને મોટાને સાથે રાખે ને એમની મર્યાદા રાખે અને અંતર્યામી જાણે તો સર્વે ક્રિયામાં મહારાજ ટેક રખાવે. (૧/૧૨૭)

***

તમોને છેલ્લો મુદ્દો હાથ આવ્યો છે કેમ જે બધી સભાઓ ભેદીને છેલ્લા શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત મળ્યા છે. આ તો છેલ્લા મુક્ત છે, તે મહારાજના સુખમાં વળગાડે છે. તમે કોઈ ઠેકાણે ધૂણીપાણી કરેલા છે (સેવા કરી હશે) તેથી તમને આ જોગ મળ્યો છે. (૧/૧૨૮)

***

માયાનું કાર્ય એટલે શ્રીજીમહારાજની સત્તાના કાર્ય જે અક્ષર કોટી આદિક (અહીં મૂળમાયા-મૂળપુરુષની નહીં સમજવી) તેમાં લેવાવું નહીં. (૧/૧૨૮)

***

આ મુક્ત તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહીને બોલે છે માટે શ્રીજીમહારાજ બોલે છે એમ જાણજો. (૧/૧૨૮)

***

જેમ બાળકનું પ્રારબ્ધ એના માવતર છે, તેમ તમારું પ્રારબ્ધ શ્રીજીમહારાજ ને મુક્ત છે. (૧/૧૨૮)

***

જ્યાં મોટા મુક્ત રહ્યા હોય તે નૈમિષારણ્ય ક્ષેત્ર કહેવાય. ત્યાં ધ્યાન-ધારણા જે જે કરે તે થોડું કરે તો પણ ખરેખરી શાંતિ થઇ જાય. (૧/૧૨૮)

***

મુક્ત તો તીર્થને પણ પવિત્ર કરે છે. ગંગાનું પાપ સંત ટાળે છે. (૧/૧૨૮)

***

દેહ ભેળા ભળવું નહીં. ને પરભાવનું સુખ લેવું પિંડનું

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

આવરણ આઠ આવરણથી મોટું છે. તે ભેદાણું એટલે બધાય આવરણ ઠેઠ મૂળ અક્ષરકોટી સુધીના ભેદાઈ ગયા જાણવા. મહારાજ ને મોટાનો મહિમા જાણવાથી તે ભેદાય છે. (૧/૧૨૯)

***

બીજા કોઈના સ્વભાવ પ્રકૃતિ ઠીક ન હોય તો અવગુણ લેવો નહીં. પણ જો પંચવર્તમાન માં ફેર હોય તો તેને નાક વિનાનો જાણીને તેનો ત્યાગ કરવો. (૧/૧૨૯)

***

પરચા, ચમત્કારની તથા ઐશ્વર્યની ઈચ્છા ન રાખવી. એ સર્વે સકામ છે. (૧/૧૨૯)

***

સ્વભાવ કરતા પણ સંગદોષ વધારે નડે એવો છે. અને આ લોકનું ડહાપણ તો બ્રહ્મરાક્ષસના વળગાડ જેવું છે. (૧/૧૨૯)

***

જ્યાં સુધી જીવને ભગવાનનો કે મુક્તનો સબંધ ન હોય ત્યાં સુધી જીવ કહેવાય. જ્યારે ભગવાનનો કે મુક્તનો સબંધ થાય ત્યારે સૂક્ષ્મ બ્રહ્મસ્વરૂપ એટલે શ્રીજીમહારાજના તેજરૂપ થયો. (૧/૧૨૯)

***

સ્વામિનારાયણનું સુખ જે લે તેના કામનું છે. બીજાના કામનું નથી. (૧/૧૩૦)

***

ભગવાનના ભક્ત ધામમાં ગયા હોય તેમને સંભારીએ ત્યારે ભગવાન ભજવામાં કામ આવતા એવા ભાવથી સંભારવા પણ વ્યવહારિક કામમાં ઉપયોગી હતા એવા ભાવથી ન સંભારવા. (૧/૧૩૦)

***

ધાટ બંધ કરવાનો ઉપાય કરવો ને સદા બ્રહ્મયજ્ઞ કરવો. (૧/૧૩૦)

***

મહારાજને અને મોટાને રાખવાનો શો ઉપાય હશે? જેને મહારાજને અને મોટાને રાખવા હોય તેણે અંતઃકરણ શુદ્ધ રાખવું. જેવા માંહી તેવા બહાર રહેવું પણ કોઈ પ્રકારનું કપટ કે યુક્તિ રાખવા નહીં. (૧/૧૩૧)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

મોટા રાજી થાય ત્યારે આવરદા પુરી કરાવે કે નહીં? મોટા બહુ રાજી થાય તો આવરદા પડી રહે ને મૂર્તિમાં લઇ જાય. અને કોઈકને રાખવા હોય તો આવરદા ન હોય તો પણ રાખે. મોટાને વિશે જીવ જોડે તો દેહ છતાં જ કૃતાર્થપણું મનાય જાય છે. (૧/૧૩૧)

***

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા!! માટે મુક્ત ઓળખીને તે મુક્ત પાસેથી સુખ ભોગવવાની ત્વરા રાખે તો સુખિયા થઇ જાય. (૧/૧૩૨)

***

સર્વદેશીમાં સુખ છે. માટે એકદેશી થયા હોય તેનો સંગ ન કરવો.  એકદેશીથી સત્સંગમાં ન રેહવાય ને તેની સાથે જીવ જોડે તેણે પણ સત્સંગ બહાર કરે. માટે યુક્તિવાળા માણસો સત્સંગમાં હોય તેમને પણ ઓળખવા! (૧/૧૩૨)

***

કેરી કાચી હોય ત્યારે તૂરી હોય, ને મોટી થાય ત્યારે ખાટી હોય અને પાકી થાય ત્યારે મીઠી થાય પણ કેરી ખરી! તેમ જે જેમાં દોષ હોય તે કાચા છે, તે ધીરે ધીરે ટળશે ત્યારે પાકા થશે એમ સમજવું. (૧/૧૩૨)

***

સત્સંગરૂપી સમુદ્રમાં રહેવું તો મોક્ષરૂપી મોતીની પ્રાપ્તિ થશે. માટે સર્વદેશી થઈને સત્સંગમાં મુક્તને ખોળે તો મળે ને મોક્ષ થાય. (૧/૧૩૨)

***

જેને કારણમૂર્તિનું ધ્યાન હોય તેનાથી સંતની સેવા થાય છે. કેમ જે તેણે તો આ સંતને મહારાજના દીકરા જાણ્યા છે. (૧/૧૩૩)

***

અનાદિમુક્તના ગુણ મુમુક્ષુમાં કેમ આવે? અનાદિમુક્તને વિષે દેવની બુદ્ધિ રાખે ને તેમની અનુવૃત્તિમાં વર્તે અને પંચ વર્તમાન યથાર્થ પાળે તો અનાદિમુક્તના ગુણ એમાં આવે. (૧/૧૩૩)

***

પંચ વર્તમાનમાં ફેર પડવા દેવો નહીં અને જેને ફેર હોય તેના ભેળા રહેવું નહીં ને તેને ભેળો રાખવો નહીં. (૧/૧૩૪)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.



આ જીવ બધા નિયમ લે
છે પણ ધ્યાન કરવાનું
નિયમ કોઇ લેતા નથી

***

કોઈ આચાર્ય ભવિષ્યમાં જે દેવની મિલ્કતના ઘણી થાવા ઈચ્છે તો તેમાં પણ માથા સાટે દેવનો પક્ષ રાખવો. દેવની માલિકી કરાવવાને સારું ધર્માદાનો પૈસો સરકારમાં વાપરવો પડે તો વાપરવો. તેમાં શ્રીજીમહારાજ કચવાય નહીં, ઊલટા રાજી થાય. (૧/૧૩૪)

***

જેમ ગૌમુખીમાંથી ગંગા નીકળે છે તેમ આ અનાદિમુક્તના મુખમાંથી શ્રીજીમહારાજના મહિમાની સુખરૂપ ગંગા નીકળે છે. (૧/૧૩૫)

***

અમારો વેપાર તો જીવ ને કાર્યમાંથી એટલે સત્સંગમાંથી દેહ મુકાવીને કારણ જે મૂર્તિ તેમાં પહોંચાડવા એજ છે. (૧/૧૩૫)

***

સર્વે ક્રિયા શ્રીજીમહારાજને સાથે રાખીને એમની ને મોટા મુક્તની પ્રસન્નતાને અર્થે કરવી પણ વખાણ માટે કે માન માટે ન કરવી. (૧/૧૩૫)

***

કચરો ને કંચન સમ જાણવા ત્યારે સાધુ કહેવાય! (૧/૧૩૫)

***

સ્વભાવ, સિદ્ધિઓ, જડ માયા, ચૈતન્ય માયા, માન, ક્રોધ એ આદિકમાં બંધાય રહે તો મૂર્તિ સુધી પહોંચી શકાય નહીં. (૧/૧૩૫)

***

સ્વભાવ જીત્યા વિના મહાપ્રભુજીના સુખની ઈચ્છા રાખવી તે તો વલખાં છે. (૧/૧૩૬)

***

જ્યારે પંચવિષયરૂપી મૂળને કાપી નાખે ને સર્વે એષણાઓનો ત્યાગ કરે ત્યારે એની મેળે મૂર્તિના સુખમાં રેહવાય. (૧/૧૩૬)

***

આ જીવ બધા નિયમ લે છે પણ ધ્યાન કરવાનું નિયમ કોઇ લેતા નથી. (૧/૧૩૬)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

જાણતા છતાં આજ્ઞામાં ફેર પાડે તેનું તો પ્રયાશ્ચિત કહ્યું નથી. (૧/૧૩૬)

***

જન્મ-મરણરૂપી રોગ ટાળવા સત્સંગમાં આવ્યા છો તો જો આજ્ઞારૂપી કરી(=ચળી, રોગ થાય, ત્યારે આ ન ખવાય વિગેરે) ન પાળે તો જન્મ-મરણરૂપી રોગ ટળે નહીં. (૧/૧૩૬)

***

સંકલ્પ તે શું અને વિકલ્પ તે શું? પદાર્થનો ઘાટ થાય તો સંકલ્પ અને તે સંકલ્પ વારંવાર થાય તે વિકલ્પ. (૧/૧૩૭)

***

દેહે કરીને આજ્ઞા યથાર્થ પાળે તો અંતરના દોષ માત્ર ટાળીને તેને બળિયો કરી દઈએ. (૧/૧૩૭)

***

જ્યારે માનાદિક દોષ ઓળખાણા ને તેની સાથે વૈર બંધાણું તો હવે એ દોષ રહેશે નહીં. મહારાજ ને મોટા સહાય કરીને નાશ કરશે. (૧/૧૩૭)

***

ધર્મામૃત તથા નિષ્કામશુદ્ધિમાં કહેલી આજ્ઞા લોપતા હોય ને “અમે મુક્ત છીએ” એમ કેહતા હોય તે ચોરટા જાણવા. (૧/૧૩૭)

***

“આ છત્રી તથા આ સ્થાનના જે દેવ તથા મનુષ્યો દર્શન કરશે અને ઉપર થઈને પક્ષી ઊડીને જશે સર્વેનો અમે આત્યંતિક મોક્ષ કરીશું અને શ્રીજીમહારાજની મૂર્તિમાં લઇ જઈશું.” એવો વર દીધો. (૧/૧૩૮)

***

મોટા મુક્ત તો જમીને કલ્યાણ કરે ને જમાડીને પણ કલ્યાણ કરે ને દ્રષ્ટિ વડે પણ કલ્યાણ કરે ને સંકલ્પ કરીને પણ કલ્યાણ કરે. મોટા મુક્તના દર્શન જેને થયા ન હોય તે જો તેમને ભાવે કરીને સંભારે તો તેનું પણ કલ્યાણ કરે. (૧/૧૩૮)

***

જ્યાં સુધી મૂર્તિમાં રસબસ થઈને મૂર્તિમાં જોડાયો નથી ત્યાં સુધી બીજે હેત થઇ જાય છે ને ખોટા ઘાટ પણ થઇ જાય છે.

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

માટે બીતા રહેવું જે, “મહારાજ વિના જો ખોટો ઘાટ થશે તો જન્મ ધરવો પડશે.” (૧/૧૩૯)

***

પુરુષોત્તમરૂપ થઈને ધ્યાન કરવાનો આગ્રહ રાખે તો વાસના કુંઠિત થાય. જ્યારે મૂર્તિ આત્માને વિષે દેખે ત્યારે વાસના મૂળમાંથી બળી જાય. (૧/૧૩૯)

***

મૂર્તિનો વેગ લાગીને તે વેગ જીવમાં પેસે તો ત્રણે અવસ્થામાં મૂર્તિ ભુલાય નહીં. (૧/૧૩૯)

***

જો ખરો થઈને ધ્યાન કરવા માંડે તો જ્યાં જ્યાં વૃત્તિ જાય ત્યાં ત્યાં મહારાજની મૂર્તિ ભાસે. (૧/૧૩૯)

***

સંકલ્પ બહુ થાય છે, તેનું શું કરવું? મલિન આહાર ને અશુદ્ધ સંગનો સંસ્કાર બંધાયેલો છે. માટે જો આહાર શુદ્ધ કરે અને મહારાજની અને મોટાની આજ્ઞા પાળનારાનો સંગ કરે તો ભૂંડા સંસ્કારનો નાશ થઇને શુભ સંસ્કાર બંધાય એટલે માયિક ઘાટ થાય નહીં. (૧/૧૩૯)

***

મહારાજની અને મોટાની પ્રાપ્તિ થઇ છે તો પણ માયાના ગુણ કેમ વ્યાપે છે? તે તો મહારાજે અને મોટાએ તેના સમાસને અર્થે રાખ્યા છે જે એને દીનપણું રહે ને મોટાના જોગની ત્વરા રહે ને નિર્માનીપણું રહે એટલે મોટાનો જોગ ને સેવા કરે. (૧/૧૪૦)

***

મહારાજને અને મોટાને સન્મુખ થયા ક્યારે કહેવાય? શ્રીજીમહારાજની આજ્ઞા યથાર્થ પાળે અને મૂર્તિ વિના બીજા સર્વેમાંથી લૂખા થઈને મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખે તો સન્મુખ થયા કહેવાય. (૧/૧૪૧)

***

આ ભગવાન ને આ મુક્તના દર્શન-સ્પર્શાદિકના ફળનું માપ થાય નહીં. એ તો અપાર ને અવિનાશી છે. તેમના દર્શનાદિક કરીને તો આત્યંતિક મોક્ષ થાય છે. (૧/૧૪૧)

***

ઘણા ધામોના મુકતો આ સત્સંગમાં આવ્યા હોય તે કેમ ઓળખાય? જે ધામમાંથી એ આવ્યા હોય, તે ધામોની ને તે


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ધામોના ધામીની મોટપ એમને રહી ગઈ હોય તેથી તેમનું વર્ણન કરે. (૧/૧૪૨)

***

જેમ મંદિર પૂરું થાય પછી મૂર્તિ પધરાવાય છે, તેમ એકાંતિક મંદિરને ઠેકાણે થયો એટલે મૂર્તિને રહેવાનું શુદ્ધ પાત્ર થયો, અને તેમાં મૂર્તિ રહે છે. પણ આત્માને વિષે દેખે નહીં ત્યાં સુધી એકાંતિક કહેવાય, જ્યારે આત્માને વિષે મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે પરમ એકાંતિક અને મૂર્તિમાં રહે તે અનાદિ કહેવાય. (૧/૧૪૫)

***

મુક્ત ને અનંત લોચન છે. તે સર્વત્ર દેખે ને ભોગવે તથા રોમ રોમ પ્રત્યે જોવાપણું ને ગ્રહણ કરવાપણું છે. (૧/૧૪૬)

***

બહારવૃત્તિએ કરીને કાર્ય જોવાય છે અને અંતર્વૃતિ એ કરીને કારણ જોવાય છે. (૧/૧૪૭)

***

અંતઃકરણ શુદ્ધ થાય તો બ્રહ્મરૂપ થવાય ને શ્રીજીમહારાજ સાક્ષાત્કાર બિરાજમાન થાય, જેમ કાચની પૃથ્વીમાં સૂર્ય દેખાય તેમ. (૧/૧૪૮)

***

પવિત્ર થવાનો શો ઉપાય હશે? જ્ઞાન ઇન્દ્રિયોને જ્ઞાનમાર્ગે ચલાવે ને કર્મ ઇન્દ્રિયોને કર્મમાર્ગે ચલાવે એમ સર્વે ઇન્દ્રિયે કરીને ભગવાન સંબંધિત ક્રિયા કરે તો પવિત્ર થઇ જવાય. બીજું આ બ્રહ્મસભામાં ન્હાય તો પવિત્ર થાય કેમ કે આ બ્રહ્મઅગ્નિ છે. (૧/૧૪૯)

***

પતિવ્રતાપણું એટલે શ્રીજીમહારાજ પ્રત્યેની પાકી નિષ્ઠા બીજા કોઈની આસ્થા નહીં. (૧/૧૪૯)

***

શાસ્ત્ર તો (પરોક્ષના) માયિક ગુણવાળા ઋષિઓના કરેલા છે. માટે તેની પ્રતીતિ ન રાખવી, અને શ્રીજીમહારાજના કહેલા શાસ્ત્ર તો દિવ્ય છે. તેમાં પ્રતીતિ રાખવી. (૧/૧૪૯)

***

પૂર્વના ઋષિ કરતા આજના સંત-હરિજનોના વચન અધિક માનવા. (૧/૧૫૦)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

એક તો વિદ્યાએ કરીને મોટાઈ હોય ને એક તો વયે કરીને મોટાઈ હોય, પણ મૂર્તિમાં જોડાય તે મોટપ ખરી. (૧/૧૫૦)

***

એક મૂર્તિ ને મુક્ત બે જ સર્વત્ર દેખાય એ અંતર્વૃતિ કહેવાય અને તે લોચાથી રહિત કહેવાય. (લોચો = ઐશ્વર્યની ઈચ્છા) (૧/૧૫૦)

***

વ્યવહારમાં દેહ ઘસી નાખે તે તો સૂકા લાકડાને પાણી પાય તો સડી જાય તેવું છે. (૧/૧૫૦)

***

સત્સંગની સેવા કરે તેથી પણ શ્રીજીમહારાજની ને અનાદિમુક્તની સેવા મળે તે શ્રેષ્ઠ છે કેમ જે તે મૂર્તિમાં જોડી દે. (૧/૧૫૦)

***

અક્ષરધામથી ઓરા અક્ષરાદિક સર્વે રોકનારા છે. માટે શ્રીજીમહારાજને અને મોટા મુક્તને રખવાળ રાખવા પણ લૂંટણીયાને ભેગા ન રાખવા. તે લૂંટણીયા ઘણા છે, પંડિત થઈને લૂંટે, શિષ્ય થઈને લૂંટે, બુદ્ધિવાળો થઈને લૂંટે, અને છેલ્લીવારે શ્રીજીમહારાજની પ્રસાદી પણ લૂંટે. માટે બીજી ઈચ્છાઓ મૂકીને એક મૂર્તિ જ રાખવી. (કારણકે પ્રસાદીની લાલચે અન્યાયનો પક્ષ લેવાઈ જવાય)(૧/૧૫૦)

***

એક એક સંતમાં અનેક મુનિના વૃંદ રહ્યા છે. કેમ જે શ્રીજીમહારાજ સહીત અનંત મુક્ત અકેકા સંતમાં ઓતપ્રોત રહ્યા છે. માટે એકમાં અનેક રહે એવા થાવું. (૧/૧૫૧)

***

પોતાના આત્માને વિષે અનંત મુક્ત ને મહારાજ રહ્યા છે એમ સમજીને સ્ત્રી, પુત્ર, ધનાદિક માયિક પદાર્થની ઈચ્છા ન રાખવી ને એકલા છીએ એમ ન જાણવું. “શ્રીજીમહારાજ તથા અનંત મુક્ત મારા આત્માને વિષે વિરાજમાન છે”, એમ જાણીને સદા આનંદમાં રહેવું. (૧/૧૫૧)

***

સારો વ્યવહાર હરિભક્તોએ દુઃખદાયી જાણવો. પ્રવૃત્તિ તો ભગવાન ભુલાવે એવી છે માટે તેને ટાળીને ભગવાન ભજવા. એમ કરીને બોટાદવાળા શિવલાલભાઈનો દાખલો આપ્યો. (૧/૧૫૧)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

પ્રસાદીનું વસ્ત્ર હોય તેને વળ દઈને ગળે બાંધે તો નુકસાન કરે ને પ્રસાદીનો પથ્થર હોય તો પણ વાગે. અને તે મહિમા એ સહિત દર્શન કરે તો દિવ્ય કરે. માટે દિવ્યભાવ લાવવો. (૧/૧૫૧)

***

જેમ ઝાડેથી ફળ તૂટ્યું તે પાછું ઝાડે વળગે નહીં, તેમ શ્રીજીમહારાજ કે મોટા દેહ મુકાવે તો ફેર બોજો દેહ ન ધરવો પડે. (૧/૧૫૧)

***

બે દેશ છે તે સર્વે એક મંડળ રાખવું પણ જુદાઈ ન રાખવી મહારાજને રાખવાથી એક મંડળ રહે ને છેટે મૂકે તો મંડળ જુદા થઇ જાય. માટે મહારાજને સાથે રાખવા. (૧/૧૫૧)

***

આપણા ધામોમાં જે જે મૂર્તિઓ પધરાવી છે તે શ્રીજીમહારાજ છે એમ જાણીને દર્શન કરવા કેમ જે શ્રીજીમહારાજ સંકલ્પે કરીને એવે એવે રૂપે દેખાય છે પણ પરોક્ષ અવતારો આપણા મંદિરમાં નથી. (૧/૧૫૨)

***

પોતાના ઇષ્ટદેવના જય સ્વામિનારાયણ કહેવા પણ કોઈની મોહબ્બતમાં લેવાઇને પરોક્ષના નારાયણ કહેવા નહીં. (૧/૧૫૨)

***

મોટાના જોગની વાત બહુ જબરી છે, એવો જોગ મૂકીને કોઈ પોતાની મેળે સાધન કરે તો મૂર્તિની એકતા ન થાય. જોગ પણ અંતર્વૃતિએ કરવો પણ ઉપરથી ન કરવો. (૧/૧૫૨)

***

પહેલું જ્ઞાન, પછી મહિમા એ બેય જોઈએ, પછી સાધન જોઈએ, એકલા વૈરાગ્યાદિક સાધને કરીને સુખિયા ને નિર્વાસનિક થવાય નહીં. (૧/૧૫૨)

***

સંત છે તે શ્રીજીનું પાકું ગોત્ર છે. (૧/૧૫૩)

***

પારકી અને પોતાની સ્ત્રી તે પણ તલવારની પેઠે નાશ કરે એવી છે. માટે ગૃહસ્થાશ્રમમાં રહીને પણ નિર્વાસનિક રહેવું. (૧/૧૫૩)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

આજ્ઞારૂપી લીટો લોપે તેનો રૂડું ન થાય. આજ્ઞાએ આત્મસત્તારૂપનું કામ કરે છે. (૧/૧૫૩)

***

જે આંધળો હોય તે શ્રીજીમહારાજને ને મુક્તને જતા રહ્યા એમ જાણે, પણ શ્રીજી ને મુક્ત તો આ સભામાં બેઠા એવો વિશ્વાસ રાખવો. (૧/૧૫૬)

***

મૂર્તિનું મંથન કરવું પણ માયારૂપી સમુદ્રનું મંથન કરવું નહીં. (૧/૧૫૬)

***

આ સત્સંગમાં મોટા કહેવાતા હોય ને વાતો કરતા હોય પણ પાછી વૃત્તિ ન રાખે તો ખોટ રહી જાય. પાકશાળા હાથ હોય પણ પોતે જમ્યા વિના રહી જાય એવું થાય. માટે જમવું અને જમાડવું!! (૧/૧૫૬)

***

પ્રસાદીએ કરીને તો શ્રીજીમહારાજની સ્મૃતિ રહે એટલું જ કામ કરે એ તો સ્થાવર તીર્થ જેવું છે. એના દર્શન તો લખો ફેરા કરીએ પણ સમજવાનું એ છે કે મૂર્તિ વિના એ કાંઈ કામ આવે નહીં. ગૃહસ્થે માયિક પદાર્થમાં અને ત્યાગીએ પ્રસાદીના પદાર્થમાં ન રહેવું. (૧/૧૫૬)

***

પક્ષ, નિયમ ને નિશ્ચય એ ત્રણે સરખા છે. પક્ષ રાખતા થકા મરણ થાય એવો પક્ષ રાખે તો નિયમ ને નિશ્ચયથી પણ પક્ષ વધી જાય એવો છે. (૧/૧૫૭)

***

શબને શણગારવું નહીં. એટલે વર્તમાનમાં ફેર હોય તો મા, બાપ, દીકરા, દીકરી તે કોઈનો પક્ષ રાખવો નહીં. (૧/૧૫૭)

***

જેમ વૃક્ષની છાયામાં તાપ ટળી જાય તેમ મૂર્તિને જોગે માયા નાશ પામીને શીતળ ને શાંત એવું મૂર્તિનું સુખ મળે છે. (૧/૧૫૭)

***

વ્યવહારિક બુદ્ધિ મોક્ષના ઉપયોગમાં આવતી નથી. (૧/૧૫૮)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

અટાટોપ એટલે શું? તો ઉપરથી સ્વામિનારાયણનો વેષ રાખે તે! (૧/૧૫૯)

***

શુદ્ધ સત્વગુણમાં રહેવું ને સર્વે ક્રિયા શુદ્ધ સત્વમાં રહીને કરવી. તે શુદ્ધ સત્વ એટલે શું? તો આત્માને વિષે મૂર્તિ પધરાવવી ને સદા સાથે રાખીને કથા, વાર્તા આદિ ક્રિયા કરવી પરંતુ મૂર્તિને ભૂલીને કોઈ ક્રિયા કરવી નહીં તે શુદ્ધ સત્વ કહેવાય. (૧/૧૫૯)

***

ઉદ્ભિજ્જ, જરાયુજ, સ્વેદજ અને અંડજ એ ચાર ખાણમાં એ જીવને ફરવું પડે છે તે ફરવાનું મટી જાય તેથી બ્રહ્માંડના જીવને ઉગાર્યા જેટલું ફળ એક જીવને ઉગારવાથી થાય છે. (૧/૧૫૯)

***

વ્યવહારિક કામમાં સાધુ અમંગળિક છે માટે જેટલો વ્યવહારિક કામમાં ભાગ રાખે તેટલું દુઃખ આવે. (૧/૧૬૦)

***

જેમ સમુદ્રમાં વરસાદ પડવાથી સાચા મોતી પાકે તેમ સત્સંગમાં સેવા કરે તો સાચા મોતીરૂપી આત્યંતિક મોક્ષ થાય માટે સેવા કરવી તે સત્સંગમાં જ કરવી ને તે દિવ્ય જાણીને કરવી. (૧/૧૬૦)

***

જેમ સાચી મા મળે તો બાપને ઓળખાવે, તેમ સાચા મુક્ત મળે તો શ્રીજીને ઓળખાવે. બીજા તો ક્યાંય ફગાવે. માટે સાચા મુક્ત ઓળખીને તેમનો જોગ કરવો. (૧/૧૬૧)

***

માયિક અક્ષર બત્રીસ છે, તેમાં કેટલું બોલાય છે ને વંચાય છે, તે માયિકમાં એટલું અપારપણું છે તો આ સભા ને મહારાજમાં શું ન હોય? એ તો અપાર છે. (૧/૧૬૧)

***

જીવાત્માને વિષે સાક્ષાત્કાર થાય તે અનુભવ કહેવાય. (૧/૧૬૧)

***

ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તો જીવ નાશ પામે. જેને ગુણ લેવાનો અભ્યાસ હોય તેને સર્વેના ગુણ આવે ને સર્વે દિવ્ય જણાય. તેથી બધાયના દર્શન વિવેકે

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સહિત કરે. માટે અવગુણના માર્ગે તો ચાલવું જ નહીં. કલ્યાણને ઈચ્છે તેને આ વાત અવશ્ય સમજવાની છે. (૧/૧૬૨)

***

દેહ મૂકીને ધામમાં અથવા મૂર્તિમાં ગયા કેડે જે સ્થાને/સ્થળે સાધન કર્યું હોય તે સાંભરતું હશે કે નહીં? ધામમાં અથવા મૂર્તિમાં ગયા કેડે "હું અનાદિનો અહીં જ છું." એમ જણાય છે પણ બીજું કાંઈ સાંભરતું નથી. (૧/૧૬૨)

***

મહારાજ તેડવા આવે ત્યારે અહીં રહેવાનો સંકલ્પ ન કરવો. (૧/૧૬૨)

***

માટે સત્સંગ થયા પછી ચઢતો ને ચઢતો રંગ રાખવો, ત્યાગીએ ગોપાળનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામી જેવા થાવું ને ગૃહસ્થોએ પર્વતભાઈ આદિ જેવા થાવું. (૧/૧૬૩)

***

ત્રણ દેહના ભાવ ટાળીને ખરા સાધુ થાવું, જે શબ્દની કિંમત કરે તે દુઃખિયો (=માન, અપમાન) ને ન કરે તે સુખિયો. (૧/૧૬૩)

***

જો નબળા ઘાટ થાય તો પ્રાયશ્ચિત કરી નાખવું પણ તેને સંભારવા નહીં, સંભારવાથી તે દોષની મૂર્તિ બંધાય જાય છે માટે વિસારી દેવા. (૧/૧૬૪)

***

કોઈ સાધુ-હરિભક્તમાં અભાવ ન આવે અને મહારાજ વિના બીજો ઘાટ ન થવા દેવો તે જણરૂપી દરવાજો જાણવો. (૧/૧૬૪)

***

કામ, ક્રોધ, માનરૂપી હાડકા ન ચાવવા. (૧/૧૬૪)

માનાદિક દોષરૂપી કિલ્લો છે તેને શ્રીજીમહારાજના વચનરૂપી તોપના ગોળા ખુબ મારીએ તો એ દોષરૂપી કિલ્લા તૂટી પડે. (૧/૧૬૪)

***

ભગવાનમાં હેત હોય તો પણ જ્ઞાન ન હોય તો ભગવાન


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

વિના બીજો ઘાટ થાય માટે હેત અને જ્ઞાન બેય જુદા છે. પણ જ્યારે અનુભવજ્ઞાન થાય ત્યારે એ જ્ઞાનમાં ધર્મ, ભક્તિ, આદિ સર્વે આવી જાય તેથી અનુભવજ્ઞાન સદા રહે છે. (૧/૧૬૪)

***

સત્સંગમાં કોઈ ને વિષે દેહસ્વભાવ દેખાય તો પણ એને ધન્ય છે કેમ જે એવા જોગમાં રહીને ભગવાન ભજે છે એમ જાણવું પણ અવગુણ લેવો નહીં. પણ પંચ વર્તમાનમાં ફેર પડે તો તેનો અવગુણ આવે ખરો કેમ જે વર્તમાનમાં ફેર પાડે તે નાસ્તિક છે. (૧/૧૬૪)

***

પરોક્ષ જગન્નાથમાં જઈને કેટલાક રાંધેલા ભાતની પ્રસાદી ખાઈ આવે છે તે આપણાથી ન ખવાય, ખાઈએ તો વટલાઈ ભ્રષ્ટ થવાય. આપણે તો આ સંતની પ્રસાદી તે જગન્નાથ જાણવું, બ્રહ્મસભાનો ગુણ લેવો તે ગુણરૂપી પ્રસાદી અને તેમાંથી જ્ઞાન લેવું તે ત્રીજી પ્રસાદી માનવી. (૧/૧૬૪)

***

માનવાળાને આ અગ્નિમાં કરોડો વાર નહાવું પડે અને આસુરી જીવ બ્રહ્મને વિષે અનંતવાર લીન થાય તે બ્રહ્મરૂપ એવા સત્સંગીના ગર્ભમાં આવે, આવી રીતે અનંતવાર જન્મે ને આ બ્રહ્મસભામાં આવીને જોગ કરે ને અવગુણ ન લે તો દૈવી થાય. (૧/૧૬૪)

***

જેતલપુર માં છત્રી કરીને ચરણારવિંદ પધરાવતી વખતે બાપાશ્રીએ આશીર્વાદ આપ્યા કે આ છત્રીએ જે દર્શન કરશે તે સર્વેને અમે અક્ષરધામ લઇ જઈશું અને ઉપરથી ઊડીને પક્ષી જશે તેનો પણ મોક્ષ થશે! (૧/૧૬૫)

***

આ જીવને પાંચ ભૂત વળગ્યા છે, તેનો વિશ્વાસ ન રાખવો. (૧/૧૬૬)

***

અમદાવાદ, ભુજ, વડતાલ આદિના સાધુ-સત્સંગી જે પંચ વર્તમાને યુક્ત હોય તે સર્વે એક મંડળ છે તેને જુદા જાણે તો ધામમાં ન જવાય. માટે સત્સંગ સર્વે એક જાણવો પણ જુદો જાણવો નહીં. સર્વેના ધણી એક શ્રીજીમહારાજ છે. (૧/૧૬૧)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

શ્રીજીમહારાજની મૂર્તિ અંતર્વૃતિએ ધારવી, તે ધારતા ધારતા તેજમાં મૂર્તિ દેખાય ત્યારે જે કરવાનું છે તે કર્યું કહેવાય. સત્સંગીને કથા-વાર્તા તે તો ચારો છે, પણ અખંડ મૂર્તિમાં રહેવું તે જ કરવાનું છે. એ તો નક્કી કરવું જોઈશે. (૧/૧૬૭)

***

જેમ છોકરો કુપાત્ર હોય તેને પોતાનો બાપ કહી કહીને થાકી જાય, પણ કહ્યું કરે નહીં તેમ કહી કહીને થાકી ગયા તો પણ ધ્યાન કરતા નથી. (૧/૧૬૭)

***

આ જોગમાં રહીને ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ નહીં કરે તો મહારાજના ને મોટાના ગુનેગાર થાશે. જો ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય ને સાક્ષાત્કાર થઇ જાય. (૧/૧૬૭)

***

જેમ ઝોળી માગીને જમવા કરતા પોતે રળીને જમવું તે ઠીક, તેમ પોતે કાંઈક દાખડો કરીને સિદ્ધ કર્યું હોય તો દાખડો જોઈને મોટા બહુ રાજી થાય. (૧/૧૬૭)

***

આ કરો, આ કરો, બીજું સર્વે પડયું મૂકો. પગલાં-પદાર્થ કાંઈ કામના નથી. મૂર્તિ રાખો તો બધું આવ્યું. (૧/૧૬૭)

***

મૂઢપણું ક્યારે કહેવાય? તો જ્યારે પોતાના વ્યવહારની ખબર રહે નહીં ત્યારે મૂઢપણું ખરું કહેવાય. તેને ઉગમણા-આથમણાની પણ ખબર ન રહે. તેથી તો પ્રીતિનું અંગ કરવું તે સુગમ છે. (૧/૧૬૮)

***

જ્યારે અમે અદ્રશ્ય થઈશું ત્યારે પછી આ સ્થાનમાં દર્શન કરશે તેને આ સભા સાંભરી આવશે, ને ઘાટ સંકલ્પ ટળી જશે, ને ધ્યાન કરશે તેને મૂર્તિનું સુખ આવશે, ને કામ, ક્રોધ, માન આદિ સર્વે અદ્રશ્ય થઇ જશે. અને જ્યાં જુએ ત્યાં મૂર્તિ દેખાશે .એવો આ સ્થાનનો મહિમા છે. (૧/૧૬૮)

***

શ્રીજીમહારાજનો રાજીપો જે પંચવિષયનો અભાવ કરે ને પુરુષ પ્રયત્ન કરે તે ઉપર જ થાય છે. અને પછી કૃપા કરે છે. (૧/૧૬૮)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

મોટાનો જોગ કરીને જો આજ્ઞા ન પાળે ને માયાના કાર્યમાં લેવાય તે મોટાને ખતરાવ્યા કહેવાય. (૧/૧૬૮)

***

માયા સન્મુખ તો થાવું જ નહીં. તેને તો પૂંઠ જ દેવી. પણ તેના સામું જોવું નહીં. (૧/૧૬૮)

***

જો આંકડાનું ફળ ને આંબાનું ફળ તે સરખા નથી, તમે મહાપ્રભુજી અને બીજા અક્ષરાદિક તે સરખા નથી. (૧/૧૬૯)

***

પ્રકૃતિ પર્યન્ત સર્વે ખોટું છે તેને ખોટું કરે તે પણ વૈરાગ્ય છે અને પ્રકૃતિ પર અક્ષર પર્યન્ત જે સાચું છે તેને પણ ખોટું કરવું તે વૈરાગ્ય કહેવાય. (૧/૧૭૦)

***

જ્ઞાન પણ ઘણા પ્રકારના છે પણ અનુભવજ્ઞાન ખરું. મૂર્તિમાં રસબસ રહેવું તે અનુભવજ્ઞાન કહેવાય. (૧/૧૭૦)

***

મૂર્તિમાં રહે તેને મારુ નહીં, તારું નહીં, સાધુ નહીં, ગૃહસ્થ નહીં અને કાંઈ જોઈએ જ નહીં. ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક કોઈ સાધનની ખખાં રહે નહીં. બીજી કાંઈ સ્મૃતિ જ નહીં કોઈ પ્રકારનો ઠરાવ જ નહીં એક મૂર્તિ જ રહે. (૧/૧૭૦)

***

માયા તો દેહને રાજી કરાવે છે પણ કાંઈ જીવને રાજી કરાવતી નથી. (૧/૧૭૦)

***

જેમ સમુદ્રમાં વેળ લાવે ને ખેંચી જાય તેમ મૂર્તિમાંથી અનુભવજ્ઞાન આવીને મૂર્તિમાં ખેંચી જાય. (૧/૧૭૧)

***

આજ ધણીએ મોટા મળ્યા ને પ્રાપ્તીએ મોટી મળી. માટે હવે તો કરવા માંડવું. જો ન કરે તો કૃતઘ્ની કહેવાય. આ દેહે કરીને શું ન થાય? (૧/૧૭૧)

***

જે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તે તે આત્મસત્તારૂપ વર્તે છે. આજ્ઞા છે તે આત્મસત્તાનું કામ કરે છે. એટલે આજ્ઞા

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

પાળનારો આત્મસત્તારૂપ એટલે મહારાજના તેજરૂપ થાય છે. ત્યારે તો પાત્ર થયો પછી મોટા મુક્ત એમાં મૂર્તિ ધરાવી દે છે. (૧/૧૭૨)

***

શ્રીજીમહારાજે કહ્યું છે કે જે સત્સંગમાં રાહુ-કેતુ જેવા પડયા છે, તેમનો સંગ ન કરવો. (૧/૧૭૨)

***

સર્વેને અંતર્યામી કરીશું? તે શું સમજવું? (અ-૭) મહારાજની મૂર્તિને વિષે અનંત મુક્ત રહ્યા છે અને સુખ લે છે તે એક બીજા જાણે છે જે આ મુક્ત આટલું સુખ લે છે અને આ મુક્ત આટલું સુખ લે છે, એમ જાણવું એ અન્તર્યામીપણું માનવું. (૧/૧૭૩)

***

બ્રહ્માંડની ઉત્તપ્ત્યાદિક કરે એવા સમર્થ કરીશું તે શું સમજવું?(અ-૭) આ લોકમાંથી જીવને વર્તમાન નિયમ પળાવીને માયાથી પર કરીને ધામમાં કે મૂર્તિમાં લઇ જવા એ ઉત્તપ્ત્યાદિક જાણવી. (૧/૧૭૩)

***

જેતલપુરમાં સંતદાસજીએ સર્વે સંતોને કહ્યું હતું જે, “જે છે તે અહીં જ છે ને બધા અહીંનું ભજન કરે છે!” (૧/૧૭૩)

***

ત્યારે મૂર્તિ સામે હાથ કરીને બોલ્યા જે, “આ સ્વામિનારાયણ ઉભા, જેને લેવા હોય તે લ્યો!” (૧/૧૭૩)

***

સ્વામીએ પૂછ્યું કે જે આવો જોગ મળ્યો તો પણ જીવને આળસ ને પ્રમાદ કેમ રહેતા હશે? પ્રથમ તો નિશ્ચયમાં કસર, બીજી મહિમામાં કસર અને ત્રીજી શ્રદ્ધા ઓછી છે માટે આળસ અને પ્રમાદ રહે છે. (૧/૧૭૪)

***

અલીખાં પઠાણે છ મહિના જેતલપુરમાં શ્રીજીમહારાજની વાતો સાંભળીને બધી કહી સંભળાવી અને સંતોથી કેહવાણી નહીં. માટે એવા શ્રોતા થવું. (૧/૧૭૪)

***

અનાદિમુક્ત થકી જ્ઞાન પામ્યો તે જ્ઞાન દિવ્ય છે. માટે તે મૂર્તિને દેખે નહીં તો પણ તે પુરુષોત્તમરૂપ થયો છે, કેમ જે અહીં મનુષ્યરૂપે શ્રીજીમહારાજ કે અનાદિમુક્ત વિરાજતા હોય


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

તેમને વિષે દિવ્ય બુદ્ધિ થઇ ગઈ છે. માટે તે પુરુષોત્તમરૂપ થઇ ગયો છે. પણ જો આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ ન થાય તો. (૧/૧૭૪)

***

અક્ષરધામમાં જ્યારે જઈશું ત્યારે દેખીશુ એ અજ્ઞાન છે અને એટલી નિષ્ઠામાં કસર છે. (૧/૧૭૪)

***

શ્રીજીમહારાજને આત્માને વિષે પધરાવવા એટલે બધા દેવતા ઠેઠ અક્ષરધામ સુધીના ઊઠી ગયા ને એક મહારાજ દેવતા થયા. અને બધું કર્તાપણું મહારાજ દ્વારા જીવને રહ્યું તે વ્યતિરેકપણે રહ્યું પણ અન્વયપણે નહીં. (૧/૧૭૪)

***

એમ ન જાણવું કે અમે હતા અને હવે નથી. જો આજ્ઞા પાળો તો સદા સાથે જ છીએ. (૧/૧૭૪)

***

દુષ્ટ વાસના કઈ જાણવી? શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજી ઈચ્છા રહે તે દુષ્ટ વાસના જાણવી. (૧/૧૭૫)

***

ભગવાનના ભક્તે ત્રિવિધ તાપમાં અંતર ડોલવા દેવું નહીં. તે કિયા? તો અધ્યાત્મ(દેહનું દુઃખ), અભિભૂત(સરકાર તરફનું દુઃખ) ને અધિદૈવ(દુકાળ પડે, અતિવૃષ્ટિ વગેરે) (૧/૧૭૬)

***

સાધુ થયા કે સત્સંગી થયા એટલે થઇ ગયું એમ માનીને બેસી રહેવું નહીં ને હિલોળે ચઢી જવું નહીં પણ મૂર્તિ મુકવી નહીં. મહારાજની માનસી પૂજા દિવસમાં પાંચ વાર કરવી, તે અડધો કલાક કે કલાક કરવી. એમ કહીને રામપુરના સુખરામ ભક્તની માનસી પૂજાની વાત કરી. (૧/૧૭૮)

***

મોટાનો જોગ કરીએ ને દેહાભિમાન રહી જાય તો જોગ કર્યો તે ન કર્યા જેવો છે. (૧/૧૭૯)

***

જીવ પાત્ર થાય તો પછી કૃપા થાય, માટે પાત્ર તો સર્વેને થાવું પડશે. પછી કૃપા થશે. (૧/૧૭૯)

***

જો તમે આજ્ઞા પાળશો તો તમારા ભેળા સદાય રહીને

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

તમારી રક્ષા કરીશું ને અમારા ભેળા રાખીશું અને નહીં વર્તો તો તમારે અને અમારે લેવા દેવા નથી. (૧/૧૭૯)

***

માંદાને તો અવશ્ય સંતના દર્શન કરાવવા જોઈએ. (૧/૧૮૦)

***

શ્રીજીમહારાજે બદ્રિકાશ્રમમાં ને શ્વેતદ્વીપમાં જાવું પડશે એમ કહ્યું છે તે બધું અહીં છે. તે જે તપ કરાવે તે બદ્રિકાશ્રમ જાણવું ને જે અંતર્વૃતિ કરાવીને ધ્યાન કરાવે તે શ્વેતદ્વીપ જાણવું. મહારાજ સામે અક્ષરનો મહિમા કહે તે અક્ષરકોટી, અને મૂર્તિ સન્મુખ રહેવાની વાત કરે તે પરમ એકાંતિક અને મૂર્તિમાં રહેવાનું કહે ને મૂર્તિમાં રાખે તે અનાદિમુક્ત જાણવા. આ બધી સભાઓ આ સત્સંગમાં છે. માટે બધા ધામ સત્સંગમાં જાણવા. (૧/૧૮૨)

***

જો ચૌદ લોકથી લૂખા થવાય તો મૂર્તિનું સુખ મળે. (૧/૧૮૨)

***

ચૌદ લોક એટલે શું સમજવું? દસ ઇન્દ્રિયો અને ચાર અંતઃકરણ એટલે ચૌદ લોક સમજવા. આ ચૌદ લોકમાંથી વાસના ટાળવી તો આગળ કાંઈ આડું આવે નહીં. (૧/૧૮૩)

***

જેમ ગરુડની ગતિ ગોલોકથી આગળ ન ચાલી, તેમ સાધનની ગતિ ગોલોકથી આગળ નથી. ગોલોકથી આગળ કૃપાએ ચલાય છે. (૧/૧૮૩)

***

આ ચૌદ ઇન્દ્રિયરૂપી ચૌદ લોકમાંથી જુદા થાવું તે તમારે કરવાનું છે અને પછી કલ્યાણ અમારે કરવાનું છે. (૧/૧૮૫)

***

સાધને કરીને કલ્યાણ લેવું તે દહાડી કર્યા જેવું છે (મજૂરી કરવા) ને આશરે આવીને દેહ, મન ને જીવ તે સોંપી દે તો કલ્યાણ થાય. તેમાં કાંઈ વાર લાગે નહીં. (૧/૧૮૫)

***

બાપાશ્રી બોલ્યા જે, આ કાળી તળાવડી ઉપર છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યા તે અમારું જન્મસ્થાન કર્યું છે. (૧/૧૮૫)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

કેટલાક સત્સંગીઓ વ્યવહારમાં ને સત્સંગમાં બહુ મોટા હોય ને શ્રીજીમહારાજે દ્રવ્ય પણ ઘણું આપ્યું હોય તો પણ એ મોટપ સત્સંગમાં ને પરોક્ષમાં બેય ઠેકાણે લોકલાજે વાપરે છે તેમ આપણે ન કરવું શ્રીજીમહારાજના આશ્રિતને તો આ સત્સંગમાં જ વાપરવું. (૧/૧૮૬)

***

જોગ વિનાનાને અંત સમયે સુખની પ્રાપ્તિ થાય જ્યારે જોગવાળા ને છતી દેહે સુખની પ્રાપ્તિ થાય. (૧/૧૮૯)

***

સુખ મોટા થવા જાય તેને મળતું નથી. માટે દાસપણું રાખવું. (૧/૧૮૯)

***

ઔષધ એનું એ હોય, પણ એથી એકને મટે ને એકને ન મટે તેનું કારણ એ જે એમાં મહારાજ ન ભળે તો ન મટે. (૧/૧૯૨)

***

મહારાજને તથા અનાદિને તથા પરમ એકાંતિકને જેવા છે તેવા જાણીને પછી કોઈકના કહેવાથી મોટપ ટળી જાય તો તે પણ મોટો દ્રોહી કહેવાય. (૧/૧૯૨)

***

મહારાજની મૂર્તિમાં અનાદિમુક્ત રહે છે તે એક થઇ જતા નથી, જુદા રહે છે ને દાસપણે રહે છે. જેની દ્રષ્ટિ એટલે પહોંચી તેને એમ જણાય જે ભગવાન થઇ જવાય, પણ ભગવાન શી રીતે થઇ જવાય? કેમ જે ધણી પાસેથી સુખ લે છે તે ધણીને કેમ ભૂલી જવાય? માટે સ્વામીસેવકપણું તો રહે જ છે! (૧/૧૯૨)

***

જ્યારે ભગવાન પ્રગટ થાય ત્યારે તે દિવસે ઉપવાસ કરાય છે અને દેહોચ્છવ કરે તે દિવસે ઉપવાસ નથી કરતા તેનું શું કારણ હશે? જ્યારે ભગવાન પ્રગટ થાય ત્યારે આનંદમાં ને આનંદમાં ભૂખની ખબર રહેતી નથી માટે ઉપવાસ કરાય છે. પણ પછી ખબર પડે છે કે ભગવાન તો છે, છે ને છે જ. એ તો સદાય છે જ અને અદ્રશ્ય થતા જ નથી એમ સમજીને ભૂખ્યું રેહવાની જરૂર નથી. (૧/૧૯૩)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.



સુખ મોટા થવા જાય

તેને મળતું નથી. માટે

દાસપણું રાખવું

જેમ દિવસમાં રાત્રી લીન થાય છે તેમ માયાને તેજમાં લીન કરીને મૂર્તિ જોવી, જો આગ્રહ કરે તો દેખાય. (૧/૧૯૩)

***

અમે તો કર્તા થકા અકર્તા છીએ, જેવા છે એવા ઓળખો તો દરિયામાં દોટ દેવાનું કહીએ તો પણ દો તથા તડકે રાખીએ, ભૂખે મારીએ તો પણ તમે કરો. રાત કહીએ તો રાત કહો ને દિવસ કહીએ તો દિવસ કહો એવા થઇ જાઓ જો પૂરો મહિમા જાણો તો. (૧/૧૯૩)

***

જે સત્સંગમાં જે જે અંગ દ્રઢ કરવાના કહ્યા છે તે સર્વે અંગ સંપૂર્ણ થઇ જાય ત્યારે આવા મોટા ઓળખાય. (૧/૧૯૩)

***

આજ્ઞા પ્રમાણે વ્યવહાર કરે તો યોગ્ય કર્મ જાણવું અને તેમાં આજ્ઞા વિરુદ્ધ સંકલ્પ થઇ જાય તે અયોગ્ય કર્મ જાણવું. (૧/૧૯૩)

***

અયોગ્ય કર્મ પછી જો પ્રાયશ્ચિત તુરત આવીને મોટા પુરુષને નિવેદન કરે તો અર્ધું કરવું પડે ને પૂછતાં વાર લગાડે તો પૂરું કરવું પડે ને કોઈક કરાવે ને કરે તો બમણું કરવું પડે. (૧/૧૯૩)

***

વ્યતિરેક મૂર્તિના અવતાર જે મુક્ત તે તો આત્યંતિક કલ્યાણ કરે છે માટે તે અવતાર જાણવા. (૧/૧૯૩)

***

આવા મોટા ને મહારાજ મળ્યા છે, તેમનો મહિમા જણાય ને તેમની સાથે મન જોડે તો છતી દેહે મોક્ષ થઇ જાય. જેના ભેળા બેઠા છે તેના ભેળા જ રહેવું છે, માટે જ્યારે આવા મળ્યા ત્યારે જાણવું જે પૂરું જ થઇ રહ્યું છે ને કડેડાટ કરતા ધામમાં જાશું. ફિકર રાખવી નહીં. (૧/૧૯૩)

***

જો આસક્તિપૂર્વક ઘાટ થતા હોય તો શ્રીજીમહારાજ તે લોકમાં મૂકે પણ ઘાટ થાય ત્યારે દાઝ થાય તો એ લોકમાં મૂકતા નથી. તેને તો સત્સંગમાં જન્મ ધરાવે ને જોગ સારો આપે ને પછી નિર્વાસનિક થઈને ધામમાં જાય. (૧/૧૯૪)

***

“મારી મરજી વિના રે કોઈ થી તરણું નવ તોડાય” એ કેમ


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સમજવું? તો જગતની ઉત્તપ્ત્યાદિકના કર્તા જે મૂળપુરુષો, વાસુદેવબ્રહ્મો તથા અક્ષરો માટે છે.એ સર્વે શ્રીજીમહારાજની મરજી પ્રમાણે જ ઉત્તપ્ત્યાદિક ક્રિયા કરે છે. પણ કર્માધીન જીવ ક્રિયા પોતપોતાના કર્મ અને સ્વભાવ પ્રકૃતિ પ્રમાણે કરે છે. તેમને માથે શાસ્ત્ર અને સત્પુરુષની આજ્ઞા છે. જો તે પ્રમાણે ન વર્તે તો દુઃખ ભોગવે. (૧/૧૯૪)

***

પ્રગટ ઉપર જ નિષ્ઠા થાય ને તેમના મુક્ત ઉપર જ નિષ્ઠા રહે પણ બીજા પરોક્ષનો ભાર એક લેશમાત્ર ન આવે એવો નિશ્ચય હોય તે નિશ્ચય જાણવો. (૧/૧૯૬)

***

ઘાટ સંકલ્પ કેમ ટાળવા? મોટા અનાદિમુક્તનો પ્રસંગ રાખે તેમને અંતર્યામી જાણીને સદા સમીપે રાખે તો ઘાટ-સંકલ્પ ટાળી નાખે. માટે મોટાને સદા સર્વત્ર ને અંતર્યામી જાણવા. (૧/૧૯૯)

***

જીવ એવા છે જે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, અક્ષર ને એ સર્વેને અનાદિ કહે પણ જે અનાદિમુક્ત હોય તેમને અનાદિ કહીએ તો ન કેહવા દે. એમ કહીને નિર્ગુણાનંદજી બ્રહ્મચારી ની વાત કરી. (૧/૧૯૯)

***

આ દેહે કરીને મૂર્તિના સુખના ભોક્તા થવું ને મૂર્તિમાં જોડાવું. (૧/૧૯૯)

***

કીડી જેવા જીવ હતા તે મુક્તના જોગ થી ભગવાનને ઓળખીને મહાસુખિયા થઇ ગયા ને મોટા મોટા પશુ જેવા બહારવૃત્તિવાળા જીવને ન ઓળખાયા અને દુખીયા રહ્યા. (૧/૧૯૯)

***

સંતને વિષે એટલે મુક્તને વિષે આત્મબુદ્ધિ થાય તો જેમ કહે તેમ કરે ને દેહાભિમાન આડું આવે નહીં. જો દેહાભિમાન ટળી જાય તો મહારાજને વિષે ને અનાદિમુક્તને વિષે આત્મબુદ્ધિ થાય. (૧/૨૦૦)

***

ઉપાસના સમજવી તથા મૂર્તિમાં જોડાય જવું તથા મોટાનો મહિમા સમજવો તે કાંઈ રમત વાત નથી. (૧/૨૦૦)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

જેમ માયિક જ્ઞાને કરીને આ લોકનું બધુંય ઓળખાય છે, કાંઈ બાકી રહેતું નથી. તેમ અનુભવજ્ઞાન થાય ત્યારે ધામ, સભા, સુખ, મૂર્તિ એ સર્વેનો સાક્ષાત્કાર થાય, પણ કોઈને કાંઈ શીખવવું પડતું નથી. (૧/૨૦૧)

***

જેને શ્રીજીમહારાજનો ને એમના મુક્તનો મહિમા સમજાણો હોય તેની બુદ્ધિ થોડી હોય તો પણ તે કુશાગ્ર બુદ્ધિવાળો છે. પણ જેને આ લોકનું ડહાપણ હોય, શ્રીજીમહારાજનો ને એમના મુક્તનો મહિમા ન સમજાણો હોય ને તેની વ્યવહારિક બુદ્ધિ ઘણી હોય તો પણ તે જાડી બુદ્ધિ વાળો છે. (૧/૨૦૧)

***

શ્રીજીમહારાજનો આશ્રિત હોય પણ તે શ્રીજીમહારાજના કહેલા ધર્મ ન પાડતો હોય તેને વિમુખ જાણવો. (૧/૨૦૨)

***

જેને શ્રીજીમહારાજને વિષે ને મોટા મુક્તને વિષે દ્રઢ આત્મબુદ્ધિ થઇ હોય ને દેહાભિમાન ટળી ગયું હોય તેનાથી ધર્મનો પક્ષ રહે. (૧/૨૦૨)

***

બાપાના ધામમાં જાવું છે તે છેટું થાય નહીં એમ વર્તવું. (૧/૨૦૨)

***

કામ, ક્રોધાદિક શત્રુ છે, તે જીવને માયારૂપી કચરામાં ફેરવે છે પણ જીવ ઓળખતો નથી. (૧/૨૦૨)

***

ભાગવતી તનુનો અર્થ કેવી રીતે સમજવો? તો એક પરભાવનું ભાગવતી તનુ અને એક અવરભાવનું, પરભાવનું ભાગવતી તનુ એટલે શ્રીજીમહારાજની મૂર્તિ તેમાં ભક્તનો ચૈતન્ય મૂર્તિમાન થાય અને શ્રીજીમહારાજ પોતાના ધામ અર્થાત મૂર્તિમાં રાખે. અવરભાવનું ભાગવતી તનુ એટલે સર્વે સાધને સંપન્ન થઈને ઉપશમદશાને પામી પછી આત્માને વિષે મૂર્તિનો સાક્ષાત્કાર થાય. પણ જે દેહે સાધન કર્યું હોય તે દેહમાં રહ્યો હોય ત્યાં સુધી એ અવરભાવનું ભાગવતી તનુ કહેવાય. (૧/૨૦૩)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

લાભ અને પ્રાપ્તિ તો બહુ મળી છે પણ ભોગવતા આવડતું નથી. (૧/૨૦૩)

***

શ્રીજીમહારાજને ભૂલી ને તો ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ તે પણ ન કરવા. સર્વે ક્રિયા મહારાજને ભેળા રાખીને જ કરવી. (૧/૨૦૩)

***

આ લીંબડો છે તેને બરોબર જાણ્યો છે તેમ શ્રીજીમહારાજનો નિશ્ચય અડગ થાય તો તેને કદાપિ બીજી કાચપ રહી જાય તો પણ તેનું પૂરું થઇ જશે. (૧/૨૦૩)

***

દેવની મિલ્કતને બથાવી પાડતા હોય તેને માટે સરકારમાં પણ જાવું પડે તેમાં શ્રીજીમહારાજનો બહુ રાજીપો છે. (૧/૨૦૩)

***

મહિમામાં કસર હોય તો શ્રીજીમહારાજની સન્મુખ ચાલવામાં શ્રદ્ધા ન આવે. માટે પેહલા તો પરિપક્વ નિશ્ચય કરવો પછી શ્રદ્ધા વધે. પછી પ્રેમલક્ષણા ભક્તિ આવે ને આત્યંતિક મોક્ષ થાય. (૧/૨૦૩)

***

અમારી દ્રષ્ટિ તો જીવોને ઉધ્ધાર કરી જન્મ-મરણથી રહિત કરવા ને શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આપવું એજ છે. (૧/૨૦૪)

***

મહારાજ ને મોટા મુક્ત સત્સંગમાં હોય તેમને ઓળખ્યા ન હોય તે આંધળો કહેવાય. (૧/૨૦૪)

***

મન તો એવું છે કે જેટલું બ્રહ્માંડમાં હોય તેટલું બધુંય મને લાવો એમ ઈચ્છે, માટે મનનો વિશ્વાસ ન રાખવો. (૧/૨૦૪)

***

વૃંદાવન એટલે મુક્ત (વૃંદ) નો સમુહ. (૧/૨૦૫)

***

બીજા પરોક્ષ શાસ્ત્રમાં તણાય તો તેનું માથું ફર્યું એમ જાણવું. (૧/૨૦૫)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

જેટલી ઘડી માનસી પૂજા કે પૂજા કરવી ત્યાં સુધી મૂર્તિ વિના બીજું સંભારવું નહીં. મોટા આગળ માન મૂકે ને ગરજમાન થાય તો એવી સ્થિતિ થાય. (૧/૨૦૬)

***

શ્રીજીમહારાજને અંતર્યામી કહે પણ જાણે નહીં અને મારું કલ્યાણ થાશે કે નહીં એવો ઘાટ થાય તે નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો કહેવાય એમ કહીને પૂર્ણાનંદ સ્વામી (ગજા ગઢવી) ની વાત કરી. (૧/૨૦૭)

***

જે હજારો સાધનિક સંત હોય તે એક અનાદિમુક્તની તુલ્ય ન થાય એવી અનાદિમુક્તની અલૌકિક સામર્થી છે. (૧/૨૦૮)

***

માયાનો ત્યાગ કર્યો હોય તો પણ અંતરમાં તેનો રાગ રહી જાય છે એવા જીવના સ્વભાવ છે. (૧/૨૦૯)

***

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે મહારાજની તથા અનાદિમુક્તની શક્તિઓ છે તે સત્પુરુષના સમાગમે કરીને જીવને વિષે આવે ત્યારે જીવ મુક્ત થાય છે. (૧/૨૧૦)

***

સમાધિવાળાને સમાધિ દેહમાં થાતી હશે કે જીવ દેહથી બહાર નીકળતો હશે? અંતઃકરણમાં જીવ રહે છે ત્યાં જ સમાધિ થાય છે એટલે સ્થૂળ દેહમાંથી સૂક્ષ્મ દેહમાં જીવ જાય છે તે સૂક્ષ્મ દેહમાં રહીને સર્વેને જુએ છે. પાછા સ્થૂળ દેહમાં વાસનાની આસક્તિથી અવાય છે. (૧/૨૧૦)

***

અમે જન્મ્યા નથી અને આલોકમાં છીએ પણ નહીં, સદા મૂર્તિમાં જ છીએ. (૧/૨૧૦)

***

સાધુ થઈને સંત થાવું, જે શ્રીજીમહારાજની મૂર્તિના સુખનો આહાર કરે તે સંત થયા, માટે સંત થાવું. (૧/૨૧૦)

***

સાધુએ શ્રી ગોપાળનંદ સ્વામી, શ્રી મુક્તાનંદ સ્વામી, શ્રી બ્રહ્માનંદ સ્વામી એ જેવા હતા તેવો હું થાઉં એવા ઠરાવ કરવા ને ગૃહસ્થોએ પણ પર્વતભાઈ તથા દાદાખાચર હતા તેમના જેવા થવાના ઠરાવ કરવા પણ ઉતરતા ઠરાવ કરવા નહીં. (૧/૨૧૦)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

મોટા સંત મળે ને તેમને જમાડે તે મહારાજ અને મુક્ત જમી જાય માટે હર કોઈ અભ્યાગત આવે તેને અન્ન આપવું કેમજે તેમાં કોઈ મુક્ત આવ્યા હોય તે જમે તો બહુ ફળ થાય. (૧/૨૧૧)

***

ભગવાન ને ભગવાનના મુક્તની સેવા જેવું કોઈ સાધન નથી. (૧/૨૧૧)

***

આપણું તન, મન, ધન છે તેના ધણી સ્વામિનારાયણ છે, તે સત્સંગ વિના બીજે ન વપરાય. સત્સંગમાં પણ ધર્મવાળા હોય તેમને ઓળખીને તેમની સેવા કરવી અને સમાગમ કરવો. (૧/૨૧૧)

***

ભગવાનની વાર્તા કરવામાં પણ જેવી સભા તેવી વાત કરવી પણ જે સમજવા માટે પૂછે તેને તો બરાબર કહેવું. (૧/૨૧૧)

***

શ્રીજીમહારાજ કહે છે કે મંદવાડ એવો ખરેખરો કરી દેવો કે આ લોક, ભોગ, સગા, સંબંધી, નાત, જાતમાં ક્યાંય વૃત્તિ રહે નહીં. એક મૂર્તિના સુખે જ સુખી થઇ જવાય. એ સાધનમાં સર્વેએ રહેવું. એ સાધન તે સર્વે સાધનનું ફળ છે. (૧/૨૧૪)

***

મળેલા કોને કહેવાય? તો કોઈ વખત જરા પણ મૂર્તિથી જુદા ન થાય તે મળેલા કહેવાય. (૧/૨૧૪)

***

મોટાની વાતો જોઈએ તો એ મૂર્તિની બહારની હોય જ નહીં. મોટા મુક્ત છે તેમના હાથની પ્રસાદીથી, દ્રષ્ટિથી તથા તેમને ભટકાઈને આવેલા વાયુનો સ્પર્શ થવાથી પણ કલ્યાણ થાય છે. (૧/૨૧૪)

***

પરિપક્વ નિશ્ચયવાળાને સિદ્ધિઓ મળે છે, બીજાને મળતી નથી પણ તેમાં લોભાવું નહીં. (૧/૨૧૪)

***

મૂર્તિમાંથી બહાર નીકળાય તો માયિક વૈભવમાં લેવાય જવાય માટે મૂર્તિમાં બેસી રહેવું. (૧/૨૧૪)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

આપણે વ્યવહારિક કાર્ય કરતા મહારાજની મૂર્તિથી નોખું પડવું જ નહીં. મૃત્યુ સામી નજર રાખવી. (૧/૨૧૫)

***

ઘર તે શું? અક્ષરધામ અને મહારાજની મૂર્તિ એ ઘર. પોતે તો મૂર્તિમાં જોડાઈ બેઠા હોય અને કલેવરનું ગમે તેમ થાય, દેહને સુખ દુઃખ થાય તેમાં આપણે શું? (૧/૨૧૫)

***

સર્વે જ્ઞાનનો રસ તે સાક્ષાત પુરુષોત્તમનારાયણનું જ્ઞાન તે અનુભવજ્ઞાન છે. એ ગૃહસ્થ અને ત્યાગીને સર્વેને કરવાનું છે. (૧/૨૧૫)

***

નૃસિંહ ચૌદશ તે પરોક્ષવાળા માટે છે. આપણે તો સર્વોપરી પુરુષોત્તમ જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તે એક જ રાખવા. (૧/૨૧૬)

***

ભગવાનની વાત કરતો હોય અને આજ્ઞા લોપતો હોય તેની વાત સાંભળવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય કે કેમ? હા થાય ખરી. વાચ્યાર્થવાળો વાતો કરે તે આલોકમાં ખુબ મળતું આવે. પણ તેની વાતો ફળ વિનાના થોથા જેવી હોય. (૧/૨૧૭)

***

જો નિશ્ચયરૂપી પાયો નક્કી કરી રાખ્યો ન હોય તો તેને સંગ દોષ લાગે ખરો. પરિપક્વ નિશ્ચયવાળા ને તો કાંઈ વાંધો જ નહીં. (૧/૨૧૭)

***

“કોઈએ ભાવનગરિયા સ્વભાવ ન રાખવો”, તેમ ચાલો આપણે જઈએ ને તેમનું ખોટું દેખાડીએ એ ભાવનગરિયા સ્વભાવ કહેવાય. (૧/૨૧૭)

***

બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને પૂછ્યું કે ગંગાજીને તમે પવિત્ર કરો કે ગંગાજી તમને પવિત્ર કરે? ત્યારે સ્વામીએ કહ્યું કે મહારાજ અને સંત ગંગાજીને પવિત્ર કરે. (૧/૨૧૮)

***

ધ્યાનની લટક એવી શીખવી જે મહારાજની મૂર્તિમાં હું છું અને બોલે છે, ચાલે છે તે તો મહારાજ કરે છે એમ સમજવું


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

પણ તે કૃપા સિવાય થાય નહીં. (૧/૨૧૯)

***

અનુભવજ્ઞાન સાક્ષાત્કાર થાય ત્યારે વિઘ્ન ન થાય. (૧/૨૨૦)

***

તમારે સંતના દર્શન કરવા, સમાગમ કરવો પણ જ્યારે કોઈક વખતે ભેખ મળે અને અવળું સમજાવે ત્યારે "હા સ્વામી! હા સ્વામી!" એમ ન કરશો. (૧/૨૨૦)

***

જેને જડ-ચૈતન્યનો સંસર્ગ ન હોય અને ભગવાનના અખંડ સબંધવાળા હોય તે ગુરુ કહેવાય. માટે એવા ને ગુરુ કરવા. પણ ગુરુના લક્ષણ બહાર જાય એ ગુરુ શાનો? સનાતન હોય તે ગુરુ. તે સનાતન એટલે અનાદિ જે ધામમાંથી આવેલા હોય તે જાણવા. (૧/૨૨૧)

***

જેને પ્રત્યક્ષ ભગવાન મળ્યા હોય તે તો પાંચ વખત માનસી પૂજા કરે, ધ્યાન કરે, માળા ફેરવે. (૧/૨૨૧)

***

અનુભવજ્ઞાન તે શું સમજવું? જે મૂર્તિ સાથે રસબસ કરે તે અનુભવજ્ઞાન કહેવાય. જેમ જળ પોતે ઊંડું લઇ જાય છે તેમ પુરુષોત્તમનારાયણની ખુશ્બો છે તે જીવને ખેંચીને મૂર્તિમાં લઇ જાય છે. એ ખુશ્બોને અનુભવજ્ઞાન જાણવું. (૧/૨૨૨)

***

ઉપાસના પરિપક્વ ન થઇ હોય તો તેની શી ગતિ થાય? જેને ભગવાનની ઉપાસના પરિપક્વ ન થઇ હોય તેને જે બ્રહ્માંડમાં ભગવાન પ્રગટ હોય ત્યાં જન્મ ધરાવીને ઉપાસના પરિપક્વ કરાવીને ધામમાં લઇ જાય છે. (૧/૨૨૩)

***

શ્રીજીમહારાજ પ્રત્યક્ષ હોય ત્યારે શાસ્ત્રની સાખ લેવી તે દોષ છે. માટે ન લેવી શાસ્ત્રની સાખ લે તો ઠીકરું ફૂટી જાય. એવા માણસ હોય તે તીર્થમાં, કથામાં, શાસ્ત્રમાં બધેય દોષ કાઢે. (૧/૨૨૪)

***

આ વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાની પારાપણ કરે તો શું ફળ થાય? ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિધ્ધિ ને પામે. (૧/૨૨૫)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

કેટલી પારાયણ વાંચવાથી આત્મામાં અખંડ મૂર્તિ દેખાય? પાંચ પારાયણો અને આજ્ઞા યથાર્થ પાળી ને દિવસ-દિવસ પ્રત્યે પાઠ કરે તો તેનું આત્યંતિક કલ્યાણ થાય. (૧/૨૨૫)

***

પાત્ર થાય ત્યારે શ્રીજીમહારાજ નિવાસ કરે છે, પણ તે પેહલા નિવાસ ન કરે. માટે પાત્રની તારતમ્યતાએ રહે છે. (૧/૨૨૬)

***

ઉપાસના કોને કહીએ? તો શ્રીજીમહારાજની મૂર્તિ વિના “સબ જગત ઝરત અંગારા” એવું થઇ જાય તેને ઉપાસના કહીએ. (૧/૨૩૦)

***

પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું. મેંખોમેખ આંખમાંથી પાણીની ધારા ચાલે ત્યાં સુધી જોવું. એમ ખરેખરું આંતરદ્રષ્ટિથી જોઈ રહેવું. (૧/૨૩૦)

***

મહાપાપ તે શું? તે જે આધાર વિનાના હોય તેને દુઃખ દેવું તે મહાપાપ છે. (૧/૨૩૧)

***

અનાત્મા કોને કહીએ? જેમ જીવ આગળ દેહ અનાત્મા, તેમ જ શ્રીજીમહારાજ આગળ અક્ષર સુધી અનાત્મા કહેવાય. (૧/૨૩૨)

***

પ્રાર્થના કરે તે સકામ કહેવાય. મોટા મોટા કહી ગયા કે મૂર્તિનું સુખ પણ ન માગવું. કાંઈ ન માગવું. માગતાં આવડે નહીં. માટે હાથ જોડીને વિનંતી કરવી ને પાત્ર થાવું. પણ માગવું તો નહીં જ. મહારાજ કેમ પ્રસન્ન થાય તે તપાસી પ્રસન્નતાના સાધન કરવા. મૂર્તિનું સુખ માગવું એ પણ સકામ. (૧/૨૩૨)

***

આ મનુષ્યરૂપ છે તે મને તેજોમય દર્શન દેતા નથી એમ જાણે તે ચંડાળ છે. (૧/૨૩૨)

***

મોટા સંત આગળ જેને કચરો ને કંચન સરખા ન હોય તેવા સાધુને કંગાળ કહ્યા છે. (૧/૨૩૩)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

પોતાને પુરુષોત્તમરૂપ માની મૂર્તિની માંહી રહી ને મૂર્તિ સામી વૃત્તિ કરવી એ પરભાવની અંતર્વૃતિ કહેવાય અને મૂર્તિની બહાર રહીને મૂર્તિ સામે વૃત્તિ કરવી એ પણ પરભાવની અંતર્દ્રષ્ટિ કહેવાય. (૧/૨૩૪)

***

પુરુષોત્તમની મૂર્તિમાં આપોપું કરીને એટલે મૂર્તિમાં આત્માને લીન કરીને પુરુષોત્તમના નેત્રે કરીને જુએ તે પુરુષોત્તમની દ્રષ્ટિએ કરીને જોયું કહેવાય. (૧/૨૩૫)

***

એક હીરો મહારાજ અને સંત અને બીજા હીરો મુમુક્ષુ. તે ધ્યાન કરતા મહારાજના મસ્તકમાં મસ્તક, હાથમાં હાથ એમ રસબસ રહેવાય ત્યારે હીરો વેંધાણો કહેવાય. (૧/૨૩૫)

***

શ્રીજીમહારાજની મૂર્તિની સ્મૃતિ રાખતાં વાચ્યાર્થમાંથી લક્ષ્યાર્થમાં જવાય અને ત્રણે અવસ્થામાં મૂર્તિમાં તેલધારાની પેઠે સાક્ષાત જોડાઈ જાય તે લક્ષ્યાર્થ ખરો કહેવાય. (૧/૨૩૭)

***

સાધન તો પોતાના પતિને રાજી કરવા સારું જ કરવા. પણ તેનો ભાર ન રાખવો, નિશ્ચયરૂપી પાયો પાકો જોઈએ, હલર-વલર કરવું નહીં. મહારાજની મૂર્તિથી એ સાધનો છેટાં રાખે. (૧/૨૩૮)

***

એકાંતિક ને તો પરભાવ ને અવરભાવ એક જ છે. (૧/૨૩૮)

***

કાંઈ માગવું કે સમાધિ-પરચા જોવા ઇચ્છવા તે સર્વે સકામ માર્ગ છે અને મુક્ત પાસેથી મૂર્તિમાં જોડાવા ઇચ્છવું તે નિષ્કામ માર્ગ છે. (૧/૨૩૯)

***

પૈસા રાખે તેવા સાધુ થકી કથા ન સાંભળવી. તેમ જ કાંઈ દેવું નહીં. પ્ર- ૩૬ માં વચનામૃતમાં આવ્યું કે પૈસાવાળા ત્યાગીના મુખથી કથા સાંભળે તેણે ચંદ્રાયણ વ્રત કરવું. (૧/૨૩૯)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

દેહાભિમાન હોય તો ચેલો કહે જે, '"સ્વામી! ઊઠો, પાણી થયું છે.'" ત્યારે સ્વામી નાહવા ઉઠે!! (૧/૨૪૦)

***

સબંધ જવા દેવો પણ ધર્મ ન જવા દેવો. (૧/૨૪૦)

***

કથા, વાર્તા, માળા, કીર્તન, માનસી પૂજા કરે, પણ ધ્યાનમાં ન બેસાય તે મનુષ્યભાવે મહિમા સમજ્યો છે, અને ધ્યાનમાં ને ધ્યાનમાં રહે તે દિવ્યભાવે મહિમા સમજ્યો છે એમ જાણવું. (૧/૨૪૦)

***

અનુભવજ્ઞાન = સાક્ષાત્કાર!! (૧/૨૪૦)

***

ભગવાનનો ભક્ત કાળનો આહાર કરી જાય તે શું? તો જન્મ-મરણ માથેથી ઉતારી નાખ્યું, તે કાળનો આહાર કરી નાખ્યો કહેવાય. (૧/૨૪૧)

***

કાળ વિના દુઃખ કોણ દેતું હશે? આજ્ઞા લોપાય એટલું દુઃખ થાય છે અને સંગદોષે કરીને દુઃખ થાય છે. (૧/૨૪૧)

***

આજ્ઞા, ઉપાસના, ધ્યાન, ભક્તિ, મહિમા ન હોય તે ક્યાં જાય? તે આંધળા કહેવાય. આવા આંધળા ને લાકડી દઈએ તે ક્યાંય દોરી જાય અને કચરી મારે. (૧/૨૪૧)

***

મુક્તાનંદ સ્વામીએ દરેક ને સારું માનવવા સારું જ "હું પણ જાણું છું" એમ કહ્યું. મુક્તાનંદ સ્વામીએ બીજાને માટે પૂછ્યું છે, પણ તેમને વિષે કસર હતી એમ ન માનવું. એમ માને તો માનનારાને વિષેથી દોષ ટળે નહીં. (૧/૨૪૧)

***

પાંચ કર્મઇન્દ્રિયો ને પાંચ જ્ઞાનેન્દ્રિયોને નિયમમાં રાખવી. તેમ જ સર્વે ઇન્દ્રિયોને પોતપોતાના વિષયની ઈચ્છા ન કરે તો તે ઘસાણી કહેવાય. જો ઇન્દ્રિયોને તેના વિષય (રૂપ, રસ, શબ્દ, આદિક)માં મોકળાશ મળે તો વટલાઈ ગઈ કહેવાય. તે કોઈએ વટલાવું નહીં અને બીજાને વટલાવા નહીં. (૧/૨૪૧)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, તે મોટા પાડા છે, જેમ ચાર પાડા ખાટલાને પાયે બાંધીને સૂતો તે જીવતો રહે નહીં એમ આ ચાર પાડાનો વિશ્વાસ કરે તે પડયા વગર રહે નહીં. (૧/૨૪૧)

***

જીવાત્માને ફરતી ઇન્દ્રિયો છે તે ગોલોક કહેવાય અને શ્રીજીમહારાજનું તેજ તેની કિરણો તેને ગોલોક કહેવાય. (૧/૨૪૨)

***

આ સંત-હરિજનો સર્વ રાધિકા ગોપીઓ જે કહો તે આ છે અને શ્રીજીમહારાજ ભગવાન છે. માટે વચનામૃત આદિ શાસ્ત્રોમાં શ્રી કૃષ્ણ રાધિકાદિ પરોક્ષ નામો આવે તે મહારાજ અને મુક્તને લગાડવા. (૧/૨૪૨)

***

“શિવ જેવા વૈરાગ્યવાન છે” એમ ભક્તચિંતામણિમાં કહ્યું છે તે શિવ કિયા? તો અનાદિ, અને નારાયણ પણ અનાદિ; એ બેય અનાદિ. બ્રહ્માંડના શિવ તે આ ઠેકાણે લેવા નહિ. (૧/૨૪૩)

***

સત્ય એવા જે ભગવાન અને સત્ય એવા જે આ સાધુ તેને સત્ય જાણે ત્યારે સત્સંગી કહેવાય. ભજન કરે તે ભક્ત અને મૂર્તિમાં રહે તે મુક્ત કહેવાય. (૧/૨૪૩)

***

જ્યારે મૂર્તિમાં રસબસ થઇ જવાય ત્યારે સંત્સંગ થયો કહેવાય. (૧/૨૪૩)

***

સંત થવામાં દાખડો ઘણો છે. જો મહારાજની અને મોટાની પ્રસન્નતાના સાધન કરે અને આજ્ઞા પદાર્થ પાળે તો સંત થાય. (૧/૨૪૪)

***

ઇન્દ્રિયો છે તે આંધળો ઘોડો છે, તે ક્યાંય ફગાવે, તે જે નિયમ-ધર્મ રહિત હોય તે આંધળો કહેવાય. (૧/૨૪૪)

***

ઉપાસના, નિશ્ચય, આત્મનિષ્ઠા, એ સર્વે પરિપક્વ જોઈએ, તો છતે દેહે દિવ્ય દેહ પામી રહ્યા જ. મારુ પૂરું કરી લીધું છે, એમ જાણે તો ન થાય. માટે ચાર દિવસ રહેવું છે તેમાં પૂરું

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

કરી લેવું. (૧/૨૪૪)

***

સિદ્ધિઓ બહુ બગાડે છે. કોઈક જાણે જે સિદ્ધિઓ અક્ષરધામમાં જતા આવે છે, પણ એમ નથી. સેવા, સન્માન, અધિકાર આવે તે સિદ્ધિઓ કહેવાય. રૂપ, રસ, આદિકમાં ક્યાંય લેવાય જ નહીં ત્યારે સિદ્ધિઓ જીતી કહેવાય. (૧/૨૪૪)

***

જીવ સત્ય ચૈતન્ય વસ્તુ છે તે શ્રીજીમહારાજને ધ્યાને કરીને દિવ્ય સાકાર શ્રીજીમહારાજના જેવો થાય છે. જીવ માયામાં નિરાકાર છે તે ભગવાનના ધામમાં દિવ્ય સાકાર થાય છે. (૧/૨૪૫)

***

આ સંત અક્ષરધામનો દરવાજો છે. તે પોતાના જેવી સ્થિતિ કરાવે - જો કરવા મંડીએ તો. (૧/૨૪૫)

***

વૃત્તિનું લીનપણું એ તો સાધનદશાનું છે, સિદ્ધકાળમાં તો જીવનું જ લીનપણું છે તે કરવું. વૃત્તિ તો માયિક છે ને જીવ ને ભગવાન તો દિવ્ય છે. તે દિવ્ય વસ્તુને વૃત્તિ હોય નહીં. એ તો આપસત્તાએ જુએ છે. (૧/૨૪૫)

***

સંપ્રદાયમાં બેઠા હોય ને કથા-વાર્તા કરે ને એમના કહેવાતા હોય તો પણ આજ્ઞા ન પાળે તો શાહુકાર ચોર કહેવાય અને તેનો પરિપક્વ નિશ્ચય ન કહેવાય. (૧/૨૪૬)

***

જે શ્રી પુરુષોત્તમના આશ્રિત સર્વે દેહના આવરણમાં છે, ત્યાં સુધી ઈંડાની પેઠે પરાધીન છે પણ જ્યારે આ દેહનો જોગ મટી  જશે ત્યારે આવરણ રહિત થઈને શ્રી પુરુષોત્તમના સુખમાં રમશે. (૧/૨૪૭)

***

ધ્યાનમાં આવરણ કરનાર દોષને ટાળવાનું ભગવાન પાસે માગે તે સકામ કહેવાય કે નહીં? તે તો સકામ ન કહેવાય. (૧/૨૪૮)

***

શ્રાદ્ધ તો નારાયણનું ખરું. માટે શ્રીજીમહારાજનું શ્રાદ્ધ આવે તે ભેળું સર્વેનું શ્રાદ્ધ આવી જાય. (૧/૨૪૮)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

રસના તો મહા ભૂંડી છે. એમાં કોઈ માલ નથી. તેને તો આની કોરથી ખોસે ને ઓલી કોરથી કાઢે ને પૂછ્યા કરે જે, 'મારા ઘાટ સંકલ્પ કેમ ટળ્યા નથી? તે શી રીતે ટળે? (વિષય માં થી ઇન્દ્રિયો ને પાછી વાળ્યા સિવાય, ઘાટ સંકલ્પ ટળે જ નહીં). (૧/૨૪૮)

***

એક સંતમાં અનેક મુનિના વૃંદ રહ્યા હોય એવો સંતનો સમાગમ કરજો તો મોક્ષમાં વાંધો નહીં આવે. (૧/૨૪૮)

***

તમારે માયા ટાળવી હોય તો મહારાજ ને અમને ભૂલશો નહીં. અમારાથી જુદા પાડે એવા નો સંગ કરશો નહીં. (૧/૨૪૮)

***

સર્વેના કારણ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. તે મનુષ્ય જેવડા છે અને તેમનું કાર્ય અનંત કોટી બ્રહ્માંડ છે જેમ વડનું બીજ ખસખસના દાણા જેવું નાનું હોય પણ વડ મોટો થાય તો એક વીઘામાં વિખરાઈ જાય એવડો થાય તેમ. (૧/૨૪૯)

***

પ્રસાદીની વસ્તુ જે ચરણાર્વિન્દ તે પણ અંદર રાખ્યા હોય તો પછી બહારના જોઈએ નહીં, માટે ખબર રાખવી. (૧/૨૪૯)

***

દેહ ઉપર ડગલી છે તેમ દેહરૂપી ડગલો કાઢી નાખીએ એટલે જીવ દેહરૂપ થઇ જાય અને મહારાજ દેહી થઇ જાય. (૧/૨૪૯)

***

જ્યારે ખારું, ખાટું, તીખું, તમતમતું આદિકના ભાવ એકેય ન રહે ત્યારે મૂર્તિ દેખાય. આ દેહનું સુખ ભેળું રાખવું અને મૂર્તિનું સુખ લેવું તે થાય નહીં. (૧/૨૫૦)

***

સર્વે ઇન્દ્રિયોને વશ રાખે તે વનમાં ગયો જાણવો. (૧/૨૫૦)

***

જો અંતઃકરણ ઠારે તો જાણવું જે એમાં કારણ હોવું જોઈએ. (૧/૨૫૧)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

ભગવા પહેર્યે શું થાય? જીવાત્મા ભગવો થાય અને મહાપ્રભુજીમાં જોડાય તે ખરું, મૂર્તિ વિના ક્યાંય જોડાય નહીં અને ખાન-પાન, ખાટું-મોળું, તીખું આદિકની ખબર પડે નહીં. (૧/૨૫૧)

***

મનન દ્વારે બ્રહ્મનો સંગ કરતા કરતા સાક્ષાત્કાર થાય અને પંચભૂતનો ઘોડો ખોટો થઇ જાય. તે અક્ષરધામરૂપ થયો. પછી મૂર્તિનો સંગ કરવો એટલે મૂર્તિરૂપ થવું. (૧/૨૫૧)

***

ગોપીઓ કોણ? મથુરા ને ગોકુળ ક્યે ઠેકાણે આવ્યું? તો આ સંત તે ગોપીઓ અને જ્યાં મહારાજ ત્યાં ગોકુળ અને મથુરા! (૨/૨)

***

મહારાજના ખરા ઉપાસકને તો કોઈ દેવની માનતા ન થાય અને આસ્થા પણ ન રખાય. કદાચ સકામ ભક્ત હોય તો તેને પણ શ્રીજીમહારાજ પાસે જ માગવું ઘટે અને જે નિષ્કામ હોય તે તો શ્રીજીમહારાજ પાસે પણ કાંઈ માગે નહીં. (૨/૪)

***

મહારાજ સર્વે ભક્તોને મૂર્તિનું સુખ આપે છે એમ સમજવું એજ સત્સંગમાં સત્સંગ. (૨/૫)

***

ભગવાન ભજ્યા વિના બધેય ધૂળનો વેપાર છે. તે માયિક પદાર્થ સર્વે ધૂળના. (૨/૫)

***

માયા તે શું? તો આ દેહ છે તે જ માયા છે. તેમાંથી હેત ટાળવું અને મૂર્તિમાં જોડાવું. (૨/૬)

***

મોટા મંદવાડ ગ્રહણ ન કરે તો એમની સેવા ક્યાંથી મળે? એટલા સારું મંદવાડ ગ્રહણ કરે છે. (૨/૮)

***

પ્રકૃતિ પર્યંત સર્વે ખોટું છે તેને ખોટું કરે તે પણ વૈરાગ્ય અને પ્રકૃતિ પર અક્ષર પર્યંત જે સાચું છે તેને પણ ખોટું કરવું તે વૈરાગ્ય ખરો કહેવાય. (૨/૯)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

જ્ઞાન પણ ઘણા પ્રકારના છે, પણ અનુભવજ્ઞાન થાય તે ખરું. મૂર્તિમાં રસબસ રહેવું તે અનુભવજ્ઞાન. (૨/૯)

***

દ્વારકાનો અર્થ શ્રીજીમહારાજે એવો કર્યો છે જે દ્વારકા તો જ્યાં મોક્ષનું દ્વાર ઉઘડે ત્યાં જાણવું. તે આવા મોટા હોય તેના દર્શન-સમાગમ થાય ત્યાં દ્વારકા જાણવું. અને સંત મોક્ષનું દ્વાર ઉઘાડે એટલે મોક્ષ કરે ત્યાં દર્શને જાવું. (૨/૯)

***

મહામુનિ કોને કહેવાય? શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત તે મહામુનિ કહેવાય છે. (૨/૯)

***

ગરીબ કોને કહેવાય? શ્રીજીમહારાજની આજ્ઞા અને વચન ઉપર નિષ્ઠા હોય અને અજ્ઞાની જીવના ઉપદ્રવને સહન કરનારા હોય એવા ભગવાનના ભક્ત કે સાધુ તેને ગરીબ જાણવા. (૨/૯)

***

જેવા ગુરુ હોય તેવો પોતે જ થાય. જેમ ગુરુ મૂર્તિનું સુખ ભોગવે છે તેમ એ પણ ભોગવે. (૨/૯)

***

બાપાશ્રીએ નાગરદાસભાઈની પ્રશંસા કરીને કહ્યું જે એ બહુ હેતવાળા છે ને મહિમા જાણે છે ને તન-મન-ધનથી સત્સંગની સેવામાં તત્પર રહે છે. (૨/૯)

***

રંક રાજા થાય એટલે શું સમજવું? મહારાજની મૂર્તિમાં તથા હજૂરમાં રહે તે રાજા જાણવા એ પરભાવ નો અર્થ છે. અને જ્યાં સુધી કામ, ક્રોધ, લોભ, માન, આદિક દોષનો દોર્યો દોરાય ત્યાં સુધી રાંક અને એ દોષને જીતીને વશ કરે ને એથી રહિત થાય તે રાજા કહેવાય. (૨/૧૦)

***

કેમ કરીએ તો છકી ન જવાય? તો દ્રઢ નિશ્ચય હોય તો છકી ન જવાય. (૨/૧૦)

***

મૂર્તિમાં શાંતિ છે. બીજે શાંતિ નથી. માટે મૂર્તિમાં અખંડ જોડાઈ રહેવું. આપણે તો એ કારણ મૂર્તિનું જ કામ છે. (૨/૧૨)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

પછી સોમચંદભાઈની પ્રશંસા કરી જે, "આ પંડયો અમે પ્રમાણ કર્યો છે, તે ઠાવકો પંડયો છે." (૨/૧૩)

***

સંત કોને કહીએ? તો શાંતિને પમાડે તે સંત. આ સંત તો ગૌમુખી ગંગા છે, તે ગૌમુખમાંથી મહારાજનું સુખ આવે છે. આવા જંગમ તીર્થનો મહિમા સમજીને જોગ કરવો. (૨/૧૬)

***

જેમ અર્જુને એકલું પક્ષીનું મસ્તક જ દેખ્યું તેમ આપણે એક મૂર્તિ રાખવી પણ મૂર્તિ વિના કાંઈ છે જ નહીં એમ સમજવું. (૨/૧૯)

***

નિયમ ધર્મ પાળીને મૂર્તિમાં રહેવાય તેવા પાત્ર થાવું. (૨/૨૦)

***

આજ મહારાજને મળેલા હોય કે નહીં? મૂર્તિમાં રહેતા હોય તે મળેલા કહેવાય. (૨/૨૨)

***

મહારાજ અને મુક્ત સદા સત્સંગમાં છે, છે ને છે જ. (૨/૨૨)

***

શ્યામકરણ ઘોડો અને ગાલવ રાજા તે કોણ જાણવા? તો સ્વામી કહે કે, બાપા! આ વચનામૃત તે વરુણ, જ્ઞાન તે ઘોડા, જીવ તે ગાલવ રાજા, અને ગુરુ તે ગરુડ, તે ગુરુ મળે ત્યારે આ વચનામૃતરૂપી વરુણમાંથી જ્ઞાન સમજાવે અને મોક્ષ કરે. (૨/૨૨)

***

સાચી વસ્તુ ન ઓળખાય અને બધે વિશ્વાસ કરે તો કેમ થાય? તો તો મરવા જેવું થાય. સાધુ ને પણ ઓળખવા ખપે. આવા મોટા સાધુ સાથે હેત કરવું અને વિશ્વાસ પણ આવાનો જ કરવો. (૨/૨૩)

***

ટૂંકા થાવું, જીવ કાળો, ગોરો, લાંબો અને છેવટે મૂર્તિમાં રહ્યો ત્યારે ટૂંકો. માટે ટૂંકા થાવું તે શ્રેષ્ઠ છે. (૨/૨૪)

***

ભગવાનનો ભક્ત કાળ અને કર્મનો આહાર કરી જાય. આહાર એટલે શું? તો કાળ કર્મ ને ધોકા મારીને કાઢી મેલે.


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

તે શાથી? તો એને પ્રત્યક્ષ મહારાજની મૂર્તિ મળી છે. (૨/૨૪)

***

જે જે અવતારે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી. તે અવતાર એટલે અનાદિમુક્ત સમજવા. પરોક્ષ અવતારોથી આત્યંતિક કલ્યાણ ન થાય. (૨/૨૫)

***

આપણે તો સૌ ઉપર દયા રાખવી. દયા તે શું? તો મહારાજ સર્વોપરી છે એ વાત સમજાવવી. (૨/૨૬)

***

મૂર્તિની અંદર રહેલા મુક્તને સન્મુખ કેવી રીતે જાણવું? મૂર્તિમાં સળંગ રહ્યા થકા સમગ્ર મૂર્તિને એકકાળવિછિન્ન દેખે છે એમ સન્મુખ જાણવું (૨/૨૭)

***

આત્મા, અનાત્મા અને પરમાત્મા એટલે શું? મહારાજના તેજથી ઓરું - બધુંય અનાત્મા, મહારાજનું તેજ તે આત્મા અને મહારાજ તે પરમાત્મા. (૨/૨૭)

***

સિદ્ધદશા તે અખંડ સમાધિ કહેવાય. અને તે ઉત્તમ છે. તે જ્યાં જુએ ત્યાં મૂર્તિ જ જુએ. બીજું કાંઈ દેખે જ નહીં. ઘોડે ચડેલા દેખે, હરતા, ફરતા દેખે! (૨/૨૭)

***

જ્યારે મોટાએ વર્તમાન ધરાવ્યા ત્યારે તન, મન, ધન, અનેક જન્મના કર્મ અર્પણ કરાવ્યા. પછી એ ચૈતન્યને રહેવાનું ક્યાં રહ્યું? તો શ્રીજીમહારાજ એ ચૈતન્યને પોતાની મૂર્તિને વિષે રાખે છે. (૨/૨૮)

***

છપૈયા અને ગઢપુર બે ધામમાં કયું ધામ અધિક? તો નિત્યાનંદ સ્વામીએ કહ્યું છે જ્યાં ભગવાનનો પ્રાદુર્ભાવ થયો હોય તે ધામ તુલ્ય બીજું ન કહેવાય! (૨/૨૯)

***

પહેલી આત્મા વડે મોટપ કહી, પછી સંતની આત્મનિષ્ઠા વડે મોટપ કહી. તો આત્મા અને આત્મનિષ્ઠા એ શું સમજવું? પહેલી સાધનદશાવાળાને આત્મા વડે મોટપ કહી તે પોતાને શ્રીજીમહારાજના તેજરૂપ માનવું તે આત્મા જાણવો. અને સંતને આત્મનિષ્ઠા કહી તે આત્મા જે શ્રીજીમહારાજ તે

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

શ્રીજીમહારાજમાં નિષ્ઠા કહેતા સ્થિતિ એ આત્મનિષ્ઠા જાણવી. (૨/૨૯)

***

કેવા હોય તો સાધુ કહેવાય? સાધન કરીને એકાંતિક ભાવને પામ્યા હોય, અખંડ શ્રીજીમહારાજની સ્મૃતિ રહેતી હોય, મહારાજ વિના બીજે ક્યાંય પ્રીતિ ન હોય. પણ જે દેહે કરીને સાધન કર્યા હોય તે દેહે સહિત હોય તેને સાધુ કહેવાય. (૨/૩૦)

***

મહારાજ અને મુક્ત તો દેહ વિનાના હોય. તેમને તો આ લૌકિક ક્રિયા જે ખાવું-પીવું તે નથી. તે તો જમતા થકા અજમતા છે. એમ જે સર્વે ક્રિયા કરતા પણ અકર્તા છે. આવી રીત મોટા મુક્તની છે.(૨/૩૦)

***

મૂર્તિનું સુખ ને આનંદ વધતા જાય તેનો શું ઉપાય હશે? મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહેવું તેણે કરીને આનંદ ને સુખ વધતા જાય. (૨/૩૦)

***

આવી અદ્ભૂત વસ્તુ (શ્રીજીમહારાજની મૂર્તિ) મળી છે તે જ્ઞાને સહિત મહિમા હોય તો જણાય. (૨/૩૧)

***

સત્સંગમાં જેટલા ગુણદોષ જણાય છે તેટલું નાસ્તિકપણું છે અને દિવ્યભાવ દેખાય તેટલું આસ્તિકપણું છે. (૨/૩૧)

***

મહારાજના સુખમાં દ્રષ્ટિ પહોંચે તો દેહ ને આત્મા જુદો પડે જ્યારે અનુભવજ્ઞાન થાય ત્યારે સાક્ષાત્કાર થાય છે. (૨/૩૧)

***

જીવની વૃત્તિએ કરીને ભગવાન જોવા. તે કેવી રીતે જોવા? તો શ્વેત (તેજોમય) બે ચક્ષુવાળી મૂર્તિ ધારવી. આભૂષણ તથા પુષ્પના હાર, બાજુબંધ વગેરે શ્વેત દિવ્ય મહારાજના અંગને વિષે છે જ એવી રીતે ધારવું. પાઘ, ને છોગું પણ શ્વેત ધારવું. મૂર્તિમાં સ્થિર વૃત્તિ થાય એટલે સળંગ મૂર્તિમાં રસબસ રહીને તે મૂર્તિનું સુખ લેવું. (૨/૩૧)

***

ભાગવતી તનુ એટલે ભગવાનના ગુણ. પુરુષોત્તમરૂપ જે સંત તેને જોગે કરીને પુરુષોત્તમરૂપ થવાય છે. (૨/૩૧)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

મહારાજની મૂર્તિમાં સાકાર થકા સળંગ રહ્યા છે તે અનાદિની સ્થિતિ, પોતાનું સ્વરૂપ તેજોમય માનીને તેજના સમૂહમાં શ્રીજીમહારાજની મૂર્તિ ધારવી તે મૂર્તિ સામે જોઈ રહેવું તે એકાંતિકની સ્થિતિ, મૂર્તિમાન થઈને મૂર્તિની સન્મુખ રહી મૂર્તિનું સુખ લેવું, તે પરમ એકાંતિકની સ્થિતિ!! (૨/૩૧)

***

બાપા! મહારાજની મૂર્તિના સુખભોક્તા મળે એટલે બધા સાધન સમાપ્ત થતા હશે કે કેમ? સાધનની સમાપ્તિ ખરી પણ ભગવાનના મહિમાની, ભગવાનની મૂર્તિની, ભગવાનના સુખની અને સુખભોક્તાની અવધિ જ નહીં. તે તો વધતું જ જાય, તેનો અંત નહીં. (૨/૩૨)

***

મૂર્તિને વિષે અસાધારણ સ્નેહ હોય તે ખરું સુખ કહેવાય ને આનંદ પણ તે જ કહેવાય. (૨/૩૨)

***

મૂર્તિ કઈ રીતે ધારવી? તેજનો સમૂહ અધોઊર્ધ્વ પ્રમાણે રહિત ધારીને તેના મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિ બે ચક્ષુવાળી ગમે તે ધારવી. (૨/૩૨)

***

જ્યારે ધ્યાન કરવા બેસવું ત્યારે મોટાને સાથે લેવા એટલે મૂર્તિ ધારતા કોઈ વિઘ્ન ન આવે તેવી સહાય માગવી. (૨/૩૨)

***

જીવ જ્યારે અતિ મોટા પુરુષ જે અનાદિ મહામુક્ત હોય તેમને વિષે પોતાના જીવને જોડીને એકાત્મપણું કરે ત્યારે તે માયા તરીને શ્રી પુરુષોત્તમરૂપ થઈને પુરુષોત્તમ ભગવાનના સુખમાં રમે. તેમાં કંઈપણ કઠણ પડતું નથી. (૨/૩૨)

***

શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિમાંથી અનંત અપાર સુખ ઉત્તપન્ન થઇ મહાઅનાદિમુક્ત દ્વારા સત્સંગમાં ફેલાય છે. તેના જેટલા જે અધિકારી પાત્ર હોય તેટલું સુખ તેમાં રહે છે. બાકીનું સુખ પાછું શ્રીજીમહારાજની મૂર્તિને વિષે લીન થઇ જાય છે. પણ તે મૂર્તિ વિના અધર પધર બીજે રહેતું નથી. (૨/૩૨)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.



દેહના સુખ સારૂં

શ્રીજીમહારાજનું વચન

લોપવું નહી

દેહ મુક્યો ક્યારે કહેવાય? તો આ જીવને જ્યારે મહારાજ તથા મોટા મળે અને તેમનો જોગ સમાગમ કરવા થકી, “હું દેહથી જુદો આત્મા તે પુરુષોત્તમરૂપ છું.” એમ મનાય એટલે દેહ મુક્યો કહેવાય. તે છતે દેહે દેહનો અંત સમો સમજવો. તેને છતે દેહે જ અક્ષરધામમાં જાવું-આવવું તથા પામવું અને મૂર્તિના સુખમાં જવું-આવવું અને મૂર્તિને પામવું, તે ઉધારો મટીને પામવા યોગ્ય જે શ્રીજીમહારાજ તેને છતે દેહે પામી રહ્યો છે. મહારાજ ને મુક્ત મળ્યા વિના અને તેમને વિષે અપોપું કર્યા વિના પંચભૂતનો દેહ છૂટે છે, પણ પાછો બંધાય છે માટે છૂટ્યો ન કહેવાય. (૨/૩૩)

***

જે મુક્ત થયા તે સર્વે જેટલામાં પુરુષોત્તમની દ્રષ્ટિ પહોંચે છે જેટલું પુરુષોત્તમ જાણે છે તેટલું જાણે છે ને દેખે છે. (૨/૩૩)

***

ભગવાનના ભક્તની વૃત્તિ શ્રીજીમહારાજની મૂર્તિ વિષે સદા સંલગ્ન રહે છે. તેને શ્રીજીના સુખરૂપ પરમાનંદનો લાભ થાય છે. પણ તે વૃત્તિ તૂટે તો કુવામાં ઘડો દોરડું તૂટતાં રસાતાળ થાય તેમ માયાને વિષે જીવ લીન થઇ જાય છે. (૨/૩૪)

***

જ્યારે મૂર્તિમાં સંલગ્ન થાય ત્યારે વૃત્તિ ન સમજવી. એ જીવસત્તાએ જોવાય છે. (૨/૩૪)

***

જેને મોટા મુક્તને વિષે આત્મબુદ્ધિ થઇ હોય ને તેમને સાચે ભાવે સંભારે તો મોટા પ્રત્યક્ષ મળ્યા હોય ને કામ કરે તેવું જ કામ કરે છે. (૨/૩૪)

***

મહારાજ તથા મોટા અનાદિની વાતો ન સમજ્યામાં આવે તો પણ તેનો કસ જીવમાં રહે છે. (૨/૩૪)

***

જો દેહને ખોટો કરીએ તો તે ભેળી જેટલી અસત્ય વસ્તુ છે તે સર્વે ખોટી થઇ જાય. (૨/૩૪)

***

પુરુષોત્તમરૂપ થઈએ તો સ્વામીસેવકપણું કેમ રહે? જેમ બ્રાહ્મણનો દીકરો બ્રાહ્મણ કહેવાય પણ દીકરાનો નાતો ટળતો નથી. તેમ પુરુષોત્તમ તે સ્વામી અને મુક્ત તે સેવક તે નાતો ટળતો નથી. મહારાજની મૂર્તિમાંથી સર્વેને સુખ આવે છે.


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

માટે સ્વામીસેવકપણું વધતું જાય છે. (૨/૩૪)

***

મહારાજને તથા મુક્તને એક-બીજાની રોકાણ નથી. મૂર્તિમાં સુખ લીધા જ કરે છે. તેમાં કોઈને એક-બીજાનું આવરણ નથી. (૨/૩૪)

***

જેને મહારાજની મૂર્તિનું સુખ જોઈતું હોય તેને સત્સંગમાં દાસાનુદાસ થઇ રહેવું. ભગવાનના ભક્ત સાથે "મીન સ્નેહી જળ" તેવું હેત રાખવું. (૨/૩૫)

***

જો આપણે કોઈનું અનિષ્ટ ઇચ્છીએ તો શ્રીજીમહારાજના નિશ્ચયમાં ફેર છે અને મહારાજને સર્વકર્તા જાણતા નથી. (૨/૩૫)

***

દેહના સુખ સારું શ્રીજીમહારાજનું વચન લોપવું નહીં. (૨/૩૫)

***

મહારાજના મુક્ત તે તો અમૃતના ઝાડની પેઠે છે જ્યાંથી ઉપયોગમાં લો ત્યાંથી અમૃત. તેની સેવા, સ્પર્શ વિગેરે અમૃત છે. પંચભૂતનો દેહ છે તે તો ઝેરનું ઝાડવું છે. તે જ્યાંથી અડો ત્યાંથી ઝેર ચડે. તે ખાધામાં ઝેર, પીધામાં ઝેર, દરેક ઉપયોગમાં ઝેર. માટે તેને ફગાવીને ત્રણ દેહથી પર પોતાના સ્વરૂપને મહારાજના તેજરૂપ માનીને તેમાં મહારાજની મૂર્તિ પધરાવે તો સુખિયું થવાય. (૨/૩૫)

***

મોટા અનાદિની સેવા કાંઈ થોડે ભાગ્યે મળતી નથી. અને તેથી બીજી કોઈ મોટી પ્રાપ્તિ નથી. (૨/૩૫)

***

ભગવાનનો નિશ્ચય કરવો તે કારણ મૂર્તિ ઓળખીને કરવો જે કાર્ય ઉપરથી નિશ્ચય કરે છે તેના નિશ્ચયમાં ડગમગાટ રહે છે. તે કાર્ય તે શું? તો આવા સાધુ, આવો ધર્મ, આવો ત્યાગ, આવા મોટા યજ્ઞ, આવી પ્રથા એ ઉપરથી કરેલો નિશ્ચય. પણ જો શ્રીજીમહારાજની મૂર્તિના સુખ, ઐશ્વર્ય, મહિમા જાણીને નિશ્ચય કર્યો હોય તે નિશ્ચય કોઈ કાળે ફરતો જ નથી. (૨/૩૫)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

મન સોંપી દીધું ક્યારે કહેવાય? તો પોતાનું મનગમતું મૂકીને મોટા કહે તેમ કરવું તે. (૨/૩૫)

***

એવા મોટા મુક્તની કૃપા ક્યારે થાય? તો પુરુષ પ્રયત્ન કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સિદ્ધ કરે તો!! (૨/૩૫)

***

જેમ મીંચેલી આંખ ઉઘાડીએ તો અજવાળું દૂર નથી તેમ અજ્ઞાનઆંખ ઉઘડે (અજ્ઞાને કરીને આંખ મીંચાયેલી છે તે જ્ઞાને કરીને ઉઘડે) કે મહારાજ ને મુક્ત આ રહ્યા. (૨/૩૫)

***

સત્સંગની લટક રાખવી. તે શું? તો મહારાજની મૂર્તિનું તાણ રહે તેવા ગુણ દરેકમાંથી લેવા જેમ ભમરી મધ કરે છે તેમ. (૨/૩૫)

***

કોઈ હરિભક્તનો અવગુણ લેવો નહીં. અવગુણ જેવું જણાય તો સમાગમ કરવો નહીં. (૨/૩૬)

***

મહારાજ અને મોટાની સાથે જીવ જોડીને આજ્ઞા પાળવાથી પૂર્ણ થવાય. (૨/૩૬)

***

નિરંતર મહારાજની મૂર્તિનું ચિંતવન કરવાથી ગમે તેવા કામાદિક શત્રુ બળિયા હોય તો પણ નાશ થઇ જાય છે. (૨/૩૬)

***

સમાગમ તો મોટાનો જ કરવો. (૨/૩૬)

***

મહારાજને સજાતિ થાય ત્યારે સાધર્મ્યપણું કહેવાય. (૨/૩૬)

***

મહારાજની મૂર્તિથી મુક્ત જુદા નથી. જુદા સમજે તો નાસ્તિકભાવ છે. (૨/૩૬)

***

મૂર્તિ તો સદાય એક સરખી જ છે, પણ મહિમાનું અપારપણું


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

છે, અને સુખ, પ્રકાશ, સામર્થીનું અપારપણું છે. તે હેતુ માટે મૂર્તિનું અપારપણું કહેવાય છે. (૨/૩૬)

***

મહારાજની અખંડ સ્મૃતિ રાખવી. અખંડ સ્મૃતિ તો પ્રત્યક્ષ ભગવાનના દર્શન તુલ્ય છે. અને તે બહુ કામ કરે છે. (૨/૩૬)

***

મહારાજના યથાર્થ નિશ્ચયવાળા મૂર્તિને સાક્ષાત દેખતા ન હોય પણ એના શબ્દો મહારાજના સબંધના હોય તે જીવને બહુ સમાસ કરે. (૨/૩૬)

***

જેમ રાજાને ઘેર કુંવર જન્મે તે રાજા જ કહેવાય તેમ જેને સ્વામિનારાયણનો આશરો છે તે સ્વામિનારાયણના દીકરા છે તે અક્ષરધામમાં અનાદિમુક્ત છે તે જેવા જ થશે. માટે આજથી આપણે તેમને મુક્ત જાણવા. (૨/૩૭)

***

સત્સંગમાં કુસંગ કીયો? તો મહારાજને હાથમાં આવવા દે નહીં તે! (૨/૩૭)

***

મૂર્તિ વિના પોતાનો દેહ આદિક કાંઈ વહાલું ન હોય ત્યારે જાણીએ જે પૂરું થયું. મૂર્તિ વિના બીજું પ્રધાન જણાય એટલે અધૂરું જાણવું. (૨/૩૭)

***

અંતર્વૃતિએ અને સાંખ્ય વિચારે કરીને દાખડો કરતો જાય તેમ તેમ દિવ્યભાવ જણાતો જાય ને સુખ આવતું જાય. એમ કરતાં કરતાં જ્યારે શુદ્ધ પાત્ર થાય ત્યારે પ્રતિમાના દર્શન સાક્ષાત્કાર જેવા થાય અને સર્વે મનોરથ પૂરણ કરે. (૨/૩૭)

***

મૂર્તિ અને મુક્તને ભૂલીને વિદ્યા, સાધન એ આદિકને સંભારવા એ હલર-વલર કહેવાય. વિદ્યાની શુદ્ધિ પણ મોટાનો જોગ હોય ત્યારે જ થાય છે. મૂર્તિ ભૂલીને એકલું કાર્ય સંભારે તો તે કણ ફગાવીને ફુશકા રાખ્યા જેવું છે. (૨/૩૭)

***

અવયવ ક્યારે ફર્યા કહેવાય? તો આ લોકમાંથી લૂખા થઈને મહારાજની મૂર્તિમાં જોડાઈ જાય તો અવયવ ફર્યા કહેવાય.

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

(૨/૩૭)

***

બ્રહ્મમય દેહ એટલે બ્રહ્મ જે ભગવાન તે મય એટલે તે રૂપ થાય તે. ત્યારે જ મૂર્તિને પામે. (૨/૩૭)

***

ભગવાનના સ્વરૂપમાં જેની વૃત્તિ ન રહે તે ભગવાનનો ભક્ત નહીં. (પ્ર- ૪૯ વચનામૃત) (૨/૩૭)

***

પુરુષોત્તમ ભગવાન અને તેમના મુક્ત એ બે વિના સર્વે માયિક આકાર છે. (૨/૩૮)

***

મોટા સંત સ્વરૂપાનંદ સ્વામી બેઠા છે ત્યાં હું છું, આ સભા અક્ષરધામની છે, આપણે અક્ષરધામની મધ્યે જ બેઠા છીએ, આ પ્રતિમા સાક્ષાત અક્ષરધામમાં મૂર્તિ છે તે જ છે. એમ નિશ્ચય થઇ જાય તો સાક્ષાત્કારનું સુખ આવે. (૨/૩૮)

***

નરનારાયણ દિવ્ય મૂર્તિ સંતન કો વિશ્રામ --> પુરુષાકાર (= નર) શ્રીજીમહારાજ (= નારાયણ) દિવ્ય મૂર્તિ છે અને સંત જે મુક્ત તેમને મૂર્તિમાં રાખી સુખ આપે છે. (= સંતન કો વિશ્રામ) (૨/૩૮)

***

ઉપાસનાની વાત સર્વેથી જબરી છે. ઉપાસના દ્રઢ હોય તો ધણીના ખોળામાં બેઠો. (૨/૩૯)

***

સાધુ તો અક્ષરધામનો દરવાજો છે તે દ્વારા મહારાજ સુખ આપે છે. (૨/૩૯)

***

મોટા તો મૂર્તિથી નોખા જ ન પડે, એવી સ્થિતિવાળા ને માળા પુરી ન થાય કે માનસી પૂજા પણ પુરી ન થાય તેનું હવે કાંઈ નહીં, કારણ એને સર્વે થઇ રહ્યું છે. (૨/૩૯)

***

મહારાજ ને મોટા મુક્ત જ્યાં વિચરે તે ભૂમિકા નિર્ગુણ. આવા મોટા સંત તો જંગમ તીર્થ છે. (૨/૪૦)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

જડ માયાનો સંગ્રહ કરનારા આ બ્રહ્માંડમાં ભટક્યા છે, જડ માયા એટલે દ્રવ્ય. માટે ત્યાગીને માંહી-બહાર સરખું રહેવું. (૨/૪૦)

***

પગથિયા ચડતા જઈએ તો સુખી રહેવાય તે વિના સુખિયા ક્યાંથી રહેવાય. (=સત્સંગમાં આગળ વધતા જઈએ) (૨/૪૦)

***

આજ શ્રીજીમહારાજ સત્સંગમાં બિરાજે છે તે આપણે ન દેખીએ પણ દિવ્ય ચક્ષુવાળા દેખે. (૨/૪૦)

***

આજ આપણે મોહ કાઢવો છે તે કાઢીએ તો અખંડ સોહાગ થાય. પાંચ વખત માનસી પૂજા કરવી, ધ્યાન કરવું, તે સૂતાં, બેઠાં, ચાલતાં, સર્વે ક્રિયામાં ધ્યાન કરવું, સ્મૃતિ રાખવી, મૂર્તિને ક્ષણમાત્ર વિસારવી નહીં. એક દોર રાખે તો બીજું દીઠું ન ગમે. નહીતો માયાનું બળ બહુ છે. (૨/૪૦)

***

મોટા ને ઓળખે તો મોટા તેને પોતાના જેવા કરે. (૨/૪૧)

***

શ્રીજીમહારાજ વિના બીજું જોવાની ઈચ્છા રહે તો મોટી ખોટ કહેવાય અને નાસ્તિકભાવ કહેવાય માટે બીજે જોવાનું કાંઈ બાકી નથી. (૨/૪૧)

***

સિદ્ધદશામાં મુક્તને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક ગુણ રહેતા હશે? સિદ્ધદશામાં તો એકલું અનુભવજ્ઞાન રહે છે. મહારાજની મૂર્તિમાં ને મહારાજના સુખમાં અપારપણું રહે તે અનુભવજ્ઞાન. જેમ આ લોકમાં માયિક પદાર્થનું જ્ઞાન અહીંના જ્ઞાનથી થાય છે તેમ પરભાવમાં મૂર્તિ, મુક્ત, ધામ, સુખ એ સર્વેનું જ્ઞાન અનુભવજ્ઞાનથી થાય છે. (૨/૪૧)

***

આ સભા પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણની છે, તેમાં બેઠાં છો, આ સભામાં બેસવાનું ક્યાંથી મળે? (૨/૪૧)

***

અવળી ક્રિયા કોણ કરાવતું હશે? નબળી ક્રિયામાં મહારાજ ભળે નહીં. તેમાં તો માયા રહીને તેના સ્વભાવ પ્રમાણ કરાવે તે મહારાજે કર્યું ન જાણવું. (૨/૪૧)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

દેહ પડવાનો થાય ત્યારે આનંદ થાય તો પરિપક્વ નિશ્ચય જાણવો. (૨/૪૧)

***

મોટા અનાદિ મળ્યા પછી શું કરવું? મૂર્તિમાં રસબસ થઈને આનંદના સમુદ્રમાં ઝીલવું. (૨/૪૧)

***

રામકૃષ્ણાદિક તથા અક્ષરાદિક અન્વય સ્વરૂપના અવતાર છે અને અનાદિ તથા પરમએકાંતિક એ વ્યતિરેક સ્વરૂપના અવતાર સમજવા! (૨/૪૧)

***

તેલધારા મૂર્તિમાં વૃત્તિ રાખવી, અખંડ વૃત્તિ બહુ કામ કરે છે. માળા ફેરવવામાં, માનસી પૂજા કરવામાં ઉપશમ થઇ સંલગ્ન મૂર્તિમાં જોડાઈ જવાય તેમ કરવું. (૨/૪૧)

***

માયાનું આવરણ મોટા ટાળી નાખે ત્યારે મૂર્તિ વિના કાંઈ દેખાતું નથી. અક્ષરધામ વિના અણુમાત્ર ખાલી નથી. (૨/૪૧)

***

જો મોટા નો મહિમા સમજાય તો વિશ્વાસ આવે, અને વિશ્વાસ આવે ત્યારે હેત થાય. જ્યારે હેત થાય ત્યારે હેતે કરીને મોટામાં જોડાઈ જાય. માટે હેત અને વિશ્વાસથી બહુ કામ થાય છે. જો મહિમા સમજાય તો વિશ્વાસ અને હેત થાય. (૨/૪૧)

***

અક્ષરધામમાં મૂર્તિનું સુખ ભોગવવું તે જ ધામમાં સેવા છે. (૨/૪૧)

***

ભૂંડા દેશકાળમાં ન રહેવું તે પરિપક્વ નિશ્ચયવાળો ન હોય તેને માટે કહ્યું છે. પણ પરિપક્વ નિશ્ચયવાળા ને મહારાજ વિના કોઈ કર્તા નથી. તેને બીજે જવાનું કહ્યું નથી. (ભૂંડોકાળ = ભૂંડો સંગ, દીર્ઘ રોગાદિક ઉપદ્રવ) (૨/૪૧)

***

અનાદિમુક્ત થાય છે તે ક્યા શબ્દથી જાણવું? ૧. અતિ સ્નેહે કરીને ભગવાનમાં લીન થઇ જાય છે. ૨. એવા મુક્તને ભગવાન પોતા જેવા કરે છે. ૩. એ ભક્ત જેવા ભગવાનને


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

જાણે છે તેવો થાય છે. ૪. આત્મસત્તાને પામ્યા પછી ભગવાનની કૃપાથી ભગવાનના તુલ્યપણાને પામે છે અને મૂર્તિને વિશે લીન થાય છે. (૨/૪૨)

***

અંતર્યામી જેવા કરવા છે એટલે શું સમજવું? અંતર્યામી એટલે પરભાવમાં મૂર્તિનું સુખ તથા મુક્ત આદિનું જાણપણું જાણવું તે. પણ માયાના કાર્યમાં અંતર્યામી તે ન જાણવું. (૨/૪૨)

***

અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્યાદિકને કરે છે એવા કર્યા છે એટલે શું સમજવું? પરભાવમાં નિયમ ધરાવીને સત્સંગ કરાવવો ને તેને શુદ્ધ એકાંતિક કરવો ને બધે થી લૂખો કરીને મૂર્તિમાં જોડ્યો તે બ્રહ્માંડની ઉત્પત્યાદિક કરે છે એમ જાણવું. (૨/૪૩)

***

મહારાજ ને મોટા મુક્ત ખરેખરા ક્યારે મળ્યા કહેવાય? તો માન, મોટપ, રસાસ્વાદ એ આદિક સર્વે દોષ મૂકીને મૂર્તિમાં જોડાઈ જાય ત્યારે મળ્યા કહેવાય અને મોટાનો જોગ પણ ત્યારે થયો કહેવાય. (૨/૪૩)

***

સંત ને પેટી, આસન, પૂજા પ્રસાદીના પગલાં ને સર્વેની તૃષ્ણા મેલવી, નહીં તો લાજ ખોવરાવે. (૨/૪૩)

***

સંત કોને કહીએ? તો જે શાંત કરે તે સંત, કલ્યાણ કરે તે સંત, અંત સમયે તેડવા આવે તે સંત કહેવાય. (૨/૪૩)

***

આપણે કઈ વસ્તુ પામવી છે? તો શ્રીજીમહારાજ પામવા છે. માટે બીજામાંથી ટૂંકું કરવું જોશે, જરૂર કરવું જોશે, તે વગર છૂટકો નથી. (૨/૪૩)

***

આ સભા અનાદિમુક્તની છે. અને આ સભામાં પ્રત્યક્ષ મહારાજ બિરાજે છે. એ બે વાતો દ્રઢ કરવી જોશે. એ બે વાતો દ્રઢ થઇ તો અંતર્વૃતિ થઇ જાણવી. જો એ બે વાતો સિદ્ધ થાય તો ખરેખરો એકાંતિક થાય. (૨/૪૪)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

એકાંતિક કોને કહીએ? તો આંખે આંધળો, કાને બહેરો, ત્વચા, રસના આદિકના સર્વે વિષયે રહિત થયો ને માંહી રાગ ન રહે તે એકાંતિક કહેવાય. તે કૃપાને પાત્ર થયો અને શ્રીજીમહારાજની મૂર્તિને આત્મામાં પધરાવે તો પરમ એકાંતિક અને પછી અનુભવજ્ઞાન કરીને તેને મૂર્તિમાં ખેંચે અને મૂર્તિમાં જોડી દે ત્યારે અનાદિમુક્ત થાય. (૨/૪૪)

***

અનુભવજ્ઞાન મૂર્તિમાં ખેંચે તે અનુભવજ્ઞાન કોને કહીએ? જે જ્ઞાન મૂર્તિનું પ્રમાણ કરે, મૂર્તિના સુખનું પ્રમાણ કરે, અને મૂર્તિમાં જોડાવે તે અનુભવજ્ઞાન કહીએ. તે જ્ઞાન વડે મુકતોનું જાણપણું રહે. (૨/૪૪)

***

હજારો સાધનિક સંત હોય તે અનાદિમુક્તની તુલ્ય થાય નહીં. (૨/૪૪)

***

જે પરમાત્મા છે તે તો સર્વાત્મા બ્રહ્મના આત્મા છે, અને અક્ષરના પણ (= મૂર્તિના તેજરૂપ અક્ષરધામ) આત્મા છે. મુક્ત તે પરમ એકાંતિક જાણવા. મહારાજ તે સર્વેના આત્મા છે એટલે મૂર્તિમાન થકા આધાર અને સુખદાતા છે. એમ સમજવું તે પરભાવનો અર્થ છે. (લોયા= ૧૦) (૨/૪૫)

***

આજ્ઞા લોપતો હોય તેની વાત વાચ્યાર્થ હોય, તે સાંભળનારાની બુદ્ધિ ભ્રષ્ટ કરી નાખે અને તે હલકારો બહુ કરતો હોય, પણ જે મૂર્તિમાં રહીને બોલતા હોય તે તો મૂર્તિમાં રહીને ધીમું ધીમું બોલે પણ ધડાકા ન કરે. એની વાતોથી સમાસ બહુ થાય. (૨/૪૫)

***

અમારા બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ અમને કહ્યું જે, "આપણે ઘેર ચાલો. ત્યારે અમે કહ્યું કે ઘર કયું? તો કહે મહારાજની મૂર્તિ!" (૨/૪૮)

***

ત્રણે અવસ્થામાં મૂર્તિમાં જોડાઈ રહેવું અને આ ક્રિયા કરું છું તેમાં મહારાજની શી મરજી છે તે તપાસ કરતા રહેવું. (૨/૪૮)

***

સત્સંગમાં ઝીણામાં ઝીણું થાવું. (=દાસના દાસ, અથવા


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

દેહાભિમાન મૂકી મૂર્તિરૂપ થાવું)(૨/૪૮)

***

ધ્યાનની લટક કેવી શીખવી? તો હાલનાર, ચાલનાર અને ક્રિયા કરનાર મહારાજ! પોતાને તો મૂર્તિમાં રહીને સુખ લેવું તેવી લટક શીખવી. (૨/૪૮)

***

જળમાં પડે તે કોરો રહે નહીં (= અર્થાત માયા માં પડે તો તેને પાશ લાગ્યા વિના રહે નહીં).(૨/૪૮)

***

મહારાજ કેહતા કે મંદવાડ એવો ખરેખરો કરી દેવો કે લોક ભોગમાં ક્યાંય વૃત્તિ રહે નહીં. એક મૂર્તિના સુખે સુખિયું થઇ જવાય એ સાધનમાં સર્વેએ રહેવું. (૨/૪૮)

***

મહારાજ કહેતા કે ભગવાનને મળેલા સંત મળે ત્યારે કલ્યાણ થાય. તો કોઈ વખત જરાય પણ મૂર્તિથી જુદા ન પડે એ મળેલા કહેવાય. (૨/૪૮)

***

જેને મૂર્તિમાં જોડાઈ રહેવું હોય તેને એમ જાણવું જે, આ કલેવરનું ગમે તે થાય, દેહને દુઃખ થાય કે સુખ થાય, તેમાં આપણે શું? (૨/૪૯)

***

આપણે કળયુગમાં સતયુગ સ્થાપી દેવો તે સદાય આનંદ વર્તે અને અપારપણું રહે, જેમ જેમ મૂર્તિમાં જોડાતું જવાય તેમ. (૨/૪૯)

***

અનાદિ તો કોઈ દિવસ માયામાં આવતા જ નથી. તે તો મૂર્તિમાં રહ્યા થકા ખંપાળી નાખીને જીવ ને ઢસરડી લે છે. ખંપાળી એટલે કૃપાસાધ્ય. (૨/૪૯)

***

મોટા જેમ કહે તેમ કરો તો મન સોંપ્યું કહેવાય. (૨/૪૯)

***

જડ-ચૈતન્યનો ત્યાગ કરે તેને ગુરુ કહેવાય. ગુરુના લક્ષણ બહાર જાય તે ગુરુ શેનો? સનાતન હોય તે ગુરુ. સનાતન એટલે અનાદિ. ધામમાંથી ને મૂર્તિમાંથી આવેલા હોય તે!! (૨/૪૯)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

સાધન ઉપર તાન હોય તો પણ ભગવાનને અને મુક્તને સાથે રાખીને કરવાં.(૨/૫૦)

***

માથકવાળા કલ્યાણસંગજીને અમે રામપુરામાં મહારાજની મૂર્તિ સિંહાસનમાં બનાવીને કહ્યું કે આ મૂર્તિનું શું કહેશો? ત્યારે કહે કે, "સાક્ષાત મહારાજ! એ મૂર્તિને બીજું શું કહે?" (૨/૫૦)

***

બી સાચું ખપે! સાચું બી રાખશો તો ઊગી આવશે! (ત્રણ ગુણ કાઢી, નિર્વાસનિક થઇ શુદ્ધ પાત્ર થઇ અને અડગ (દ્રઢ) નિશ્ચય રાખે તો બી સાચું સમજવું). (૨/૫૦)

***

શુદ્ધ પાત્ર થાય ત્યારે ભગવાન રહે, જેમ સિંહણ નું દૂધ સોનાના પાત્રમાં જ રહે તેમ. (૨/૫૦)

***

ભગવાનના સુખ આગળ, ને ભગવાનની મૂર્તિ આગળ બીજું શું જોવું! (૨/૫૦)

***

આપણે તો મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ રાખવી! ક્ષર-અક્ષર પર પુરુષોત્તમનારાયણની મૂર્તિ તેને બાઝવું. મૂર્તિમાંથી અનુભવજ્ઞાનની ખુશ્બોના ગોટા આવે તે લેવા! (૨/૫૦)

***

મૂર્તિના સુખભોક્તા અનાદિમુક્ત છે એ આપણી નાત ને એજ આપણા સગાં-વહાલાં! (૨/૫૦)

***

મોટા અનાદિ તો કર્તા થકા અકર્તા છે. (૨/૫૦)

***

મૂર્તિનું સુખ માગવું એ પણ સકામ. જો માગે તો સભા હસે કે મહારાજ નહીં જાણતા હોય? માટે પ્રસન્નતા માગવી. અને પ્રસન્નતા થાય તેવી ક્રિયા કરવી. (૨/૫૦)

***

ધામરૂપ થઈને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે જોડાવું તે એકાંતિકપણું ને શ્રીજીરૂપ થઈને શ્રીજીના રોમ રોમનું અત્યંત સુખ એના ભોક્તારૂપ થઈને ગુલતાન રહેવું તે પરમ એકાંતિકપણું. (૨/૫૧)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

આસ્તીકભાવનું લક્ષણ શું હશે? મહારાજ ને મોટા અનાદિને ક્યારેય પણ છેટા ન જાણવા ને પોતાને પણ છેટે ન રહેવું. વળી મોટાના વચનમાં જરા પણ સંશય ન કરવો અને મનુષ્યભાવ આવવા દેવો નહીં. (૨/૫૧)

***

આપણને કોઈ દોષ નડતા હોય કે કાંઈક જ્ઞાનવાર્તા સમજાતી ન હોય તો મહારાજને અને મોટા ને સંભારીને નિરંતર પ્રાર્થના કરવી એટલે તમામ દોષ ટળી જાય અને જે ન સમજાતું હોય તે પણ સમજાય. (૨/૫૧)

***

વ્યવહાર દેહને નિર્વાહ અર્થે કરવો, તે પણ શ્રીજીમહારાજ અને મોટાની આજ્ઞા પ્રમાણે જ કરવો. પણ જે વ્યવહાર કરતે થકે મહારાજની મૂર્તિને ભુલાય તેવો વ્યવહાર ભગવાનના ભક્તને કોઈ દહાડે કરવો નહીં. (૨/૫૧)

***

ભગવાનના ભક્તને મુખ્ય તો એ કરવાનું જે મહારાજનું ધ્યાન અને પોતાના દેહના ભાવ વિસારી દઈને બ્રહ્મરૂપ અક્ષરધામરૂપ થાવું ને શ્રીજીમહારાજની મૂર્તિમાં વળગી પડવું. તેજ દેખાય તેમાં પણ અટકી જવું નહીં. (૨/૫૧)

***

મોટા તો કેને નિરાવરણ દ્રષ્ટિ કહે છે? તો એક ભગવાન તથા મુક્ત વિના માયિક પદાર્થની વિસ્મૃતિ તેને ઉપશમ અવસ્થા તથા નિરાવરણ દ્રષ્ટિ ખરેખરી કહે છે. (૨/૫૨)

***

જે ભક્ત ભગવાનના વિષે જોડાણો છે તેના દેહની તથા વ્યવહારની સર્વે ખબર ભગવાનને રાખવી પડે છે. એમ કહીને ઝીણાભાઈની વાત કરી. એવા ભક્તની સેવા કરવાથી કાંઈ સાધન કરવાનું બાકી રહેતું નથી. એવું ફળ મોટાની સેવાનું છે. (૨/૫૨)

***

મોટા અનાદિના શબ્દ જીવમાં ઉતારે તો ભાગવતી તનુ થાય છે તેથી આ બધું દિવ્ય દેખાય છે. પણ તેનું અનુસંધાન અખંડ રહેતું નથી. તે છાનું નાસ્તિકપણું છે. (૨/૫૩)

***

જ્યાં સુધી સત્સંગ સમજાય નહીં ત્યાં સુધી અવળા સ્વભાવ

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ટળતા નથી. (૨/૫૩)

***

આ સત્સંગ તો કલ્પતરુ છે એમ જાણ્યા વિના સત્સંગી અથવા સાધુને વેષધારી સમજી બેસીએ તો કાંઈ ફળ ન મળે.આ સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે. આ સભા અક્ષરધામની છે. (૨/૫૩)

***

સત્સંગમાં પેહલા પોતાનું તપાસવું બીજા ને શિખામણ દેતા પોતામાં રજ, તમ આદિક ગુણ લાવે તો પોતાનું બગાડે, કદાપિ કહેવું પડે તો શુદ્ધ સત્વગુણમાં રહીને કહેવું. (૨/૫૩)

***

આ દિવ્ય મૂર્તિના દર્શને આનંદ, સ્પર્શે આનંદ, સેવાએ આનંદ, પ્રસન્નતાએ આનંદ, વાયુ ઉપર થઈને આવે તો પણ આનંદ, એમ મહારાજના સર્વે સબંધે આનંદ આનંદ અને આનંદ. (૨/૫૩)

***

ભગવાન વિના મોટા મુક્ત ક્ષણવાર પણ જુદા રહેતા નથી. માટે મોટા વાત કરે અગર ન કરે તો પણ તેની છાયામાં અપારસુખ રહ્યું છે. (૨/૫૩)

***

સાધનના બળે મૂર્તિમાં રહેવાતું નથી, એમાં તો કેવળ કૃપા જોઈએ. (૨/૫૪)

***

ભાગવત ધર્મ છે તેણે કરીને ભાગવતી તનુ બંધાય છે. (૨/૫૫)

***

આપણને પોતાના દોષ માલમ પડે ત્યારે એમ જાણવું જે કાળો નાગ મરેલો પડયો છે, તે મરેલાનો પણ ભય રાખવો. (૨/૫૫)

***

કોઈ વાતે નિશ્ચયમાં કસર રાખવી નહીં. (૨/૫૫)

***

મોટા અનાદિને હાથ જોડે એટલામાં ઘાટ-સંકલ્પ થતા હોય તે બળી જાય, પ્રગટ હોય કે દ્રષ્ટિગોચર ન હોય તો પણ અંતર્વૃતિએ હાથ જોડવા. (૨/૫૫)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

સર્વે સાધનનું ફળ શ્રીજીમહારાજનું ધ્યાન છે, તે વિના કારણ દેહ બળે નહીં. (૨/૫૫)

***

જીવને પોતાની ખોટ ઓળખાય એટલે પૂરું થયું જાણવું. અહિંસા, નિયમ, ધર્મ પાળવા, આજ્ઞા પાળવી, પણ કોઈ દુઃખાય એવો તો સંકલ્પ પણ કરવો નહીં. (૨/૫૫)

***

ધ્યાન કરીને અંતર્વૃતિ કરીએ તો તેજ દેખાય ને તે તેજના ઝબકારામાં મૂર્તિ દેખાવા માંડે એટલે સભાએ સહિત મુકતોથી બ્રહ્માંડ ઠસોઠસ ભરેલું છે.એવી રીતે જોડાવું. એક કલાક બેસવા ધાર્યું હોય તો બે કલાક થઇ જાય એમ કરવું. (૨/૫૬)

***

કેટલુંક પુરુષ પ્રયત્ને થાય છે, ને કેટલુંક ભગવાન અને ભગવાનના મુક્તની દયાથી કામ થાય છે એ જાણવું જોઈએ. (૨/૫૬)

***

વચનામૃત અને ભક્તચિંતામણી આદિ સત્શાસ્ત્ર, શિક્ષાપત્રી, ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ આદિ આજ્ઞા, સત એવો જે આત્મા તથા સત એવા પરમાત્મા જે ભગવાન શ્રીજીમહારાજ એ ચાર વાત સિદ્ધ કરે તે સત્સંગી કહેવાય. હવે સત્સંગી થયો પણ દેવ પધરાવવા જોઈએ તે મોટા અનાદિમુક્ત પધરાવે છે. (૨/૫૬)

***

સર્વેને દિવ્ય સમજવા જેથી કોઈનો અપરાધ થાય નહીં. શુભ વાતોનું મનન કરવું પણ નબળી વાતોનું મનન કરવું નહીં. (૨/૫૭)

***

પંચભૂતનો જે દેહ તે બ્રહ્મરાક્ષસ છે તે કાંઈ ને કાંઈ માગ્યા જ કરે છે. જો તેણે ભગવાનમાં જોડી દઈએ તો એ કામ કરી આપે. (૨/૫૭)

***

જેમ હાથીને માવત કબજામાં રાખે છે તેમ આ દેહરૂપ ભૂતને કબજામાં રાખવું. (૨/૫૭)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

માળામાં જેમ દોરો સળંગ છે તેમ માન, અપમાન, જાગૃત, સ્વપ્ન વગેરેમાં મૂર્તિ મુખ્ય રાખવી. (૨/૫૭)

***

દોરડું હાથમાં રાખીને સમુદ્રમાં પડવું, તેમ શાસ્ત્ર છે તે સમુદ્ર છે માટે મહારાજની મૂર્તિરૂપી દોરડું છોડવું નહીં. (૨/૫૭)

***

માળામાં મણકાનો દોરો (= ધ્યાનમાં શ્રીજીમહારાજના જુદા જુદા અંગ દેખાય તે) જુદો દેખાય છે તે માયિકભાવ છે ને સળંગ દેખાય (= આખી મૂર્તિ નખશિખા પર્યંત) તે અનુભવજ્ઞાન છે. (૨/૫૮)

***

ખરેખરું સત્સંગમાં દાસપણું રખાય અને નિર્માનીપણે રહેવાય તો મનુષ્યભાવ તથા દિવ્યભાવ એક સમજાય. નહીં તો ન સમજાય. (૨/૫૮)

***

આ લોકમાં મોટા મોટા વ્યવહારના પહાડ પડ્યા છે, તેને તોડીને બ્રહ્મરાક્ષસને મારીને મહારાજને પધરાવી દેવા. (૨/૫૮)

***

સૂર્યના રથમાં બેઠા તેને રાત્રી-દિવસ નથી. એમ મૂર્તિ આકારે દ્રષ્ટિ થઇ તેને કાળ નથી, કર્મ નથી, દિવસ નથી, રાત નથી, અવસ્થા નથી, એને તો પુરુષોત્તમનારાયણની મૂર્તિના તેજમાં સર્વે સુખમય થઇ ગયું છે. માટે મહારાજની મૂર્તિ વિના બ્રહ્મપુર, ગૌલોકાદિક કાંઈ સંભારવું નહીં. (૨/૫૮)

***

શ્રીજીમહારાજે ગામમાં વન કર્યા છે તે વન તે શું? તો જ્યાં માયા નથી એવા દિવ્ય મંદિરો કર્યા છે. (૨/૫૮)

***

બીજું જ્ઞાન ઓછું હશે તો ચાલશે, પણ એવો પ્રબળ નિશ્ચય રાખવો કે આ સંત છે તે અનાદિ છે, નિર્ગુણ છે ને સભા બધી સળંગ છે, વચ્ચમાં મહારાજની મૂર્તિ છે, મૂર્તિને અને મુક્તને ભેગાપણું છે. એમ સમજે તો બહુ કામ કરી દે. (૨/૫૮)

***

કોઈને એમ થાય જે અમે મોટા દિગ્વિજય કરીએ છીએ, અને સત્સંગીને વાતે ચિતે સુખિયા કરીએ છીએ એમ ન જાણવું.


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

એ તો સર્વે મૂર્તિને લઈને સુખિયા છે, પારકી મિલ્કતના ઘરાક થાવું નહીં. (૨/૫૯)

***

આપણા ઘરની આપણને જ ક્યાં ખબર છે? (મહારાજની મોટાઈ ની) બીજા અવતાર ખંડિયા રાજાને ઠેકાણે છે અને શ્રીજીમહારાજ ચક્રવર્તી રાજાને ઠેકાણે છે. (૨/૫૯)

***

દિવ્યભાવમાં માનસી પૂજા કરે તેને બહુ સુખ આવે. (૨/૫૯)

***

પોતે પોતાની કસર જાણપણારૂપ દરવાજે રહીને કાઢી નાખવી. માંહી કામ, ક્રોધ આદિક ચોરંટા છે તેને કાઢી નાખવા. સ્વામિનારાયણને ત્યાં મડદું શોભે નહીં. (૨/૫૯)

***

મહારાજની પ્રસન્નતાને અર્થે જેમ જેમ મૂર્તિ સન્મુખ ચાલે તેમ તેમ વિધિ વધારે કરવો જોઈએ તો મહારાજ તથા મોટા રાજી થાય. (૨/૫૯)

***

ભમરી મધ ભેળું કરે છે તેમાં થોરિયાનું લાવે, આંબાનું લાવે અને અભરી વસ્તુમાંથી પણ લાવે. એમ ભેગું કરીને પણ રસ મીઠો મેળવે છે. તેમ આપણે આ સર્વમાંથી ગુણ લઇ લેવા. (૨/૬૦)

***

જે નિષ્કપટપણે ગદ્દ ગદ્દ કંઠ થઈને મોટા મુક્તને પ્રાર્થના કરે તેના દોષમાત્ર ટળી જાય. (૨/૬૦)

***

નરનારાયણ છે, રાધાકૃષ્ણ એ સર્વે મહારાજના સંકલ્પ છે, માટે એ બધા સ્વરૂપના દર્શન કરતી વખતે શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને કરવા. સર્વેમાં શ્રીજીમહારાજનો ભાવ લાવવો. (૨/૬૦)

***

ઘાટ સંકલ્પ આડા આવીને ઉભા રહે તે કેમ ટળે? શ્રીજીમહારાજના આશ્રિતને મૂર્તિનું બળ રાખવું ને મોટા સંતનો મહિમા સમજવો. એટલે ઘાટ નડી ન શકે. દેહમાં માયાનું ટોળું ભરાઈ ગયું છે તે બહુ જબરું છે. એના જ્યારે ઘાટ થાય ને મનન કરે ત્યારે સાક્ષાત્કાર થાય, માટે થતા

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ઘાટને જ દંડ દઈને કાઢી મુકવા. (૨/૬૧)

***

નબળા ઘાટનો અભાવ હોય તો મરેલા જાણવા અને હેત હોય તો જીવતા જાણવા. (૨/૬૧)

***

મોટાનો મહિમા સમજીને જોડાય ત્યારથી કલ્યાણ અને સાધનદશાવાળાને દેહને અંતે કલ્યાણ! જેમ એકને રોકડા રૂપિયા ને એકને હૂંડી વટાવવી બાકી છે તેમ. (૨/૬૧)

***

પાંચ વખત માનસી પૂજા કરવી અને તેનો કેફ પંદર કલાક એટલે આખો દિવસ રાખવો. માટે માનસીપૂજા નિયમસર કરવી પણ કાંધા કરવા નહીં. (૨/૬૧)

***

ધર્મ તો સ્વામિનારાયણના ઘેર છે, બાકી તો ઘેર ઘેર ભાંગેલા ઠીકરાં છે, ખપ હોય તેને સત્સંગમાં ઘણા મોટેરા પડયા છે તેના જોગે કરીને પોતાનું પૂરું કરી લેવું. (૨/૬૨)

***

ત્રણ ગુણથી જુદા રહીને નિષ્કપટપણે સત્સંગ કરવો. (૨/૬૨)

***

મોક્ષના લાખો સાધન લખ્યાં છે, પણ મહિમાને દિવ્યભાવ જેવી મોટી વાત કોઈ નથી એમ ભગવાનના ભક્તને સમજવું. (૨/૬૨)

***

ઝાડની છાંયા તળે બેઠા હોઈએ તેમાં બધાને કેવી શાંતિ થઇ જાય છે. ત્યારે મોટા પુરુષની છાંયામાં કાંઈ હશે કે નહીં? (૨/૬૩)

***

જીવને વ્યતિરેક મૂર્તિનો સબંધ ક્યારે થાય? જ્યારે શ્રીજીમહારાજ આ લોકને વિષે મનુષ્યરૂપે દેખાય ત્યારે જે જીવ મોટા પુરુષનો સમાગમ કરીને શ્રીજીમહારાજને જેવા છે તેવા સર્વોપરી જાણે ત્યારે તેનું મૂળ અજ્ઞાન નાશ પામે ને શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિનો સબંધ થાય ત્યારે તે મુક્ત થાય. માટે વ્યતિરેક મૂર્તિનો સબંધ તો મુક્તને જ છે. (૨/૬૩)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

મહારાજને પામવા સર્વદેશી પુરુષ જે મોટા મુક્ત તેની જરૂર પડે છે કેમ જે મોટા મુક્ત દેવ પધરાવી દે (= જીવમાં) તો સાક્ષાત વ્યતિરેક મૂર્તિ એમના આશીર્વાદે દેખાય. માટે મહારાજ કહે છે કે “દેવ જેવો થાય ત્યારે દેવ પૂજા અંગીકાર કરે છે.” (૨/૬૪)

***

ખરેખરો તારુ (swimmer) હોય તો પણ સમુદ્રમાં દોરડું રાખે તેમ ઉપાસનારૂપી કાંઠો (માયારૂપી સમુદ્ર, ઉપાસનારૂપી દોરડું) હાથમાં રાખવો. (૨/૬૪)

***

જે જે સેવા સન્માન થાય છે તે મહારાજને થાય છે, આ સત્સંગમાં સર્વેની મોટપ મહારાજને લીધે છે. માટે પોતાપણું આવવા દેવું નહીં. મોટા મોટા સદ્ગુરુ હોય તેમણે પણ એમ જાણવું જે “પૂજા સર્વે મહારાજને જ થાય છે આપણે તો નિમિત્ત માત્ર છીએ.” (૨/૬૪)

***

જીવની માનીનતા એવી છે કે કોઈકનો માલ ને કોઈકનો ખજાનો પણ ધણી પોતે થઇ બેસે છે. (૨/૬૫)

***

વચનામૃતને મથાળે મહારાજનું સ્વરૂપ વર્ણવ્યું છે તેના સામી નજર જોઈએ. માંહી બધાંય વચન ચમત્કારી છે. તેનો દિવ્યભાવ આવે તો ભારે કામ થઇ જાય. આ તો દરરોજ સમૈયા કહેવાય. પૂછનારા કેવા છે, સાંભળનારા કેવા છે તે બધાંય પ્રગટ જાણવા! (૨/૬૫)

***

વચનામૃતો ભણે તો બધાં શાસ્ત્ર આવી જાય. માટે વચનામૃત બરાબર ભણવા અને એમાંથી ભગવાનનો રસ આવે એટલે સુખિયો, નહી તો લૂખો. (૨/૬૫)

***

આ સર્વે સંતો ને હરિભક્તો તેજોમય બ્રહ્મની મૂર્તિઓ છે એમ જાણે તેને માયિકભાવ ન આવે. (૨/૬૫)

***

મહિમા સમજવો તો એવો સમજવો કે વિયોગ થાય એટલે જીવનપણું મટી જાય. (૨/૬૫)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.



દોષ, સંકલ્પ, ઘાટ, તેને
વારંવાર સંભારવા નહીં,
એક મૂર્તિ જ સંભારવી

બાપશ્રી કહે, "અમે મૂર્તિ વિના બીજું કાંઈ ભણ્યા નથી." (૨/૬૫)

***

ખરી વાત જીવમાં પેસે તો ગાંડા થઇ જવાય. પણ ગાંડા થવાતું નથી એટલી નિશ્ચયમાં કસર છે તથા શ્રદ્ધામાં કસર છે. (૨/૬૬)

***

સમુદ્રમાં પડે, કૂવામાં પડે, અગ્નિમાં બળી જાય, વીજળી પડે અને મરે, પણ જેને મોટા મળ્યા હોય તેને આત્યંતિક કલ્યાણમાં સંશય નહીં. (૨/૬૬)

***

આ તીર્થમાં નાહ્યા (= મોટા સંતનો સમાગમ, સત્સંગ, મૂર્તિમાં રસબસ) તેનો કેટલો મહિમા! બધાય રસબસ નાહ્યા તેમાં શું બાકી કહેવાય! અનંત બ્રહ્મ હત્યાઓ, પંચ મહાપાપ સર્વે નાશ પામી ગયા. (૨/૬૬)

***

આપણે તો મહારાજ, મુક્ત, સંત, હરિભક્તો સર્વે દિવ્ય છે એવો મહિમા રાખવો. પણ બીજું ન સમજવું. (૨/૬૭)

***

જ્યાં મહારાજ અને મોટા વિચર્યા ત્યાં ઝાડ, પહાડ, વસ્ત્ર, વાહન આદિ સર્વે ચૈતન્યમય જણાય છે. (૨/૬૭)

***

જ્યાં લગી કલેવરના ભાવ હોય ત્યાં સુધી સુખ નથી માટે એ ભાવ ટાળવો. (૨/૬૭)

***

મોટા અનાદિ ને વિષે વિશ્વાસ હોય તો કૃપા કરીને પૂરું કરી આપે. તો પણ આજ્ઞા, નિયમ, ધર્મ પાળવા અને સર્વેને દિવ્ય જાણવા. (૨/૬૭)

***

મોટા મહારાજની મૂર્તિમાં નિરંતર રહ્યા છે તેને ક્યારેય પણ માયાનો સબંધ નથી, એ તો ઉદરમાં આવ્યા જ નથી. (૨/૬૭)

***

આપણે તો આ જ્ઞાનગંગામાં નાહ્યા તથા આ બ્રહ્મયજ્ઞ કર્યો તેથી સર્વેના આગળ-પાછળના ગમે તેવા પાપ હોય તે બળી ગયા એમ જાણવું ને હવેથી નવા કર્મ કરવા નહીં. અને


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ખબડદાર થઈને મહારાજની આજ્ઞા પાળવી.  અંતઃકરણરૂપી માયા કાંઈ વિઘ્ન કરવા આવે તો મહારાજ તથા મોટાને હથિયારબંધ જોડે રાખવા. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ પ્રાર્થના કરવી. (૨/૬૭)

***

મોટા મુક્ત પાંચસો ગાઉ કે હજાર ગાઉ છેટે રહેતા હોય પણ બહુ હેતવાળા હરિભક્ત મૂંઝાય ત્યારે તેને દર્શન આપીને કહે કે તમે મુંઝાશો નહીં આપણે ભેળા છીએ! (૨/૬૮)

***

દોષ, સંકલ્પ ઘાટ, તેને વારંવાર સંભારવા નહીં, એક મૂર્તિ જ સંભારવી. (૨/૬૮)

***

જ્યારથી મહારાજ પ્રગટ થયા ત્યારથી પરોક્ષ અવતારોના ભક્તોને એ અવતારોથી તેડવા આવી શકાય નહીં.તેમને શ્રીજીમહારાજ સત્સંગમાં જન્મ ધરાવીને પોતાની ઉપાસના સમજાવી અક્ષરધામમાં લઇ જાય. (૨/૬૮)

***

શ્રીજીમહારાજ ને તેમના મોટા મુક્ત જેને પ્રત્યક્ષ મળ્યા તેને સર્વે આવરણો અક્ષરકોટી સુધીના તમામ ભેદાઈ ગયા તેમ જાણવું. (૨/૬૮)

***

“બાપા! પરમાર્થ તે શું?” જીવને અવળે રસ્તેથી પાછો વાળીને શ્રીજીમહારાજને વિષે અને મોટા મુક્તને વિષે જોડવો તથા તેમનો સ્પર્શ, યોગ, સમાગમ કરાવવો એ ખરો પરમાર્થ! (૨/૬૮)

***

એક એક મુનિમાં અનેક મુનિના વૃંદ. (૨/૬૯)

***

કર્તાહર્તા શ્રીજીમહારાજને રાખીએ એટલે જે સમજવાનું છે તે સમજાણું. (૨/૭૦)

***

સત્શાસ્ત્ર ક્યારે જાણ્યા કહેવાય? જે શાસ્ત્રને વિષે શ્રીજીમહારાજની મૂર્તિ અને તેમના લીલા ચરિત્રો વર્ણવ્યા હોય તે ઉપર જ પ્રીતિ ને પ્રતીતિ પણ પરોક્ષ શાસ્ત્ર ઉપર નહીં તેમ વર્તતું હોય ત્યારે સત્શાસ્ત્ર જાણ્યા કહેવાય. (૨/૭૦)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

સત્પુરુષ કેમ જાણ્યા કહેવાય? જેને શ્રીજીમહારાજના ઉપાસક અને તેમને વિષે જે પ્રીતિવાળા તેમનો જ સંગ ગમે, પણ બીજા મતના ગમે તેવા કહેવાતા હોય તેને વિષે પ્રીતિ અને પ્રતીતિ નહીં. એવી સમજણ હોય તેમને સત્પુરુષ જાણવા. (૨/૭૦)

***

પરમાત્માને સત્ય ક્યારે જાણ્યા કહેવાય? પોતાના સંપ્રદાયમાં મોટા અનાદિમુક્ત અવતાર-અવતારી ભેદ સમજાવે અને શ્રીજીમહારાજનું સર્વોપરીપણું કહે તેને નિઃસંશય થકી માને અને પોતાના સંપ્રદાયના ગ્રંથમાંથી અને સત્પુરુષ થકી શ્રવણ કરીને પુરુષોત્તમનું સ્વરૂપ સમજવું ઘટે તેમ સમજે, તેને વિષે જ પ્રીતિ અને પ્રતીતિ પણ પરોક્ષ શાસ્ત્રમાંથી સમજવામાં તેવી પ્રીતિ નહીં. તે પરમાત્માને સત્ય જાણ્યા કહેવાય. (૨/૭૦)

***

આપણે કારણ મૂર્તિ જે સ્વામિનારાયણ ભગવાન તેમને વળગવું. ને મોટા મુક્તની વાત સાંભળીને તેનું મનન કરવું અને તેનો નિદિધ્યાસ કરવાથી સાક્ષાત્કાર થાય. (૨/૭૧)

***

એટલું તો દ્રઢ કરી રાખવું જે મોટા અનાદિને વળગ્યા છીએ તે આપણને પાકા કરીને બ્રહ્મરસ જરૂર રેડશે જ, પણ ભૂલશે નહીં. (૨/૭૧)

***

ખોટા ખોટા સંકલ્પ અને મલિન ઘાટ થાય કે ઘાટ થાય કે તરત એના ઉપર ખોટા કરી નાખવાના વિચાર ઊપડે તો તે ક્યાં સુધી રહે! જેમ દુશ્મન માથું ઊપાડે કે તરત એના ઉપર ઘણનો ઘા થાય તો તે કેટલું નભે! ન જ નભે મરી જાય. (૨/૭૧)

***

અનાદિમુક્તની સર્વે ક્રિયા અલૌકિક છે, નિર્ગુણ છે, દિવ્ય છે, તેને ઓળખવા ન પડે. એની દરેક ક્રિયામાં જણાય. તે ઊઠતા જણાય, બેસતાં જણાય, મૂર્તિના સુખની ચમત્કારિક વાતો કરતાં જણાય. ધ્યાનમાં નિમગ્ન રહેતાં જણાય. અલૌકિક ભાવના સિદ્ધાંત દેખાડતા જણાય. એવી રીતે અનેક પ્રકારે અનાદિમુક્ત ઓળખાય. (૨/૭૩)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

મનુષ્યભાવ, પ્રતિમાભાવ, દિવ્યભાવ, એ સર્વેનું યથાર્થ વર્ણન કરે એથી સમજાય જે આ અનાદિમહામુક્ત છે. એની છાયામાં સુખ, સુખ ને સુખ જ હોય. એવા મળે ત્યારે પૂરું થાય. (૨/૭૩)

***

એવા મોટા મુક્ત જરા પણ પોતાની મોટપ કે સામર્થી કેહતા નથી, કેમ કે તેમને પોતાપણું છે જ નહીં. તે તો જેટલી જેટલી સામર્થી, સુખ, મોટાઈ કહે છે તે સર્વે પુરુષોત્તમ ભગવાનની જ કહે છે. એવા મોટા મનુષ્ય જેવા ભાસે છે પણ તે તો અલૌકિક દિવ્ય મૂર્તિ છે. (૨/૭૩)

***

અનાદિમુક્તનો મહિમા બહુ સમજવો અને હેતે કરીને તેમની સેવા કરવી, પ્રસન્ન કરવા જેથી શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ તત્કાળ મળે. એમને વિષે ક્યારેય મનુષ્યભાવ ન લાવવો. એમની સર્વે ક્રિયા દિવ્ય સમજવી. એ તો જાણતાં થકા અજાણપણું દેખાડે ને દેહના ભાવ તથા હર્ષ-શોક દેખાડે એ સર્વે રીત અલૌકિક છે એમ જાણવું. (૨/૭૪)

***

મોટા મુક્તને તો દેહના કે અવસ્થાના ભાવ છે જ નહીં. તે તો અખંડ મૂર્તિમાં રહ્યા છે. (૨/૭૪)

***

મોટા મુક્તને વિષે જ્યારે કાંઈ દોષ દેખાય ત્યારે એમ જાણવું જે, મારે વિષે એ દોષ રહ્યા છે તેથી મોટાને વિષે ભાસે છે, પણ મોટા મુક્તને વિષે તો કોઈ જાતનો કાંઈ પણ દોષ છે જ નહીં, તે કેવી રીતે જાણવું? તો દર્પણમાં આપણો ચેહરો દેખાય તેમ! (૨/૭૪)

***

ભગવાન અને મોટાને રાજી કરવા હોય તેને તો રૂડા સ્વભાવ ને રૂડા ગુણ અવશ્ય રાખવા. (૨/૭૪)

***

નાના હોય તેનો મહિમા આપણે સમજીએ તેમાં ખોટ નથી, પણ મોટાને નાના સમજાય તો ખોટ રહી જાય. માટે મહિમા બરોબર સમજવો. (૨/૭૪)

***

વ્યવહારિક શબ્દ મરચા-મીઠાને ઠેકાણે છે અને ભગવાન

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સંબંધી શબ્દ તે તો પકવાનને ઠેકાણે છે. માટે વ્યવહારમાં અવશ્ય જરૂર હોય તેટલું જ બોલવું ને તેમ જ ક્રિયા કરવી. (૨/૭૫)

***

ભગવાન સંબંધી ધ્યાન, કથા, વાર્તા, કીર્તન, ભગવાનની લીલા, ચરિત્ર, ભજન, સ્મરણ જે થાય તેટલું શ્રદ્ધા રાખી કર્યા કરવું. (૨/૭૫)

***

આપણે સત્સંગમાં શું કરવા આવ્યા છીએ? તો મહા અનાદિમુક્તનો જોગ-સમાગમ કરવા. તે અવશ્ય કરવાનું છે તે કરી લેવું. (૨/૭૫)

***

મૂર્તિમાં ચિત્ર-પાષાણનો ભાવ આવે તે મંદવાડ થઇ આવ્યો કહેવાય. (૨/૭૫)

***

જેને જ્ઞાન હોય તેને તો મહારાજ અને મુક્ત કોઈ કાળે પરોક્ષ થતા નથી. (૨/૭૫)

***

મહારાજનું સુખ ને દર્શન અક્ષરને હોય તો અક્ષર જુદા શું કરવા રહે? મુક્ત ભેગા બેસી ન જાય? (૨/૭૫)

***

આપણે કારણનું મંથન કરવું પણ કાર્યનું મંથન કરવું નહીં. તેમાં જ્ઞાનમાર્ગ તે પગથિયું છે તે જ્ઞાનમાર્ગ જાણે ત્યારે ઠેઠ પહોંચાય. નહિતો જાણ્યા વિના ક્યાંય અટકી પડે. (૨/૭૫)

***

જેને મહારાજની મોટપ ખરેખરી જાણ્યામાં આવે તેને જ કુશાગ્ર બુદ્ધિવાળા કહ્યા છે. (૨/૭૬)

***

મૂર્તિરૂપ માળામાં જ રહેવું. (૨/૭૬)

***

હમણાં તો કારણમૂર્તિમાં રહેવું કઠણ પડે છે, પણ રહેવા માંડે તો નીકળવું કઠણ પડે. મહારાજે કહ્યું છે જે, “એણે ક્યારે આગ્રહ કર્યો ને ક્યારે ન થયું?” કરવા માંડે તેને કાંઈ કઠણ નથી. (૨/૭૬)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

પાત્ર થશે તો એની મેળે જ કૃપા થશે. માટે પાત્ર થવા પુરુષ પ્રયત્ન જરૂર કરવો પડશે. (૨/૭૬)

***

જેમ આ ફોટો (સં ૧૯૮૩, ફા.વ.૧૦) પાડતા વાર નથી લાગતી તેમ મહારાજની મૂર્તિ ચૈતન્યમાં પધરાવતા વાર ન લાગે. આમાં સરખું બેસવું ખપે છે. તેમ મહારાજ ને મોટા અનાદિના ઠરાવે ઠરાવ થાય તો તુરત સુખમાં મૂકી દે. (૨/૭૬)

***

જેને ભગવાનને વિષે હેત હોય તેને આમ કીર્તન ભક્તિ બહુ શ્રેષ્ઠ છે. તે કીર્તન મૂર્તિ સંભારીને બોલવા. (૨/૭૬)

***

આપણે સત્સંગમાં આવ્યા પછી શું કરવાનું છે? તો શ્રીજીમહારાજને જેવા સર્વોપરી છે તેવા જાણવા ને મહાત્મ્યે સહિત ભક્તિ કરવી. હાલતાં, ચાલતાં, ખાતાં પીતાં સર્વે ક્રિયામાં મૂર્તિમાં નિમગ્ન રહેવું. (૨/૭૬)

***

ધ્યાન-ભજન કરતા ઊંઘ અને આળસ બહુ થાય છે તેનું શું કારણ હશે? તો તેને મહિમાની કસર છે તેથી એમ થાય છે. (૨/૭૮)

***

જે ચમત્કાર-ઐશ્વર્ય જોઈને મહારાજનો અને મોટાનો નિશ્ચય કરે છે તે કરતાં જેને વિશ્વાસ કરીને નિશ્ચય થાય છે તે શ્રેષ્ઠ છે. (૨/૭૮)

***

મહારાજ તથા તેમના અનાદિમુક્તને વિષે દિવ્યપણું સમજવું અને દિવ્યપણામાં મનુષ્યપણું જાણવું તે શું? તો તેમના દુખે દુઃખી અને તેમના સુખે સુખી થાવું. એમ મોટા મુક્તના દુઃખમાં ભાગ રાખવો. (૨/૭૯)

***

મોટા અનાદિના જે શબ્દ છે તે ઇન્દ્રિયો-અંતઃકરણ ઝીલી શકતાં નથી. એ શબ્દ ને તો જીવ ઝીલવા સમર્થ છે. માટે જે જે શબ્દ મોટા અનાદિ થકી નીકળે તેને શ્રવણ, મનન, નિદિધ્યાસ કરી જીવમાં ઉતારી દેવા. (૨/૭૯)

***

મોટા મુક્ત જેવું મૂર્તિનું સુખ ભોગવે છે તેવું સુખ કેમ આવતું

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

નહીં હોય? તો મહારાજની મૂર્તિના સુખભોક્તા થવામાં પાત્ર થવાની જરૂર છે. પાત્ર થયા વિના એ સુખ જીરવાય નહીં. (૨/૮૦)

***

ભગવાનના ભક્ત તો મહારાજની આજ્ઞાનુસાર મહારાજની મૂર્તિને રાખીને વ્યવહાર કરે તે પણ ખોટો જાણીને કરે. અને મહારાજ અને મોટા મુક્ત મુકાવે તો તરત મૂકી દે. પણ કોઈ પ્રકૃતિ આડી આવે નહીં અને મૂંઝાય પણ નહીં તો તેનો મહારાજના સુખમાં મુક્ત ભાગ રાખે છે. માટે આપણે મોટા મુક્ત સાથે ભાગ કરવો પણ દાડીઓ કરવી નહીં. (૨/૮૦)

***

મોટા મુક્ત સાથે અતિશે હેત કરવું. તે હેત રૂપે કરીને, સ્વાર્થે કરીને, ભયે કરીને અને ગુણે કરીને થાય છે. તેમાં ગુણે કરીને જે હેત થાય છે તે સર્વેથી ઉત્તમ છે. માટે સ્નેહ કરવો તે બીજા સર્વેને મૂકીને ગુણે કરીને જ કરવો. (૨/૮૦)

***

મહારાજની મૂર્તિ અને મહામુક્ત એ બે સામું જોઈએ એટલે બીજું બધું દુઃખ મટી જાય. દુઃખ મટવાનું એ એક જ સાધન છે. (૨/૮૧)

***

સ્થાવર-જંગમ સર્વે ઠેકાણે મહારાજ દેખાય એ સ્થિતિ અને એ વિના કાંઈ ન દેખાય એ પ્રાપ્તિ. (૨/૮૧)

***

માયિક પદાર્થની વાસના તે કારણ શરીર જાણવું. એ કારણ શરીર વ્રજસાર જેવું છે. તે શ્રીજીમહારાજના ધ્યાને કરીને ટળે છે. (૨/૮૧)

***

નાના પ્રકારના ઐશ્વર્યના રાગ તેને મહાકારણ કહેવાય. તે મહાકારણ શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય ને તે મૂર્તિમાં આપોપું થાય ત્યારે ટળે છે. (૨/૮૧)

***

જેને અંતર્દ્રષ્ટિ હોય તે તો મહારાજની મૂર્તિને વિષે દિવ્યભાવે જોડાઈ જાય તે નિષ્કામ કહેવાય. તેને મૂર્તિ વિના બીજું કાંઈ ખપે જ નહીં. (૨/૮૧)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

બાળપણામાંથી પાધરી વૃદ્ધાવસ્થામાં જવું. તરુણ અવસ્થા આવે તો ન કર્યાના કામ થાય. (૨/૮૨)

***

આપણે તો ખરાબ માણસ સાથે સહિયારો વેપાર પણ ન કરવો. ને ભગવાનને રાજી કરવાનું તાન રાખવું. પહેલા ભગવાન અને પછી બીજા બધાય. (૨/૮૨)

***

આજ સત્યુગ છે તે સ્વામિનારાયણના ઘરમાં છે. બીજે નથી. (૨/૮૨)

***

જેને ભગવાનને રાજી કરવા હોય તેને ધડોધડ પાંચ વખત માનસી પૂજા કરવી. એક વારની થઈને બીજી વારની. વળી વાર્તા, કથા, ધ્યાન, ભજન કરીને ભગવાનને રાજી કરવા. (૨/૮૨)

***

મહારાજ કહે છે કે, જેવા અમે છીએ તેવા અમને જાણશો અને જેવા અમારા મુક્ત છે તેવા તેમને જાણશો તો કલ્યાણ થશે. (૨/૮૨)

***

“હેત જોઈને હરિજનનાં વાલો પોતે થયા પ્રસન્ન!” આવો પ્રેમ જોઈને મહારાજ રાજી થાય છે.  તેવા ડહાપણે કે બીજા સાધને રાજી થાય નહીં. (૨/૮૩)

***

આ સંત હરિભક્તરૂપ દિવ્ય વિમાન અક્ષરધામ સુધી ઊડે છે, તે ઠેઠ મહારાજની મૂર્તિમાં ઠરીને બેસે છે. માટે આપણા આવા દિવ્ય વિમાન જોવા. (૨/૮૩)

***

ખાવું-પીવું, પહેરવું-ઓઢવું તેમાં રુચિ રહે તે રજોગુણ, અંધધંધ જેવું વર્તે તે તમોગુણ, તથા ગરીબ રાંક જેવા થઇ રેહવાય તે સત્વગુણ. માટે માયાના ગુણ થકી રહિત થાવું. (૨/૮૩)

***

મહારાજના અનાદિમુક્તનો મહિમા બહુ ભારે છે. એવા મોટાને જમાડે તો અનંતકોટી બ્રહ્માંડને જમાડે તેટલું ફળ થાય છે. (૨/૮૪)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

મહારાજની મૂર્તિ વિના ક્યાંય વાસના રાખવી નહીં. (૨/૮૪)

***

સત્સંગનો નિશ્ચય ક્યારે કહેવાય કે મહારાજ અને મોટા મુક્ત સિવાય બીજે ક્યાંય પ્રતીતિ આવે નહીં. કોઈ દેવ-દેવતાંનો તેને ભાર રહે નહીં. (૨/૮૪)

***

એક વખત આંબાના વૃક્ષનો જાણીને નિશ્ચય કર્યો હોય તો તેનો લીંબડો થાય નહીં તેમ ભગવાન તો એક પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ જ છે તે સિવાય બીજા કોઈ ભગવાન નથી એમ દ્રઢ નિશ્ચય કરવો. (૨/૮૪)

***

શ્વેતદીપ તે શું? તો જે પાંચ વખત મહારાજ તથા મોટા ને સંભારીને માનસી પૂજા કરે તેને મહારાજ પાંચ વખત દર્શન આપે છે તે શ્વેતદીપ. (૨/૮૫)

***

જેને સ્વામિનારાયણ મળ્યા તેને આ લોકની મોટપ તથા આબરૂનું કામ નથી. તેને તો મુક્તનો ખપ કરવો જોઈએ! (૨/૮૫)

***

કાળમાં વરસાદ વરસે તે ભારે કામ થયું કહેવાય. તેમ આજ ખરેખરી શરદ ઋતુ છે. આ વાતો ક્યાંથી આવે છે? તો મહારાજની મૂર્તિમાંથી આવે છે. (૨/૮૬)

***

અવતાર તો ઘણાએ થાય પણ આત્યંતિક મોક્ષ તો મૂર્તિથી જ થાય. "આ વખત નહીં આવે ફરી." વલખાં મારીને મરી જાય. પણ આ વખત ન મળે તે આપણને મળ્યો છે. (૨/૮૬)

***

મોટા મુક્તનો વ્યવહાર બધો દિવ્ય જાણવો. તેમાં કોઈ અયોગ્ય સંકલ્પ કરવો નહીં. મહારસના પીરસનારામાં ફેર નહીં પણ જમનારામાં ફેર છે એમ જાણવું. (૨/૮૬)

***

બાપા કહે છે કે સંત "મંડળધારી કે ભગવાન મંડળધારી?" ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું, "બાપા! મહારાજ મંડળધારી, મુક્તના તો અનેક મંડળ!" (૨/૮૭)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

કેટલાક રાહુ-કેતુ જેવા સત્સંગમાં હોય તે પેહલા તો સહુ ભેગા ભળી જાય, પણ પછી સ્વભાવ જણાવે. (૨/૮૭)

***

પાઘડી બાંધી છે ત્રિલોક થકી ન્યારી. અક્ષરકોટીથી પર એકાંતિક, પરમ એકાંતિક અને અનાદિ. એ વાત પરભાવની છે. (૨/૮૭)

***

મહિમા જાણ્યો હોય તેને દેહનો કારસો વેઠવો કઠણ ન પડે. (૨/૮૭)

***

આપણને તો મહારાજ મળ્યા ને બીજા દેવ ઊઠી ગયા. તેથી આપણા દેવ મહારાજ થયા. તે આત્મામાં મૂર્તિ રહે ત્યારે નેત્રથી જુએ, કાને સાંભળે, મુખે બોલે, એમ બધી ઇન્દ્રિયોમાં મહારાજ રહે છે. તો પણ ધામની અને મહારાજની વાટ જુએ, મુક્તની વાટ જુએ, જે ક્યાં હશે? પણ આત્મામાં છે તેને આકારે વૃત્તિ થતી નથી. (૨/૮૮)

***

મોટાની સાથે નિર્મળ મને જોડાવાથી મોટા અનાદિ આ જીવને દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, દેવતાં એ સર્વેમાંથી મુકાવીને બ્રહ્મરૂપ કરી દે એટલે છતે દેહે જ બ્રહ્મરૂપ કહેવાય. (૨/૮૮)

***

મહારાજનું ધ્યાન કરવા બેસે ને મન તો ક્યાંય ફરતું હોય એવું ધ્યાન ન કરવું. (૨/૮૭)

***

મોટા મોટા સંત જે રસ્તો બાંધી ગયા છે તે રસ્તે આપણે ચાલવું નહિ તો મહારાજ છેટે થઇ જાય. (૨/૮૮)

***

જરા પણ આજ્ઞા લોપીશ તો મહારાજ કુરાજી થશે એમ જાણપણું નિરંતર રાખવું. (૨/૮૮)

***

અક્ષરધામમાં જે મૂર્તિ છે એ જ આ બધી મૂર્તિઓ છે એમ જાણે તેને કાંઈ કરવું રહ્યું નથી. (૨/૮૮)

***

આપણે શ્રીજીમહારાજને પામવાનો વેપાર કરવા બેઠા છીએ

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ને રાતમાં ઊઠી ઉઠીને ધ્યાન કરવું. (૨/૮૮)

***

આપણે તો સ્વામિનારાયણ ને સાથે જ રાખવા. પાધરા  થયા વિના અક્ષરધામમાં ગરવા દેશે નહીં. આકરા બહુ છે. માટે આઘા-પાછા અને વાંક-ચુકા ચાલવું નહીં. (૨/૮૯)

***

આ લોકની બીક લાગે પણ સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં અખંડ બિરાજે છે તેમની બીક ન લાગે એ કેવડું બધું અજ્ઞાન! (૨/૮૯)

***

મહારાજની આજ્ઞા લોપાય તો અપમૃત્યુ થયું જાણવું. (૨/૮૯)

***

જેટલા ઘાટ-સંકલ્પ થાય તેટલો નિશ્ચય જીવમાં નથી. ઇન્દ્રિયો-અંતઃકરણમાં છે. (૨/૯૦)

***

મહારાજનો ખપ બધાયને છે, પણ મોટા ઓળખવા જોઈએ. (૨/૯૦)

***

પોતાની ભૂલ ઓળખવી અને ટાળવી. (૨/૯૦)

***

ધણીના ઘરમાં બેઠા પછી ધણીની મરજી પ્રમાણે વર્તવું જોઈએ નહી તો કાઢી મૂકે. (૨/૯૦)

***

મહારાજ તથા મોટાને સંભારીને દિવ્યભાવે ભેળા રાખવા. (૨/૯૦)

***

પ્રત્યક્ષ ભગવાન ને બીજા માયિક આકાર એમ વચનામૃતમાં કહ્યું છે એટલે કે ભગવાનની મૂર્તિ વિના બીજા સર્વે માયિક આકાર કહેવાય. (૨/૯૦)

***

સાંખ્ય વિચાર તો લાખ વાર કરવો એમ કરતા કરતા મૂર્તિ સાક્ષાત્કાર થઇ જાય. (૨/૯૦)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ભગવાનનો ભક્ત જ્યારે શ્રીજીમહારાજની મૂર્તિના સુખને મોટા અનાદિમુક્તના સમાગમ સેવાએ કરીને શ્રીજીરૂપ થઈને ભોગવે છે ત્યારે એને કોઈ વાતની અપેક્ષા રહેતી નથી. સર્વે ઈચ્છાઓ પરિપૂર્ણ થાય છે. તેને કાંઈ અલભ્યપણું રહેતું નથી.સર્વેનું સુલભપણું થઇ જાય છે. તેને કોઈ મનોરથનું અપૂર્ણપણુ તથા ન્યૂનપણું રહેતું નથી. સર્વે પરિપૂર્ણ થઇ જાય છે. (૨/૯૦)

***

ગાવું, વગાડવું, કીર્તન બોલવાં તેમાં અંતર્વૃતિ હોય તો મૂર્તિ વિના કાંઈ દેખાય નહીં. (૨/૯૧)

***

જુવાની તો આવવા જ ન દેવી (૯/૬૧)

***

“તોરા પાઘમાં રે તે પર મધુકર કરે ગુંજાર” તેમ મુક્ત મૂર્તિની ખુશ્બો લે છે. (૨/૯૧)

***

સ્વામી ભક્તિપ્રિયદાસજી એમ કહેતા જે, “આપણે કાંઈ ન જાણીએ તો એમ જાણવું જે માંહી બાવો બેઠા છે.” તો બાવો કિયા? તો મહારાજ પોતે. (૨/૯૧)

***

જીવ, ઈશ્વર, માયા વગેરે ને અનાદિ કહે અને જ્યાં અનાદિમુક્તની વાત થાય ત્યારે “આ નવો માર્ગ કાઢ્યો” એમ બોલે. પાંચ ભેદ અનાદિ કહે તો રાજી થાય પણ મુક્તને અનાદિ કહે તો મૂંઝાય; એવું ન કરવું. (૨/૯૧)

***

જેમ હીરો તથા ચિંતામણી ઘરમાં રાખી હોય પણ તેની કિંમતની ખબર પડતી નથી. તેમ જીવ પંચભૂતનો દેહનો ત્યાગ કરીને પુરુષોત્તમના સાધર્મ્યપણા ને પામશે ત્યારે ગતિ (= સમજણ પડશે) પહોંચશે. (૨/૯૨)

***

જીવ મહારાજને તથા મોટા મુક્તને સંભારે તો તરત શાંતિ થઇ જાય. (૨/૯૨)

***

મોટા સદ્‌ગુરુ, જે જે કરી ગયા અને જે જે વાત કરે છે તેમાં વિશ્વાસ રાખવો, જેટલો વિશ્વાસ ન આવે તેટલો નાસ્તિકભાવ. (૨/૯૨)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

કોઈ વાત ઝીલી હોય અને તે સમજાતી ન હોય તો એમ જાણવું જે આ વાત છે સાચી, પણ મને સમજાતી નથી. તો તર્ક ન કહેવાય. (૨/૯૨)

***

મોટાના શબ્દ છે તે શ્રીજીમહારાજની મરજી વિના પડતા નથી. (૨/૯૨)

***

શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ ક્યારે કહેવાય? તો જ્યારે દેહના સુખદુઃખને ન ગણી કારણ ઉપર નજર રાખે ત્યારે. માટે કાર્ય ઉપર નજર રાખવી નહીં. (૨/૯૨)

***

મહારાજનો બાંધેલો સંપ્રદાય તેમની પુષ્ટિમાં રહીએ તો મહારાજ રાજી થાય ને જો તોડાય તો મહારાજ કુરાજી થાય, માટે જે કરશે તે ભોગવશે. (૨/૯૨)

***

ગૃહસ્થ સત્સંગી હોય તેનું ખરું કુટુંબ આ સત્સંગ જાણવો. ખરું કુટુંબ અને ખરું ઘર એ તો સત્સંગ છે. એક બાપના દીકરાને તો સત્સંગી જ કહેવાય. મહારાજ આપણા સર્વેના બાપ છે એમ જાણી કથા-વાર્તા કરી સુખિયા રહેવું. (૨/૯૩)

***

જેટલું ચલાય એટલું ચાલવું (=ભજન ભક્તિ જેટલી થાય એટલી કરવી) પણ મોટા મુક્ત સાથે મન બાંધવું તો અંત વખતે પૂરું કરી દે. (૨/૯૩)

***

આ શબ્દો, આવી વાતો ને આવો જોગ તે ક્યાંથી મળે! માટે અપચો ન થવા દેવો. (૨/૯૩)

***

જે મોટાના વચનમાં વર્તે છે તે શ્રીજીમહારાજના વચનમાં વર્તે છે. (૨/૯૩)

***

પોતાને અપૂર્ણપણું ન માનવું. પૂર્ણપણું માનીને છકી પણ જાવું નહીં. (૨/૯૩)

***

મોટા ની કૃપાએ હું તો મહારાજ સાથે જ છું. ક્યાંય જવું-


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

આવવું નથી. એમ જે સમજે તેને આત્યંતિક કલ્યાણ કહેવાય. (૨/૯૩)

***

મહારાજની મૂર્તિમાં મુક્ત સર્વે રહ્યા છે. તે પરસ્પર એક બીજાને કેવી રીતે ઓળખે છે? તો જેમ જુદા જુદા પુષ્પમાંથી સુગંધ આવે છે તે સુગંધી ભિન્ન ભિન્ન છે તેથી જુદી જુદી જાતના પુષ્પની ખબર પડે છે તેમ! (૨/૯૩)

***

અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણ શ્રીજીમહારાજ છે એ કારણ મૂર્તિ તે મૂર્તિના જ્ઞાને કરી ને સર્વે ખોટું કરી નાખવું એટલે થયું. (૨/૯૩)

***

મહારાજ "જય સચ્ચિદાનંદ" કહે છે તે પોતાના મુક્તને કહે છે. (૨/૯૩)

***

મસ્તક પડી ગયું હોય (વર્તમાન લોપ્યુ હોય) તેનો અવગુણ આવે. (૨/૯૪)

***

શ્રીજીમહારાજે કહ્યું છે કે, "નિષ્કામી વર્તમાનમાં ફેર પડવા દેવો નહીં. કોઈ ફેર પાડે તો જેમ વાંઝિયાને ઘેર દીકરો આવીને મરે તેવું અમને વસમું લાગે છે." (૨/૯૪)

***

જીવનો ઢાળ એવો છે કે ગોળ મૂકીને ખોળ ખાવા જાય એમ ન કરવું. (વર્તમાન લોપે) (૨/૯૪)

***

અનાદિ ભેગા રહ્યા થકા ઓળખાય. તેમનું વૃતાંત જોવું, રુચિ જોવી, સિદ્ધાંત જોવો, અભિપ્રાય જાણવો, ક્રિયાઓ જોવી તે સર્વે મહારાજની આજ્ઞા પ્રમાણે જ હોય. પણ આજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ કરે નહીં અને કરાવે નહીં. (૨/૯૪)

***

જેમાં સદાય અપાર મહાસુખ રહ્યું છે, એવા જે સર્વોપરી શ્રીજીમહારાજ તેમને પામવા તે માટે જીવ આગ્રહ કરતા નથી એવું જીવનું અજ્ઞાન છે. (૨/૯૫)

***

પોતાનામાં રૂડા ગુણ ભાસે એ સર્વે શ્રીજીમહારાજને લઈને છે. માટે મૂર્તિને વિષે સર્વે વળગાડવું પણ લગારે પોતાપણું

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

આવવા દેવું નહીં. શ્રીજીમહારાજને આગળ રાખીએ અને પોતે પાછળ રહીએ તો બાધ ન આવે. (૨/૯૫)

***

બોલવું, ચાલવું, ખાવુ, પીવું વગેરે ક્રિયા મહારાજની સ્મૃતિએ સહિત કરવી. જોવું તે પણ મૂર્તિની સ્મૃતિએ સહિત જોવું. એમ સર્વે ક્રિયાઓ મહારાજની મૂર્તિને લઈને કરવી. પણ મૂર્તિ મૂકીને કાંઈ પણ કરવું નહીં. (૨/૯૫)

***

મહારાજ અને મોટા મુક્ત આપણી ભેળા જ છે અને જરાવાર પણ જુદા પડતા નથી એમ જાણીને અંતર્દ્રષ્ટિએ નિરંતર જોગ કરવો. તે જોગ તે શું? તો તેમને સંભારવા, તેમના સામું જોઈ રહેવું, તેમના વચનનો વિચાર કરવો. એ આદિ કરવું. (૨/૯૫)

***

આંતરદ્રષ્ટિથી તે સર્વેનું સમીપપણું થાય છે. માટે અંતર્દ્રષ્ટિ એ ભગવાનના ભક્તની છે, બાહ્યદ્રષ્ટિ એ અભક્તની છે અને દ્રોહદ્રષ્ટિ એ અસુરની છે. માટે નિરંતર અંતર્દ્રષ્ટિ રાખવી. (૨/૯૫)

***

જેને મહારાજ અને મોટા મુક્તનો વિશ્વાસ આવ્યો હોય તેને સર્વે વાતે સવળું પડતું જાય પણ અવળું તો પડે જ નહીં. (૨/૯૫)

***

જેને મહારાજ ને મોટા મુક્તને અંતર્યામી જાણ્યા હોય તેનાથી સર્વે આજ્ઞાઓ પળે, ખોટા સંકલ્પ કરતા પણ બીક લાગે છે જે મોટા તો અંતર્યામી છે અને બધું જ જાણે છે. જે આજ્ઞા વિરુદ્ધ વર્તન કરીશ તો એમનો મારા પર અતિશે કુરાજીપો થશે અને મારુ બગડી જશે. (૨/૯૫)

***

ક્લેશથી ભગવાન ભજવામાં વિઘ્ન આવે માટે કોઈ સાથે વિરોધ કરવો નહીં. (૨/૯૫)

***

અને સંગ કરવો તેમાં પણ ભેદ છે. સંગ તો ઉત્તમ પુરુષનો જ કરવો. સંગ ક્યારે કર્યો કહેવાય કે જો મન, કર્મ, વચન શુદ્ધભાવે નિષ્કામપણે, ગરજુ થઈને સંગ કરે તે સંગ કર્યો કહેવાય. (૨/૯૫)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

આપણામાં માયાના ગુણ ક્યાંય વ્યાપે તો ચેતી જવું ને તરત મોટા મુક્તને વળગી પડવું, મોટાના આશ્રયે કરીને માયાના ભયની વૃત્તિ થઇ જાય છે. (૨/૯૫)

***

આ સમયે શ્રીજીમહારાજ સૌ જીવને સુખિયા કરવા માટે સાધુરૂપે વર્ત્યા. (૨/૯૬)

***

હું તો ભગવાનનો ભક્ત છું તે મારે જગતના જીવની પેઠે શી રીતે વર્તાય? (૨/૯૬)

***

જગતના જીવ ઘણા પ્રકારના સુખદુઃખ ને પામે છે તો પણ પોતાના સ્વભાવને મૂકતા નથી. તો હું તો શ્રીજીમહારાજનો દાસ છું તો હું મારો સ્વભાવ જે શ્રીજીમહારાજની મૂર્તિનું જ સુખ ભોગવવું તેને કેમ મુકું? (૨/૯૬)

***

માયાના ભાવથી મુકાઈને શ્રી પુરુષોત્તમ સન્મુખ ચાલવું તે આવા મહામોટા સમર્થ અનાદિના જોગથી થાય. (૨/૯૬)

***

આ જીવને જેટલો મહારાજનો અને મોટા મુક્તનો મહિમા હોય તેટલું સુખ આવે છે અને જેવો મહિમા સમજાય તેવું થવાય છે. (૨/૯૭)

***

જ્યાં પહોંચાડવાના છે ત્યાં જ્યારે પહોચાડશું ત્યારે મહિમાની ખબર પડશે. આપણે તો સ્વામિનારાયણના ગીત ગાવા. (૨/૯૭)

***

આપણે તો પ્રેમમગ્ન થઇ ને માનસી પૂજા કરવી. તે પ્રેમ કેવી રીતે ઉત્પન થાય? તો અતિ હેતે કરીને મૂર્તિમાં જોડાય તો અંગોઅંગને વિષે પ્રેમ પ્રગટ થાય. જેમ ભુજમાં શામજીભાઈ સભાને હાથપંખા એ વાયરો નાખતા એમ. (૨/૯૭)

***

જો શ્રવણ, મનન, નિદિધ્યાસથી આવી વાતો જીવમાં ઊતરી જાય તો જીવમાં સાક્ષાત્કાર થાય. લોચોપોચો રાખે તેથી કામ ન થાય. (૨/૯૭)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.



આવા મહારાજ! આવા
મુક્ત! આવી સભા! આ
સર્વે અક્ષરધામનો સાજ છે

***

જેને પુરુષોત્તમનારાયણનો સર્વોપરી નિશ્ચય નથી કર્યો ત્યાં સુધી એ જીવ આડો-અવળો ધોબીના કૂતરાની પેઠે વખલાં મારે છે. (૨/૯૭)

***

ચમક દેખી લોહા ચળે તેમ અનુભવજ્ઞાને કરીને મૂર્તિનું સુખ લેવું. પુરુષોત્તમનારાયણની મૂર્તિમાં જોડાવું. (૨/૯૭)

***

જે શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવે તે સાધુ ખરા. આ નક્કી કરવું જોઈશે. (૨/૯૭)

***

જમાડનારા તો તૈયાર છે પણ જમનારા જોઈએ, (૨/૯૭)

***

આવા મહારાજ, આવા મુક્ત, આવી સભા, આ સર્વે અક્ષરધામનો સાજ છે. (૨/૯૭)

***

ભગવાનના ભક્તને પોતાના સ્વરૂપનો તપાસ કરવો. દેહરૂપ મટી જાવું અને ઝળળ, ઝળળ તેજોમય દિવ્ય સ્વરૂપ બનાવી મૂર્તિ સાથે રસબસ ભાવે સુખિયા રહેવું. (૨/૯૮)

***

મહંત કોણ? તો ભગવાનને ઓળખાવે અને મૂર્તિમાં રહે તે! (૨/૯૮)

***

નેત્ર- શ્રોત્રાદિકને તો ભગવાનની મૂર્તિમાં જોડી દેવા, નહિતો મોટી ખોટ આવે. (૨/૯૮)

***

જેના ઘરમાં ભગવાન નહીં તેના ઘરમાં મોટા કામ-ક્રોધાદિક સર્પ રહે છે.  માટે આપણે તો એક ભગવાનની જ મૂર્તિ રાખવી. (૨/૯૮)

***

જે શ્રીજીમહારાજના કહેવાણા હોય તેની તુચ્છ જેવા દોષ ફજેત કરી કિંમત કરાવે તે ઠીક નહીં. (૨/૯૮)

***

વાચ્યાર્થ જ્ઞાનને લક્ષ્યાર્થમાં ફેરવીએ ત્યારે સુખિયા થવાય.


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

કેવી રીતે? તો સર્વે વિષયવાસના મૂકીને ભગવાનને તથા મોટા મુક્તને વળગી પડે ત્યારે! (૨/૯૮)

***

તન, મન, ધન અને અનેક જન્મના કર્મ તે ભગવાનને આપવાના. તેમાં કર્મ આપે છે પણ તન ન આપે, મન પણ ન આપે ને ધન પણ ન આપે. આ તો એકલા કાંકરા આપે છે. તો એકલા કાંકરા કોણ લે? ઘઉં ભેળા હોય તો ચાલે. (૨/૯૮)

***

શ્રીજીમહારાજને રાજી કરવા માટે એ દિવ્ય મૂર્તિનું ધ્યાન જરૂર કરવું પડશે. ધ્યાન કર્યા વગર છૂટકો નથી. એ તો જરૂર કરવું પડશે. (૨/૯૯)

***

જીવને ખપ (= ધ્યાન કરવાનો, મૂર્તિમાં જોડાવાનો) તો હોય પણ ખપમાં ફેર છે. જો હીરો ખોવાણો હોય તો રાત-દિ શોધ્યા કરે અને તે ન જડે તો કેવો વ્યાકુળ થઇ જાય. જો એવો આગ્રહ ધ્યાનમાં હોય તો જરૂર ધ્યાન થાય. (૨/૯૯)

***

જેને એક મહારાજના સુખે સુખિયા થવું હોય તેને તો એ સુખ તરત આવે એવું છે. પણ માંહી બીજું રહી જાય છે તેથી એ સુખ મળતું નથી. રોટલો તથા શેરડીનો કૂચો બેય ભેળું થાય એટલે સુખ ક્યાંથી આવે? (૨/૯૯)

***

જેમ ગૃહસ્થને દ્રવ્યની ને પુત્રની આલોચના રહે છે તેમ આપણે મહારાજની આલોચના રહે તો મૂર્તિ સન્મુખ થઇ જવાય. (૨/૯૯)

***

શૂરવીર થઈને આજ્ઞારૂપી કોટમાં રહીને અંતરશત્રુને જીતીએ ત્યારે મહારાજની મૂર્તિ મળે. (૨/૯૯)

***

મોટા મોટા સંતો તપ કરીને નિર્વાસનિક થઈને સુખિયા થઇ ગયા એ મહા મુક્તો મૂર્તિમાં રસબસ રહેતા ને સદાય એ સુખ ભોગવતા. તો પણ આપણા મોક્ષને અર્થે એમણે સર્વે કરી દેખાડયું એમ જાણવું. (૨/૯૯)

***

શ્રીજીમહારાજનો મહિમા ને સુખ કોઈ અનુમાને કરીને કહે છે,

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

કોઈ પ્રમાણ કરીને કહે છે, કોઈ દેખીને કહે છે. તેમાં જે સાક્ષાત દેખીને કહે છે તે ખરું છે. (૨/૧૦૦)

***

આપણે નિજમંદિર કરવું એટલે મૂર્તિમાં જ રહેવું. તે નિજમંદિર ક્યારે થાય? તો જ્યારે મોટા અનાદિને વિષે આત્મબુદ્ધિ રાખીને વર્તે તો થાય. તે આત્મબુદ્ધિની વાત જબરી છે. (૨/૧૦૦)

***

જ્ઞાનપ્રલય તો પુરુષ પ્રયત્ને કરીને થાય તે જ્ઞાનપ્રલય સદાય રહે છે. (૨/૧૦૦)

***

પોતાના ચૈતન્યમાં મૂર્તિ પધરાવો તો લાખો-કરોડો ચરણારવિંદની જોડું થાય તે ખૂટે જ નહીં. (૨/૧૦૦)

***

સમાધિ કરતા અખંડ સ્મૃતિ વિશેષ છે. કેમ જે સમાધિવાળાને સમાધિ થાય ત્યારે સુખ પછી ખાલી. માટે અખંડ સ્મૃતિવાળાને મૂર્તિ ન દેખાય તો પણ અધિક છે. (૨/૧૦૦)

***

મહારાજ અને મોટાનો મહિમા વાચ્યાર્થ જાણે તો કામ ન થાય. પણ જો લક્ષ્યાર્થ જાણે તો કામ પૂરું થઇ જાય. જો લક્ષ્યાર્થ મહિમા જાણે તો તેનું ભાગવતી તનુ બંધાઈને કિશોર અવસ્થા આવે છે. અને પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામીને પુરુષોત્તમના આકાર જેવો થાય છે. (૨/૧૦૦)

***

બાપાશ્રી ૬ વખત કરાંચી પધારેલા. નાના હતા ત્યારે તેમના પિતાશ્રી પાંચાબાપા સાથે આવેલા, વીશ વર્ષના હતા ત્યારે આવેલા. સં ૧૯૬૭. સં ૧૯૭૨, સં ૧૯૭૯ સં ૧૯૮૩માં પધાર્યા હતા. (૨/૧૦૦)

***

સ્થાવર અને જંગમ એ બે પ્રકારના તીર્થ છે. સ્થાવર તીર્થ (મંદિર વગેરે) વિષયી તથા પામરને માટે છે. તે સ્મૃતિ કરાવી દે. સંત અને અનાદિમુક્ત છે તો જંગમ તીર્થ ને માયા પાર કરી મૂકે. (૨/૧૦૧)

***

શું તેજ! શું લાવણ્યતા! શું ઐશ્વર્ય! ઝળળ ઝળળ મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે. એ મૂર્તિમાં મુક્ત સદાય રસબસ રહ્યા



Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

છે. એમ દ્રઢ નિશ્ચય કરે તો જ મૂર્તિ હાથમાં આવે. (૨/૧૦૧)

***

ચોખ્ખો થઈને મંદિર તૈયાર કરે તો મોટા તરત મૂર્તિ પધરાવી આપે. (૨/૧૦૧)

***

આ સંત અમદાવાદના છે, ભુજના છે, એવો ભાવ ટાળવો, આ તો સર્વે શ્રીજીમહારાજના સંકલ્પ છે એવો ભાવ લાવવો. (૨/૧૦૧)

***

સંતનું મધ્ય તે શું? તો આ સભામાં શ્રીજીમહારાજ બિરાજે છે એ સંતનું મધ્ય છે. (૨/૧૦૧)

***

ઉપાસનામાં વાંધો ન જ આવવા દેવો. અજાણમાં કોઈ આજ્ઞામાં ફેર પડયો હોય તો તપે કરાવી ને અથવા જન્મ ધરાવીને વાંધો ભાંગે પણ જો ઉપાસનામાં કાચું હોય તો એ વાંધો ભાંગે નહીં. માટે પતિને પડયા મેલવા નહીં. (૨/૧૦૧)

***

સુખિયો કોણ? તો જે મહારાજની મૂર્તિ રાખે, સાધુતા ખરી રાખે, ને સત્સંગમાં દાસભાવે વર્તે તે. (૨/૧૦૨)

***

આપણે તો મૂર્તિના સુખના પારણા કરવા. તે અચળ અને સનાતન છે. મૂર્તિના સુખ વિના બીજું જમવું તે ચળ છે તે ટકે નહીં. માટે એ દિવ્ય સુખનો આહાર કરવો. (૨/૧૦૨)

***

જે જે કરવું તે એકાંતમાં બેસી એક વૃત્તિએ કરી મૂર્તિમાં જોડાવાય તેવું કરવું. તો તેને મૂર્તિ સાક્ષાત દેખાય. (૨/૧૦૨)

***

આપણે સર્વેને દિવ્યભાવે બ્રહ્મની મૂર્તિઓ છે એમ જાણવું. (૨/૧૦૨)

***

શ્રીજીમહારાજ પાસે એમ પ્રાર્થના કરવી કે, “કોઈ દિવસ નાસ્તિક તથા કુસંગીનો સંગ ન થાય.” તે કુસંગ તે શું? તો મોટા ભગવદીના દોષ આપણા જીવમાં ઘાલી દે તે. (૨/૧૦૨)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

ગંગાજીનું જળ ગૌમુખીમાંથી આવે છે તેમ ગંગાજીને ઠેકાણે મૂર્તિ છે. જળને ઠેકાણે મૂર્તિનું સુખ છે અને ગૌમુખીને ઠેકાણે મુક્ત છે. (૨/૧૦૨)

***

જે સ્વામિનારાયણ નામ લેતા હોય તેવાના દોષના સંકલ્પ થાય તો આપણું ઠીકરું ફૂટી જાયને વ્રજલેપ થાય કારણકે જેના જીવમાં સ્વામિનારાયણ હોય તેના મુખથી જ તે શબ્દ નીકળે. માટે તેવાના દ્રોહથી બીતા રહેવું. (૨/૧૦૨)

***

મોટા કોણ? તો જે મૂર્તિથી જુદા ના પડે તે મોટા. (૨/૧૦૨)

***

મૂર્તિનું સુખ પામવા સજાતિ થવું. (૨/૧૦૩)

***

એક જ્ઞાનપ્રલય થાય તો બીજું કાંઈ રહે જ નહીં. એક મહારાજ અને તેમના મુક્ત રહે. (૨/૧૦૩)

***

મુક્તને મૂર્તિમાં આવરણ નથી. મુક્ત-મુક્તમાં સોંસરા ચાલ્યા જાય છે. જેમ સંતદાસજી ભીંત સોંસરા ચાલતા તેમ. (૨/૧૦૪)

***

વૈરાગ્ય, આત્મનિષ્ઠા, શ્રદ્ધા, અહિંસાધર્મ અને બ્રહ્મચર્ય પાંચ સાધને યુક્ત થાય ત્યારે ભગવાનના તુલ્યપણાને પામે ને શુભ અશુભ કર્મથી બંધાય નહીં. (૨/૧૦૪)

***

પોતાના ઘરમાં રહેવું એટલે મૂર્તિમાં જ રહેવું. (૨/૧૦૪)

***

સત્સંગ દિવ્ય કેમ જણાય? તો “નરનારાયણ દિવ્ય મૂર્તિ સંતનો વિશ્રામ”. એમ ભગવાનને દિવ્ય જાણે એટલે મૂર્તિને પામેલા સર્વે દિવ્ય. (૨/૧૦૫)

***

મોટા ઓળખાય કેમ? મોટા ને તો એક ભગવાન જીવન હોય. એટલે ખપવાળાને ભગવાનની દયાએ મોટા જરૂર ઓળખાય. (૨/૧૦૫)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સુખ કેમ મળે? સુખ તો મહારાજ આપે ત્યારે જ આવે અને ટાઢું પણ ત્યારે જ થાય. પણ સુખ આગ્રહથી નથી મળતું. આગ્રહથી તો લાડકીબાઈ જેવું થાય. (૨/૧૦૫)

***

ખોટામાં ખોટી થયા એટલો બાળકિયો સ્વભાવ. (૨/૧૦૫)

***

ત્યાં (મૂર્તિમાં) કેમ જવાય? તો એકાંતિક થઈને શ્રીજીમહારાજને જીવમાં પધરાવે એટલે પરમ એકાંતિક થાય. ત્યારે શ્રીજીમહારાજનું અનુભવજ્ઞાન ખેંચી લે જેમ સમુદ્રની વેળ આવે છે તેમ. (૨/૧૦૬)

***

મુદ્દો રાખવો એ શું? તો કારણ મૂર્તિ રાખવી. (૨/૧૦૬)

***

એક વૃત્તિએ કરીને અખંડ મૂર્તિમાં જોડાવું પણ ચાર-આઠ વૃત્તિ ન કરવી. (૨/૧૦૬)

***

આ સભા ભેગા મહારાજ અને મોટા છે એવું ન મનાય એટલું નાસ્તિકપણું છે. (૨/૧૦૭)

***

આંખમાં ઝોંકો વાગે તો વોયકારો થઇ જાય તેમ જીવમાં ઝોંકો વાગે નહિ (મોટાનો અવગુણ) એવો ખટકો રાખવો. (૨/૧૦૭)

***

મોટા અનાદિનો જોગ તે તો જંઇનો વેપાર ને લાખનો લાભ. (૨/૧૦૭)

***

જેને ભગવાનની લગની હોય તેને તો ભગવાન વિના બીજું દેખાય જ નહિ. (૨/૧૦૭)

***

શ્રીજીમહારાજ અને મોટાને સદાય પ્રત્યક્ષ જાણીને સૌ આજ્ઞા પાળજો માટે મહારાજના અનાદિ મહામુક્તનો વિશ્વાસ રાખીને પોતાનું પૂરું કરી લેવું. (૨/૧૦૮)

***

આ સભા ને આ પૂજા તેને જે કોઈ સંભારશે તેના ઘાટ-

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સંકલ્પ ટળી જશે. (૨/૧૦૮)

***

કોઈએ મૂર્તિની સ્મૃતિ વિના નહાવું નહિ. અનંત મુક્તે સહિત શ્રીજીમહારાજને નવરાવવા. (૨/૧૧૦)

***

આપણે શ્રીજીમહારાજની મૂર્તિ તથા મોટા અનાદિને વિષે ક્યારેય મનુષ્યભાવ ન પરઠવો. (૨/૧૧૦)

***

મહારાજની મૂર્તિને આપણે ઘડીયે મુકવી નહિ. એટલે સાધન માત્ર પુરા થયા. (૨/૧૧૦)

***

જોવા જેવા તો એક શ્રીજીમહારાજ જ છે. દોયલી વેળાના દામ અને ખરી વેળાનો ખજીનો પણ એ છે અને એ જ જીવનમુડી છે. (૨/૧૧૦)

***

મોટા મોટા નંદ સંતો ક્યારેય મૂર્તિને મૂકતા નહિ. માળા, માનસી પૂજા, ધ્યાન, ભજન, સેવા, કથા-વાર્તા નિરંતર કર્યા જ કરતા. એમને તો એમ જે એ સુખ વિના બીજું શું જોવા જેવું છે. આપણે પણ એ માર્ગ લેવો. (૨/૧૧૧)

***

મોટા મોટા સંતો તથા સ્થિતિવાળા હરિભક્તો તો મૂર્તિમાં ગુલતાન જ રહે પણ ઉત્તમ સ્થિતિને ન પામ્યા હોય તે લૌકિક પદાર્થમાં સુખ માને તો પણ સત્સંગમાં જેનો જન્મ આવે તેના મોટા ભાગ્ય! (૨/૧૧૨)

***

શ્રીજીમહારાજની કોઈ જોડ નથી. એમના જેવા તો એ એક જ છે. "આ મૂર્તિ સૌથી નોખી અચરજકારી છે. તથા જોવા રાખી નહિ જોડ પુરુષોત્તમ પ્રગટી." એવી એ કારણ મૂર્તિ છે. (૨/૧૧૩)

***

અમને મનુષ્ય જેવા જાણો તો અમે કુટુંબી થઈએ, અને જેવા છીએ તેવા જાણો તો સર્વના સ્વામી શ્રી પુરુષોત્તમ ભગવાન તેમની મૂર્તિમાં જ રસબસ છીએ. અમે જીવોને એ મૂર્તિના સુખમાં રાખવા આવ્યા છીએ.પણ અમે કોઈના બાપ, દીકરા કે સબંધી નથી. અમે અનાદિમુક્ત જ છીએ. અમારી આ


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

લોકમાં કોઈ જોડ નથી. (૨/૧૧૫)

***

જેમ કુવામાં પાણી ખરું-મોળું કે મીઠું એમ જુદા જુદા પ્રકારનું નીકળતું જણાય છે. તેમ પાત્રતાની તારતમ્યતાએ સુખમાં ફેર પડે છે. માટે અનાદિમુક્તના ઉત્તમ જોગથી ઉત્તમ પાત્ર થવું. (૨/૧૧૬)

***

અવરભાવમાં મંદિર તે અક્ષરધામને માંહી મહારાજ બિરાજે તે અક્ષરધામના ધણી. પરભાવમાં તો શ્રીજીમહારાજે દયા કરી મૂર્તિમાં રાખ્યા ત્યારથી અનંત મુક્તે સહિત મહારાજ ભેગાને ભેગા છે. એમ જાણી આનંદમાં રહેવું. (૨/૧૧૬)

***

મોટા તો સદાય નિર્લેપ છે. કેમકે કાળ, કર્મ ને માયાનો ભગવાનના ભક્તને માથે હુકમ નથી તો મૂર્તિમાં રસબસ રહેનારા અનાદિમુક્ત તેને શું હોય? (૨/૧૧૭)

***

જીવને ઘાટ- સંકલ્પ નડતા હોય તો મહિમાએ સહિત ગદ્દગદ્દ કંઠથી અને મહારાજ તથા મોટા મુક્તને પ્રાર્થના કરે તો ટળી જાય. (૨/૧૧૭)

***

મૂર્તિને મૂકીને શાસ્ત્ર ભણે, કથા-કીર્તન કરે તો પણ મોટા સંતે દિન કઢણી કહી છે. (૨/૧૧૭)

***

સર્વોપરી ભગવાન અને સર્વોપરી મુક્ત મળ્યા તો પણ અંતર ગળતું નથી તેનું કારણ એ જે મહારાજનો તથા અનાદિમુક્તનો જેવો છે તેવો મહિમા જાણ્યામાં આવ્યો નથી. (૨/૧૧૭)

***

સાંખ્ય અને યોગ તે શું? તો શ્રીજીમહારાજ વિના સર્વે ખોટું જાણવું તે સાંખ્ય અને મહારાજની મૂર્તિમાં રસબસ રહેવું તે યોગ. (૨/૧૧૭)

***

ગુણમાં આવીને કોઈ ને ન વઢવું(૨/૧૧૮)

***

રાજાનું રાજ્ય એટલું રાણીનું રાજ્ય. મહારાજના

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

અનાદિમુક્તને તો મહારાજરૂપ જ કહેવાય. માટે મૂર્તિમાં રસબસ રહેનારા મુક્તને મહારાજથી પૃથક જે જે ઉપમા દેવાય તે અધૂરી છે. મહામુક્ત તો મૂર્તિરૂપ છે. મહારાજના અનાદિ મહામુક્ત તો મહારાજથી પૃથક રહેતા જ નથી. ત્યાં "સર્વ મુક્ત થી અધિક આ મુક્ત" એમ નથી. (૨/૧૧૮)

***

દેખાવનો સત્સંગ ન કરવો. (૨/૧૧૯)

***

મોટા મુકતોએ શાસ્ત્રોમાં લખ્યું છે જે, "હરિ કા હરિના મળેલાનો ખપ કરવો." (૨/૧૧૯)

***

મૂર્તિ આકારે વૃત્તિ થાય તો અક્ષરધામ અણું જેટલું પણ છેટું નથી. (૨/૧૧૯)

***

જેને આ દેહે એક મહારાજને રાજી કરી લેવા હોય તેને તો પોતાના ઠરાવ પડયા મૂકી શીળા (= દાસપણું અને નિર્માનીપણું) થઇ જવું તો મૂર્તિનું સુખ આવે. (૨/૧૨૦)

***

જેને મૂર્તિનું સુખ લેવું હોય તેને તો બધી તાણાતાણ મૂકી મહારાજનું ધ્યાન કરવું. મૂર્તિનું સર્વે વાતમાં બીજ લાવવું. (૨/૧૨૦)

***

મૂર્તિ તેજોમય, તેથી તેજ જુદું અને મહારાજ જુદા એમ કેમ કહેવાય? મહારાજ તેજના કારણ છે. એ તેજ દેખાડવું કે નહિ તે તેમની મરજી. (૨/૧૨૧)

***

મૂર્તિ આકારે દ્રષ્ટિ થાય તો તે આત્માના સુખે કરીને તથા અક્ષરના સુખે કરીને અકળાઈ જાય ને મૂર્તિ વિના રહી શકે નહિ. (સદ્ અ.મુ. ગોપાળનંદ સ્વામી). (૨/૧૨૧)

***

અનંત કોટી બ્રહ્માંડના આધાર સર્વોપરી, કારણ મૂર્તિ, શ્રી હરિ, સહજાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિના સુખ તુલ્ય કોઈ સુખ કહેવાય જ નહિ. માટે અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયે કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં અતિ પ્રેમલક્ષણા ભક્તિએ સ્નેહ કરીને એ મૂર્તિના સુખમાં ગુલતાન રહેવું પણ અક્ષર આદિકની મોટપ તથા સુખમાં લેવાવું નહિ. (૨/૧૨૧)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

શ્રીજીમહારાજે કહ્યું છે કે "ક્ષર-અક્ષરને અમારી શક્તિએ કરીને ધરી રહ્યા છે." તો પણ જાણ્યા વિના "અક્ષરના આધારે મહારાજ રહ્યા છે" એમ જે કહે છે તેને શ્રીજીમહારાજના મહિમાની શું ખબર પડે? (૨/૧૨૧)

***

જળ તરંગ નહિ ભેદ જદા તેમ તેજ અગ્નિ નહિ ભિન્ન તદા એમ હરિ-હરિજન એક સદા! (૨/૧૨૧)

***

જીવ ને મોટો કુસંગ તો આ દેહનો છે. તે દેહભાવ ટાળવો કઠણ છે. એ તો કર્મની કોટડી છે. આપણે તો એક મૂર્તિનું જ અનુસંધાન રાખવું નહિ તો દેહનો મમત્વ મટે તેવો નથી. (૨/૧૨૨)

***

અ.મુ.સદ્ સ્વરૂપાનંદ સ્વામી મહારાજની આજ્ઞાથી દેશમાં ફરવા ગયા પણ ક્યાંય મૂર્તિ વિના મનુષ્ય દેખ્યા નહીં. તેમ આપણે પણ મહારાજ તથા આવી દિવ્ય સભા વિના બીજે ક્યાંય મનુષ્ય નથી એમ જાણી મૂર્તિમાં વળગી પડવું. (૨/૧૨૩)

***

ભગવાનના ભક્તનો દ્રોહ કરે તેની બુદ્ધિ આસુરી થઇ જાય છે. (૨/૧૨૩)

***

આપણે જાણપણારૂપ દરવાજે રહેવું અને સદાવ્રત જે શ્રીજીનું સર્વોપરી જ્ઞાન તે સર્વેને આપવું અને કુતરા-ગધેડાની પેઠે નબળા દોષ તેમને જીવમાં પેસવા દેવા નહીં તો સર્વે દેણું વળી જાય. અથાર્ત પાપ નાશ પામે. (૨/૧૨૩)

***

છેલ્લો યજ્ઞ એટલે છેલ્લી સ્થિતિ અનાદિની કરવાનો બ્રહ્મયજ્ઞ. (૨/૧૨૪)

***

મહારાજના અનાદિમુક્ત દયા કરી જીવોને મૂર્તિને સુખે સુખિયા કરવા દ્રષ્ટિગોચર વર્તતા હોય તેમને ન જાણીને તેના વિષે મનુષ્યભાવ પરઠે તે જ મંદવાડ! (૨/૧૨૪)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

મહારાજ તથા મોટા મુક્તના દર્શન થયા હોય, વાયરો અડયો હોય, અથવા બે શબ્દ જીવમાં પડી ગયા હોય તોય બહુ બળ આવે. (૨/૧૨૫)

***

સર્વે સારનું સાર શ્રીજીમહારાજની મૂર્તિ. (૨/૧૨૫)

***

મોટાની દ્રષ્ટિમાં તથા રાજીપામાં જે આવ્યા હોય તે કેમ ઓળખાય? તો એ મૂર્તિ વિના રહી શકે જ નહીં. એ કથા, વાર્તા, ધ્યાન, ભજન કર્યા કરે અને દરેક વાર્તામાં મૂર્તિનું મુખ્યપણું લાવે તો જાણવું એ આના ઉપર મોટાનો રાજીપો છે. (૨/૧૨૫)

***

શ્રીજીમહારાજે કહ્યું છે કે મોટા મુક્તને જોગે તથા સેવાએ સો જન્મની કસર ટળવાની હોય તે આ જન્મે ટળે. (૨/૧૨૬)

***

અનંત કોટી રામ ને અનંત કોટી કૃષ્ણ અને અનંત કોટી મુક્ત, એ સર્વેના કર્તા, સર્વેના આધાર, સર્વેના નિયંતા ને સર્વેના કારણ મહારાજને સમજે ત્યારે જ્ઞાન થઇ રહ્યું (આ તો અનંત ભગવાનના ભગવાન છે તે આપણે ઘેર આવીને બેઠા છે... અ.મુ.સદ્ ગુણાતીતાનંદ સ્વામી) (૨/૧૨૬)

***

ધર્મ પળાવવામાં તો મન દુઃખાય તોય કહ્યા વિના ચાલે નહીં. કેમજે ધર્મ લોપનારને આગળ દુઃખ બહુ વેઠવું પડે તે કરતા તો તેને ઠપકો આપીને કે પ્રાયશ્ચિત કરાવીને પણ ઠેકાણે પાડીએ તો તેનું સારું થાય. (૨/૧૩૦)

***

સદા સાકાર, નિર્ગુણ મૂર્તિ, સ્વતંત્ર થકા પોતાના તેજે અનંત બ્રહ્માંડને તથા અનંત ઐશ્વર્યાર્થીઓને પ્રકાશના દાતા, સુખમય મૂર્તિ, સર્વેના આધાર, પરમ એકાંતિક તથા અનાદિ મહામુક્તોએ સેવ્યા છે ચરણકમળ જેમના એવા અને એ મુક્તોને રસબસ ભાવે સળંગ પોતાની મૂર્તિનું નવીન નવીન સુખ પમાડનાર, સુખના ધામ, મનોહર મૂર્તિ, અક્ષરબ્રહ્મના આધાર, અક્ષરના આત્મા, દિવ્ય મૂર્તિ, અનંત બ્રહ્માંડમાં અન્વય શક્તિ વડે પ્રકાશના કરનારા, સર્વેના કારણ શ્રી હરિ. એ જેવા એ એક જ! ક્યાં જીવ અને ક્યાં જીવના! (૨/૧૩૫)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

અનાદિ થકી અનાદિની સ્થિતિ થાય પણ તે વિના ન થાય. સાધને કરીને કેટલુંક થાય? (૨/૧૩૬)

***

મહારાજની મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે. (૨/૧૩૭)

***

એક મૂર્તિમાં અનેક મુનિના વૃંદ છે. (૨/૧૪૦)

***

મહારાજને અંતર્યામી જાણજો. હવે સૌ આજ્ઞામાં ખબડદાર રેહજો. વચનમાં ફેર પડે તો જાણજો જે આ બાપો તે વખતે આવીને ઉભા રહેશે. (૨/૧૪૦)

***

પુરુષોત્તમનારાયણ  તે સર્વેના કારણ છે, એમનો કોઈ કર્તા નથી. એ સૌના કારણ છે, કર્તા છે, નિયંતા છે, આધાર છે. એમ સમજે તો કામ થાય. (૨/૧૪૧)

***

વૈરાગ્ય શ્રેષ્ઠ કે ભક્તિ? ત્યારે સદ્ ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રીએ કહ્યું કે ભક્તિ! બાપાશ્રી બોલ્યા જે ભક્તિમાંથી વૈરાગ્ય આવે ભક્તિ કરશો તો મહારાજ રાજી થશે. માટે વૈરાગ્ય અને ભક્તિ અવશ્ય રાખવા. (૨/૧૪૨)

***

જ્ઞાન સમ વસ્ત્ર નહીં, ધીરજ સમ નહીં ઢાલ, શિયળ સમ સિંહાસન નહીં. (૨/૧૪૨)

***

સ્થૂળ ઇન્દ્રિયો જીતાય ત્યારે કારણ શરીર બળે. (૨/૧૪૨)

***

આત્યંતિક પ્રલય જે જ્ઞાનપ્રલયના ઉપશમે કરીને શ્રીજીમહારાજનું ધ્યાન કરે તો કારણ શરીર ટળે. (૨/૧૪૨)

***

મૂર્તિનું સુખ અને મૂર્તિના સુખભોક્તાનો મહિમા સમજે તો કલ્પેકલ્પ વીતી જાય તો પણ સુખ આવતું જ રહે. મૂર્તિનો ખરેખરો દિવ્યભાવ વર્તે એ જ સુખ જાણવું. (૨/૧૪૩)

***

ભોમિયા હોય તે જ માર્ગ બતાવે. તેમ એ મુક્ત મૂર્તિના સુખભોક્તા છે તેથી એ દિવ્ય સુખમાં પહોંચાડે. (૨/૧૪૪)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

કાયાનગરને વિષે જીવ કાને કરીને નબળા શબ્દ સાંભળે નહિ, નેત્રે કરીને ભગવાન વિના બીજું રૂપ જુએ નહિ, નાકે કરીને ભગવાનની પ્રસાદી વિના બીજી અત્તર-ચંદનાદિકની સુગંધી ન લે, જિહવાએ કરીને ભગવાનની પ્રસાદી વિના બીજે રસ ન લે, એવી રીતે દસ ઇન્દ્રિયો તથા ચાર અંતઃકરણ એ સૌને વશ કરીને ભગવાન સંબંધી ક્રિયા કરાવે તો સુખિયો થાય એટલે મહારાજની મૂર્તિ દેખે. (૨/૧૪૪)

***

સંતો! બોલો ગોડી ને મહારાજ આવે દોડી. (૨/૧૪૪)

***

જીવને કલ્યાણ માટે મહારાજ તથા મોટા મુક્તના વેચાણ થઇ રહેવું. (૨/૧૪૫)

***

મૂર્તિ વિનાની બીજી વાતો કરવી તે તો ખોટી થવા જેવું છે. માટે ખરા અનુભવી થવું. (૨/૧૪૫)

***

તત્વે કરીને ભગવાનને જાણે એટલે મૂર્તિનું સુખ યથાર્થ આવે. (પ્ર- ૬૩)(૨/૧૪૬)

***

મૂર્તિમાં મુક્ત રહ્યા છે એ તો સાક્ષાત્કારવાળા જેમ છે તેમ જાણે અથવા દયા કરીને બતાવે તો દેખે. (૨/૧૪૬)

***

જેવી સમજણ તેવી પ્રાપ્તિ! (ધ્યાન સન્મુખપણાનું અને સમજણ મૂર્તિમાં રેહવાની, તેને કેવી પ્રાપ્તિ થાય?) (૨/૧૪૬)

***

શ્રીજીમહારાજને તથા મોટા મુક્તને જે ન ઓળખે એ તો ખીજડા જેવા છે અને આ દિવ્ય સભાને વિષે નિષ્ઠા હોય તે તો આંબા જેવા છે. (અ.મુ.સદ્ ગુણાતીતાનંદ સ્વામી) (૨/૧૪૭)

***

કારણ મૂર્તિને મૂકીને કાર્યમાં એટલે હલરવલરમાં ભળવું નહિં. (૨/૧૪૯)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ કાંઈ નથી. એક મહારાજની મૂર્તિ જ છે. એવું કરવું ખપશે. (૨/૧૪૯)

***

આજ તો કૃપાસાધ્ય ભગવાન છે, ક્રિયાસાધ્ય નથી એમ જાણી દિવ્ય મૂર્તિનું સુખ ભોગવવું. એ મૂર્તિ વિના આત્યંતિક મોક્ષ ન થાય. (૨/૧૪૯)

***

જેવો છે તેવો મહિમા સમજાય તો ગાંડુ થઇ જવાય! (૨/૧૫૦)

***

આજ તો રોકડું કલ્યાણ છે, ઉધારાની વાત નથી. (૨/૧૫૦)

***

કામકાજ કરતા મૂર્તિમાં વૃત્તિ રાખવી પણ ક્રિયારૂપ થઇ જવું નહિ. (૨/૧૫૦)

***

સમાધિ કરતા અખંડ સ્મૃતિ શ્રેષ્ઠ છે. (૨/૧૫૧)

***

આ જીવ ને આ દેહનું આવરણ બહુ મોટું છે. તે દેહને જ્ઞાને કરીને ખોટો કરી નાખવો નહિતો સુખ આવા દે તેવો નથી. (૨/૧૫૧)

***

મોટા પુરુષ સાથે આત્મબુદ્ધિ કેમ કરવી? તો દેહ અને દેહના સગા-સબંધી સાથે છે તેમ કરવી. (૨/૧૫૧)

***

આપણે તો પુરુષોત્તમરૂપ થઈને પુરુષોત્તમને ભજવા. તો કેમ? આ દેહનો ભાવ ટાળી ક્ષર-અક્ષરથી પર શ્રીજીમહારાજની મૂર્તિના તેજ રૂપ થઈને મૂર્તિમાં જોડાય જવું. જેમ વાયુ આકાશમાં ચોંટી જાય છે તેમ! આમ ને આમ જોગ કરતા, મૂર્તિમાં વૃત્તિ રાખતા, પુરુષોત્તમ રૂપ થઇ જવાશે. (૨/૧૫૧)

***

## ૮૯. વાર્તા- ૧૫૨ ભાગ-૨ (#૧ થી ૩૯)

૧. શ્રી પુરુષોત્તમનારાયણના અનાદિમુક્ત પુરુષોત્તમરૂપ છે, તેથી એ દ્વારે સર્વે ક્રિયા શ્રીજીમહારાજ કરે છે.

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

૨. બાપાશ્રી કેહતા કે, "અમે તો ખંપાળી નાખી છે," ખંપાળી એટલે કૃપાસાધ્ય.

૩. મોટા રાજી થઈને કહે કે "માગો" ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ માગવી. શ્રીજીમહારાજની મૂર્તિના રસરૂપી પ્રસાદ લેવો.

૪. મૂર્તિને ભૂલી જવાય તો રાંડીને ખૂણે બેઠી એવું કહેવાય.

૫. મુક્તના જોગ વિના અંતર ખુલ્લા કરી શકે એવું કોઈ સાધન કે વિધિ નથી.

૬. મોટા અનાદિમુક્તને સંભારવા, તો મૂર્તિમાંથી બહાર નીકળાય નહિ.

૭. મહારાજની મૂર્તિ વિના બીજું વર્ણન છે તે તો નાવ વિના સમુદ્રમાં પડયા જેવું છે.

૮. મહારાજને સંભારે તો મુક્ત ભેળા આવી જાય ને અનાદિમુક્તને સંભારે તો મહારાજ ભેળા આવી જાય.

૯.મહારાજની મૂર્તિ વિના અન્ય પદાર્થમાં રુચિ તે જ મંદવાડ છે.

૧૦. મહારાજને જે વખત ભૂલી જવાય તે વખતે તે વાંઝિયો કહેવાય.

૧૧. મૂર્તિ તો આ રહી, મૂર્તિ નો વાંક નથી, પણ મૂર્તિને લેનારાની ખોટ છે.

૧૨. શ્રીજીમહારાજની મૂર્તિમાં જ સુખ છે, બીજે બધે તો રોગી વાની ઉડે છે.

૧૩. એક મૂર્તિ ને મુક્તને બાઝવું, બીજે ભટકવું નહિ.

૧૪. આપણે તો શ્રીજીની સભામાં જ બેઠા છીએ, પણ મરીને જાવું નથી.

૧૫.આ જોગમાં રહીને ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ નહિ કરે તો મહારાજના ને મોટાના ગુનેગાર થાશે. ધ્યાનનો આગ્રહ કરે તો ૬ મહિના માં ઝળઝળ તેજમાં મૂર્તિ દેખાય ને સાક્ષાત્કાર થઇ જાય. દેહ રાખવાનું જેટલું તાન છે, તેટલું તે મૂર્તિનું જતન કરે તો મૂર્તિ સાક્ષાત દેખાય.

૧૬. માટે આ કરો, આ કરો, બીજું સર્વે પડયું મુકો, મૂર્તિ રાખો તો બધુંય આવ્યું.

૧૭. એક શ્રીજીમહારાજની મૂર્તિમાં જ સુખ માનવું ને હેત કરવું. મૂર્તિમાં રહે તેને મારુ નહિ, તારું નહિ, સાધુ નહિ, ગૃહસ્થ નહિ, એને કાંઈ જોઈએ જ નહિ.

૧૮. જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ મૂર્તિ મનુષ્યરૂપે પ્રતિમારૂપે દર્શન આપે છે. એમાં એક રોમ નો ફેર નથી. જો


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ફેર જાણે તો દ્વેષ કર્યો કહેવાય.

૧૯. શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજી ઈચ્છા રહે તો દુષ્ટ વાસના જાણવી.

૨૦. શ્રીજીમહારાજને જેવા છે તેવા સમજો ને આજ્ઞા પાળો તો અમે સહાય કરીને મૂર્તિના સુખમાં મૂકી દઈશું. આ શબ્દ નીકળે છે તે સ્વામિનારાયણની મૂર્તિમાંથી નાદ નીકળે છે.

૨૧. શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્તનો જોગ એક સરખો જ છે.

૨૨. બીજી અવતારમાં સ્વામિનારાયણ ભગવાન જેવો ભાવ બેસે તો પતિવૃતાપણું જાય.

૨૩. અક્ષરધામમાં બે ભુજાવાળા ભગવાન બિરાજે છે. આપણા પતિ બે ભુજાવાળા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનને ઓળખવા.

૨૪. આ લોકમાંથી લૂખા થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાય જાય તો અવયવ ફર્યા કહેવાય.

૨૫. કલ્યાણ સ્વામિનારાયણને ઘેર છે. બીજે ક્યાંય નથી.

૨૬. સાધુ તો અક્ષરધામનો દરવાજો છે. તે દ્વારા મહારાજ સુખ આપે છે.

૨૭. પુરુષોત્તમનારાયણની મૂર્તિમાંથી ખુશ્બો ઉઠે છે તે ખુશ્બો મુક્તને ખેંચે છે અને મૂર્તિ સાથે રસબસ કરે છે તે અનુભવજ્ઞાન.

૨૮. સ્વામિનારાયણને ત્યાં મડદું શોભે નહિ.

૨૯. આપણે કારણનું સુખ, કારણની સભા, કારણનું તેજ ને કારણની સામર્થી તેનું કામ છે.

૩૦. ભગવાન તો એક પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ જ છે. તે સિવાય બીજા કોઈ ભગવાન નથી.

૩૧. આપણે એક શ્રીજીમહારાજ સારું ભેગા થયા છીએ. અમારે તો કોઈને બીજે જવા દેવા નથી. ઠેઠ અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં મૂકી દેવા છે. સમર્થ ધણીએ હાથ ઝાલ્યા છે તે મૂકે એવા નથી. આ અભયદાન છે એ છેલ્લો લેખ છે. આ તો કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે.

૩૨. સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં અખંડ બિરાજે છે. તેમની બીક ન લાગે એ કેવડું બધું અજ્ઞાન! મહારાજની આજ્ઞા લોપાય તો અપમૃત્યુ થયું જાણવું.

૩૩. મહારાજે તથા અનાદિમુક્તે હાથ જાલ્યો છે. તે કોઈ દિવસ મૂકે નહીં. મહારાજ ને મોટા મુક્ત મળ્યા એટલે

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

જીતનો ડંકો થઇ ગયો. છેલ્લી વખતે આવું ને આવું રહે એટલે બસ છે.

૩૪. મૂર્તિમાં અપાર અલૌકિક, અનહદ સુખ છે. શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અપરંપાર તેજ છૂટે છે, તેજની છટાઓ છૂટે છે. તેજના અનંત બંબ છૂટે છે. મૂર્તિની ચારે તરફ તથા સર્વે ઠેકાણે તેજની ઠઠ છે. સામસામે તેજની સેડયું દોઢે વળે છે. અનંત તેજના ઢગલા છે તે અપાર છે. અનંત અલૌકિક મૂર્તિમાં અનંત રસબસ રહ્યા થકા પુરુષોત્તમના સંકલ્પે અહીં દેખાય છે.

૩૫. મૂર્તિનું બીજ સર્વે વાતમાં વારેવારે લાવવું.

૩૬. સર્વેનું સાર શ્રીજીમહારાજની મૂર્તિ છે.

૩૭. અમે તો અવતારી જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના અવતાર જે અનાદિમુક્ત તે છીએ.

૩૮. ક્યાં અનંતકોટી બ્રહ્માંડના પતિ! ને ક્યાં પામર જેવા જીવ! આવો અલૌકિક ભાવ આવે તો દીવાના થઇ જવાય. મૂર્તિને ભૂલીને કાર્યમાં હણોહણ કરે તો શું કમાણા! અનાદિ થકી અનાદિની સ્થિતિ થાય. પણ તે વિના શું થાય?

૩૯. આપણે તો મૂર્તિના સુખરૂપ મહારસનું પાન કરવું, એ અમૃતરસ મેલીને પ્રકૃતિના કાર્યમાં કુટાવું નહિ. (૨/૧૫૨)

***

અનંત મુકતો મૂર્તિમાં સદાય રસબસ રહ્યા છે. પણ જે વખતે જે મુક્ત શ્રીજીમહારાજના સંકલ્પથી દ્રષ્ટિગોચર વર્તતા હોય તે થકી આત્યંતિક મોક્ષ સહેજમાં થાય છે. (૨/૧૫૬)

***

અમે તો જીવોના આત્યંતિક કલ્યાણ કરવા સારું અક્ષરધામમાંથી આવ્યા છીએ, અને અમે તો દિવ્ય મૂર્તિ છીએ માટે અમારે તો સ્નાન-સૂતક આવે જ નહિ. (પરચો-૯)

***

અમે તો જીવોના આત્યંતિક કલ્યાણ કરવા સારું અક્ષરધામમાંથી આવ્યા છીએ, અને અમે તો દિવ્ય મૂર્તિ છીએ માટે અમારે તો સ્નાન-સૂતક આવે જ નહિ. (પરચો-૯)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

અસ્તુ!

જય સ્વામિનારાયણ!

## ઈતિ ભાગ ૧

## સ્વત:સિદ્ધ અનાદી મહામુક્તરાજ શ્રી અબજી બાપાશ્રીના અમૃત પુષ્પો

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

# ભાગ ૨

# સદ્‌ અ.મુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામીની વાતોનો સાર

અનાદિ નો અર્થ શું? હું અખંડ છું, આમ હતો અને પછી આમ થયો એમ નહીં. સદાય આમ જ છું. મૂર્તિરૂપ છું!! (૧)

***

જેને શ્રીજીમહારાજની મૂર્તિ આવી તેને સર્વે આવ્યું. (૨)

***

મહારાજે સંતોને કહ્યું કે તમે અમારા સંકલ્પ છો, તો તે સંકલ્પ ચૈતન્ય (=સંતો) થયો કે પોતે થયા? મહારાજ પોતે સંકલ્પરૂપ થયા અને તેના ચૈતન્ય(=મુક્તોના)ને મૂર્તિમાં રાખીને પોતાનો દેખાવ કર્યો. (૩)

***

મુક્ત થયો ક્યારે જાણવું? તો એમ જાણે કે હું સદાય સાકાર દિવ્ય મૂર્તિમાન થકો મહારાજની મૂર્તિમાં જ છું! ત્યારે જાણવું. (3)

***

મહારાજ ક્યારે મળ્યા કહેવાય? મુક્ત મૂર્તિમાં રસબસ છે તેને મહારાજ દેખાય છે એવી સમજણ દ્રઢ થાય મળ્યા કહેવાય. (૪)

***

મુક્તને મતે એક મહારાજ જ છે, બીજું કાંઈ નથી. (૪)

***

મહારાજની મૂર્તિમાં રહ્યા તેને જરાય છેટું નહીં તેને તો પુરુષ, વાસુદેવ બ્રહ્મ, અક્ષરબ્રહ્મ, આદિ સર્વેનો લય થઇ ગયો. એક મહારાજના તેજરૂપ આકાશ રહ્યો. પછી તેમાં એક મૂર્તિ રહી એટલે એ આકાશનો પણ લય થઇ ગયો તેથી સાવ ઢુકડું થયું અને એ મુક્ત થયો. (૬)

***

મુક્ત તો મહારાજની મૂર્તિ વિના બીજા કોઈને દેખતા નથી તો જીવોને ઉપદેશ કેમ કરી શકે? ત્યારે સ્વામી કહે મુક્તને મતે તો મૂર્તિ જ છે. અને ઉપદેશ તો મહારાજ કરે છે. (૭)

***

પ્રથમ કેવો હતો ને કેવો થયો!! એ બધો મહારાજનો પ્રતાપ. એ તો મહારાજ તથા મોટા સાથે જીવ જોડી દે અને એમની કૃપા થાય તો એ કામ થાય. (૮)

***

જીવને જ્યાં સુધી કામ, ક્રોધ, લોભાદિ મોસલ (like insects)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

બેઠા હોય ત્યાં સુધી પોતાનો માલ ધીરે ધીરે બધોય ખાય જાય. માટે મોટા સાથે જીવ જોડી સમજણે કરીને મોસલ કાઢી મુકવા. (૯)

***

સમજણવાળાને કેવું છે? તો જેમ બસેંહ બખ્તરિયા(=મોટા મુક્ત) માલ સાચવવા સાથે લીધા હોય તેનો માલ કોઈથી લેવાય નહીં. તેમ સમજણવાળા(=જેને મોટા સાથે પોતાનો જીવ જોડી દીધો છે એવા)ને કોઈનો ભય ન રહે. (૯)

***

મહારાજ તથા મોટા મુક્ત પોતાના બિરદ સામું જોઈને જીવોના કલ્યાણ કરે છે. માટે આપણે પોતાના સ્વભાવ ટાળવા ને હેત કરવું તો મહારાજ તથા મોટા પોતાનું બિરદ નહીં મેળે. (૧૦)

***

સર્વેના અંતરનું ફેરવવું તે મનુષ્યથી ન થાય. સર્વેના જીવાત્માને આકર્ષણ કરવા એવો ચમત્કાર તો મહારાજમાં હોય અથવા તેમના સિદ્ધ મુક્તમાં હોય. (૧૦)

***

શ્રીજીમહારાજનો અસાધારણ મહિમા કોણ જાણી શકે? (૧૧)

***

મહારાજની મૂર્તિમાં રસબસ રહે તેને મહારાજના મસ્તકે મસ્તક, હાથે હાથ, ચરણે ચરણ એમ સર્વાંગે રસબસ ભાવ હોય તેથી એ ખરો મુક્ત કહેવાય. (૧૧)

***

સ્વામીશ્રી બોલ્યા જે આ દેખાય તે સ્થૂળ, ઘાટ-સંકલ્પ થાય તે સૂક્ષ્મ, માયિક પદાર્થના અવ્યક્ત રાગ રહે તે કારણ અને ઐશ્વર્યના રાગ રહે અથવા સારુપ્ય મનાય તે મહાકારણ કહેવાય. (૧૨)

***

મહારાજ પોતાના સુખે સુખિયા છે અને મુક્ત મહારાજના સુખે સુખિયા છે. (૧૩)

***

જો મહારાજ તથા મોટા કૃપા કરે તો સત્સંગ અને કલ્યાણ થતા વાર ન લાગે. (૧૪)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

આપણે તમોગુણ ન આવવા દેવો. તે કેમ ન આવે? તો તેનું સ્થાન જ ન રાખીએ તો ન આવે. મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એમ સમજાય એટલે સ્થાન ક્યાં રહ્યું. દોષ તો દેહાભિમાનમાં રહ્યા છે. માટે દેહાભિમાનને કાઢી આત્મસત્તારૂપ ગુણ રાખવો અને મૂર્તિમાં રહેવું. (૧૫)

***

તન, મન, ધન ક્યારે અર્પણ કર્યું કહેવાય? વંદે, નિંદે, પૂજા કરે તેનો સમભાવ થાય અને કામાદિક દોષ વ્યાપે નહીં ત્યારે તન અર્પણ કર્યું કહેવાય, મૂર્તિ વિના બીજું મનન થાય તો અતિશે વસમું લાગે ત્યારે મન અર્પણ કર્યું કહેવાય, અને દશાંશ વિશાંશ શ્રી ઠાકોરજીને અર્પણ કરે અને પોતાનું દ્રવ્ય કુમાર્ગે વાપરે નહીં ત્યારે ગૃહસ્થે ધન અપર્ણ કર્યું કહેવાય અને ત્યાગી ધર્મામૃત પ્રમાણે વસ્ત્રાદિક રાખે ત્યારે ત્યાગીએ ધન અર્પણ કર્યું કહેવાય. (૧૬)

***

જેને મહારાજ અથવા મોટા મળે અને વર્તમાન ધરાવી અનાદિમુક્તની પંક્તિમાં રાખે તે તન, મન, ધન અર્પણ કર્યા પછી ક્યા હાથે વસ્તુ લઇ શકે? કેમ કે તન અર્પણ કર્યું તે ભેળા હાથ પણ અર્પણ થઇ ગયા. (૧૬)

***

મહારાજની મૂર્તિનું તેજ જેને અક્ષરધામ કહે છે તે! અનાદિમુક્તને તો મૂર્તિ એજ અક્ષરધામ છે. માટે મૂર્તિ આવી એટલે સર્વે આવ્યું. (૧૭)

***

મહારાજનું તેજ જે અક્ષરધામ કે જેને વિશે શ્રીજીમહારાજ સદા બિરાજમાન છે તે સ્વરૂપ અને બીજે રૂપે જે સર્વેમાં રહે છે તે કેમ સમજવું? તો સ્વામી બોલ્યા જે મૂર્તિને અને તેજને કાર્ય-કારણ ભાવ છે પણ સ્વામી-સેવક ભાવ નથી કેમ કે મૂર્તિ અને તેજનું અભેદપણું છે. અને બીજે રૂપે ઉત્ત્પત્યાદિક કરે છે તે સેવા કહી છે. પણ બીજી સેવા નહીં (= શ્રીજીમહારાજનું તેજ અન્વય રીતે મૂળ અક્ષર ને સૃષ્ટિ કરવાની પ્રેરણા કરે, અનંત કોટી, બ્રહ્માંડનું આધાર (=સગુણપણું,) અને અન્વય રીતે અક્ષરાદિક સર્વેમાં, જીવ કોટિમાં કર્મફળ પ્રદાતા તરીકે (સૂક્ષ્મપણું, અંતર્યામીપણું, નિર્ગુણપણું) --> સેવા કહી છે). (૧૮)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સત્સંગ તો સૌ કરે છે પણ મૂર્તિની અને મૂર્તિમાં રહેલા મુક્તની ઓળખાણ પડી એ પૂરો સત્સંગ કહેવાય તે જ્યારે મુક્ત થઈને એ મૂર્તિમાં પહોંચે ત્યારે થાય. (૧૯)

***

શ્રીજીમહારાજના દર્શન જે સ્થાને જેને જ્યાં થયા હોય તેને બહુ જ આનંદ અને શાંતિ થાય. તે સ્થાનને અધિક માનવું. (૨૧)

***

મહારાજે મૂર્તિમાં રાખ્યો એમ કોણ કહે છે? મહારાજ કે મુક્ત? તો મહારાજ કહે છે કેમ જે મુક્ત તો મૂર્તિમાં રસબસ હોય છે. (૨૨)

***

જેમ ચમક સામે લોઢું આકર્ષાય તેમ પરમ એકાંતિક મુક્ત મૂર્તિને જોઈ રહ્યા જાણવા. આ તો એકદેશી દ્રષ્ટાંત છે પણ એમની જોવાની રીત તો અલૌકિક છે. (૨૩)

***

અક્ષરને મહારાજના દર્શન કેવી રીતે થતા હશે? અક્ષરને તેજ દ્વારે દર્શન છે અને આ સત્સંગમાં તો પંચવર્તમાન યુક્ત છે તે સૌને વ્યતિરેક મૂર્તિનો સબંધ છે. (૨૪)

***

મોહ ક્યારે ન ઉપજે? ત્યારે સ્વામીએ કહ્યું કે શ્રીજીમહારાજની મૂર્તિ જો બરાબર ઓળખાય તો મોહ ન વ્યાપે. (૨૫)

***

મહારાજ અને મુક્ત એકદેશી થકા સર્વદેશી તે કેવી રીતે? તો મહારાજ તો એકદેશી થકા સર્વદેશી છે જ અને મુક્તને તો મહારાજની મૂર્તિ એ જ દેશ છે. તેથી જ્યાં મહારાજ હોય ત્યાં મુક્ત તો હોય જ. માટે મુક્ત પણ એ રીતે સર્વદેશી કહેવાય. (૨૬)

***

જેમ ભમરો સુગંધ ભોગવે છે પણ પુષ્પ વિના સુગંધ હોય નહીં તેમ મૂર્તિ વિના સુખ હોય નહીં. માટે મૂર્તિના સુખમાં ઊતરવું. (૨૬)

***

શ્રીજીમહારાજનો મહિમા જાણવાથી એ મૂર્તિનું અખંડ ચિંતવન થાય. (૨૭)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સર્વે મૂર્તિના સબંધે સુખિયા છે. તેમાં જેટલો જેને સબંધ તેટલું તેને સુખ. શ્રીજીમહારાજના અન્વય અને વ્યતિરેક સ્વરૂપના સંબંધની રીત સમજી સમજણ દ્રઢ કરવી. (૨૭)

***

જો મહિમા જાણી, તેમાંથી પ્રતિમાભાવ ટાળી મૂર્તિના સુખમાં ઊંડો ઊતરે તો મૂર્તિમાં ફરરરર, ફરરરર સુખ છૂટે છે તેમાં લુબ્ધ થવાય. (૨૮)

***

મૂર્તિના સુખમાં જોડાવાય તે જ ભક્તિ છે. (૨૮)

***

મોટા મુક્ત સુખમાં જોડાઈ જાય તો પાછા આવે જ નહીં એમ કહીને સદ્ શ્રી નિર્ગુણદાસજી અને સદ્ શ્રી ગોપાળનંદ સ્વામીની વાત કરી. (૨૮)

***

પુષ્પને ઠેકાણે મહારાજની મૂર્તિ છે અને સુગંધને ઠેકાણે સુખ છે. એજ રીતે સાકરના ગાંગડાને ઠેકાણે મૂર્તિ છે અને ગળપણને ઠેકાણે સુખ છે. એ સુખ દિવ્ય છે. (૩૦)

***

જીવને વાસના ટાળવી એ બહુ કઠણ કામ છે પણ મહારાજની સાથે જીવ જોડે તો વાસના તૂટે. (૩૧)

***

મૂર્તિ વિના બીજું કાંઈક છે અથવા બીજે પણ સુખ છે એવું મનાય છે એજ વાસના છે. (૩૧)

***

મૂર્તિઓ બહુ સારી કરે પણ મૂર્તિના સુખમાં ઊંડા ન ઊતરે તો ભિખારીપણું ન મટે. (૩૧)

***

જેનું ચિંતવન રહે તે રૂપે થવાય. માટે મૂર્તિ વિના બીજું ચિંતવન ન કરવું નહી તો જન્મ ધરાવે. (૩૧)

***

સુખને આપવું-લેવું એજ સ્વામી સેવકભાવ છે. (૩૩)

***

"ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના". તે ભવસાગર એટલે શું? તો સંકલ્પ-વિકલ્પ થાય એ જ. માટે મૂર્તિરૂપ થઈને મૂર્તિમાં જોડાઈ જાય તો તેનો પાર આવે. (૩૩)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

બીજી દોડાદોડ મૂકી મૂર્તિરૂપ એક મતમાં જોડાવું તો સર્વે વાત સંપૂર્ણ થઇ જાય. તે વિના પૂરું થાય નહીં. (૩૩)

***

સાધુ તો ઘણાય હોય પણ મહારાજના સુખે સુખિયા હોય તે ખરા સાધુ. એવા સાધુ આ લોકમાં રસાસ્વાદ આદિમાં લેવાય નહીં. (૩૩)

***

સત્સંગ કરીએ પણ બીજી વાતોમાં તાન જતું રહે તો બળ ન આવે. (૩૩)

***

કેવી રીતે વાતો કરવી? તો મહારાજની કેવી દયા છે. કેવા સુખ આપે છે! મુકતો કેમ સુખ લે છે! તેવી વાતો આપણા કામની છે અને સુખદાયી છે. (૩૩)

***

ભવસાગર પાર ઊતરવા ખરા ખબડદાર થઇ શ્રીજીમહારાજની મૂર્તિરૂપ દોરડું ઝાલી રાખવું. નહિતર કામ, ક્રોધ, લોભ, માન આદિ મગરમચ્છ ખાઈ જાય. (૩૪)

***

મહારાજનો મહિમા જેમ જેમ સમજાતો જાય તેમ તેમ મૂર્તિ વધારે સાંભરે. એ મહિમા પ્રાપ્ત થવા માટે મૂર્તિમાં આપોપું કરવું. (૩૪)

***

મહારાજની કૃપા વડે જીવમાં મુક્તતા આવે છે. પણ વચ્ચમાં છળકપટ, દગા, પ્રપંચરૂપ વાદળાં ન હોય તો! (૩૪)

***

આ સત્સંગરૂપી બગીચો શ્રીજીમહારાજનો કરેલો છે તેની પુષ્ટિ કર્યા કરવી અર્થાત શ્રીજીમહારાજની પ્રસન્નતા માટે સેવા કર્યા કરવી. (૩૫)

***

જે કાંઈ સમજાવે તે સમજાવનાર મહારાજ જ છે એવું અનુસંધાન રાખે તો યથાર્થ સમજાય. (૩૬)

***

કથા વાર્તા બરાબર થઇ ક્યારે કહેવાય? જો મૂર્તિનું અનુસંધાન બરાબર રહે તો કથા વાર્તા કરી કહેવાય. મહારાજનો સદા સબંધ રહે ત્યારે જ મુક્તની પંક્તિમાં


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ભળાય. (૩૭)

***

મહારાજ અને મુક્તને અખંડ સબંધ છે ક્યારેય છેટાપણું નથી. (૩૭)

***

ઇન્દ્રિયોના દોર્યા દોરાય તો વેશ્યાના ગળામાં હાથ નાખ્યા જેવું કહેવાય. ત્યારે ઇન્દ્રિયોના દોર્યા દોરવાણા ક્યારે કહેવાય? તો મહારાજના સબંધ વિનાના તથા આજ્ઞા વિનાના બીજા વિષયમાં મન તથા ઇન્દ્રિયોને પ્રવર્તવા દે એ દોરવાણા કહેવાય. (૩૮)

***

જ્યાં સુધી પોતાપણું મૂકે નહીં ત્યાં સુધી મોટાના આશીર્વાદ મળે નહીં. માટે પોતાપણું મૂકી દેવું. તો મહારાજ તથા મોટા રાજી થાય. (૩૮)

***

પારસ અડે એટલે તુરત પારસ થાય તેમ મૂર્તિનો સબંધ થતા જ જીવ દિવ્ય થઇ જવો જોઈએ. તેમાં વાર કેમ લાગે છે? ત્યારે સ્વામી લો-૭ વચનામૃતમાં સબંધના ત્રણ પ્રકારની વાત કરી (ઇન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ) તેમ પારસના સંબંધનું જાણવું. સમાગમ કરતાં કરતાં સિદ્ધ તથા સર્વજ્ઞ થાય અને મૂર્તિના સુખે સુખિયો થાય ત્યારે પારસના જોગે પારસ થયો જણાય. (૩૯)

***

મૂર્તિ વિષે આપોપું થાય એટલે દેહભાવ ટળી જાય પછી કામ, ક્રોધાદિક દોષ રહે જ નહીં. (૪૦)

***

જ્યાં સુધી મહારાજ સન્મુખ હોય ત્યાં સુધી વિધિ કરવાનો બાકી જાણવો (જેમ મૂર્તિ પ્રતિષ્ઠા કરતી વખતે સિંહાસનની સામે મૂર્તિ હોય તેમ) પણ પ્રતિલોમપણે હસ્તે હસ્ત, મુખે મુખ, ચરણે ચરણ થયા એટલે વિધિ પૂરો થયો જાણવો. જ્યાં સુધી એવું ન થયું હોય ત્યાં સુધી સત્સંગ અધૂરો જાણવો. (૪૦)

***

મૂર્તિ દેખાય એટલે સુખિયા થયા એમ નહીં પણ એ તો જ્યારે મૂર્તિરૂપ થઇ મૂર્તિના સુખમાં ઊતરે ત્યારે સુખિયા થાય. (૪૦)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

જે મૂર્તિમાં જોડાણો તેને અનંત કોટી બ્રહ્માંડ બોળાઈ ગયા. (૪૦)

***

એક મહારાજ વિના બીજો કોઈ ધણી ન મળે. (૪૧)

***

જો મોટા મુક્ત સાથે હેત રાખે તો તુરત કામ થાય. માટે વિચારીને સમાગમ કરવો. (૪૧)

***

સમજ્યા વિના કથા-વાર્તા પાંચ વખત કરે ને આખો દિવસ વાંચ્યા કરે પણ જો મૂર્તિના સુખમાં ન ઊતરે તો કથા-વાર્તા કરી તે ન કરી બરાબર છે. તે તો પાકશાસ્ત્રના પટારા ભરી રાખ્યા જેવું છે પણ જમ્યા વિના એ શું કામ આવે? (૪૨)

***

કથાવાર્તા કરી, સાંભળીને ફળ જે મૂર્તિ તેમાં દ્રષ્ટિ પહોંચે તો આ લોકના સુખદુઃખમાં સત્સંગ મોળો ન પડે. દિન પ્રતિદિન મૂર્તિનું સુખ વધતું જ જાય. (૪૨)

***

મહારાજ હાથ આવ્યા અને મુક્ત હાથ આવ્યા પણ સુખ હાથ ન આવ્યું તેનું શું કારણ? તો સ્વામી કહે એને મહિમા સમજાણો નથી. જો મહિમા સમજાય તો તુરત સુખ આવે. મૂર્તિ અને સુખ જુદા નથી જેમ કેરી અને રસ છે તેમ! (૪૩)

***

ઉપાસના, ભક્તિ, મહિમા તથા પરચા એ બધામાંથી શું નીકળે છે? તો મૂર્તિનું સુખ નીકળે છે. જેમ દૂધમાંથી ઘી નીકળે છે તેમ! (૪૩)

***

જો એક મૂર્તિમાં જ માલ મનાણો હોય તો પછી બીજે ક્યાંય ઐશ્વર્ય જેવું રહે જ નહીં. (૪૩)

***

કેટલાક સત્સંગ કરતા જણાય છે પણ તેને કામ, ક્રોધાદિક દોષ કેમ ટળતા નથી? તો તેનું તો એમ છે જે એને મૂર્તિનો યોગ થયો નથી. જો મૂર્તિનો યોગ થાય તો એ દોષ તુરત જતા રહે. (૪૪)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સત્સંગ તે શું? તો સત્ય એવા જે ભગવાન તથા સત્ય જેવા જે મુક્ત અને સત્ય એવો જે આત્મા તેનો યોગ તે સત્સંગ! (૪૪)

***

જો બધેયથી વૃત્તિ ઉખાડી મહારાજની મૂર્તિમાં નિમગ્ન રેહવાય તો મૂર્તિનું સુખ મળે અને દોષ માત્ર તુરત ટળી જાય. (૪૪)

***

આપણે સત્સંગ કર્યો છે તે કાંઈ કોઈને દેખાડવા માટે નથી કર્યો. આ તો માંહી વધવા માટે છે. (૪૫)

***

અત્યારે સત્સંગમાં દિન કઢણિયા, સ્વાર્થીઓ તથા રોટલીયા એવા અનેક પ્રકારના માણસો જોવામાં આવે છે તે પોતાનું શું રૂડું કરી શકે? માટે ચોખ્ખું અંગ કરવું. (૪૫)

***

કરવા બેઠા તે પહેલું પૂરું કરી લેવું, પછી કરીશું એમ ન રાખવું. મોટા મુક્તનો અહોનિશ સંગ રાખવો. (૪૫)

***

એવા આપનારા અને લેનારા જોઈએ તો તરત દિવ્યભાવ આવી જાય પણ લોચાપોચાથી કાંઈ ન બને એમ કરીને ચરડવાના દરબાર વિભાજી અને સદ્ અવદાતાનંદ સ્વામીની વાત કરી. (૪૬)

***

મહારાજનો મહિમા કેવી રીતે જાણે તો મૂર્તિ વિના બીજું કાંઈ રહે જ નહીં? જો એમ જાણે જે યત્કિંચિત જ્યાં જ્યાં સુખ છે તે સર્વે મૂર્તિનું જ છે એવો મહિમા સમજાય અને એવી સમજણને દ્રઢ કરી મૂર્તિનું ચિંતવન કરે તો મહારાજ તથા મોટાનો કૃપાપાત્ર થાય અને મહારાજ તેને પોતાના સુખે સુખિયો કરે પછી તેને બીજું કાંઈ રહે જ નહીં. તેને મૂર્તિ વિના કાંઈ ન દેખાય એટલે એક મહારાજને જ દેખે. (૪૭)

***

મોટા મુક્તના જોગ સમાગમે કરીને મહારાજનો નિશ્ચય કર્યો હોય તો પાછો કોઈના વચને નિશ્ચયને આઘોપાછો કરે અથવા જો એમ માને કે મારા જેવો કોઈને નિશ્ચય નથી તો તેનો નિશ્ચય ઉખેડયો કહેવાય. માટે એમ ન કરવું. (૪૮)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

જેને એક મહારાજ જ છે બીજું કાંઈ છે જ નહીં તેનું જાણપણું કેટલું? તો મૂર્તિના જેટલું જ! (૪૮)

***

જેવો મહિમા તેવું સુખ.(૪૮)

***

यद् गत्वा न निवर्तन्ते! એ શ્લોક પ્રમાણે જે મૂર્તિના સુખમાં પહોંચ્યો તે પાછો ન વળે. અને જો પાછો વળે તો તે સુખમાં પહોંચ્યો જ નથી. (૪૮)

***

બાપાશ્રી કેહતા કે વાતોનો ખપ છે કે વાતોના કરનારાઓનો? એ વાત સમજી લેવી. (૪૯)

***

મોટા મુક્ત સાથે હેત કેમ થાય તો અરસપરસ મહિમા સમજાય તો હેત થાય. (૪૯)

***

મહારાજનો મહિમા જાણી સેવા કરતાં તથા મહિમાની વાતો કરતાં કાંઈ ઉપાધિ થાય તો પણ નિમિત્તની સારી. કારણકે એમાં મૂર્તિ બહુ જ સાંભરે એમ કહીને બાપાશ્રીએ છપૈયે મૂર્તિ પધરાવવાના પ્રસંગની વાત કરી. (૫૦)

***

મહારાજ પૂજાય તે ભેગા મુક્ત પણ પૂજાય છે. (૫૧)

***

સર્વે મહારાજને લઈને છે. તેથી બધી પૂજા, પ્રતિષ્ઠા, સત્કાર, સન્માન મહારાજને જ થાય છે. જો પોતે પૂજાતા-મનાતા હોય તો તે સન્માન જીરવી શકાય નહીં અને સ્થિતિ પણ રહે નહીં. (૫૧)

***

બીજાને સમજાવાનું તાન રહે પણ પોતાના જીવને ન સમજાવાય તે કેટલી ખોટ? માટે પહેલા પોતાના જીવાત્માને બરાબર સમજાવવો પછી બીજાનું કરવું. (૫૧)

***

મહારાજની અખંડ સ્મૃતિ કેમ રહે? તો હાલતાં-ચાલતા, ખાતા-પીતા, ન્હાતાં-ધોતા, સર્વે ક્રિયામાં મૂર્તિનું મનન કરવું. એમ કરતાં સ્વપ્ન પણ મહારાજ સંબંધી આવે. પછી એમ સમજવું કે મને મૂર્તિરૂપ દિવ્ય ચિંતામણી મળી છે.અને તેમાં


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સુખ બહુ જ છે. એવી સમજણ દ્રઢ થાય તો અખંડ સ્મૃતિ રહે. (૫૩)

***

સુખ કેમ સંભારવું! તો મહારાજ તથા મોટા મુક્ત અહીં જમતા, પ્રસાદી દેતા, મળતા એ બધું સુખ જાણી સંભારવું અને તેનું જાણપણું રાખવું. (૫૪)

***

કેટલાક તો મોટાને માથે નાખી દે છે જે એ આપણું પૂરું કરશે. તે મોટા તો પૂરું કરે પણ તેમની મરજી પ્રમાણે વર્તે તો. પણ મનને મતે વર્તતો હોય તો મોટા તેનું શી રીતે પૂરું કરે? (૫૪)

***

સત્સંગમાં કહેવાય છે કે સિદ્ધાંત હાથ રાખવો તો કાંઈ વાંધો રહે નહીં. તે સિદ્ધાંત શું? તો મહારાજ અને મુક્ત. (૫૪)

***

સવિકલ્પ અને નિર્વિકલ્પ એટલે શું? સવિકલ્પ એટલે બહુધા વૃત્તિ, ઘડીક પુરુષોત્તમ રૂપે અને ઘડીક દેહ રૂપે વર્તાય એટલે ઉગમણા- આથમણા દોડયા જેવું ગણાય અને કાંઈ પંથ ન કપાય અને નિર્વિકલ્પ એટલે એક જ વૃત્તિ ગણાય અને કેવળ પુરુષોત્તમરૂપે જ વર્તવું એટલે એક દિશાએ દોડયા જવું ગણાય અને મૂર્તિનો સાક્ષાત્કાર થાય ત્યારે મુકામે પહોંચ્યો ગણાય. (૫૫)

***

ધર્મનો સર્ગ તો મહારાજમાંથી ચાલ્યો અને અધર્મનો સર્ગ માયામાંથી ચાલ્યો. તેથી મહારાજને ધર્મધુરંધર કહ્યા છે. (૫૬)

***

જ્ઞાને કરીને સુખી અને અજ્ઞાને કરીને દુઃખી. આ બધા ટંટા અજ્ઞાનના છે. (૫૬)

***

અનાદિમુક્તની દ્રષ્ટિએ તો મહારાજના સુખ વિના બીજા કોઈ માર્ગમાં સુખ છે જ નહીં. એમ સમજે તો એક વૃત્તિ રહે ને મૂર્તિનું સુખ આવે. (૫૭)

***

માંહી (અંતરમાં) સંતના શબ્દ રહ્યા છે તેને બહારના સંતના શબ્દે કરીને પોષણ થાય છે. એમ કરતાં સિદ્ધ થાય ત્યારે

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved. 

બહારનો ભાવ ટળે. (૫૮)

***

જેની પાસે ભગવાન હોય તે કલ્યાણ કરે પણ જેની પાસે ભગવાન ન હોય તે શું કલ્યાણ કરે? (૫૮)

***

મહારાજે આપણને પોતાની મૂર્તિ ભેળા રાખ્યા છે પછી બીજો ઘાટ-સંકલ્પ કેમ થાય? જ્યાં સુધી વર્ણનું આશ્રમનું માન લઈને ફરે ત્યાં સુધી થાય. માટે અહંપણુ ન રાખવું. (૫૮)

***

મહારાજ વિના બીજું બધું કાઢી નાખવાનું છે. તેથી જો રોજ રોજ એક એક ઓછું કરતા રહીએ તો તે થોડા દિવસમાં બધું નીકળી જાય. (૫૯)

***

કામ, ક્રોધ, લોભ, માન, રસાસ્વાદરૂપી કાંટા કેમ નીકળે? મહારાજ અને સંતના વચનરૂપ કાંટા કાઢવાના ચીપિયા ઘણા છે જો શોધે તો હાથ આવે. (૫૯)

***

આપણે મહારાજ અને મોટા મુક્તના વચનરૂપ વિશલ્યકરણીનું પાન કરવું તો બધા કાંટા નીકળી જાય, (૫૯)

***

એક હરિભક્તે પૂછ્યું કે હજુ બે આંગળ જેટલોય સત્સંગ થયો હશે કે નહીં? ત્યારે સ્વામી બોલ્યા જે એટલોય નથી થયો. જો એટલો થયો હોય તો પછી વધવા માંડે અને વધતાં વધતાં મોટો થઇ જાય. (૬૦)

***

જીવને “હું”રૂપી બિલાડો કોઠલામાં બેઠો છે ત્યાં સુધી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક માલ નહીં રહે કેમ કે તે તો માંહી બેઠો બેઠો ખાધા જ કરે પછી શું રહે? માટે “હું”રૂપી બિલાડો કાઢવો. (૬૧)

***

જીવ જ્યાં સુધી દેહરૂપ મટ્યો નથી તેને સત્સંગનું ફળ જે મહારાજની મૂર્તિ તે હાથ આવતી નથી. (૬૨)

***

લાખ વર્ષ સુધી સત્સંગ કરે પણ જ્યાં સુધી મૂર્તિના


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સાક્ષાત્કારવાળા સંત સાથે હેત નથી થયું ત્યાં સુધી મચ્છુના પાણા જેવો કોરો ને કોરો જ રહે! (૬૨)

***

આપણે સત્સંગી કહેવાઈએ છીએ તેથી જો મહારાજના ગમતા પ્રમાણે રહેવાતું હોય તો ઠીક, પણ જો "હું" કંઈ છું એમ થતું હોય તો સત્સંગી સાના? (૬૩)

***

ક્યાંય હરતી ફરતી દેરીઓ હશે? તો જેના ભેળા પ્રત્યક્ષ ભગવાન હોય તે ભેળા ખાય, પીએ, બેસે, ઊઠે, બોલે, ચાલે તથા બીજાને મુક્ત કરે. એવું કામ હરતી ફરતી દેરીઓ કરે. (૬૪)

***

આપણને મહારાજ તથા મોટા મળ્યા છે માટે ક્યાંય પરચા-ચમત્કાર થાય તેમાં ખેંચાવું નહીં. મહારાજની મૂર્તિમાં જોડાવું તો પરચા-ચમત્કાર બધાય આવી જાય. (૬૫)

***

આપણે શ્રી પુરુષોત્તમના રાજ્યમાં છીએ પણ વૈરાટના રાજ્યમાં નથી એમ જાણવું. (૬૭)

***

નિત્ય પ્રત્યે કથા વાર્તા કરીએ છીએ તે શું કરવા? તો પોતાના ઠરાવ કાપવા તથા માયાનો નાશ કરવા. (૬૭)

***

આજ સત્સંગમાં મુક્ત થાય તેને માયારૂપી નદી માર્ગ દે છે તે કેવી રીતે? તો મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એમ જીવમાં હા પડે એટલે માર્ગ દીધો કહેવાય. (૬૭)

***

આખો મીંચીને બેઠા કે ધામમાં પેઠા. (૬૮)

***

સત્સંગ તો સર્વ કરે છે પણ જ્યાં સુધી છેડો હાથ ન આવ્યો ત્યાં સુધી સત્સંગ પાર પડે નહીં. માટે છેડો જે મહારાજની મૂર્તિ તે હાથ આવે એમ કરવું ત્યારે સત્સંગ પાર પડયો કહેવાય. (૬૭)

***

મહારાજને છેટા રાખીને માયાને ટાળવી છે એ કોઈ કાળે બને તેવું નથી. એ તો જ્યારે મહારાજનો સબંધ થાય ત્યારે જ માયા છેટી રહે. જેમ સૂર્ય સામો જાય ત્યારે પડછાયો પાછળ

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

પડે. (૬૮)

***

જેમ ભરવાડે પ્રથમ ના કહી પછી દૂધપાકનો ઘૂંટો જમ્યો તેમ જે મૂર્તિરૂપી ઘુંટો એક વાર જમ્યો તેને બીજું ન ભાવે. (૬૯)

***

જેને મૂર્તિરૂપી મહારાસ ચાખ્યો તેણે સંસારનો કુચો કરી નાખ્યો. (૬૯)

***

કોઈ સંતે સભામાં પરોક્ષના દ્રષ્ટાંત દઈને વાતો કરવા માંડી ત્યારે બાપુભાઈ (કાણોતરના) બોલ્યા કે સ્વામી! આપણા ઘરની વાતો કરજો. બીજા કોઈકનાં બારણાં ઠેલશો નહીં. (૭૦)

***

પ્રમાદ એટલે શું? તો કરવાનું ન કરે (મૂર્તિમાં રહેવાનું) અને ન કરવાનું કરે (ઘાટ-સંકલ્પ) માટે આળસ પ્રમાદ ન રાખવા. (૭૧)

***

આપણને મૂર્તિરૂપ ચિંતામણી જેવી મહા મોંઘી વસ્તુ મળી છે તેથી હવે મળવાનું કે પામવાનું કાંઈ બાકી નથી. (૭૨)

***

સદ્ અ.મુ. વૃંદાવનસ્વામીએ પોતાના ગુરૂશ્રીને કહ્યું જે સ્વામી! મારે માટે તો શ્રીજીમહારાજે દયા કરીને આપશ્રીને રાખ્યા છે એટલે આપ મને મળ્યા છો, તેથી મારે તો આપની સેવા સમાગમ અને દર્શનમાં બધા નંદ સંતો આવી ગયા!! (૭૪)

***

કેટલાક કહે છે આ લૂગડું પ્રસાદીનું છે, આ ચરણારવિંદ પ્રસાદીના છે. પણ પ્રસાદી વિના શી વસ્તુ છે? મહારાજ અણુ અણુ પ્રત્યે છે. તેથી સર્વત્ર પ્રસાદીમય જ છે. એવો મહિમા જાણી મૂર્તિમાં નિમગ્ન થવાય તો બીજેથી વાસના તૂટી જાય અને સર્વ દિવ્ય ભાસે. (૭૫)

***

કામ, ક્રોધ, લોભ, માન, મોહ, મત્સરાદિક ભવડાં (લૂંટારા) છે તે આ જીવના દાન, પુણ્ય, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ આદિ માલ લૂંટી લે છે તે ભવડાં કેવી રીતે જાય? તો મૂર્તિના


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

પ્રતાપથી જાય. (૭૬)

***

મહારાજને ચાંદલો કરીએ તો એ ભેળા અનેક મુક્તને પણ ચાંદલા થાય અને મહારાજને હાર પેહરાવીએ તો અનેક મુક્તને પણ પહેરાવાય. એટલી લટક હાથ આવે તો મહારાજ રાજી થાય. (૭૭)

***

શ્રીજીમહારાજ ને એકદેશી ને સર્વદેશી કેમ સમજવા? તો શ્રીજીમહારાજ પોતાના અનાદિમુક્તોને મૂર્તિમાં રાખી કેવળ સુખ આપ્યા જ કરે છે. એ એકદેશી સમજવું અને સત્સંગમાં જેને જેને જેવી રીતે સમાસ થાય તેમ વિચરે અને સુખ આપે તે સર્વદેશી સમજવા. (૭૮)

***

શ્રી પુરુષોત્તમનારાયણ  અને તેમના સંકલ્પ સ્વરૂપ એમાં ફેર કેમ સમજવો? તો સ્વામી કહે ફેર એટલો કે સંકલ્પ સ્વરૂપ અનેક, સંકલ્પના કરનારા એક શ્રીજીમહારાજ, પણ વસ્તુ જુદી નહીં. (૭૯)

***

શ્રી પુરુષોત્તમ અને સંકલ્પ સ્વરૂપનો સમાગમ અધિક ન્યૂન કહેવાય કે નહીં? અને સમાગમ કરનારને ખબર પડે કે આ સંકલ્પ મૂર્તિ છે અને આ મૂળ મૂર્તિ છે? સ્વામી બોલ્યા જે એને સુખ સરખું છે અને વસ્તુ પણ એક જ છે. જ્યારે પુરુષોત્તમ ભગવાન સમજાવે ત્યારે જ એ વાત તેને સમજાય. અને જે મુક્ત મૂર્તિના સુખે સુખિયા થયા છે તેને તો મૂળ મહારાજ જ છે. પણ સંકલ્પ છે એવો ભાવ જ નથી. (૭૯)

***

આ મહારાજના સંકલ્પ છે એમ મહારાજ પોતે સમજાવે છે તેનું શું કારણ? સાધનદશાવાળાને ઝાઝા સ્વરૂપે મહારાજ પોતાનો મહિમા સમજાવે તેથી બહુ સમાસ થાય. અને જ્યારે મૂર્તિમાં જોડાય ત્યારે એક પુરુષોત્તમ જ રહે ત્યારે સિદ્ધદશાવાળા જાણવા. (૭૯)

***

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે ખરો સાધુ તો હું છું તે શું? તો જે સાધુ હતો તેનો ચૈતન્ય મહારાજે મૂર્તિમાં લીધો અને દેખાવ પોતાનો કર્યો તેથી ખરા સાધુ તો મહારાજ થયા

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

કેમ કે મુક્ત તો કાંઈ કરતાં જ નથી એ તો મહારાજના સુખે સુખિયા છે. (૮૦)

***

દેહનો અંત ક્યારે કહેવાય? તો દેવરાજભાઈ બોલ્યા કે જે ત્રણ દેહથી જુદો પડીને મૂર્તિમાં જોડાઈ ગયો એટલે દેહનો અંત આવ્યો. (૮૨)

***

અનુમાન વધારે કે અનુભવ? ત્યારે દેવરાજભાઈએ કહ્યું કે અનુભવ વધારે. અનુમાન તો અટકળે કરીને જણાય તે બરાબર નહીં. અને અનુભવમાં તો સાક્ષાત્કાર દેખાય. પછી કાંઈ બાકી ન રહે. (૮૨)

***

સ્વામીએ દેવરાજભાઈને પૂછ્યું કે "કેમ દેવરાજભાઇ! તમે એકલા આવ્યા કે સભાએ સહિત આવ્યા!" ત્યારે તેમણે કહ્યું કે "મહારાજ ભેળા અનંતકોટી મુક્ત છે તેથી સાજી સભા ભેગી આવી". (૮૩)

***

સત્સંગમાં કેટલાક કહે છે કે અમને સુખ નથી આવતું. તેનું શું કારણ? તો એ સત્સંગ કરે છે પણ વૃત્તિ અધર પધર (વૃત્તિ જ્યાં ત્યાં ફર્યા કરે છે) રાખે છે. માટે જ્યાં સુધી વૃત્તિ સ્થિર થાય નહીં ત્યાં સુધી સુખ આવે નહીં. (૮૩)

***

મહારાજ તો તૈયાર બેઠા છે અને કહે છે કે મૂર્તિ કોઈ લ્યો! કોઈ લ્યો! પણ લેનાર માગે તો તેને આપે. માટે રાત-દિવસ પુરુષપ્રયત્ન કરી લેવો. (૮૪)

***

મહારાજને જેવા છે તેવા સર્વોપરી અને સર્વના કારણ જાણવા એ મોટામાં મોટી ઘાંટી છે. કેટલાક તો એમ મોઢેથી કહે પણ કામકાજમાં પોતાપણું મૂકે નહીં. તેણે કેવી રીતે મહારાજને મોટા જાણ્યા કહેવાય? (૮૬)

***

આ ટાણે સત્સંગમાં સત્સંગ ઓળખીને સુખિયા વર્તે એવા થોડા છે. પણ સગવડિયા અને મહોબતીયા ઘણા છે. (૮૬)

***

સર્વોપરી ઉપાસના સમજીને મહારાજને જ કર્તા જાણવા. એમાં બધુંય આવી ગયું. જો મહારાજ વિના બીજાને કર્તા


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

જાણ્યા હોય તો બહુ જ મોટી ખોટ કહેવાય. એમ કરીને કા.૧૦ની વાત કરી. (મહારાજ વિના બીજાને કર્તા જાણે તેને પંચ મહાપાપીથી વધુ પાપી કહ્યો છે). (૮૬)

***

મહારાજ અણુ અણુમાં રહ્યા છે એ વાતની હા પડે, પણ કેમ હોય તો અણુ અણુમાં રહ્યા કહેવાય? એ વાતની જો ખબર ન હોય તો વાચ્યાર્થ કહેવાય. મહારાજ સ્વામી ને પોતે સેવક, મહારાજ સુખના દાતા ને પોતે ભોક્તા એમ થાય તો લક્ષ્યાર્થ કહેવાય. (૮૭)

***

આપણે વર્તમાન ધરાવ્યા ત્યારે તન, મન, ધન અર્પણ કરેલું છે તે પાછું કોઈ દિવસ આપણું માનવું નહીં. તે કેવી રીતે? તો મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે તેથી સર્વે મહારાજનું જ છે. એમ મનાય ત્યારે અર્પણ કર્યું કહેવાય. (૮૭)

***

કલ્યાણ તો ભાગવત ધર્મે કરીને જ થાય. વર્ણાશ્રમના ધર્મથી નહીં. (૮૭)

***

ઘરમાં પેઠા પછી બહારની પ્રવૃત્તિ રહેતી નથી તેમ મૂર્તિમાં રહ્યા તેને બહારનો વ્યવહાર કરવો પડતો નથી કેમ કે તેની સર્વે ક્રિયા મહારાજ કરે છે. (૮૮)

***

જ્યાં સુધી પોતાપણું માને છે ત્યાં સુધી જન્મ-મરણ ટળતું નથી માટે સમાગમ કરીને એવી અણ સમજણનો ત્યાગ કરી દેવો. (૮૮)

***

ઢાંકે તે શરીરી અને ઢંકાય તે શરીર. તેમ મહારાજ આગળ જીવ, ઈશ્વર, અક્ષરાદિક બધાય પરતંત્ર છે અને મહારાજના અન્વય સ્વરૂપના શરીર છે અને મહારાજ તેમના શરીરી છે. આમ સમજાય તેને છેડો આવ્યો કહેવાય. (૮૯)

***

નાસ્તિકપણું એટલે શું? તો દેહભાવ છે એક નાસ્તિકપણું. (૮૯)

***

નાસ્તિકપણું કેમ જાય? જન્મ બદલી નાખે તો જાય. જન્મ કેમ બદલાય? તો મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એવું જ

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

સર્વે ક્રિયામાં અખંડ અનુસંધાન રહે અને દેહ હાલે ચાલે છે તે તો બીજા ને દેખવા માત્ર છે પણ તેના કર્તા મહારાજ છે એમ જ્યારે સમજાય ત્યારે જન્મ બદલાણો કહેવાય. (૮૯)

***

એમ જાણવું જે મહારાજ હોય ત્યાં દેહ ન હોય અને જ્યાં દેહ હોય ત્યાં મહારાજ ન હોય. માટે દેહભાવ મૂકી દેવો ને મહારાજને રાખવા. (૮૯)

***

મોક્ષનું કામ તથા વ્યવહારનું કામ બધું શબ્દોથી જ થાય છે. તેથી શબ્દે શબ્દે આગળ ચાલ્યા જવું. તે શબ્દ ક્યાંથી નીકળે છે? શું કરે છે? કરવાનું કરીને પાછો ક્યાં જાય છે? એમ જો શબ્દ ભેગા ચાલે તો ખબર પડે. મૂર્તિમાંથી જે શબ્દ નીકળે છે તે શબ્દ તો મૂર્તિમાં જઈને વિરામ પામે છે. એ રીતે ત્યાં સહેજે પહોંચી જવાય અને મૂર્તિનું સુખ આવે. માટે શબ્દ ભેગા ચાલવાની લટક મોટા પાસેથી શીખી લેવી. (૯૦)

***

મોટાનો પ્રત્યક્ષ જોગ મળ્યો છે તેને તો સદાય એવો મહામંત્ર જોઈએ કે મને મહારાજે મૂર્તિમાં રાખ્યો છે, હું બ્રહ્મરૂપ એવો મહારાજનો દાસ છું. હું મૂર્તિનો સુખભોક્તા છું એવું મનન કરતાં કરતાં ભગવાનનું દિવ્ય દર્શન થાય છે. (૯૦)

***

મહારાજની મૂર્તિ છે તે સદાય સુખરૂપ છે, રસરૂપ છે. તેમાં જમનારા શું જમે? તો સુખ જમે. (૯૨)

***

સ્વામીસેવકપણું કેમ હશે? એમ કેવળ બોલવાથી ખબર ન પડે. પણ એ મૂર્તિમાં જ ભેગા રહી રસબસ ભાવે સુખ લેતા હોય તેને એ વાતની પુરી ખબર પડે. બીજાને ન પડે. (૯૨)

***

સ્વામીસેવકપણું મુમુક્ષુઓને આકર્ષણ કરીને મૂર્તિમાં ખેંચે છે. (૯૩)

***

સદ્ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં, “એક એક મુનિમાં અનેક મુનિના વૃંદ” કહ્યાં તે કેવી રીતે? અનાદિમુક્ત પોતે મૂર્તિમાં અને દેખાવ મહારાજનો. આવા જેટલા મૂર્તિના સંબંધને પામેલા તે સર્વે મહારાજની મૂર્તિમાં! આમ એક એક


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

મુનિમાં અનેક મુનિના વૃંદ! (૯૩)

***

બીજે ક્યાંય મૂર્તિ વિના સુખ નથી. જ્યાં મહારાજની મૂર્તિ છે ત્યાં જ સુખ છે. (૯૪)

***

મહારાજની મૂર્તિમાં રહે તેને પૂર્વ-પશ્ચિમ, આકાશ-પાતાળ આદિ કાંઈ નથી. અને વૈરાજરૂપ મૂર્તિમાં રહે તેને તો સર્વે છે. માટે આપણે મૂર્તિમાં રહેવું. (૯૫)

***

આપણે પુરુષોત્તમનારાયણની ચુંદડી ઓઢી છે, તે લજાવવી નહીં. (૯૬)

***

આપણને ભગવાન કોણ મેળવી આપે? તો જેના ભેળા મહારાજ હોય તે. મહારાજ જેને મુક્ત કરીને મૂર્તિમાં રાખે અને બોલનાર-ચાલનાર મહારાજ પોતે જ થયા. તેથી એને મહારાજનો સમાગમ થયો. એટલે મેળવી આપનાર પણ મહારાજ જ થયા. (૯૬)

***

પાછા વળ્યા ક્યારે કહેવાય? તો મૂર્તિ વિના બીજામાં માલ રહી જાય તો પાછા વળ્યા કહેવાય. અને જે પાછા વળે તે તો મૂર્તિને પામ્યા જ નથી. (૯૭)

***

જો દેહરૂપે વર્તાય કે ભગવાન વિના સંકલ્પ થાય કે વિષયની કે ઐશ્વર્યની વાસના રહે તો વર્તમાન પાળ્યા કહેવાય નહીં! (૯૭)

***

સત્સંગ કેને કહેવાય અને કુસંગ કેને કહેવાય? તો દેહનો સંગ છે ત્યાં સુધી કુસંગ અને મૂર્તિનો સંગ થાય એટલે સત્સંગ. (૯૮)


***

જ્યારે દેહ નથી ને મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એવું મનાય એટલે મુક્ત અને દેહરૂપ હોય ત્યાં સુધી ભક્ત! (૯૮)

***

માણસને હાથ, પગ, નાક, કાન છે તેથી કાંઈ માણસ કહેવાય? ના ના એ તો જ્ઞાને કરીને સત્ય-અસત્યનો વિવેક સમજે તો જ માણસ, નહીં તો પશુ જેવા જાણવા. (૯૮)

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.



સત્સંગ કરવો તે કેવળ કલ્યાણને અર્થે કરવો પણ આ લોકના સુખ સારું ન કરવો

***

જેમ ભોમિયા વિના રણ ન ઊતરાય તેમ જ મૂર્તિના અખંડ સાક્ષાત્કારવાળા હોય તે જેના દર્શન સમાગમે સંકલ્પ-વિકલ્પ ટળી શાંતિ શાંતિ થતી હોય એવા સત્પુરુષનો સંપૂર્ણ વિશ્વાસ હોય તો આ દેહરૂપ રણમાંથી મૂર્તિરૂપ કાંઠે લઇ જાય. માટે એવાનો વિશ્વાસ રાખીને યોગ કરવો તો પૂરું કરી દે. (૯૯)

***

વર્તમાન ક્યારે ધાર્યા કહેવાય? તો તન, મન, ધન, અર્પણ કર્યા પછી પોતાનું ન મનાય ત્યારે વર્તમાન ધાર્યા કહેવાય. (૧૦૦)

***

ઘડીક મૂર્તિમાં રહે ને ઘડીક દેહરૂપ થાય એ તો જીવન મુક્ત કહેવાશે પણ વિદેહી ને કૈવલ્ય નહીં કહેવાય. માટે મૂર્તિમાં રહે તેને મતે બીજું કાંઈ છે જ નહીં. મૂર્તિ જ છે. (૧૦૨)

***

આપણે સાધન કરીએ પણ ફળ જે મહારાજની મૂર્તિ તે સામી દ્રષ્ટિ રાખવી. જો તે ન રહી તો પછી તેને શું પ્રાપ્તિ થાય? તેવાને તો પશુ તુલ્ય જાણવો. (૧૦૩)

***

જીવના ગુરુ તો પોતાને જ થાવું. (= પોતે પોતાના ગુરુ થાવું) આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે અને આ પળમાં ને આ ઘડીમાં મરી જાવું છે એવું જાણપણું રાખવું અને વાસના ટાળવી. (૧૦૪)

***

કેટલાક અનેકનાં કલ્યાણ કરે એવા હોય ને કેટલાય પોતાનું પણ ન કરી શકે તેવા હોય તે જાણી રાખવું. માટે તપાસીને યોગ કરવો. (૧૦૪)

***

સત્સંગ કરવો તે કેવળ કલ્યાણને અર્થે કરવો પણ આ લોકના સુખ સારું ન કરવો. (૧૦૫)

***

દેહ તો પોતાને માનવો જ નહીં. (૧૦૫)

***

મનુષ્ય દેહ તો મોક્ષના દરવાજારૂપ છે પણ દેહરૂપ ઘરને વિષે આસક્ત ન થવું પણ તેને કરીને ભગવાન ભજી લેવા. (૧૦૫)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

દેહથી પોતાનું રૂપ નોખું માની બ્રહ્મરૂપ થઈને મહારાજની મૂર્તિમાં જોડાવા રૂપ જ્ઞાન હોય ત્યારે જ માણસ કહેવાય. આવું જ્ઞાન ન હોય તો તેને પશુ જાણવો. (૧૦૫)

***

મનુષ્ય દેહ મળ્યા પછી ગર્ભવાસ રહે તેને આત્મહત્યારો કહ્યો છે. (૧૦૫)

***

મહારાજ પોતાના સુખે સુખિયા છે ને મુક્ત મહારાજના સુખે સુખિયા છે. અને દેહ તો આ લોકની ચણ ખાવાથી સુખી છે. (૧૦૬)

***

આપણે દેહરૂપ ગંધમાં પડી ન રહેવું. જેને મહારાજનું સુખ મળ્યું હોય તેનાથી તો એ ગંધમાં રહેવાય જ નહીં. (૧૦૬)

***

જ્યાં ભગવાન હોય ત્યાં સુખ શાંતિ હોય. (૧૦૭)

***

મહારાજે મૂર્તિમાં રાખ્યા પછી જણાય કે દેહ છે જ નહીં. એક મહારાજ જ છે. અને ક્રિયા તો એમની મરજી હોય તેમ થાય. એમને જેમ ચલાવવું હોય તે ચલાવે પણ એનું એને કાંઈ નહીં. (૧૦૭)

***

મહારાજ ને મુક્ત બે છે એમ સમજે કોણ? તો એવો થયો હોય તે સમજે. (૧૦૯)

***

વાતો કરનારા કોણ? તો મહારાજ પોતે. મુક્ત તો મૂર્તિના સુખમાં લુબ્ધ રહે એટલે મુમુક્ષુને આ સ્થિતિના ભેદ મહારાજ સમજાવે. જેને આવી સમજણ હોય તે સંત, કાંઈ ભગવે લુગડે સંત ન કહેવાય. (૧૦૯)

***

મહારાજે કહ્યું છે કે ખરો સાધુ હું છું તે કેમ? તો મુક્ત તો મૂર્તિમાં રહ્યા તે તો સુખમાં જ લુબ્ધ રહે ને દેખાવ મહારાજનો. તેથી ખરા સંત તો મહારાજ જ થયા. (૧૧૦)

***

આપણે સમાગમ કરવો તે બરાબર તપાસીને કરવો ને

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

મહારાજરૂપ હોય તેની સાથે હેત બાંધવું ને ભેગા રહીને જોવું પછી તેનો વિશ્વાસ કરવો તો એવી સ્થિતિ થાય. (૧૧૦)

***

આપણા જીવમાં હા પડે કે મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે ને મહારાજમાંથી તેજ ફરરર ફરરર છૂટે તે મૂર્તિમાં રહ્યે રહ્યે દેખે ત્યારે દેહભાવ છૂટી જાય, વાર ન લાગે. (૧૧૧)

***

પાટડીવાળા લવજીભાઈને વર્તમાન ધરાવીને પ્રતિલોમ મૂર્તિનું ધ્યાન કેમ કરવું એમ બાહ્ય વૃત્તિથી દેખતા દેખતા દિવ્ય દ્રષ્ટિ કરી તેની વાત કરી. (અમદાવાદની મૂર્તિ ગાડીમાં બેસી વિરમગામ થઈને મંદિર --> હ્રદયમાં આવી). (૧૧૨)

***

આપણે મૂર્તિમાં જોડાણા એટલે મહારાજ જ છે. પછી કોઈ વિક્ષેપને લઇ મૂર્તિ ભુલાય તો શું મૂર્તિ જતી રહે? ન જતી રહે. મંદિરમાં ઠાકોરજી પધરાવ્યા પછી ઠાકોરજી શું જતા રહે? ન જતા રહે! માટે ભૂલ પડે તો જાણીને સંભાળી લેવું. (૧૧૩)

***

મહારાજના મહિમાની સમજણ પાડવી તે તો મહારાજનું જ કામ! બીજાનું નહીં. ભગવાનના ઘરની વાત ભગવાન જ જાણે. જે ત્યાં પહોંચે તે તો અહીં આવે નહીં. પછી તે દ્વારા મહારાજ બોલે. અજ્ઞાન ટાળીને મહારાજને ઓળખ્યા એટલે ત્યાં પહોંચ્યો જાણવો. પછી કર્તા મહારાજ થયા. (૧૧૫)

***

જો મુકતો દેખાય અને મહારાજ ન દેખાય તો આપણે હજી દેહરૂપ છીએ એમ માનવું. જો મુકતો સાથે મહારાજ દેખાય તો જાણવું જે દેહરૂપ મટી જવાણું છે. (૧૧૬)

***

માયામાંથી નોખા ક્યારે પડે? તો એવા મોટા મુક્ત મળે તે મહારાજને ઓળખાવે ત્યારે તરત નોખો પડે. (૧૧૬)

***

સહજાનંદગુરું ભજે સદા! તેથી ગુરુ તો મહારાજ જ કહેવાય અને માયામાંથી પણ મહારાજ નોખા પાડે, (૧૧૬)

***

દેહભાવ જાય તો પૂરું ને જ્યાં સુધી દેહભાવ હોય ત્યાં સુધી


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

અધૂરું. (૧૧૭)

***

જ્ઞાનીને મહારાજ સદાય છે જ! ક્યાંય ગયા, આવ્યા નથી. (૧૧૭)

***

આપણને મહારાજ મળ્યા ત્યારથી દિવ્ય થયા છીએ. કેમકે દિવ્યનો સંગ થયો એટલે દિવ્ય થયા. આપણે કોનો સમાગમ છે અને કોના શિષ્ય છીએ તે તપાસવું. આપણે કોના છીએ ને કેવા થયા છીએ તે વિચાર કરવો તો તુરત ભાવ બદલાય. (૧૧૮)

***

મહારાજના સ્વરૂપનો યોગ કોને હશે? ત્યારે સ્વામી બોલ્યા જે મુક્તને અને પંચ વર્તમાને યુક્ત એવા ભક્તને! બીજાને તો અન્વય સ્વરૂપનો યોગ છે. (૧૧૯)

***

यद् गत्वा न निवर्तन्ते! - મહારાજને પામ્યો તે પાછો ન જ આવે. (૧૧૯)

***

એક વકીલ એવો કરવો જે આપણને માયારૂપી કેસ જીતાડે. તે વકીલ ખરો હોય તેને કરવો. તે કેવો તો મહારાજરૂપ ને મૂર્તિમાં અખંડ રસબસ હોય તેવો કરવો. તો આપણને પોતા જેવા કરી મૂકે. (૧૧૯)

***

માંહીલા મંદવાડવાળા સુખને લઇ શકે નહીં. મોટા સત્પુરુષના વચનનો વિશ્વાસ આવે નહીં તે મંદવાડ જાણવો. તે મંદવાડ જ્યારે મટે ત્યારે આ દિવ્ય સુખ પમાય. (૧૨૧)

***

મહારાજના મુક્તને ઓળખી રાજી કરવા જોઈએ અને જે એવા મોટાને સેવા સમાગમે રાજી કરે છે તેને તો પૂર્વના ભારે બીજબળવાળા જાણવા. (૧૨૨)

***

માયામાંથી તથા ઐશ્વર્યમાંથી રાગ ટાળીને એક મૂર્તિમાં જ જોડાય તેને મહારાજમાં જ સારપ મનાણી. તે સર્વથી મુકાઈ ગયો. પછી પુરુષોત્તમરૂપ થયો એટલે પૂરું થયું. તેને દેખાવ મહારાજનો રહ્યો. એ તો એક મહારાજને જ દેખે. એમ ઠરાવ

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ફેરવી નાખવા એટલે સત્સંગ પૂરો થયો જાણવો. (૧૨૩)

***

મનુષ્યભાવ દેખાય ત્યારે દિવ્યભાવ આવવો એ તો પર્વત જેવી ઘાંટી છે, માટે એવા મનુષ્ય જેવા દેખાતા હોય ને મોટા સમજાય તો પૂરું થયું જાણવું. (૧૨૪)

***

મંદિરોમાં બીજા અવતારોની મૂર્તિઓ પધરાવી છે તે તો પોતાના સંકલ્પની મૂર્તિઓ છે. એ સર્વે મહારાજના સ્વરૂપ જાણવા. પણ ધ્યાન તો મહારાજની મૂર્તિનું જ કરવું. (૧૨૫)

***

આત્મસુખવતે પૂર્ણ રહેવું કે મુર્તિ વતે પૂર્ણ રહેવું? જે મૂર્તિના સુખે પૂર્ણ રહે ત્યારે પૂર્ણ કહેવાય કેમ જે મૂર્તિના સુખે પૂર્ણ થયો તેને કોઈ દિવસ બહારના વિષયનો પાશ ન લાગે જેમ વાયુને દુર્ગંધનો પાશ લાગે પણ અગ્નિ ને ન લાગે તેમ. (૧૨૬)

***

દેહ બાળી નાખો કે સુકાઈ જાઓ પણ મહારાજને અને મોટા મુક્તને રાજી કર્યા વિના, “મને મહારાજે મૂર્તિમાં રાખ્યો છે” એ ભાવ ન આવે. (૧૨૭)

***

આપણે મહારાજનો યોગ કરીને મહારાજ પામવા છે એવો ઠરાવ હોય તો પમાય પણ જેને કાંઈ ઠરાવ જ નથી તેનાથી શું પમાય? (૧૨૮)

***

જેને પ્રતિમા તથા ધામની મૂર્તિ એક જાણી હોય અને મહારાજ ઓળખાણા હોય તે તો મહારાજને મળેલા જ છે! આવા પુરુષ ઓળખીને સમાગમ કરવો. (૧૨૯)

***

જે સમય ને જે વખતે જેને મહારાજનો સાક્ષાત્કાર થયો, તે વખતે તેને માટે પુરુષોત્તમ પ્રગટ થયા કહેવાય. તેની વરસ, તિથિ, કે સમય કહેવાય નહીં. એને તો સદાય મહારાજ છે જ, ને તેને એમ જણાય છે જે હું તો અનાદિકાળનો મૂર્તિમાં જ છું, છું ને છું જ! (૧૩૦)

***

ઠાકોરજીની મૂર્તિમાં અને બીજા પથ્થર માં ફેર છે એમ કહેવાય ત્યાં સુધી વાચ્યાર્થ થયો. પણ લક્ષ્યાર્થ કેવી રીતે?


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

તો જ્યારે પોતે મહારાજના ધ્યાને કરીને દિવ્ય થાય ત્યારે મહારાજને અને સંત ને દિવ્ય દેખે. પછી તો મહારાજના અનુભવજ્ઞાન કરીને મૂર્તિમાં તદાકાર થઇ જાય ત્યારે જ ખરો લક્ષ્યાર્થ કહેવાય. (૧૩૧)

***

મહારાજનો મહિમા તો અતિ અપાર છે તે તો શ્રીમુખના વચનરૂપી વેદ થકી જ સમજાય છે.આપણે પણ પુરુષોત્તમનો મહિમા એવી જ રીતે જાણીએ છીએ તેથી એ મૂર્તિ જ નજરમાં આવે છે. અને બીજા કોઈનો ભાર રહેતો નથી. જ્યાં જોઈએ ત્યાં મહારાજ દેખાય છે. (૧૩૨)

***

જ્ઞાનમાર્ગે કરીને અહોનિશ મૂર્તિમાં જોડાઈ રહેવું તે શાશ્વત શાંતિ! (૧૩૩)

***

જ્ઞાનમાર્ગ એટલે શું? તો મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એમ ઘેડ્ય બેઠી તે જ્ઞાનમાર્ગ. (૧૩૩)

***

અનેક પ્રકારના જ્ઞાનોપદેશાદિક મહારાજ કરે છે. તેનું જેટલું અનુસંધાન રહે એટલી સાધનદશા કહેવાય. અને ત્યાં સુધી ભક્તિમાર્ગ કહેવાય. એ ભક્તિમાર્ગનું અનુસંધાન ન રહે અને મૂર્તિમાં જ નિમગ્ન રેહવાય તે સિદ્ધદશા જાણવી. (૧૩૩)

***

સમાગમે કરીને સારા-નરસાપણું થાય છે માટે સારો સમાગમ કરવો. (૧૩૪)

***

જેમ છે તેમ સમજે તો જ મહારાજને દેખે. અજ્ઞાની તો આંધળા છે અને જ્ઞાની દેખતા છે. (૧૩૫)

***

સોનીરૂપી મોટા અનાદિમુક્તોનો સમાગમ કરે તો મૂર્તિરૂપી અગ્નિએ કરીને માયારૂપી વગળ બળી જાય છે. જો મૂર્તિનો અખંડ યોગ રાખે તો દેહરૂપ માયાનું વગળ(=ભેગ) ટળી જાય છે અને ચોખ્ખું કુંદન(= સોનું, આત્મા) દિવ્ય થાય પછી મૂર્તિરૂપી નંગ ચોંટે. (૧૩૫)

***

જેટલું વગળ (= ભેગ દેહાત્મક બુદ્ધિ) તેટલા ઠરાવ બીજા. જેટલું બીજે હેત તેટલો માયામાં બંધાણો. પછી મહારાજને

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

તો લાખો ગાઉનું છેટું થઇ જાય, માટે વિચાર કરવો કે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે? (૧૩૫)

***

મૂર્તિમાં રહેતા હોય તે તો મહારાજ તુરત બતાવી દે એમ જાણવું. (૧૩૭)

***

શ્રી પુરુષોત્તમનારાયણ તો છે, છે ને છે જ! એ સર્વોપરી વર્તે છે તેથી જાણપણાવાળાને બીજું કાંઈ દેખાતું જ નથી. એને તો એક મહારાજ જ દેખાય છે. (૧૩૭)

***

જાતિ, સજાતિ અને વિજાતી કોને કહેવાય? તો શ્રીજીમહારાજે વર્તમાન ધરાવી જેના ચૈતન્યને મૂર્તિમાં રાખ્યો પછી જે દેખાવ રહ્યો તે સંકલ્પ સ્વરૂપને જાતિ કહેવાય, મૂર્તિમાં રસબસ રહેલ અનાદિમુક્તને સજાતિ અને જે દેહરૂપ માને તેને વિજાતી કહેવાય. (૧૩૮)

***

આપણે ઘણા વખતથી સત્સંગ કરીએ છીએ પણ મહારાજનો સાક્ષાત્કાર કેમ થતો નથી તે વિચારવું. (૧૩૯)

***

પુણ્ય અને પાપના બેય સંકલ્પ કાઢી નાખવા નહિતર બેય જન્મ લેવરાવે, માટે બેયનો ત્યાગ કરી પ્રગટનો યોગ કરી સુખિયા થવું. (૧૩૯)

***

જ્યાં સુધી મૂર્તિમાં નથી ચોંટ્યો ત્યાં સુધી દેહાભિમાન જાય નહીં. અને દેહાભિમાન હોય ત્યાં સુધી મહારાજ તથા મોટા પુરુષ ઓળખાય નહીં. માટે મૂર્તિમાં ચોંટવું. (૧૪૨)

***

મહારાજની મૂર્તિમાં ચોંટવાની રુચિ થઇ અને બીજે પણ રુચિ થાય તેનાથી મહારાજની મૂર્તિમાં ચોંટાશે નહીં. જ્યારે એક મૂર્તિમાં જ ચોંટે અને મન ત્યાં જ અટકે ત્યારે જ મૂર્તિમાં રેહવાય. (૧૪૨)

***

સાધુ, પાળા, બ્રહ્મચારી, હરિભક્ત એ સર્વેને સમજણ કામ કરે છે. તે જો સમજણ ન હોય તો સત્સંગમાંથી પડી જવાય. (૧૪૨)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

જોઈને સમાગમ કરવો તો આપણું અંગ વૃદ્ધિ ને પામે ને અખંડ મૂર્તિમાં જોડાવાય. ખપવાળાને મહારાજ સારો જોગ મેળવી દે છે. (૧૪૨)

***

અનાદિમુક્તની સ્થિતિને કોણ સમજે? તો પ્રતિલોમપણે કરીને મહારાજની મૂર્તિમાં રસબસ રહેતા હોય તે સમજે, આમાં જે આશંકા કરે તેને દેહરૂપ જાણવા. જે દેહરૂપ વર્તે છે એથી પરભાવમાં નજરે પહોંચે નહીં. માટે કોઈ દેહભાવવાળા આ વાતમાં શંકા કરે તે સાંભળી ને ક્ષોભ ન પામવો. અને જાણવું જે આની નજર પહોંચી નથી માટે આશંકા કરે છે. (૧૪૩)

***

મહારાજના સાધર્મ્યપણા ને પામે તેને તો વચનામૃતમાં સિદ્ધભક્તિ કહી છે. તે સિદ્ધભક્તિ તો મહારાજની મૂર્તિમાં રહીને સુખ લેવું તેને જાણવી. સાધનભક્તિ તે શું? તો ભગવાનને રાજી કરવા નવધા ભક્તિ કરે છે તે. એ નવધા ભક્તિ કરતાં કરતાં સિદ્ધભક્તિ થાય. અને પ્રેમલક્ષણા કરતાં જ્ઞાન પ્રગટ થાય. (૧૪૪)

***

આપણે જાણપણારૂપ દરવાજે રહીને નામામેળ કરવો અને મોટા થાવું અને કામ કરી લેવું. તેમ પહેલું પોતાનું કરવું પછી બીજાને મૂર્તિમાં જોડવા. (૧૪૫)

***

ઝીણી બુદ્ધિવાળા કોને કેહવા? તો એક મૂર્તિમાં જ જોડાય જાય અને દેહ છે જ નહીં એવું કરી નાખે તેને જાણવા. (૧૪૭)

***

આપણે દેહનું ધાર્યું તો ઘણાય દિવસ કર્યું પણ કાંઈ વળ્યુ નહીં તે માટે હવે તો મહારાજની મૂર્તિમાં જોડાઈ રહીને મહારાજના ઠરાવે ઠરાવ રાખવા એ કરવું. (૧૪૮)

***

મૂર્તિમાં રહીને ધર્મ પાળે તો ધર્મ પાળ્યો કહેવાય. પણ એકલા ધર્મે કરીને ધર્મ પાળ્યો ન કહેવાય. (૧૫૦)

***

ભગવાનને ઓળખ્યા વિના અને જાણ્યા વિના દિવ્યભાવ આવે નહીં અને દિવ્યભાવ આવ્યા વિના માયિક ભાવ ટળે

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

નહીં. જ્યાં સુધી દિવ્યભાવ ન આવે ત્યાં સુધી વાચ્યાર્થ કહેવાય. એ વાચ્યાર્થપણું ક્યારે ટળે? તો ભગવાનને ભગવાન જાણે ત્યારે ટળે. (૧૫૦)

***

કોઈ એમ કહે છે કે સંત (= અનાદિમુક્તો) બધા જુદા જુદા દેખાય છે તે કેમ સમજવું? તો એ તો દેખાય. એ બધા મહારાજના સંકલ્પ છે. (૧૫૦)

***

મહારાજના અનાદિમુક્ત તો સદાય સુખભોક્તાપણે મૂર્તિમાં રસબસ રહ્યા છે અને દેખાય છે, તે તો મહારાજના સંકલ્પ. (૧૫૧)

***

દિવ્યભાવે સમગ્ર મૂર્તિ દેખાય એ જીવ સત્તાએ ધ્યાન થયું જાણવું. ચરણાર્વિન્દ સામું જોવાય અને બીજા અંગ ન દેખાય ત્યારે દેહભાવથી જોવાણું. (૧૫૨)

***

સમગ્ર દેહ નેત્રમય હોય તો ક્યાં ન દેખાય? તેમ અનાદિમુક્તને રોમેરોમ જોવાપણું અને સંભાળવાપણું છે. કેમ કે તે મૂર્તિમાં રસબસ છે. (૧૫૨)

***

આપણે તો પુરુષોત્તમરૂપ પોતાને માનીને રસબસ ભાવે પ્રતિલોમપણે મૂર્તિ ધારવી. એટલે મહારાજના હાથે હાથ, ચરણે ચરણ, મસ્તકે મસ્તક, ભાલે ભાલ એમ સળંગ જુએ ત્યારે એને ને મહારાજને છેટાપણું કેટલું? અણું જેટલુંય છેટું નહીં. (૧૫૨)

***

આપણે તો મહારાજની મૂર્તિ એ જ નિશાન છે. (૧૫૨)

***

દિવ્યભાવવાળાને તો મહારાજે પ્રગટ, મુક્તે પ્રગટ ને સ્થાન પણ પ્રગટ! (૧૫૨)

***

માયાથી પર જે મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ અને અક્ષર એ સર્વેમાં દેહદેહી ભાવ નથી અને સાકાર મૂર્તિ છે તો પણ તેમને નિરાકાર કરી મહારાજ સત્સંગમાં લાવી પોતાના સ્વરૂપનું જ્ઞાન ઉપાસના કરાવે છે. ત્યારે એ સર્વે આત્યંતિક મોક્ષને પામે છે અને અક્ષરાતિત મુક્તની પંક્તિમાં ભળે છે


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

અને સદા સાકાર થાય છે. (૧૫૩)

***

આત્મનિષ્ઠા કરવાનું કહ્યું તે શું? તો સર્વના આત્મા મહારાજ એમને વિષે નિષ્ઠા કરે એ ખરી આત્મનિષ્ઠા. (૧૫૩)

***

વિશલ્યકરણી ઔષધિ પીએ એટલે મેલ નીકળે. એ વિશલ્યકરણી ઔષધિ એટલે મહારાજની મૂર્તિ. મેલ તે શું? તો દેહભાવ. માટે દેહભાવવાળાએ મેલ કાઢી નાખવા મૂર્તિનું મનન કરવું. (૧૫૪)

***

આપણે ધામનું નહીં પણ ધામના ધણીનું કામ છે. માટે ધામ દેખવાની ઈચ્છા રહે તેની પણ ના પાડી છે. જો ભગવાનની ઈચ્છા હોય તો ભલે દેખાડે. (૧૫૪)

***

આપણે જ્યાં મહારાજ ત્યાં અક્ષરધામ અને અનંતકોટી મુક્ત જાણવા. (૧૫૪)

***

મહિમા જાણ્યા વિના સમજાય નહીં. (૧૫૫)

***

બુદ્ધિવાળાને બુદ્ધિનું ફળ કયું? તો અનંતકોટી બ્રહ્માંડના પતિ પુરુષોત્તમનારાયણ તેમના સ્વરૂપમાં વૃત્તિ રાખે તે. (૧૫૫)

***

વૃત્તિ રાખનાર અને મૂર્તિ તો જુદી છે. એ રીતે વૃત્તિ રાખે તેનો નેત્ર, શ્રોત્ર, ત્વચા આદિ ઇંદ્રિયોની વૃત્તિથી સુખ લેવાય તેટલો દેહભાવ. એ માયિક વૃત્તિ થઇ. આપણે તો તે થકી વિલક્ષણ ચૈતન્ય રૂપ છીએ. દેહભાવમાં તો નોખી નોખી વૃત્તિ રહે અને આમાં તો બધીએ એક વૃત્તિ થઇ જાય. એ થઇ દિવ્ય વૃત્તિ. આ બુદ્ધિવાનની બુદ્ધિનું ફળ. (૧૫૫)

***

જે સર્વ જગતને તૃણ સમાન જાણીને એક મૂર્તિમાં જ જોડાય અને ત્યારે જ બુદ્ધિમાન કહેવાય. (૧૫૫)

***

જેટલી આજ્ઞા પાળે એટલું આત્મસત્તાપણું કહેવાય. (૧૫૫)

***

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

બહારના સંત અને માંહિલા સંત અને બહારનો કુસંગ અને માંહિલો કુસંગ તેમાં જેની પુષ્ટિ થાય તેનું પ્રધાનપણું રહે. માટે બહારના કુસંગી થકી છેટે રહેવું. (૧૫૫)

***

બીજા સાધન કરતાં વાસના ટાળવી એ કઠણ કામ છે. માટે તન, મન, ધન મહારાજને અર્પણ કરવું. એ આજ્ઞામાં બધુંય આવી જાય. (૧૫૫)

***

ઇન્દ્રિયો અને અંતઃકરણ મજુર જેવા છે, જો પાંચ દિવસ પણ કામ વધુ આવે તો વધુ કમાણી કરે તેવા! માટે આવા મજુરને રજા આપી કામ બંધ કરાવી દેવું. એટલે દેહભાવ કાઢી નાખવો. અને મજુર વગર કામ ચલાવી લેવું. આ મજુર તો જરૂર પરાધીન કરી નાખે તેવા છે. (૧૫૫)

***

આપણે એક શબ્દ રાખવો. મહારાજ અને મુક્ત! જેમ સૂર્યના તેજમાં અંધારું ન પેસે તેમ મહારાજ અને મુક્ત પાસે બીજું પેસે જ નહીં. (૧૫૬)

***

પુણ્ય અને પાપની સ્મૃતિ જ કાઢી નાખવી. આટલું દાન-પુણ્ય કર્યું આટલી સેવા પૂજા કરી તે સંભારે તોય ભગવાન ભુલાવે. (૧૫૬)

***

મુક્ત ઉપદેશ કરે છે કે મહારાજ! મુકતો તો મૂર્તિમાં જ છે. અને વાતો તો મહારાજ કરે છે. (૧૫૬)

***

મહારાજે મનુષ્યરૂપ ધારણ કરી જીવોને મનુષ્ય ભાવ ટાળી દિવ્ય ભાવ સમજાવ્યો. તે તો કાંટે કરીને કાંટો કાઢ્યો. મહારાજનું કામ જ એ. એ તો પોતેજ સુખ આપે. એ કામ બીજા કોઈનું નહીં. (૧૫૬)

***

દેહમાં દેવ (ઇન્દ્રિયોના દેવતા) સર્વે ઘર કરી બેઠા છે એને ઉઠાડી મૂક્યા તે કાંઈ નાની સૂની વાત નથી. કેમકે સૌના ગરાસમાંથી ખસવું તે કઠણ પડે. માટે મોટા મુક્ત વારે વારે ચેતાવે છે કે દેહ ઇન્દ્રિયોવાળા આપણને ભોળવી કુસંગી ન કરી નાખે! (૧૫૮)

***


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

ઇન્દ્રિયો અંતઃકરણરૂપ માયા અભક્તને દુઃખ દે છે અને ભક્તને સુખ પમાડે છે એ શું? ત્યારે સ્વામી કહે જે દેહ અને ઇન્દ્રિયોનો ગુણ ન લેવો. એને વિષે શત્રુભાવ રાખવો એમ મહારાજે પણ લખ્યું છે. (૧૫૯)

***

દેહમાં નેત્રના સૂર્ય આદિ દેવ આધારપણે રહ્યા છે તે સત્તારૂપે રહ્યા છે કે સાક્ષાત ત્યારે સ્વામી કહે કે સત્તા અને દેવતામાં જુદાપણું નહીં. એ બધું ભેગું. (૧૫૯)

***

ગમે તેવાં સુખ-દુઃખ આવે તેમાં મહારાજ કહે અમારા વિના એ સુખ-દુઃખનો દેનારો બીજાને ન જાણે એવો વિશ્વાસ આવે ત્યારે બધું સમજાય. જે કાંઈ છે (સુખ-દુઃખ) તે તો આપણને શીખવવા માટે છે એમ સમજવું. પણ જોગ કરવામાં અને મહિમા જાણવામાં અટકવું નહીં. (૧૫૯)

***

અર્થ અને ઉત્તર બે નોખા છે. જેમ આપણે "ઘનશ્યામ મહારાજ" બોલ્યા તે મૂર્તિ તદાકાર થાય તે અર્થ ને અમથા કહીએ તો ઉત્તર. તેમ પોતે મુક્ત થઈને મૂર્તિ ભેળો રહે તે અર્થ. અર્થ એટલે વસ્તુ "જે મહારાજ ને મુક્ત તે સદાય ભેળા રહે" અને ઉત્તરમાં તો મુખેથી જ કહેવાનું પણ રહેવાનું તો થાય ત્યારે ખરું. ત્યાં સુધી ઉત્તર પણ અર્થ નહીં. માટે જે શબ્દ કહેવો ત્યારે અર્થમાં નજર પહોંચાડવી પણ ઉત્તરમાં અટકવું નહીં. (૧૫૯)

***

આપણે બીજા સામી દ્રષ્ટિ ન રાખવી. નિશાન મૂકવું નહીં અને મુકામ મૂકવું નહીં. નિશાન શું? તો મહારાજ. મુકામ શું તો મૂર્તિમાં રહેવું તે.આ વાતમાં સમજવાનું કે દેખાવ મહારાજનો ને મુક્ત ભેળા રહે. (૧૬૧)

***

જ્યારે સભામાં અહંમમત્વથી પરસ્પર બોલવા જેવું થાય ત્યારે મોટાને તો કાંઈ હોય જ નહીં પણ તેમાં કેટલાયના રૂપ ઉઘાડાં થાય. એવા ટાંણે સ્થિતિ ન ફરે ને બહાર ન નીકળી જવાય એ મહારાજની દયા. આપણે તો મહારાજ અને મુક્ત એટલામાં જ રહેવું. (૧૬૧)

***

જેમ ધનવાનને ધનનો કેફ રહે છે તેમ આપણે મૂર્તિનો કેફ

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved. 

રાખવો. (૧૬૨)

***

જીવને કાર્યમાં બહુ તાન છે પણ કારણ મૂર્તિ વિના કારણ શરીર ટળે નહીં. માટે ધ્યાન ભજનનો આગ્રહ રાખવો. (૧૬૩)

***

મોટાને વિષે હેત, વિશ્વાસ અને મહિમા હોય તો બહુ કામ થાય. (૧૬૩)

***

આપણે તો, "હું અને મારો ઠાકોર, બીજું જગત કાણું, ઠાકોર બેઠો પારણે અને દોરી હું તાણું." એટલું જ ગમે. હું અને મહારાજ બે જ છીએ. હું મુક્ત અને મહારાજ સ્વામી. એ બે વિના બીજું કાંઈ છે જ નહીં. (૧૬૩)

***

જેમ વહાણમાં બેસે તેને સમુદ્ર તરવો પડે નહીં, વગર દાખડે સહેજે ઉલ્લંઘી જવાય તેમ મોટા પુરુષનો આશરો કરે તેને કાંઈ કરવું બાકી રહે નહીં. (૧૬૪)

***

બાપાશ્રીએ વઢવાણમાં ડૉ મણિલાલભાઈને કહ્યું હતું કે આ પુસ્તક (વચનામૃત રહસ્યાર્થ અને બાપાશ્રીની વાતો) વાંચશે તેને અમે તેડવા આવશું. અને મૂર્તિના સુખમાં રાખશું. (૧૬૪)

***

મહારાજ કહે અમારી ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયરૂપ લીલા વિચારે તો મહિમા સમજાય. એમાં તો એ સમજવવાનું છે જે કર્તા એક મહારાજ જ છે. એ વિના બીજો કોઈ કરનાર નથી. (૧૬૫)

***

મહારાજ પાસે બીજા કોઈ પોતાનું ધાર્યું કરી શકે જ નહીં. આવી સમજણ આવે તેને ઘાટ સંકલ્પ ટળી જાય ને મહિમા સમજાય. (૧૬૫)

***

મહારાજ કર્તા અને મુક્ત અકર્તા એમ સમજાય ત્યારે સ્વામી-સેવકભાવ સિદ્ધ થાય. મહારાજ દાદા ખાચરના દરબારમાં ઘણું રહ્યા તેનું કારણ તેમણે સર્વસ્વ અર્પણ કરી પોતાપણું ટાળી નાખ્યું હતું માટે રહ્યા. (૧૬૫)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

મહિમા સમજ્યા હોય તેને મહારાજથી કાંઈ અધિક ન મનાય. (૧૬૫)

***

ધીરજ રાખવા ધીરજ આખ્યાન વાંચવું, વચન પાળવા વચન વિધિ, મહારાજ સંભારવા હરિસ્મૃતિ અને પ્રકાશ થાવા હૃદય પ્રકાશ, મન જીતવા મનગંજન. એ સર્વે ગ્રંથ વાંચીને ઉત્તર કરતાં ન શીખવું પણ અર્થ કરતાં રહેવું એટલે કેવળ બોલી દેખાડવું નહીં પણ પાળવું તો કામ થાય. “બીન વિચારનો બોલતો, જયું ભેરીકો નાદ”. માટે જે જે બોલવું તે વિચારીને જ બોલવું. (૧૬૫)

***

અસલ અને નકલમાં ફેર છે તેમ સિદ્ધ અને સાધકમાં ફેર છે. (૧૬૫)

***

આવી પ્રાપ્તિ થઇ છે, વાતો સમજાય છે, તોય આળસ, પ્રમાદ ને ગફ્લાઈથી જન્મ ધરવો પડે તો આત્મહત્યા કરી કહેવાય. માટે ખટકો રાખીને પોતાને ખબડદાર રહેવાનું છે. (૧૬૫)

***

બાપાશ્રી કહેતા કે ખોટા ને તો સૌ ખોટું કરે, પણ જે સાચા ને પણ પડયું મૂકે તે ખરો. તે કેવી રીતે? તો મહારાજનું ધામ સાચું, મુક્ત સાચા, પણ મૂર્તિમાં રહેનાર ને મૂર્તિ વિના કોઈ નહીં એવી રીતે સમજવું. માટે મૂર્તિમાં રહ્યો તેને એક મહારાજ જ છે. (૧૬૬)

***

મૂર્તિમાં રહ્યા એ તો નિરુત્થાન હોય તેને તો બીજા મુક્ત સુખ લે છે? કે માંહીરહ્યા છે? એવું કંઈપણ અનુસંધાન રહેતું નથી. એમને એમ થાય કે હું તો અનાદિકાળથી મૂર્તિમાં જ છું, છું ને છું જ!! (૧૬૬)

***

નિવૃત્તિમાં સુખ છે કે પ્રવૃત્તિમાં? તો સ્વામી કહે કે નિવૃત્તિમાં સુખ નથી પણ પ્રવૃત્તિમાં સુખ છે. પ્રવૃત્તિ એ શું? તો મહારાજે મૂર્તિમાં રાખ્યા પછી તે મૂર્તિનું સુખ ભોગવવું એ પ્રવૃત્તિ છે. તેમાંથી તૂટક થવું તે નિવૃત્તિ છે. માટે મૂર્તિના સુખમાંથી પાછા વળી નવરા થઈને બેસી ન રહેવું પણ સુખ લેવારૂપ

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

અખંડ પ્રવૃત્તિમાં જ રહેવું. (૧૬૭)

***

મહારાજ ક્યાં હશે તે ખોળવાનું નહીં અને દેહ પડયા કેડે પ્રાપ્તિ થવી તે વાત જ ખોટી છે. દેહ છતાં જ આ જ્ઞાન થયું ત્યારથી જ દેહ પડયો ને મહારાજના ધામમાં પહોંચ્યા માટે સમજણે કરીને દેહભાવ જશે પણ સ્થૂળ દેહે પડે તેણે કરીને દેહભાવ નહીં જાય. માટે સમજણ દ્રઢ કરવી. (૧૬૮)

***

સર્વે સાધનમાં મૂર્તિમાં જોડાવું એ સાધન સર્વોપરી છે. (૧૬૮)

***

મહારાજમાંથી મનુષ્યભાવ કાઢીને દિવ્યભાવે ધ્યાન કરે તો મુક્ત થાય. જ્યારે ભગવાનને દિવ્ય તેજોમય મૂર્તિ જાણે ત્યારે પોતે પણ દિવ્ય તેજોમય થાય. (૧૬૯)

***

જેમ જેમ ભગવાનનું સમીપપણું થાય છે તેમ તેમ મહિમા ને અપારપણું વધતું જાય છે. તેમ એ મુક્તને અપારપણું થાય છે. (૧૬૯)

***

સુખ તથા તેજ મૂર્તિમાંથી છૂટ્યા જ કરે છે ક્યારેય બંધ રહેતું નથી. જેમ વાયુ હમેશા વાયા જ કરે છે તેમ અખંડ તેજ તથા સુખ છૂટ્યા જ કરે છે. (૧૭૦)

***

અસત્ય જે માયાના કાર્યમાંથી થયું તેનો ત્યાગ કરવો અને જે પુરુષકોટી, બ્રહ્મકોટી, અક્ષરકોટી આદિ મહારાજના મુક્તથી ઓરી જે અચળ સૃષ્ટિ એ સર્વનો ત્યાગ કરવો. પછી જે વિચારે કરીને સર્વનો ત્યાગ કર્યો તે વિચારનો પણ ત્યાગ કરવો, જેથી બે વૃત્તિ ન થાય. માટે સર્વનો ત્યાગ કરે તો એક વૃત્તિ થાય ત્યારે જ મહારાજનો મુક્ત થયો. (૧૭૧)

***

આપણે મહારાજ મળ્યા પછી એકલા ન ચાલવું કેમકે તેમાં વિઘ્ન છે. (૧૭૨)

***

અધ્ધર વચન ઝીલવા એટલે શું? મહારાજના મુખમાંથી વચન નીકળે અને મહારાજના શ્રોત્રે સાંભળે તે અધ્ધર વચન ઝીલ્યું કહેવાય. (૧૭૨)


Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

***

મહારાજે કહ્યું છે કે ક્યારે કરવા માંડયું ને ન થયું? માટે આ કરવા માંડવું. (૧૭૨)

***

શ્રી પુરુષોત્તમનારાયણના જમણા ચરણારવિંદમાંથી નાદ નીકળે છે. એ કેમ ખમાય? ત્યારે બાપાશ્રી કહે કે એવો શબ્દ સાંભળે ત્યારે સાંભળનારો પણ તેવો મોટો પાત્ર થાય તો સંભળાય. (૧૭૨)

***

પોતાને મળી જે મૂર્તિ તેમાં અપોપું કરીને તે જ પોતાનું સ્વરૂપ માનવું, પછી તેનું મનન કરતાં કરતાં તે મૂર્તિ દિવ્ય તેજોમય છે એવો ભાવ આવે ત્યારે એ દિવ્ય મૂર્તિના યોગે કરીને પોતાનો દેહભાવ જાય. (૧૭૪)

***

ટાઢું ખાધું અને ઊનું ખાધું એ શું? બાપનું કમાયેલું એ ટાઢું કહેવાય અને પોતે કમાયેલું ઊનું કહેવાય. તેમ મહારાજ અને મુકતો એ ચમત્કાર જણાવીને સુખ આપે છે તે ટાઢું કહેવાય અને મહારાજનું ધ્યાન કરતાં મૂર્તિમાંથી નવા નવા સુખ આવે તે ઊનું જમ્યા કહેવાય. (૧૭૪)

***

મહારાજે મને મૂર્તિમાં નખશીખ પર્યંત સળંગ દિવ્ય તેજોમય કરીને રાખ્યો છે. એ ભાવ આવે ત્યારે શાશ્વત શાંતિ. એટલો જ સત્સંગ કરવાનો છે. તે થાય છે કે કેમ? તે નિરંતર તપાસવું. અને બાકી રહ્યું હોય તે ખબડદાર થઈને પૂરું કરી લેવું. (૧૭૪)

***

વચનામૃતના સાર રૂપે સ્વામીએ વાત કરી કે, ૧. મહારાજે પોતાની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાની આજ્ઞા કરી તે માટે એ મૂર્તિનું મનન કરવું, મૂર્તિરૂપ ચિંતામણીનું ચિંતવન કરવું એ પહેલો પાઠ જાણવો. ૨. મ-પ્ર-૧૩માં તેજના સમૂહને મધ્યે શ્રીજીમહારાજ સદાય બિરાજે છે. એ મૂર્તિને ફરતા મુક્ત મંડળ ભરાઈને બેઠા છે. તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એ પ્રમાણે અખંડ અનુસંધાન રાખવું.  અને સર્વે વાતમાં તેનું બીજ લાવવું.  અને એમ વર્તવાનું તાન રાખવું એ બીજો પાઠ જાણવો. ૩. છે- ૩૯માં આત્મા-પરમાત્માનો વેગ લગાડી દેવાનું કહ્યું છે. એ વાતનો વેગ લગાડવો. આ વાત

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

રગરગમાં ઉતારવી. આ ત્રીજો પાઠ જાણવો. આવું ભણતર ભણે તેને શ્રીજીમહારાજ દયા કરી પોતાની મૂર્તિમાં રાખે. (૧૭૫)

***

મહારાજની મૂર્તિમાં જોડાઈ જવું અને કાંઈપણ શુભ કે અશુભ વાસના કે સંકલ્પ રાખવા નહીં. નહિતર બીજો જન્મ ધરવો પડે જેમ હરજી ઠકરની માંને થયું હતું એમ. માટે મહારાજ દિવ્ય તેજોમય છે અને મુક્ત એ મૂર્તિમાં રહ્યા છે. એ મૂર્તિમાં મહારાજે દયા કરીને મને પણ રાખ્યો છે. તેનું કાયમ અનુસંધાન રાખવું. (૧૭૬)

***

અસ્તુ!

જય સ્વામિનારાયણ!


## ઈતિ ભાગ ૨

## સદ્ અ.મુ. વૃંદાવન સ્વામીની વાતોનો સાર



Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved.

Copyright © NarayanLeela.org 2022-present. All Rights Reserved. 




પ્રકાશક: narayanleela.org